# અનુભવ-વાણી

ગાંધી પ્રાણજીવન હરગોવિંદદાસના
લેખોનો સંગ્રહ

સંપાદક :
ગાંધી બિપિનકુમાર પ્રાણજીવન

પ્રકાશક
મનસુખલાલ હેમચંદ સંઘવી

# અનુભવ-વાણી

(ગાંધી પ્રાણજીવન હરગોવિંદદાસના લેખોનો સંગ્રહ)

## પુસ્તક ૧ લું

સંપાદક :

બિપિનકુમાર પ્રાણજીવન ગાંધી

પ્રકાશક :

મનસુખલાલ હેમચંદ સઘવી

પ્રસ્તાવના :

શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા

પ્રકાશક :
મનસુખલાલ હેમચંદ સંઘવી
c/o ન્યુ એસોસીએટેડ કોમર્શીયલ એન્ટરપ્રાઇઝ પ્રા. લિ.
ખંડેલવાલ ભુવન, હોર્નબી રોડ, મુંબઇ ૧

સંવત ૨૦૧૭ ]   પહેલી આવૃત્તિ   [ ઈ. સન ૧૯૬૧
પ્રતિ ૧૦૦૦

**મૂલ્ય બે રૂપીઆ**

મુદ્રક :
ગિરધરલાલ ફુલચંદ શાહ
સાધના મુદ્રણાલય,
દાણાપીઠ—ભાવનગર

# અર્પણ

જેમની પુનિત છત્રછાયામાં રહીને
મેં જે કાંઇ પ્રાપ્ત કર્યું છે
અથવા હું જે કાંઇ છું
તે સર્વસ્વ.......
પરમ પૂજ્ય, પરમ ઉપકારી
માતા – પિતાને
**સમર્પણ.**



## માનવજીવનની મહત્તા

મનુષ્યજીવન આ સૃષ્ટિમાં સર્વોત્તમ છે.
તેનું સુચારુ ઘડતર અને સદુપયોગ
એ જ તેની સુવાસ અને સર્વસ્વ છે.

# પ્રકાશકનું નિવેદન

મનુષ્યજીવનનું અવલોકન કરતાં એ સ્પષ્ટ જણાઇ આવે છે કે સૃષ્ટિ જેમ વિશાળ અને ચિત્રવિચિત્ર છે તેમ તેમાં વસનારા મનુષ્યોના જીવનમાં પણ ઘણું વૈવિધ્ય હોય છે. ભાગ્ય અને પુરૂષાર્થના ચક્રોની ગતિ ઘણી વખત એક જ દિશામાં થવાને બદલે ઉલટી દિશામાં થતી હોય છે. બધો વ્યવહાર જ્યારે આપણી ઇચ્છા મુજબ અને અનુકૂળ રીતે ચાલતો હોય છે ત્યારે માણસને સુખ, સંતોષ અને શાંતિ થાય છે. પરંતુ મનની ચંચળતા એટલી તિવ્ર અને ઝડપી હોય છે કે તે મન અનેક તર્કવિતર્ક કરે છે અને તે પાર પાડવા આકાશપાતાળ એક કરે છે. પરંતુ બધાને બધા સમયે બધી અનુકૂળતા હોતી નથી કે મળતી નથી. ઘણાના માર્ગમાં ખાડા ટેકરા કે ઝાડી ઝાંખરા નડતા જ હોય છે. આને માટે ઘણા ભાગ્યને કે પૂર્વકૃત કર્મોને દોષ દે છે. છતાં માણસ જો હતાશ કે નાસીપાસ ન થાય અને દૃઢ નિશ્ચય કરી પ્રબળ પુરૂષાર્થ ચાલુ રાખે તો તેને સફળતા અવશ્ય મળે છે જ.

મેં કર્યું ? કે ભાગ્યે કર્યું ? આ પ્રશ્ન દરેક સમયે જીવનમાં દરેકને ઉપસ્થિત થાય છે. મેં કર્યું, એમાં અભિમાનની છાયા છે. ભાગ્યે કર્યું– એમાં માણસની સરળતા છે. બીજાઓની સહાય અને શુભેચ્છાથી હું સફળ થયો એમ જે માને તેનામાં પ્રભુપ્રેરિત પારમાર્થિક ભાવના હોય છે.

જે મનુષ્ય શુભેચ્છાનું વૃક્ષ વાવે છે તેને એટલાં બધાં સુંદર ફળો થાય છે કે તેનો ઉપયોગ સૌ કોઇ કરે છે, છતાં તે ફળો ખૂટી જતાં નથી.

ભાઇશ્રી પ્રાણજીવનદાસની સાથેનો મારો સંબંધ બહુ જ ઘનિષ્ઠ છે. તેમને હું એક સ્નેહી, મિત્ર અને વડિલ તરીકે માનું છું. તેમના જ્ઞાન, બુદ્ધિ, અનુભવ અને સહૃદયતાથી પ્રેરાઇને તેમના લેખો દરેક વર્ગને માર્ગદર્શક અને પ્રેરણાદાયી અવશ્ય થશે તે હેતુથી આ પુસ્તકનું પ્રકાશન કરવાની મને જે તક મળી છે તે માટે હું ગૌરવ અનુભવું છું.

ઘાટકોપર, મુંબઈ ૭૭<br>
તા. ૨૧-૧-૧૯૬૧

**મનસુખલાલ હેમચંદ સંઘવી**

# અનુક્રમણિકા

## વિભાગ પહેલો : સામાજિક


| | | પાના |
| --- | --- | --- |
| ૧ | શ્રાવક–શ્રાવકિનો સાચો ઉત્કર્ષ સાધવાની યોજના | ૧–૭ |
| ૨ | શ્રાવક–શ્રાવકિ ક્ષેત્રનો સર્વાંગી વિકાસ કરો | ૮–૧૦ |
| ૩ | સાધુ–સમાજના ચરણે | ૧૧–૧૪ |
| ૪ | સાધુ–સાધ્વીજીના વિહાર અંગે સંઘોએ વિચારવા જેવું | ૧૫–૧૮ |
| ૫ | સમાજની સામાજિક સંસ્થાઓને અને હિતચિંતકોને | ૧૮–૨૬ |
| ૬ | સંસ્થાઓની સંખ્યામાં સંયમની જરૂર નથી ? | ૨૬–૩૦ |
| ૭ | ગચ્છભેદ અને સંઘભેદ દૂર થઇ શકે ? | ૩૦–૩૩ |
| ૮ | સૂતેલા સંઘને તથા સમાજને | ૩૩–૩૬ |
| ૯ | સમાજનો સાચો વિકાસ અને પ્રગતિ શેમાં ? | ૩૬–૩૯ |
| ૧૦ | સાધન, શક્તિ અને સંયમ સાચવી રાખતા શીખો | ૪૦–૪૨ |
| ૧૧ | સમાજજીવન અને જૈનોનું સંગઠન | ૪૨–૪૫ |
| ૧૨ | ચતુર્વિધ સંઘ માટે ભાવીની ભયંકર આગાહી | ૪૫–૪૯ |
| ૧૩ | મહોત્સવ અને મહાપૂજન અંગેની વિચારણા | ૪૯–૫૨ |

પાના

## વિભાગ બીજો : વ્યાવહારિક

૧ આવકની મર્યાદામાં રહી જીવન જીવવાનો ઉપાય ૫૩–૫૬
૨. સમાજનો બેકારીનો પ્રશ્ન ૫૬–૫૯
૪ લગ્નની મોસમના મહત્વના બોધપાઠ ૬૦–૭૨
૫ રુક જાવ, વિચાર કરો અને પછી આગળ વધો...! ૭૩–૭૮
૬ મરણની સાદડી, ઉઠમણું અને સ્ત્રીઓમાં
મ્હોં વાળવાનો રિવાજ ૭૮–૮૧
૭ મૃત્યુ પછીનો વહેવાર કેવો હોવો જોઇએ? ૮૧–૮૪

## વિભાગ ત્રીજો : આર્થિક વિભાગ

૧ જૈન સમાજની આર્થિક સમસ્યા ૮૫––૯૦
૨ ગામડાનો ઉત્કર્ષ કેમ થઈ શકે? ૯૦–૯૫
૩ બેકારી નિવારણ અને આર્થિક વિકાસ ૯૫–૯૯

## વિભાગ ચોથો : વ્યાપારિક વિભાગ

૧ જૈનો માટે વેપાર–ધંધા અને હુન્નર
ઉદ્યોગની વ્યવહારુ યોજના ૧૦૦–૧૨૦
૨ ધંધાનું ઉત્તમ અને અનુકૂળ ક્ષેત્ર ૧૨૧–૧૨૨
૩ ગામડામાં રોજી માટે શું થઇ શકે? ૧૨૩–૧૨૯
૪ વેપારી આલમ માટે આદર્શ સમાજરચના ૧૨૯–૧૩૧
૫ ધંધામાં વધુ મહત્ત્વનું શું?
ધન, કામ, અનુભવ કે ગણતરી? ૧૩૨–૧૩૪
૬ મંદીમાંથી વેપારીઓએ શીખવાનો બોધપાઠ ૧૩૫–૧૩૯

પાના

૭ હિંદના હુન્નર ઉદ્યોગનો વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ૧૩૯–૧૪૨

૮ વેપાર ધંધામાં દલાલોની સંખ્યા અને દલાલીનું ધોરણ ૧૪૩–૧૪૭

૯ વેપાર અને વેપારીઓની સમસ્યા ૧૪૭–૧૬૭

## વિભાગ પાંચમો : આરોગ્ય વિભાગ

૧ આરોગ્ય અને ઉન્નતિ ૧૬૮–૧૭૦

૨ નાની પણ ઉત્તમ શિખામણ ૧૭૧–૧૭૨

૩ સ્વાસ્થ્યની પ્રશ્નોત્તરી ૧૭૩–૧૭૬

૪ આરોગ્યની દૃષ્ટિએ જન્મ, જીવન, માંદગી અને મરણ ૧૭૭–૧૮૩

૫ ધર્મ અને આરોગ્ય ૧૮૩–૧૮૫

૬ હવાફેરનાં સ્થળો અને સ્થાનો ૧૮૬–૧૮૭

૭ સ્વાસ્થ્ય ૧૮૭–૧૮૯

૮ શરદી અને તેના ઉપાયો ૧૮૯–૧૯૧

૯ માંદગીનો ફફડાટ અને ખોટો સંતોષ ૧૯૧–૧૯૫

૧૦ શરીર સુખાકારી ૧૯૫–૧૯૭

૧૧ હૈયા ઉકેલ ૧૯૭–૧૯૯

## વિભાગ છઠ્ઠો : સાંસ્કારિક વિભાગ

૧ પાયાના સંસ્કાર ૨૦૦–૨૦૧

૨ ભોગ અને ઉપભોગનું નિયમન ૨૦૨–૨૦૪

૩ શુદ્ધ અને સાત્વિક જીવન ૨૦૫–૨૦૭

૪ જીવનનો મર્મ ૨૦૮–૨૧૧

| | પાના |
|---|---|
| ૫ જીવનમાં સુખી કેમ થવું ? | ૨૧૧–૨૧૪ |
| ૬ શરીર, બુદ્ધિ અને મન | ૨૧૫–૨૧૭ |
| ૭ ક્રોધવશ ધમધમ્યો ! | ૨૧૮–૨૨૨ |
| ૮ સમતા અને મમતા | ૨૨૩–૨૨૫ |
| ૯ જીવન શુદ્ધિ | ૨૨૫–૨૨૮ |
| ૧૦ શ્રમ અને પરિશ્રમ | ૨૨૮–૨૩૨ |
| ૧૧ મનુષ્ય જીવનનું ગણિત શાસ્ત્ર | ૨૩૨–૨૩૪ |
| ૧૨ સ્વાધીનતા, શાંતિ અને સુખ | ૨૩૫–૨૩૭ |
| ૧૩ જીવનની પગદંડી | ૨૩૭–૨૪૨ |
| ૧૪ મન, વચન અને કાયાની શુદ્ધિ | ૨૪૨–૨૪૩ |
| ૧૫ આત્મજાગૃતિ | ૨૪૩–૨૪૫ |
| ૧૬ સંસારલીલા અને મુક્તિ | ૨૪૬–૨૪૮ |

# પ્રસ્તાવના

શ્રી પ્રાણજીવનદાસ ગાંધીની લેખન પ્રવૃત્તિના પરિણામે કેટલાક અઠવાડિક અને માસિકોમાં તેમણે લખેલાં અભ્યાસ અને અનુભવપૂર્ણ લેખોનો સંગ્રહ 'અનુભવ–વાણી'ના રૂપમાં પ્રગટ થાય છે. આ સંગ્રહમાં તેમના લેખોનો મુખ્યત્વે છ વિભાગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. સામાજિક, વ્યાવહારિક, આર્થિક, વ્યાપારિક, આરોગ્ય અને સાંસ્કારિક વિભાગમાં આ બધા લેખો આવી જાય છે.

અહિંઆ બધા લેખોનું મૂલ્યાંકન કરવાનો મારો આશય નથી, પરંતુ તેમના બધાં લેખો વાંચતાં મારી પર જે છાપ પડી છે તે વિષે જ હું કાંઈક કહેવા ઈચ્છું છું.

આરોગ્ય વિભાગના લેખોને બાદ કરતાં, બીજા વિભાગોના લેખો મુખ્યત્વે જૈન સમાજને સ્પર્શતાં પ્રશ્નોને લગતા છે. છેલ્લા પંદર વરસોથી જૈન સમાજની વિધવિધ સેવા કાર્ય કરતી સંસ્થાઓમાં શ્રી પ્રાણજીવનદાસ ગાંધી સક્રિય રસ લે છે, અને ધંધાના વ્યવસાયમાંથી લગભગ નિવૃત્ત થઈ ગયા છે.

સામાજિક વિભાગના લેખોમાં જૈન સમાજ અત્યારે કઈ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, તે સમજી શકાય છે; તેમજ શ્રાવક શ્રાવિકાના ઉત્કર્ષ અને વિકાસ સાધવાની વિવિધ યોજનાઓ, દેવદ્રવ્ય

અને સાધારણ દ્રવ્ય અંગેની મહત્વની બાબતો, તેમ જ શ્રમણ સંઘ અંગેની કેટલીક મહત્વની બીનાઓ પર સવિસ્તર વિવેચન કરવામાં આવ્યું છે. દેશકાળને અનુસરી ઉજમણા અને ધાર્મિક ઉત્સવોમાં શું શું ફેરફાર કરવા જરૂરી અને યોગ્ય છે, તેમ જ સમાજસેવા કરતી વિધવિધ સંસ્થાઓની સંખ્યા કરતાં તેની સંગીનતાની કેટલી આવશ્યકતા છે, તેનો સરસ ખ્યાલ આપવામાં આવ્યો છે.

વ્યાવહારિક અને આર્થિક વિભાગના વિધવિધ લેખોમાં જીવન કઈ રીતે જીવવું જોઇએ, તેમ જ સમાજમાં પ્રવર્તતી બેકારી અને ગરીબાઈના નિવારણ અર્થે શાં શાં પગલાં લેવાં જોઇએ, તેની સુંદર સમજણ તેમ જ તે અંગેના વ્યવહારુ સૂચનો આપવામાં આવ્યાં છે.

વ્યાપારિક વિભાગમાં ધંધા અને હુન્નર ઉદ્યોગ પરત્વેના અભ્યાસ અને અનુભવપૂર્ણ લેખો છે. શહેરોના વિકાસની સરખામણીમાં ગામડાઓની પરિસ્થિતિ સુધરી નથી, પણ દિનપ્રતિદિન બગડતી જાય છે. દરેક બાબતમાં સરકાર પર આધાર રાખી નિરાધાર સ્થિતિમાં રહેવાં કરતાં, માણસે પોતે પ્રયત્ન કરી મુશ્કેલીમાંથી માર્ગ કાઢવો જોઇએ. લેખકે આ સંબંધમાં સાચું જ કહ્યું છે કે "સાચો પુરુષાર્થ તો દરેક વ્યક્તિએ પોતે કરવો જોઇએ. પ્રત્યેક મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યનો સૃષ્ટા અને ભોક્તા બને છે."

ગામડાઓમાં અનેક હુન્નર ઉદ્યોગો માટે અવકાશ છે, તેની વિગતવાર સમાલોચના આ વિભાગના લેખોમાં કરવામાં આવી છે. આપણી સરકાર આવા ઉદ્યોગો માટે બધી જાતની સગવડતાઓ તેમ જ મોટા પ્રમાણમાં નાણાંકિય મદદ પણ આપે છે. બધી જ બાબતોમાં સરકારનો દોષ અને વાંક કાઢી નિષ્ક્રિય બેસી રહેવામાં માણસનું કે દેશનું કલ્યાણ થઈ શકે નહીં. પરિસ્થિતિનો સામનો કરી સંજોગો અને શક્તિ અનુસાર સૌએ પુરુષાર્થ કરવો જોઇએ એ આ બધા લેખોનો ધ્વનિ છે.

આરોગ્ય વિભાગના લેખો તો સૌ કોઇને ઉપયોગી છે. રહેણી-કરણી તેમજ ખાવાપિવાની બાબતોમાં કુદરતના નિયમોના ભંગ કરવાના કારણે, કુદરત તરફથી માણસને જે શિક્ષા કરવામાં આવે છે, તેને આપણે રોગ, માંદગી, દર્દ ઇ.ના નામે ઓળખીએ છીએ, અને પછી આપણો દોષ ન જોતાં કર્મોને દોષ દઇએ છીએ. કર્મના અર્થની બાબતમાં આપણે ત્યાં ભયંકર અજ્ઞાનતા પ્રવર્તતી જોવામાં આવે છે. ભૂતકાળમાં આપણા પોતાના જ કરેલા પુરુષાર્થના પરિણામરૂપે પરિપકવ થતાં ફળોને જ કર્મ કે પ્રારબ્ધ કહેવામાં આવે છે. વર્તમાનકાળના આપણા સત્કાર્યો કે દુષ્કૃત્યો, ભવિષ્યકાળમાં આપણાં કર્મ તરીકે ઉદયમાં આવે છે. ભવિષ્યકાળમાં, આ જન્મે અગર પછીના જન્મો દરમ્યાન આપણને દુ:ખ ન ગમતું હોય તો, દુ:ખ ઉત્પન્ન થાય તેવાં કોઇ પણ કૃત્યો મન, વચન અગર કાયાથી ન કરવાની આપણે સતત કાળજી રાખવી જોઇએ. આપણા સુખદુ:ખો માટે બીજી કોઇ પણ વ્યક્તિ નહીં પણ આપણે પોતે જ જવાબદાર છીએ, તે નિરંતર ધ્યાનમાં રાખવું જોઇએ.

ધર્મશાસ્ત્રોએ સંસાર દુ:ખરૂપ છે એમ કહી સંસારને અસાર કહ્યો છે. જીવન ક્ષણભંગુર છે, અનિશ્ચિત છે, અનિત્ય છે એમાં શંકા નથી; પરંતુ તેનો અર્થ એમ નથી કે નિષ્ક્રિય બની દુ:ખરૂપ સંસારમાં જે દુ:ખો ઓછાં કરી શકાય એમ હોય તેને પણ ઓછાં ન કરતાં સહન કરી લેવાં. માત્ર આપણા દેશના જ નહીં, પણ જગતના લગભગ બધા જ દેશોમાં દર્શનશાસ્ત્રના એક નિષ્ણાત પંડિત તરીકે જાણીતા થયેલા શ્રી રાધાકૃષ્ણન એમના એક પુસ્તકમાં આ સંબંધમાં લખતાં જણાવે છે કે–" આપણે કેવળ ક્રોધ અને ભયમાંથી, દુ:ખ અને વિપત્તિમાંથી બચવાનું છે એમ નથી, પણ અસંગ અને એકલતામાંથી પણ બચવાનું છે. જો આપણને માનવજાતના ભાવિમાં અને તેની આધ્યાત્મિક શકયતાઓમાં શ્રધ્ધા હોય તો જ્યાં સુધી જગતનો ઉધ્ધાર ન થાય ત્યાં સુધી આપણે જંપીને બેસી નહિ શકીએ. બધાય સાચા ધર્મની મુખ્ય માન્યતા એ છે કે મનુષ્ય પૂર્ણતાને પામી શકે છે, તેનામાં

દૈવી અંશ રહેલો છે, અને તે દૈવી અંશની દૃષ્ટિએ બધાય જીવોનું આંતરિક ઐક્ય છે. જે જીવાત્માએ આત્મૈક્ય અને બળ પ્રાપ્ત કર્યાં છે, તે પોતાનું જીવન આત્મસંતોષ કે નિષ્ક્રિય અનુકંપામાં નહિ પણ સક્રિય સેવામાં ગાળશે. જ્યાં સુધી જગત દુઃખી છે, તેનો ઉધ્ધાર થયો નથી, ત્યાં સુધી તેને શાંતિ વળવાની જ નથી.”

આ સંસારને અસાર સમજી માનવજીવન પરત્વે જો દુર્લક્ષ આપવામાં ન આવે તો માનવજીવનથી વધુ ઉચ્ચ બીજું કોઇ જીવન નથી. માનવજીવન તો મુક્તિનું દ્વાર છે, અને તેથી જ માનવજીવન કેમ જીવવું એ શીખવું એમાંજ માનવજીવનની સફળતા છે. માનવજીવન જીવતાં આવડે તેના માટે આ સંસાર સારરૂપ છે; જેને જીવતાં ન આવડે તેના માટે કદાચ સંસાર અસાર છે એમ કહેવું વ્યાજબી કહેવાય.

થોડાં દિવસો પહેલાં જ જૈન સમાજની એક અગ્રગણ્ય વ્યક્તિએ મુંબઈના એક ભવ્ય ઉપાશ્રયના ઉદ્‌ઘાટન પ્રસંગે જૈન સંઘના વ્યવસ્થિત બંધારણ તેમ જ સાધુ સંસ્થામાં પ્રવર્તતા ગચ્છના ભેદોની બાબતમાં ટકોર કરી હતી. જગતના તમામ દેશોમાં ઝડપી પરિવર્તન થઇ રહ્યું છે. આજે જૈન સમાજનું નૈતિક, આર્થિક, સામાજિક અને ધાર્મિક જીવન કથળી રહ્યું છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ, આ બધી પરિસ્થિતિનો કાળજીપૂર્વક અભ્યાસ કરી તેને વ્યવસ્થિત કરવા માટે શું શું કરવું જરૂરી છે, અને કેવા કેવા સુધારાઓ કરવા જોઇએ તે સંબંધમાં વિચારણા કરવા માટે આ પુસ્તકમાંના લેખો માર્ગદર્શનરૂપ થઇ પડશે તેમાં મને શંકા નથી.

જાતિ, કુળ અને ગચ્છના ભેદોને જૈન ધર્મમાં સ્થાન નથી. ભગવાન મહાવીરના મુખ્ય ગણધરો તેમ જ આપણા મહાન આચાર્યો સિધ્ધસેન દિવાકર, શ્રીમદ્‌ હરિભદ્રસૂરિજી, શ્રીમદ્‌ હેમચંદ્રાચાર્ય જૈન કુળમાં નહીં પણ અન્ય કુળમાં જન્મ્યા હતા, તે હકિકત ધ્યાનમાં રાખતાં એક વસ્તુની તો આપણને ખાતરી થવી જોઇએ કે જૈન-

દર્શનમાં વ્યક્તિનાં મૂલ્યાંકનનો આધાર તેની જાતિ-કુળ કે વેશ પર નથી, પરન્તુ તેના જ્ઞાન-દર્શન અને ચારિત્રના વિકાસ પર અવલંબે છે. શ્રીમદ્ આનંદઘનજીએ તો સ્પષ્ટ ભાષામાં કહ્યું છે કે :-

**ગચ્છના ભેદ બહુ નયણ નીહાળતાં,**
**તત્ત્વની વાત કરતા ન લાજે;**
**ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકા,**
**મોહ નડિયા કળિકાળ રાજે.**

ગચ્છના ભેદો અને તિથિ ચર્ચા જેવા નિરર્થક અને વિવાદાસ્પદ વિષયોની પાછળ આપણો શ્રમણ સંઘ પોતાની શક્તિ અને જ્ઞાનનો ઉપયોગ કરે, તે કરતાં ગૃહસ્થાશ્રમમાં વાસ કરતાં આપણા શ્રાવકો અને શ્રાવિકાઓ વિશુધ્ધ, પવિત્ર, નિર્મળ અને નિષ્પાપ જીવન જીવે તે રીતે તેમને કેળવવા પર લક્ષ આપે તો તેથી ચતુર્વિધ સંઘનું કલ્યાણ થશે. ગૃહસ્થાશ્રમ એ કાંઇ પાપમય જીવન નથી, પરન્તુ જીવનનો એ વિભાગ, તો સાધુ અવસ્થાની પૂર્વભૂમિકારૂપે છે. હિન્દુ ધર્મ-શાસ્ત્રોમાં તો ગૃહસ્થાશ્રમ પછી ઉત્તરોત્તર વાનપ્રસ્થાશ્રમ અને યોગા-શ્રમની વ્યવસ્થાને સ્થાન આપેલું જ છે. બાકી ખરી વસ્તુ તો એ છે કે માણસ પોતે જ પોતાનો દુશ્મન છે, અને પોતે જ પોતાનો મિત્ર છે. આત્મસુધારણા એ જ સાચી સુધારણા છે, અને સમાજમાં, દેશમાં અને જગતમાં આપણે પરિવર્તન લાવવું હોય તો તેની શરૂઆત આપણી પોતાની જાતથી જ થવી જોઇએ.

નિષ્ણાત ડૉકટર જેમ દરદીના રોગનું સુંદર નિદાન કરે છે, તેમ અનુભવ-વાણીના વિધવિધ લેખોમાંથી જૈન સમાજમાં અત્યારે પરિ-વર્તતી પરિસ્થિતિનું આપણને સચોટ ભાન થાય છે. લેખકે માત્ર નિદાન કરીને સંતોષ નથી માન્યો, તેમણે નિદાનની સાથો સાથ આ દુઃખદ પરિસ્થિતિને દૂર કરવા માટે તેનો સચોટ ઉપાય પણ બતાવ્યો છે.

શ્રી પ્રાણજીવનદાસ ગાંધીના આ લેખો પાછળ જૈન સમાજ વિષેનો તેમનો ઊંડો અભ્યાસ, સતત્ ચિંતન તેમ જ ઊંડું મનન દેખાઈ આવે છે. આ પુસ્તક સાથે જોડેલાં તેમના જીવનને લગતાં આપેલાં ટુંકા બ્યાન પરથી એમ તો ચોકખું જણાય આવે છે કે પોતે જીવનમાં સમાજ પાસેથી જે મેળવ્યું છે, તે તેમના અનુભવરૂપે વ્યાજ સાથે સમાજને આ પુસ્તકનું પ્રકાશન કરી પાછું આપ્યું છે. એમણે જે મેળવ્યું છે, તેના કરતાં અધિક પ્રમાણમાં પાછું આપ્યું છે, અને એક દૃષ્ટિએ તો જે વ્યક્તિ સમાજ પાસેથી ઓછામાં ઓછું લઈને અધિકમાં અધિક પાછું આપે છે, તે જ સાચો સાધુ છે. જૈન-સમાજના અન્ય સેવાભાવી કાર્યકરો પણ શ્રી પ્રાણજીવનદાસ ગાંધીના આ કાર્યનું અનુકરણ કરે એમ ઇચ્છી વિરમું છું.

મુંબઇ<br>
તા. ૧૩-૮-૧૯૬૦

**મનસુખલાલ તારાચંદ મહેતા**

# જીવન ઝરમર

શિશુવયના પ્રથમનાં ત્રણ વર્ષ સુધી કોઇની પણ સમજશક્તિ કે સ્મરણશક્તિ એટલી ખીલેલી નથી હોતી કે પોતાના જીવનપ્રસંગો પોતે સમજી શકે કે યાદ રાખી શકે. સમજણા થયા પછી આપણા માતા-પિતા કે વડિલો આપણને આપણા જન્મજીવનની જે વાતો કરે કે કહે તેને આપણે સાચી માનવી રહી. એટલે ત્રણ વર્ષની ઉંમર સુધીનો પૂર્વ ઇતિહાસ પાછળથી જે મેં જાણ્યો હતો તે ઉપરથી હું કહી શકું છું કે મારો જન્મ સંવત વર્ષ ૧૯૪૯ ના શ્રાવણ શુદિ ૪ ને મંગળવાર અને ઇસ્વીસન ૧૮૯૩ ના ઓગષ્ટ માસની તા. ૧૫ મીના રોજ થયો હતો. જન્મથી શરીરસંપત્તિ કંઇક અંશે નબળી ખરી; પરંતુ સમજશક્તિ કંઈક તિવ્ર અને મનોબળ કંઇક મજબૂત હતું. પિતાશ્રી ઇંગ્રેજી ચોથા ધોરણ સુધી અભ્યાસ કરીને ભાવનગરમાં રેલ્વેની નોકરીમાં રૂા. ૧૫ ના પગારથી જોડાયા હતા. પોતે સ્વતંત્ર વિચાર ધરાવતા હોવાથી સંયુક્ત કુટુંબમાંથી જુદા થઈ જુદા રહેતા હતા. માતુશ્રી ઉચ્ચ સંસ્કારી અને મારા મોસાળ પક્ષે રાજ્યના વંશપરંપરાગતના કારભારી કુટુંબમાંથી આવ્યા હોવાથી તેમનામાં ઘરસંસાર કરકસરથી વિવેકપૂર્વક ચલાવવાની આવડત હતી. ઘરનું બધું કામ તે જાતે કરતા. સવારે વહેલા ઉઠી દળતા અને સાથો સાથ પ્રભાતિયાં એવા મધુર કંઠે ગાતા કે પથારીમાં સુતા સુતા તે સાંભળવામાં મને બહુ આનંદ આવતો. તેમાંથી મને ધર્મના સંસ્કારો અને ધર્મની શ્રધ્ધા સૌ પ્રથમ મળ્યા.

રેલ્વે ઓફીસની નોકરી એટલે પિતાજી સવારે નવ વાગે દેરાસરથી આવી જમીને સાડા નવ વાગે નોકરીએ જવા ઘેરથી નીકળતા અને ગોઘાને દરવાજે તળાવને કાંઠે સૌ ભેગા થઈ કાયમની નક્કી કરેલી ભાડુતી ઘોડાગાડીમાં બે માઈલ દૂર ગઢેચી ( ભાવનગર પરા )એ રેલ્વેની સૌ સૌની કચેરીએ સૌ સાડા દસ વાગે પહોંચી જતા. સાંજે સૌ

ટ્રેનમાં ઘેર આવતા. તે વખતના લોકોમાં પ્રેમ, સંબંધ અને સદ્ભાવ એવા હતા કે ઉપરી અધિકારી અને તેમના હાથ નીચે કામ કરનારાઓ વચ્ચે સત્તાનો ઘમંડ કે ઉંચા નીચાના ભેદભાવની આજના જેવી દિવાલો નહોતી. ઓફીસમાં ઓફીસ જેવો વર્તાવ હોય. પણ ઓફીસ છોડ્યા પછી સૌ કોઈ સરખા હોય તે રીતે બોલે, હળેમળે અને વરતે.

ગામડી ધૂળીનિશાળમાં આંક અને અક્ષરજ્ઞાન લેવા મને પાંચમાં વર્ષની શરૂઆતમાં બેસાડવામાં આવ્યો. મહેતાજી શરૂશરૂમાં ઘેર તેડવા આવતા. આંક શીખવવાના આઠ આના મહેતાજી લેતા. કક્કો, બારાખડી (બારાક્ષરી) અને શબ્દો તથા પાઠ વાંચતા શીખવવાનો એક રૂપીઓ લેતા. વારપર્વના દિવસે મહેતાજીને અનાજ, સીધું કે ફળમેવો દરેક ઘેરથી મળે. મોટા પર્વના દિવસે, બળેવ, દશરા કે શ્રાદ્ધપક્ષમાં તેને કોઇ કોઇ ઘેરથી ધોતીયું કે સાડલો મળે; દિવાળીની દક્ષિણામાં ચાર આના કે આઠ આના મળે એટલે સંતોકરામ મહેતાજી સંતોષ પામે. એકલા પંડે ૪૦ થી ૪૫ છોકરા છોકરીઓને તે ભણાવતા. સાંજે સૌને મોપાટ લેવડાવતા. દર અઠવાડીએ કોઇને કોઇના તરફથી ખાવાની વસ્તુઓ વહેંચવા માટે નિશાળમાં આવતી. પાઈ કે પૈસાની ખાવાની ચીજ બાળકોને નિશાળમાં જ્યારે વહેંચાય ત્યારે તેઓને કેટલો બધો આનંદ, ઉલ્લાસ અને હર્ષ થાય છે! નિર્દોષ બાળકોના આનંદમાં અત્યારની પ્રજામાંથી આનંદ લેનારા કેટલા માબાપો કે પ્રજાજનો નીકળશે! ઉદાર ભાવનાનો અલૌકિક આનંદ માણનારા આજે બહુ જ ઓછા લોકો જોવામાં આવે છે.

એક વર્ષના સમયમાં તો સોળ આંક, મૂળાક્ષરો, બારાખડી તથા શબ્દો તો હું શીખી ગયો, પરંતુ સાથો સાથ કેટલીએ બોધદાયક વાર્તાઓ, ગીતો, કહેવતો અને શિખામણો મને નિશાળમાં શીખવા મળી! તે પછી ૭ મહિનામાં ઘાત, કોષ્ટકો, લેખાં અને સામાન્ય હિસાબો અને વાંચતા લખતા પણ મને આવડી ગયું. આંક, હિસાબ

અને લેખાંનું આ શિક્ષણ વણિકપુત્રને વેપારમાં, હિસાબમાં અને નામામાં જીંદગી સુધી એટલું બધું ઉપયોગી થાય છે કે તે શીખેલ માણસ ધંધાદારી ક્ષેત્રે બહુ ઝડપથી આગળ વધી શકે છે.

આ રીતે ધૂળી નિશાળનો અભ્યાસ કરી દરબારી નિશાળમાં ગુજરાતી પહેલી ચોપડીમાં હું દાખલ થયો. ઘરમાં પિતાજીનો બહુ જ કડક સ્વભાવ હતો. વ્યવસ્થા અને શિસ્તમાં તેઓ બહુ માનતા. તેમની હાજરીમાં રમવું, રડવું, તોફાન–મસ્તી કરવા, ભાઇભાંડુમાં લડવું કે ઘરમાં કાંઇ તોડવું, ફોડવું કે બગાડવું, તે તો તદ્દન અશકય જ હતું. તેઓ આવવાના હોય તે પહેલાં ઘરમાં આવીને ડાહ્યા ડમરા થઇ લેસન કરવા કે ઘરકામ કરવા હું બેસી જતો. જો તે મને રમતા કે રખડતા દેખી જાય, ધીંગા–મસ્તી કરતા કે ઘરમાં અમને લડતા કે રડતા જુએ તો તેમનો ઉગ્ર ઠપકો સાંભળવો પડે અને કોઇ વખત ધોલ કે તમાચો પણ ખાવો પડે. તેમના ઉગ્ર સ્વભાવ અને કડક શિસ્ત અને અણીશુદ્ધ ઘર વ્યવસ્થાના ચુસ્ત નિયમને લઇને અમે કદિ પણ તેમની સાથે જમવા બેસવાની, વાત કરવાની કે તેમની નજીક જવાની હિંમત કરી શકતા નહિ. આનું પરિણામ એ આવ્યું કે પિતાશ્રીના ધાકથી અને ઉગ્ર સ્વભાવથી ઘરના સૌ કોઇ ડરતા. આથી ઘરમાં બાહ્ય દૃષ્ટિએ વાતાવરણ શાંત અને વ્યવસ્થિત લાગે; પણ ઘરના સૌ કોઇના હ્રદયમાં કાયમનો ભય રહ્યા કરે. પરિણામે હું જો કે શિસ્ત, શાંતિ અને વ્યવસ્થા શીખ્યો; પરંતુ હ્રદય ભીરૂ બન્યું. આ અનુભવ ઉપરથી મેં મક્કમ નિશ્ચય કર્યો કે મારે શાંત સ્વભાવ કેળવવાની અને ઘરનું વાતાવરણ કાયમ માટે આનંદ, પ્રેમ, નિર્ભયતા અને સહીષ્ણુતા-વાળું રાખવાની ખાસ કાળજી રાખવી. કોઇ વખત ખરાબમાંથી પણ સારૂં પરિણામ લાવી શકાય છે; પરંતુ સારામાંથી વધુ સારૂં ઉદ્‌ભવવાના સંજોગો જો હોય તો તે વધુ ઇચ્છનીય છે. માટે દરેક માણસની અને ખાસ કરીને કુટુંબના નાયકની એ પવિત્ર ફરજ થઇ પડે છે કે પોતે શાંત સ્વભાવ, સહીષ્ણુતા, ન્યાયબુદ્ધિ અને ઉદારતાના ગુણ કેળવવા અને કુટુંબમાં તેવા સંસ્કાર રેડવા.

તે સમયમાં નિશાળમાં બીજી અને ત્રીજી ચોપડી એક વર્ષમાં સાથે શીખવતા. ધૂળી નિશાળમાં શીખીને આવેલ વિદ્યાર્થી એકેક વર્ષમાં ધારે તો બબ્બે ચોપડી કરી શકે. જેને ગુજરાતી ભાષા, ગણિત, ઇતિહાસ, ભૂગોળ, વ્યાકરણ, પદાર્થપાઠ, વિજ્ઞાન, નામું અને લેખન-વાચન બરોબર શીખવું હોય તે ગુજરાતી છઠ્ઠી, સાતમી કે આઠમી ચોપડી સુધી ભણતો. પણ જેને ઇંગ્રેજી ભણવા–ભણાવવાની તાલાવેલી હોય તે તો ગુજરાતી પાંચ ચોપડી ભણીને ઇંગ્રેજી નિશાળમાં દાખલ થતો. મારે તો ગુજરાતીનું પાકું જ્ઞાન મેળવવું હતું; અને તે પછી ઇંગ્રેજી પણ ઠેઠ સુધી અભ્યાસ કરવાનો અને સ્નાતક (ગ્રેજ્યુએટ) થવાનો પ્રથમથી જ મારો દૃઢ સંકલ્પ અને નિશ્ચય હતો. એટલે મેં ગુજરાતી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કરીને પછી ઇંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યો. ભણવાની બહુ તમન્ના હતી. પિતાશ્રીના સ્વભાવને કારણે મારે મહોલ્લાના કે બહારના કોઇ ભાઈબંધ કે દોસ્તો હતા નહિ; તેથી બહુ બહાર જવાનું કે રમવા–રખડવાનું મારે હતું નહિ. આખો વખત ભણવાનું કે વાંચવાનું, થોડો વખત ઘરકામ કરવાનું, રાત્રે સૂતી વખતે માતાજી એકાદ બોધદાયક વાર્તા કહે તે એક ચિત્તે સાંભળવાનું અને તેમાંથી સાર ગ્રહણ કરવાનું, સમયસર નિશાળે જવાનું–આ મારો દૈનિક કાર્યક્રમ હતો. કુદરતે સમજશક્તિ, સ્મરણશક્તિ, તર્કશક્તિ, મનોબળ અને નવું નવું જાણવાની અને તે ઉપર વિચાર કરવાની તમન્ના–આટલી બક્ષીસ અને આવી આદત આપી હતી તેથી ભણવામાં હું પહેલો કે બીજો નંબર રાખતો અને પરીક્ષામાં પણ પહેલા કે બીજા નંબરે પાસ થતો.

વડિલોનો કાબૂ અને આમન્યા તે જમાનામાં એટલા બધા હતા કે તેનો વિરોધ કોઈથી થઈ શકે જ નહિ. વળી જ્ઞાતિમાં અને સમાજમાં અમારા કુટુંબની કીર્તિ અને પ્રતિષ્ઠા બહુ હતા. મારા દાદાજી જો કે નોકરી કરતા હતા અને વાર્ષિક પગાર રૂા. ૭૫૦ જ હતા. છતાં તે વખતના મુખ્ય મુનીમની સત્તા, કાર્યશક્તિ, અને અનુભવ એટલા

બંધા હતા કે લોકો મુનીમને જ શેઠ કરતાં વધુ ઓળખતા. તે સમયના શેઠીઆઓ પણ એવા સખી દિલના હતા કે મુનીમમાં તેઓ સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખતા. દાદાજીના શેઠને રૂ, કેરોસીન અને શરાફીનો ધંધો હતો. શેઠીઆઓ મુંબઈમાં રહેતા. તેઓને મહુવા, ભાવનગર અને મુંબઈમાં પેઢીઓ હતી. ભાવનગરની પેઢી દાદાજી સંભાળતા. દાદાજી જો કે સાદા અને સામાન્ય સ્થિતિના હતા, પણ દિલના દયાળુ; ઉદાર, પરોપકારી અને સેવાભાવી એટલા બધા હતા કે સૌને તેમના પ્રત્યે બહુ જ મમતા અને સદ્‌ભાવ હતા. બધા ક્ષેત્રે તેમણે પરમાર્થ અને સેવાનાં કાર્યો જ કર્યાં છે. તેમના આ સ્વભાવને લઇને મારી માત્ર દશ વર્ષની ઉંમરે જ તેમણે, મારા પિતાશ્રીનો વિરોધ છતાં, મારૂં વેવિશાળ કરી નાખ્યું. બાર તેર વર્ષની ઉંમરે જ્યારે હું ઈંગ્રેજી ચોથા ધોરણમાં અભ્યાસ કરતો હતો ત્યારે મારી ઇચ્છા ન હોવા છતાં વડિલોની આજ્ઞાના પાલન અર્થે મારે લગ્નગ્રંથીથી ફરજિયાત જોડાવું પડ્યું. આટલી નાની ઉંમરે અને તે પણ વિદ્યાર્થી અવસ્થામાં મારા લગ્ન થાય, તે વિચારે જ હું ત્રાસી ઉઠયો. પરંતુ વડિલોની આજ્ઞાને શિરોધાર્ય કરવી એ મારો જીવનમંત્ર હતો. એટલે હું તેઓની ઇચ્છાને તાબે થયો. મને મુખ્ય ભય એ હતો કે લગ્ન પછી અભ્યાસ ચાલુ રહી શકતો નથી; એટલે મારો સ્નાતક થવાનો નિશ્ચય જો પાર ન પડે તો હું નિશ્ચયભંગનો દોષ શી રીતે સહન કરી શકીશ. કરેલ નિર્ણયનું કોઇપણ ભોગે પાલન થવું જ જોઇએ એ મારો સ્વભાવ હતો. મારે માટે આ એક મોટામાં મોટું ધર્મસંકટ હતું. મારા લગ્ન થયા પછી હું તરત જ ભાવનગરની જૈન બોર્ડિંગમાં રહેવા માટે ચાલ્યો ગયો. માત્ર સવાર સાંજ બે વખત ઘેર જમવા આવતો. જમીને સ્કૂલમાં જતો અને સાંજે સ્કૂલમાંથી ઘેર આવી જમીને બોર્ડિંગમાં ચાલ્યો જતો. આ રીતે ઈંગ્રેજી ચોથા, પાંચમા અને છઠ્ઠા ધોરણ સુધી ભાવનગર જૈન બોર્ડિંગમાં રહીને મેં અભ્યાસ કર્યો.

કુટુંબમાં માતાજીની લાંબી માંદગી, ભાઇઓ તથા બહેનોની અને તેઓના અભ્યાસની કાળજી અને ઘરકામ, આ બધી જવાબદારી

મારા પત્ની સંભાળતા. મારે પણ અભ્યાસ ઉપરાંત કુટુંબની વ્યવસ્થા થોડી ઘણી સંભાળવી પડતી. પિતાશ્રીને અને મને એમ લાગ્યું કે જો હું ભાવનગર રહીશ તો હું અભ્યાસ નહિ કરી શકું, એટલે જો હું મુંબઇ ભણવા જઉં તો વધુ સારૂં. મારા બંને કાકા મુંબઇમાં સાથે રહેતા હતા, પરંતુ તેમને ત્યાં સાથે રહીને અભ્યાસ કરવો મને નહિ ફાવે અને બીજે કોઈ ઠેકાણે રહેવાની સગવડ થાય તેમ નહોતું. છેવટે શેઠ નરોત્તમદાસ ભાણજી સાંતાક્રુઝમાં રહેતા હતા અને તેઓ પણ બહુ જ ઉદાર દિલના સખી ગૃહસ્થ હતા; તેમને ત્યાં તેમના બંગલે રહીને અભ્યાસ કરવાનું દાદાજીએ તથા પિતાશ્રીએ મારા માટે નક્કી કરાવી આપ્યું. એટલે હું મેટ્રીકથી અભ્યાસ કરવા મુંબઈ આવ્યો અને ન્યુ હાઈસ્કૂલમાં દાખલ થયો. શેઠ ત્રિભોવનદાસ ભાણજીના બંને પુત્રો પ્રેમચંદ (પમુભાઈ) અને દામોદર (દામુભાઈ) પણ ન્યુ હાઈ-સ્કૂલમાં જ તે વખતે ભણતા હતા એટલે મને પણ બહુ અનુકૂળતા થઈ ગઈ.

મુંબઈનું જીવન ધોરણ વધુ ખર્ચાળ, ફી પણ વધુ, અને સવારે નવ વાગે જમી પરવારીને મુંબઈ પોણા અગ્યારે સ્કૂલમાં પહોંચીએ અને સાંજે છ વાગે સ્કૂલમાંથી છૂટીને સાડા સાત વાગે સાંતાક્રુઝ જઇને જમવા પામીએ. એટલે બપોરના ચા-નાસ્તાનો પણ ખર્ચ થાય. આ રીતે ખાધા-ખોરાકી સીવાયનો કુલ ખર્ચ માસિક રૂપીઆ ૧૫ થી ૨૦ નો સહેજે લાગે. પિતાશ્રીને રૂા. ૩૦) નો પગાર મળતો. તેમાં છ માણસનો ભરણ પોષણનો ખર્ચ અને વ્યવહાર નિભાવવાનો હતો. એટલે પ્રથમથી જ મેં એવો નિશ્ચય કરી લીધેલો હતો કે મારે મારા પગ ઉપર ઉભા રહેવું. ભાવનગરમાં પણ હું કલાસના નબળા વિદ્યાર્થીઓને ભણાવીને મારો ખીસાખર્ચ મેળવી લેતો હતો. એટલે મુંબઈમાં પણ મેં વિદ્યાર્થીઓને ઘેર જઇ ભણાવવાનું કામ હાથ ધર્યું. સારા કુટુંબોમાં છોકરા કે છોકરીઓને હું ભણાવવા જતો. પગાર જે કાંઈ આપે તે હું સ્વીકારી લેતો. હું પગાર ખાતર ભણાવતો નહોતો.

ભણાવવાનો મને શોખ હતો. આનાથી મને લાભ એ થયો કે સારા સારા કુટુંબો સાથે મારો એવો નિકટનો સંબંધ બંધાયો કે આજે પણ તે સંબંધ જળવાઇ રહ્યો છે. શ્રી ભોગીલાલ મોહનલાલ ઝવેરીની બંને પુત્રીઓ અને એક પુત્ર, શ્રી ભાઇચંદભાઇ નગીનદાસ ઝવેરીનો ભત્રીજો, શેઠ રેવાશંકર જગજીવન ઝવેરીના પુત્ર શ્રી ધીરજલાલ, શેઠ તુલસીદાસ ખીમજીના પુત્રો શ્રી કરશનદાસ તથા શ્રી નારણદાસ–આ બધાને હું ભણાવવા જતો. તેમાંથી મને માસિક રૂ. ૧૦૦ થી ૧૧૦ ની આવક થતી એટલે મારો બધો ખર્ચ કાઢતાં હું બચત કરી શકતો. મુ. દાદાજીએ મને રૂા. ૫૦૦ તથા મારા લઘુબંધુ મર્હુમ જયંતિલાલને મુંબઈ ગ્રાન્ડ મેડીકલ કોલેજમાં એમ. બી. બી. એસ.નો અભ્યાસ કરવા માટે રૂ. ૫૦૦ એમ કુલ રૂ, ૧૦૦૦ ની રકમ અમને બંને ભાઇઓને ભણવા માટે આપેલી. પોતે તો ગુજરાતી ત્રણ ચોપડી ભણેલા હતા અને માત્ર નોકરી કરતા હતા. અમારા લગ્નખર્ચમાં પણ તેમણે મોટો ટેકો આપેલો હતો. આવા ભડવીર, શૂરવીર અને ઉદાર દિલના દાદાજી ગાંધી મોતીલાલ ગગલને ચરણે અમે અમારી ઉન્નતિનો યશ સમર્પણ કરીએ છીએ.

મુ. શેઠશ્રી નરોત્તમદાસ ભાણજીને ત્યાં રહી મેં બી. એ. સુધીનો અભ્યાસ પુરો કર્યો. મારી જેમ બીજા પણ તેમના સ્નેહી સંબંધીઓના પાંચ સાત પુત્રોએ પણ તેમને ત્યાં રહી ડોકટરી, ઈજનેરી, કાયદાનો અને સોલીસીટરનો અભ્યાસ કરી ધંધામાં અને જીવનમાં તેઓ ઠરીઠામ થયા છે. ઇંગ્લાંડમાં આઇ. એમ. એસ., આઈ. સી. એસ. અને બીજી ઉચ્ચ પદવીઓ માટે અભ્યાસ કરતા કેટલાય વિદ્યાર્થીઓને, પોતે ઇંગ્લાંડ ગયેલા ત્યારે ભણવા માટે મોટી રકમની મદદ કરી હતી. તેઓ અને તેમના કુટુંબીજનો કેટલા બધા ઉદાર દિલના, ઉમદા સ્વભાવના અને પરોપકારી આત્માઓ હશે તેનો જગતને આથી ખ્યાલ આવી શકશે. તેમનો ઉપકાર હું પોતે તો જીવનપર્યંત નહિ ભૂલી શકું.

ગ્રેજ્યુએટ થયા પછી સોલીસીટરનો અભ્યાસ મારી બુદ્ધિ અને શક્તિને વધુ અનુકૂળ થશે એવી મારી પરીક્ષા અને કસોટી કરીને શ્રી મોતીચંદ ગીરધર કાપડીઆ સોલીસીટરે અને અન્ય સ્નેહીજનોએ મને ખાસ સલાહ આપી હતી. પરંતુ મારા જીવનમાં બાળપણથી કેટલાક નિર્ણયો મેં નક્કી કરી રાખ્યા હતા; જેમાંના મુખ્ય મુખ્ય નીચે મુજબના છે:—

૧. કાયદાનો અનુભવ મેળવવો પણ કાયદાનો ધંધો કરવો નહિ.

૨. મારા કુટુંબમાં કોઇ ગ્રેજ્યુએટ થયેલ નહીં. માટે ગમે તેમ કરી મારે ગ્રેજ્યુએટ થવું.

૩. પરદેશી કોઇ પણ માલનો ધંધો કે તેની આડત કે દલાલી કરવી નહિ; અને એ રીતે દેશનું નાણું પરદેશ મોકલી દેશને નિર્ધન અને પરાધીન બનાવવો નહિ.

૪. ગમે તેવી સારી નોકરી મળે તો પણ આખી જીંદગી સુધી નોકરી કરવી નહિ. અનુભવ ખાતર થોડો સમય નોકરી કરવી પડે તો કરવી. પણ નોકરીમાં ય મુખ્ય ધ્યેય તો સ્વતંત્ર ધંધો કરવાનું રાખવું. આપણી બુદ્ધિ, શક્તિ અને અનુભવનો ઉપયોગ કોઇ પણ દેશી ધંધાને ખીલવવામાં કરવો.

૫. નોકરી કે ધંધામાં કદિ પણ ચોરી, જુઠ, અનીતિ કે વિશ્વાસઘાત કરવો નહિ, લાંચરૂશ્વત લેવા નહિ કે બીજા કોઈની ઈર્ષ્યા કે હરિફાઈ કરવી નહિ.

૬. જે કાંઇ કમાણી થાય તેમાંથી ઓછામાં ઓછા ૨૫ ટકા સારા કામમાં અથવા બીજાઓને મદદરૂપ થવામાં આપવા.

૭. કોઈની આજીજી કે ખુશામદ કરવી નહિ; કોઈની દયા માગવી નહિ; કે કોઇની કશી આશા રાખવી નહિ.

૮. કોઇ આપણને ઉપયોગી ન થાય તો દુ:ખ લગાડવું નહિ. આપણાથી બને તેટલું બીજાનું ભલું કરવું અને ભલું ઇચ્છવું. પણ કોઈનું કદિ બુરૂં તો ન જ કરવું કે ન ઇચ્છવું.

૯. ઉપકારના બદલામાં કોઇ આપણા ઉપર અપકાર કરે અથવા કોઇ આપણી અપકીર્તિ કરે કે આપણા અવર્ણવાદ બોલે તો તેઓની દયા ખાવી. પણ કોઈનું કદિ આપણે અહિત ન કરવું.

૧૦. જીવન જેટલું બને તેટલું સાદું અને સંયમી જીવવું.

૧૧. સિદ્ધાંત કે નિયમને ચુસ્તપણે વળગી રહેવું.

૧૨. ધંધા કે વ્યાપારમાં ગમે તેટલી આવક કે લાભ હોય તો પણ ૫૬ વર્ષની વયે અથવા બહુ બહુ તો ૬૦ વર્ષની ઉંમર થાય એટલે નિવૃત્તિ લઇને જાહેર સેવાની પ્રવૃત્તિમાં જોડાવું.

૧૩. સમાજમાં જન્મ્યા છીએ એટલે ૧૦ વર્ષ સુધી સમાજનું ઋણ ચૂકવી આપવાના હેતુથી સમાજહિતની નિર્મળ પ્રવૃત્તિઓ, કશી પણ અપેક્ષા રાખ્યા વિના, સદ્ભાવ અને સદ્બુદ્ધિપૂર્વક તટસ્થ ભાવે કરવી.

૧૪. લોકહિતની કે અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ જો કે સારી છે; તે છતાં તેમાં પણ રાગ–દ્વેષ થયા વિના રહેતો નથી. એટલે આત્મકલ્યાણ સાધવા માટે એકાંત, મૌન, જાપ, ધ્યાન, યોગ અને આત્મવિચારણાનો માર્ગ જ જરૂરનો છે. માટે ૭૦ વર્ષની ઉંમરે આ બધી બહારની પ્રવૃત્તિઓ છોડી દેવી અને આત્મસાધના માટે જગતથી દૂર જઇ એકાંતમાં રહેવું.

૧૫. મોહ, મમત્વ અને આસક્તિ ઘટાડતા જવા, નિર્મમત્વની સ્થિતિ પ્રાપ્ત કરવી અને પોતાના કલ્યાણ સાથે જગતના કલ્યાણની ભાવના ભાવવી.

આ નિર્ણયોનો અમલ કરવાનો દૃઢ સંકલ્પ દૃષ્ટિ સમક્ષ રાખ્યો છે, અને તેનો અમલ થાય તે માટે પ્રતિક્ષણે સાવધ રહું છું..

આને લઇને સોલીસીટરનો અભ્યાસ ન કર્યો અને કાપડના ધંધામાં દાખલ થયો. ૧૯૧૮ માં પહેલી લડાઇ પુરી થઈ ત્યારે કાપડના ધંધામાં એકાએક ઓચિંતી મંદી આવી. ભાવો એકદમ ઘટી ગયા. દરેકને સોદાઓમાં મોટી રકમની, કેટલાકને ગજા ઉપરાંતની નુકસાની જવા લાગી. માલનો એકેક નાનો કે મોટો જથ્થો મૂળ ધણીને ત્યાંથી વેચાયો હોય. તેના ઉપર અનેક વચલી પાર્ટીઓના નફા ચઢીને છેલ્લા વેપારીના ઘરમાં ઉંચા ભાવે આવતો હોય. જે માલ જેના ઘરમાં ઉંચા ભાવનો પડ્યો હોય તેમાં તો તેને ખોટ જાય. પરંતુ જેઓએ આવતું કે બનતું માલ ઉંચા ભાવે લીધા હોય તે માલ જ્યારે આવ્યો ત્યારે કોઇએ પૈસા ભરીને ઉપાડ્યો નહિ; એટલે વાંધા પડ્યા. અને આવડી લાંબી ગૂંચ શી રીતે નીકળે ? આ કટોકટીનો અને કસોટીનો સમય હતો. આવી સ્થિતિમાં સારા વેપારીઓ પણ ડુકી જાય; તો નબળા કે લુચ્ચાનું તો ગજું જ શું ? કાપડ બજાર માટે ખરેખર આ કપરો અને કટોકટીનો સમય હતો. કોઈ પણ વેપારી માલ ઉપાડે નહિ કે નાણા ચુકવે નહિ. આખો દિવસ નોટીસો કે ચિઠ્ઠીપત્રીઓ અને તેના સવાલજવાબ આપવાનું કામ દરેક દુકાને ચાલતું હોય. દલાલો અને નોકર ચાકરો આમથી તેમ દોડાદોડી કરતા હોય. આ સમયે મુ. કાકાશ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધીનું, પોતાનું કામ, તેમના વતી તેમની અનેક ભાગીદારીના વહીવટોનું કામ અને મારી પોતાની કુટુંબીજનોની મજમુ ભાગીદારીનું કામ, આ બધું સંભાળવાની, પતાવવાની અને તેમાંથી ઓછી નુકસાનીએ છુટવાની જવાબદારી મારા ઉપર આવીને પડી. આમાં મને બધી જાતનો અનુભવ મળ્યો. જીવનની પ્રગતિ માટે આ પહેલું પગથિયું હતું. હું જરા પણ હતાશ ન થયો કે હિંમત ન હાર્યો. બધી પરિસ્થિતિનો બારીક અભ્યાસ કરીને તે બરોબર સમજી લીધી. માલો, માલોની જાત અને બનાવટ તથા તેનો વપરાશ અને

ઉપયોગ, તેના કોણ કોણ ખરીદનારા છે, અસલ ઓછામાં ઓછો તેનો શું ભાવ હતો, વધુમાં વધુ શું ભાવે વેચાયો છે, માલ પ્રથમ કયા વેપારીને ત્યાંથી નીકળ્યો છે, છેલ્લે કોના ઘરમાં શું ભાવે જાય છે, આપણે પોતે આ સોદામાં કેટલામી પાર્ટી છીએ; જેનો માલ આપણે લીધો છે અને જેને માલ આપણે વેચ્યો છે તે બંને આસામી સદ્ધર છે કે નબળા,–આ બધી બાબતો સમજી લીધી. છેવટે વેપારની મંડળી દ્વારા એમ નક્કી કર્યું કે દરેકે પોતાનો નફો જતો કરવો, અને નુકસાની પેટે છેલ્લી લેનાર પાર્ટીએ એક ગાંસડી દીઠ રૂા. ૧૦૦) અને વચલી દરેક પાર્ટીએ એક ગાંસડી દીઠ રૂા. ૧૦) આપવા. આ બધી રકમ મૂળ ધણીને આપવી અને આ રીતે બધો માલ કેન્સલ કરાવવો. આ રીતે ઘણા વાંધાઓની પતાવટ થઈ. આ કામથી બધા વેપારીઓને ઓળખવાની મને તક મળી. ધંધાની આંટીઘૂંટી, નૈતિક ધોરણ, રીત–રિવાજો, માલોની જાત, પરખ અને પડતરભાવ, ખરીદી–વેચાણ અને નાણાનો વ્યવહાર–એ બધું જાણવાનું મળ્યું અને પરિણામે આ પ્રકારનો ધંધાનો સર્વદેશીય અનુભવ કાપડના ધંધામાં આગળ વધ-વામાં અને સ્થિર થવામાં મને બહુ ઉપયોગી થયો.

બે વર્ષ સુધી હાથશાળ અને યંત્રશાળના કાપડનો, તે પછી જાપાનીસ કોરા કાપડનો, અને ઈંગ્લીશ ગરમ તથા ફેન્સી કાપડનો, અને અમુક અંશે વિલાયતી રંગીન, છાપેલ અને ધોએલ કાપડનો અનુભવ વિના વેતને અથવા રૂા. ૬૦)ના માસિક નજીવા પગારે સ્વેચ્છાથી લીધો. ધંધાનું શિક્ષણ, તાલીમ કે અનુભવ પુરેપુરા લેવા હોય તો પગારનો વિચાર બહુ ન કરવો. અભ્યાસમાં ગ્રેજ્યુએટ થયો તેમ "ધંધાદારી ગ્રેજ્યુએટ" થવાની મારી નેમ હતી. પરદેશી કાપડનું કામકાજ, માત્ર અનુભવ લેવા ખાતર જ, આ રીતે મેં થોડો વખત કર્યું. લડાઈના આખરી સમયમાં તેજીની ટોચે કંઈક કમાઈ લેવાની ઇચ્છાએ થોડોક વેપાર આવતું માલનો મેં કર્યો. વગર પૈસે અને વિના મહેનતે જલદી કમાઇ લેવાની ઇચ્છાથી ધંધો કરવો તે એક પ્રકારનો

સટ્ટો જ કહેવાય. મારા આ વાયદાના વેપારમાં મારા ભાગે રૂા. ૭૦૦૦ની નુકશાની થઈ. મારી પાસે તો કશી જોગવાઈ હતી જ નહિ. છતાં દાનત સાફ હતી અને દેવાની વૃત્તિ હતી. એટલે તેટલી રકમનું મેં પ્રેમચંદ રતનજીની કુંપનીને ખાતું પાડીને સહી કરી આપી. પગારની અને ભણાવવાની જે કાંઈ આવક આવતી તે તેમને ત્યાં દર માસે હું ભરતો. તેઓએ એક બે સોદા મને આપીને રળાવ્યો અને તે નફાની રકમ પણ મેં દેવા પેટે જમા કરાવી. જ્યાં સુધી દેવું ચુકતે ભરપાઈ ન થાય ત્યાં સુધી મુંબઈમાં ઘર ન માંડવું એવી મારી પ્રતિજ્ઞા હતી. અઢી વર્ષે દેવું પુરૂં થયું. ત્યાર પછી જ મેં જગ્યા ભાડે લઈને મારા કુટુંબને મુંબઈ તેડાવ્યું. નુકશાનીના અનુભવે મારી નૈતિક ભાવનાની કસોટી કરી અને તેમાંથી હું સાંગોપાંગ પાર ઉતર્યો; તેથી ધંધાદારી ક્ષેત્રે અને સમાજમાં હું મારૂં સ્થાન સ્થિર કરી શક્યો.

શેઠ દેવકરણ મુળજીને ત્યાં પાંચ મીલોની વેચાણ એજન્સી આ અરસામાં નવી આવી. શેઠશ્રીની સાથે અંગત પરિચય અને સંબંધ સારો હતો અને તેમને મારા કામનો અનુભવ થઈ ગયો હતો; એટલે તેમણે મને રૂા. ૧૦૦ના પગારથી શાપુરજી મીલના સેલ્સમેન તરીકે રાખી લીધો. મારા હાથ નીચેનો માણસ જુનો હોવાથી તેન રૂા. ૧૫૦નો પગાર, બીજા સેલ્સમેનોને રૂા. ૧૫૦નો પગાર, એકને રૂા. ૫૦૦નો પગાર, આ રીતે હતું. સૌથી ઓછા પગારનો સેલ્સમેન હું હતો. કેટલાએક આમાં મારી લઘુતા માનતા અને મને ટકોર પણ કરતા. હું એક જ જવાબ આપતો:—"બીજાઓ અનુભવી છે. હું તો શીખાઉ અને નવો છું. વગર પગારે કામ કરવા કહે તો પણ હું કરવા તૈયાર છું. મારે તો શીખવું છે, જાણવું છે અને થોડા સમયમાં બધું જાણી લેવું છે." આ મારી ઉપાસના, શ્રદ્ધા અને ટેકને પરિણામે આઠ મહિના પછી દિવાળી સમયે બીજા સેલ્સમેનોને રૂા. ૨૦૦, મને રૂા. ૨૦૦ અને મુખ્ય સેલ્સમેનને રૂા. ૬૦૦નો પગાર શેઠે ખુશી થઈને કરી આપ્યો.

નોકરી કે ધંધાને અંગેના મારા નિયમો આ પ્રમાણે હતા:—

૧. ધંધાની નાની-મોટી બધી બાબતનું કામકાજ જાતે કરવું અને તેનો સંપૂર્ણ અનુભવ મેળવવો.
૨. અનુભવથી યોગ્યતા વધારવી અને ઉચ્ચમાં ઉચ્ચ સ્થાને વહેલામાં વહેલું પહોંચવું.
૩. ધંધામાં પણ સત્ય, નીતિ, પ્રમાણિકતા, ન્યાય અને પરોપકારવૃત્તિ છોડવી નહિ.
૪. કદરદાન શેઠની જ નોકરી કરવી.
૫. પગાર કે પ્રમોશનની કદી યાચના ન કરવી. કદર ન થાય તો બીજે કશે સ્થાન શોધી લેવું.
૬. સૌનું ભલું કરવું અને ભલું ઇચ્છવું.
૭. કદી કોઈની ખુશામત કરવી નહિ; જરૂર પુરતું જ બોલવું.
૮. આપણા કામમાં જ રચ્યાપચ્યા રહેવું.
૯. ધંધામાં અનીતિ કે પક્ષપાત કરવો નહિ.
૧૦. શેઠ કે બીજા સૌની સાથે, નોકરી કે કામકાજ છોડી દીધા પછી પણ પ્રેમભર્યો મીઠો સંબંધ કાયમ જાળવી રાખવો.
૧૧. પૈસાનો લોભ કે લાલચ ન રાખતાં સ્વમાન, નિષ્ઠા અને કર્તવ્ય-પાલનનો સંતોષ એ જ સાચું સુખ અને સાચી સમૃદ્ધિ છે, તે રીતે મનને કેળવવું.

આ નિયમો ઠેઠ સુધી પાળ્યા છે; પાળવાની સતત કાળજી રાખી છે. અજાણતાં ક્ષતિ થઇ ગઇ હોય તો તે માટે પશ્ચાતાપ જરૂર કર્યો હશે. સારામાંથી સારૂં જ પરિણમે એ મારી દૃઢ શ્રદ્ધાનો મને જીવનમાં પ્રત્યક્ષ અનુભવ અનેક પ્રસંગે થયો છે. બસો રૂપીઆમાંથી ત્રણસો, સાડા ત્રણસો, છસો અને છેવટે માસિક સાડા બારસોની પગાર તથા

કમીશન કે ભાગીદારીની આવક સુધી હું આગળ વધી શકયો. તેમાં પૂર્વજન્મની પુન્યાઈ, પુરૂષાર્થ, પ્રયત્ન, નીતિ, અનુકુળ સંયોગો અને સૌની મારા પ્રત્યેની મીઠી નજર—આ બધા તત્ત્વોનો ફાળો હતો. મીલ—અનુભવ શાપુરજી મીલ, મથરાદાસ મીલ, પ્રેસીડેન્સી(હીરજી) મીલ, અમદાવાદની કેલીકો, જ્યુબિલી, અસારવા અને ગોરધન મીલ્સ, ન્યુ સ્વદેશી, લાલ મીલ, અને માણેકચોક મીલ્સ, મુંબઈની ખટાઉ અને શ્રીરામ મીલ્સ અને છેલ્લે છેલ્લે અમદાવાદની જ્યુપીટર અને જયભારત મીલ્સ, આટલી મીલોનું કામ કરવાની તક મને મળી હતી. દરેક ઠેકાણે એક નિષ્ઠાથી તમન્નાપૂર્વક કામ કર્યું છે. દરેક મીલની કમાણી, કીર્તિ અને પ્રગતિમાં મેં યથામતિ, યથાશક્તિ ફાળો આપ્યો છે. હજુ પણ દરેક મીલવાળાના હૃદયમાં મારૂં સ્થાન છે. અને તે જ મારો આત્મસંતોષ છે.

સને ૧૯૩૮ સુધી મીલો સાથે મેં કામ કર્યું. પરંતુ આખી જિંદગી પરાધીનપણે રહેવાની કે ભાગ્યને બાંધી રાખવાની ઇચ્છા પ્રથમથી જ નહોતી. એટલે સને ૧૯૩૪ થી જ ભાઇઓને કાપડના ધંધાની સ્વતંત્ર ધંધાની શરૂઆત કરાવેલ હતી. ૧૯૩૮ની સાલમાં મેં નિશ્ચય કર્યો કે હવે મીલોના કામને છોડી દેવું અને કુટુંબના કાપડના ધંધાને જ ખીલવવામાં લક્ષ આપવું. મહેન્દ્ર એન્ડ કું ના નામથી મુંબઇમાં કામ-કાજ ચાલતું હતું; તે ખીલવ્યું. અમદાવાદ અને કલકત્તામાં પણ તે જ નામે નવા ભાગીદારો સાથે કામકાજ શરૂ કર્યાં. લડાઇનો સમય હતો. એટલે યથાશક્તિ કમાયા. ધંધા ઘણા વિકસાવ્યા, કામધંધો અને વેપાર કરોડોનો કર્યો. અને જેમ જેમ કમાયા તેમ તેમ જનહિત માટે વાપર્યું પણ સંતોષપૂર્વક. સારી સ્થિતિ હોય તે વખતે જો માણસ દાનકાર્યો ન કરે તો તેના જેવો કોઈ બીજો કંજુસ કે કંગાળ ન ગણાય. લડાઈનું ધન સૌને સદાય માટે ટકી રહેતું નથી. સમયનો અને ધનનો જેટલો સદુપયોગ પોતાના હાથે થાય તેટલો તેનો આત્મસંતોષ અને આનંદ મરણસમય પર્યંત રહ્યા કરે છે. જેમ ધંધાનો બાજી બહુ પાથરી હતી

તેમ સમય આવ્યે બધી બાજી સંકેલી પણ લીધી; કેમકે બહુ ખોરડાં (ઘર), બહુ છોરડાં (સંતતિ), બહુ ઢોરડાં (ઢોરઢાંખર) અને બહુ રોજડાં (ધંધા રોજગાર) એ બધાં આખર અવસ્થામાં ઉપાધિરૂપ છે. મારે તો નિવૃત્ત થઇ લોકસેવાની પ્રવૃત્તિમાં પડવાના મારા નિશ્ચયને અમલમાં મુકવાનો સમય પાકી ગયો હતો. અને કુદરતે મને તક આપી એટલે હું તદ્દન નિવૃત્ત થઈ ગયો.

ધંધાદારી જીવનમાં જ્યારે ધંધો જામેલો હોય, ધનપ્રાપ્તિ સારી હોય, આંટ અને પ્રતિષ્ઠા સારી હોય ત્યારે ભાગીદારો કે દીકરાઓ કામકાજ સારી રીતે સંભાળતા હોય તો પણ મુખ્ય માણસને ૬૦, ૬૫ કે ૭૦ વર્ષની ઉંમરે ધંધાની ઉપાધિ છોડી, જનસેવા, ધર્મકાર્યો કે વ્યાખ્યાનશ્રવણ અથવા સંતસમાગમ દ્વારા શાંતિમય નિવૃત્તિ લેવાની લેશ પણ ઇચ્છા થતી નથી એ શું વિચિત્ર નથી! જીવનના અંત સુધી ધન કમાવાની લાલસાની ગુલામીમાં જીવન જીવતા ઘણા માણસોને હું જોઉં છું ત્યારે તેઓની પામરતાની મને દયા આવે છે!

મેં તો નિશ્ચય કરી રાખ્યો હતો કે ૫૬ વર્ષની ઉંમરથી ધંધાની પ્રવૃત્તિ ઓછી કરવી અને ૬૦ વર્ષની ઉંમર થતાં તદ્દન મુક્ત થઇ જવું. તે મુજબ હું કરી શકયો તેથી હું બહુ જ આનંદ, શાંતિ અને સુખ અનુભવું છું. છેલ્લા ૧૦ વર્ષથી મુંબઇ અને પરાંઓની જૈન ધાર્મિક પાઠશાળાઓની દેખરેખ, નિરીક્ષણ, માર્ગદર્શન, સલાહસૂચન, તેઓનો ધાર્મિક અભ્યાસક્રમ, પાઠયપુસ્તકો, પરીક્ષા અને તે અંગેની ઇતર ધાર્મિક પ્રવૃત્તિઓમાં યથાશક્તિ સેવા આપું છું. ભાવનગરની શેઠ ત્રિભોવનદાસ ભાણજી જૈન કન્યાશાળાની વ્યવસ્થા ઘણા વર્ષો સુધી મારા પિતાશ્રી સંભાળતા હતા અને તેની આર્થિક વ્યવસ્થા દામોદર ત્રિભોવનદાસ ભાણજી તથા હું સંભાળતા હતા. શ્રી દામુભાઇના સ્વર્ગવાસ પછી તે જવાબદારી હું અદા કરતો હતો. પાલીતાણા જૈન બાળાશ્રમની સંસ્થાના વિકાસ અને વહીવટની ચિંતા મારા સ્વર્ગસ્થ

કાકાશ્રી ચત્રભુજ મોતીલાલ ગાંધી રાખતા હતા. તેમના સ્વર્ગવાસ પછી હું મારી બનતી સેવા આપવા ઉત્સુકતા રાખું છું.

સમાજમાં આપણે સૌ જન્મીએ છીએ. આપણું જ્ઞાન, સંસ્કાર, રિદ્ધિસિદ્ધિ, વૈભવ અને સુખ એ બધું બીજાઓએ કરેલી મહેનતનું ફળ છે. દરેક માણસ જગતમાં ઉત્પન્ન થતી બધી વસ્તુઓના ભોગ અને ઉપભોગ માટે આખા જગતનો અને પ્રાણીમાત્રનો ઋણી છે. બીજાઓએ મહેનત કરી ઉત્પન્ન કરેલી વસ્તુઓ વડે જ આપણે જીવી શકીએ છીએ અને જીવન ટકાવી શકીએ છીએ. કુદરત આપે છે, માણસ મહેનત કરે છે અને તેના ફળરૂપે જે ઉત્પન્ન થાય છે તેનો આપણે ભોગવટો કરીએ છીએ. આપણી પાસે જે કાંઇ હોય અથવા આપણે જે કાંઇ મેળવ્યું હોય તેમાંથી જરૂર પૂરતો આપણે ઉપયોગ કરવો જોઇએ અને બાકીના બધા ઉપર જગત આખાનો અધિકાર છે એમ સમજવું જોઇએ. સંયમ અને સાદાઇ, ત્યાગ અને દાન, સેવા અને સ્વાર્પણ, દયા અને પરોપકાર અને વિચાર–વાણી અને વર્તનની પવિત્રતા એ જ મનુષ્યજીવનની શ્રેષ્ઠતા છે. જેઓ ધર્મ અને કર્મ બન્નેમાં દૃઢ શ્રદ્ધા ધરાવે છે તેઓ જ સાચું જીવન જીવી જાણે છે. આ પ્રકારની સમજણ બાળપણથી મેળવવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું અને તેથી જ મારૂં જીવન હું શાંતિ અને સંતોષમાં ગાળી શકું છું.

લોકહિતની કે ધાર્મિક પ્રવૃત્તિઓ જો કે સારી છે, પરંતુ તે જીવનનું અંતિમ ધ્યેય હોવું ન જોઇએ. આ બધી પ્રવૃત્તિઓમાં પણ જો જાગ્રત ન રહેવાય તો, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, મોહ કે અભિમાનની અસર ઓછા વધુ અંશે પડયા વિના રહેતી નથી. આજની કહેવાતી શુભ પ્રવૃત્તિઓમાં પણ જડતા, રુઢતા અને દંભનું પ્રમાણ એટલું વધી રહ્યું છે કે માણસ જો આત્મલક્ષી ન હોય તો, તેને ખેદ અને વિશાદ થયા વિના રહેતા નથી. આત્મકલ્યાણની સાધના માટે

લોકસંપર્કનો બને તેટલો અભાવ હોવો એ જરૂરી છે. એકાંતવાસ, વાંચન, મનન, જાપ, ધ્યાન અને યોગ–એ વડે અને એ દ્વારાજ આપણે આત્મ-સ્વરૂપને જાણી શકીએ. અન્ય સૌ વ્યવસાય, ક્રિયાકાંડ કે ઇતર બહારની પ્રવૃત્તિઓ અમુક હદે પહોંચ્યા પછી બોજારૂપ અને બંધનરૂપ થાય છે.

મારી પોતાની માન્યતા આ પ્રકારની છે. અને તે માન્યતા દૃઢ હોવાથી તે મુજબ તેવા પ્રકારનું હવે પછીનું જીવન જીવવાની મારી જીજ્ઞાસા છે. જો કે તેને માટે મારે હજુ ઘણી તૈયારીઓ કરવાની બાકી છે. મારી ત્રુટિઓનું મને ભાન છે. મારો પુરૂપાર્થ હજુ અપુરતો છે. છતા તે માટેની ભાવના એટલી પ્રબળ છે કે ક્રમે ક્રમે મારા પ્રયત્નો હું વધુ જોસથી ચાલુ રાખીશ. મનોબળ, નિશ્ચય અને પુરૂપાર્થ ફેરવવાથી આ દિશામાં હું જરૂર પ્રગતિ સાધી શકીશ એવી મને અટળ શ્રદ્ધા છે.

આ આત્મકથા એટલા માટે હું લખુ છું કે મારૂં જીવન જે પ્રકારનું છે તે હું જગત્ પાસે સત્ય સ્વરૂપે યથાર્થ રજુ કરી શકું. મોટાઇ, કીર્તિ કે આત્મપ્રશંસા માટે હું જગત સમક્ષ તે રજુ નથી કરતો; પરંતુ લોકહિતની દૃષ્ટિ મારા જીવનમાં મુખ્ય સત્તા ભોગવે છે. એટલે જેને જે રુચે તે આમાંથી લઈ શકે છે. મારી ત્રુટીઓ અને નબળાઇ ભલે મારી પાસે રહે. આમાં જેને જે કાંઇ સારૂં લાગે તે લેવાનો તેને સંપૂર્ણ અધિકાર છે. મારૂં અથવા મારી પાસે જે કાંઇ છે તે મારી અંગત મિલકત નથી. મને જગત પાસેથી તે બધું મળ્યું છે. મરણ પછી જગતને તે મળે તે કરતાં મારી હૈયાતીમાં મારા હાથે જગતને તે બધું સમર્પણ કરી દઉં તો મારો ભાર હળવો થાય અને હૃદય કંઇક વધુ શાંતિ અનુભવી શકે.

આ હેતુથી મારા જુદા જુદા સમયના વેરણછેરણ પડેલા લેખો એકત્ર અને વ્યવસ્થિત કરી પુસ્તકરૂપે સંકલિત કરી જાહેર જનતા પાસે

રજુ કરવાનો મને વિચાર આવ્યો. જીવનના પ્રત્યક્ષ અનુભવો જ લખવાની મને આદત હતી અને તેથી જ મેં મારા લેખો માટે " અનુભવ વાણી " એ નામ આ પુસ્તકને આપવાનું ઉચિત માન્યું છે.

લી. સેવક

**પ્રાણજીવન હરગોવિંદદાસ ગાંધી.**

# અનુભવ-વાણી

★

## વિભાગ પહેલો : સામાજિક

### (૧)
### શ્રાવક-શ્રાવિકાનો સાચો ઉત્કર્ષ સાધવાની યોજના

અખિલ ભારતવર્ષ માટે કોઈ પણ સંસ્થા કાર્ય કરી શકે તો તે જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ જ છે; કેમકે તે સંસ્થા સમગ્ર જૈન સમાજની છે અને તેમાં સૌને માટે સ્થાન છે. શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી મુખ્યત્વે તો ધાર્મિક સંસ્થા છે અને તેનું મુખ્ય કામ ધર્મના તીર્થસ્થાનો સંભાળવાનું છે. તેનો વહીવટ જૂના બંધારણ મુજબ મોટા ભાગે અમદાવાદના ભાઈઓ કરે છે. જો કે તેમાં જુદા જુદા પ્રાંત કે પ્રદેશના પ્રતિનિધિઓને ચૂંટવાનું ધોરણ છે; તો પણ ખરેખરો વહીવટ અને સત્તા તો સ્થાનિક સભ્યોના હાથમાં હોય છે. એટલે સામાજિક પ્રશ્નોનો ઉકેલ તે પેઢી કરતાં કૉન્ફરન્સ વધુ સારી રીતે લાવી શકે. આ યોજનાનો ઉચિત અમલ અને સર્વદેશીય વિકાસ કરવો હોય તો સૌથી પ્રથમ જરૂરનું એ છે કે:—

(૧) જ્યાં જ્યાં જૈનોની વસ્તી હોય કે સંઘ હોય તે દરેક ગામમાં કૉન્ફરન્સની શાખા હોવી જોઈએ અને તે શાખામાં ગામના ઉંમરલાયક ભાઈઓ તથા બહેનો સ્વેચ્છાથી સભ્યો બનવા જોઈએ. વ્યક્તિગત સભ્યની

વાર્ષિક ફી ચાર આના રાખવી. મંડળ કે સંસ્થા સભ્ય થવા માગે તો વાર્ષિક પાંચ રૂપિયા ફી રાખવી. અને સંઘ સભ્ય થવા માગે તો વાર્ષિક પંદર રૂપિયા ફી રાખવી.

(૨) કૉન્ફરન્સે પોતાના કાર્યનો પ્રચાર કરવા માટે અને કાર્યવાહીથી સૌને માહિતગાર કરવા માટે એક મુખપત્ર ચાલુ કરવું જોઈએ. સાપ્તાહિક, પાક્ષિક કે માસિક પત્ર કયું કાઢવું તે સ્થાયી સમિતિએ નક્કી કરવું. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૩) કે ૪)થી વધુ ન જોઈએ. દરેક મંડળ કે સંઘ–સભ્યને પત્ર ભેટ મોકલવું; અને બીજા ગ્રાહકોને લવાજમ લઈને મોકલવું. ઓછામાં ઓછી પાંચ હજાર નકલો જવી જોઈએ. તેમાં જે ખોટ આવે તે જાહેર ખબરમાંથી બને તેટલી ભરપાઈ કરવી. બાકીની ખોટ ઉત્કર્ષ ફંડમાંથી ત્રણ વરસ સુધી ભરપાઈ કરવી. તંત્રી તરીકે હોશિયાર અનુભવી સભ્યની નિમણુક કરવી અને તેને યોગ્ય વેતન આપવું. મુખપત્ર એ બધી પ્રવૃત્તિઓની જાહેરાત અને પ્રચાર માટેનું મૂળ અને મુખ્ય સાધન બનવું જોઈએ.

(૩) દરેક પ્રાંત અને પ્રદેશમાં આવેલી દરેક ગામની શાખાઓનું સંગઠન અને જોડાણ કરવું. ટૂંકમાં, કોન્ગ્રેસના બંધારણ મુજબ આપણી કૉન્ફરન્સની પણ દરેક સ્થળે શાખા, સમિતિ કે કમિટી સ્થાપવી જોઈએ અને એક બીજા સાથે જોડાણ સાધવું જોઈએ. મતાધિકાર વ્યક્તિગત રાખવો અને નિમણુક ચૂંટણીના ધોરણે કરવી. આ પ્રમાણે પ્રબંધ થઈ જાય તે પછી કામ કરવાની સરળતા રહેશે; દરેક સભ્યને આકર્ષણ રહેશે અને ધીમે ધીમે સભ્યસંખ્યા વધશે.

(૪) જેઓ કૉન્ફરન્સના સભ્ય હશે તેઓને જ કૉન્ફરન્સની યોજના કે સહાયનો લાભ આપવો. વાર્ષિક ચાર આના ફી કોઈને ભારે નહિ પડે. સભ્યસંખ્યા વધારવાનો અને પીઠબળ મજબૂત કરવાનો આ એક જ ઉપાય છે.

(૫) કોન્ફરન્સની મધ્યસ્થ ઑફિસમાં બધા પ્રકારનું કામ ત્વરિત, નિયમિત અને વ્યવસ્થિત થવું જોઈએ. તે માટે જરૂર પડે તો વધુ માણસો રાખવા અને યોગ્યતાના પ્રમાણમાં તે દરેકને યોગ્ય પગાર આપવો.

(૬) કૉન્ફરન્સના બે મુખ્ય મંત્રીઓ ઉપરાંત દરેક મુખ્ય મુખ્ય અને મહત્ત્વના કાર્ય માટે એકેક મંત્રી નીમવો. જે કામનો જે સભ્ય નિષ્ણાત હોય તે કામ માટે તેને મંત્રી નીમવો. જેઓ સ્વેચ્છાથી કામ કરવા કે સેવા આપવા તત્પર હોય તેવા ભાઈઓ જ મંત્રી બનવા જોઈએ. દરેક મંત્રી પોતાની પસંદગીના બીજા ત્રણથી ચાર ભાઈઓને સહકાર્યકર તરીકે લઈ શકે તેવી યોજના હોવી જોઈએ. આમ થાય તો જ કામ કરનારના જુથ ઊભા થશે અને એકદિલથી અને એકરાગથી કામ થશે. આ દરેક મંત્રી અને તેની કમિટીને શિરે કામની જવાબદારી રહેવી જોઇએ અને તે કામ કરવાની સત્તા પણ હોવી જોઇએ. તેઓ તરફથી જે કાંઈ યોજના, કાર્ય કે કાર્યવાહી રજૂ થાય તે બધું, ખાસ મહત્ત્વનું કારણ ન હોય તો, મંજૂર રહેવું જોઇએ. અને મંજૂર ન રહે તો તેઓએ રાજીનામું આપી જવાબદારી પાછી સોંપી દેવી જોઇએ.

(૭) મુખ્ય કાર્યવાહી સમિતિમાં મુખ્ય મંત્રીઓ, કોષાધ્યક્ષ અને પ્રમુખ તથા ઉપપ્રમુખ ઉપરાંત આ બધા કાર્યમંત્રીઓનો સમાવેશ થવો જોઈએ.

(૮) આ અને આવા બીજા કાર્યો પાર પાડવા માટે એ ખાસ જરૂરનું છે કે-કૉન્ફરન્સનું બંધારણ વિના વિલંબે નવું ઘડીને અમલમાં મૂકવું જોઇએ, તે સિવાય કાર્યની શક્યતા નથી.

શ્રાવક શ્રાવિકાના ઉત્કર્ષની યોજના માટે સૌથી પ્રથમ એ નક્કી થવું જોઇએ કે-(૧) ઉપર કહ્યું તેમ જેઓ કૉન્ફરન્સના સભ્યો હશે તેઓને જ આ યોજનાનો લાભ મળી શકશે.

(૨) આંધળા, લૂલાં, લંગડાં, અપંગ કે અશક્ત, વૃદ્ધ માણસો સિવાય દરેક માણસ જે મહેનત, મજૂરી, કામ કે ઉદ્યોગ કરશે તેઓને જ આર્થિક મદદ મળશે. બીજાઓને મદદ કે ઉત્તેજનની તાત્કાલિક

જરૂર હશે તો બીજાઓની લેખિત ખોળાધરી અને ભલામણ ઉપર અમુક રકમ સુધી ધીરવામાં આવશે, અને અમુક મુકરર સમયમાં તે તેણે ભરપાઈ કરવી પડશે. જેઓને કામધંધો કે ઉદ્યોગ શીખવા માટે મદદની જરૂર હશે તેઓને લોન તરીકે મદદ મળશે.

(૩) દરેક ગામ, કેન્દ્ર, પ્રાંત કે પ્રદેશ સંસ્થા, જો ઉદ્યોગ સંસ્થા શરૂ કરે તો તે દરેક શીખનારની સંખ્યાના પ્રમાણમાં, દરેક સંસ્થાને, વ્યક્તિદીઠ અમુક રકમ વર્ષ આખરે ગ્રાન્ટ કે મદદ તરીકે ત્રણ વર્ષ સુધી આપવામાં આવશે. રકમનો આધાર કૉન્ફરન્સના નિરીક્ષકના રિપોર્ટ ઉપર રહેશે.

(૪) પુસ્તકો, ફી વગેરે આપવા માટે સ્થાનિક સંસ્થા જેટલી રકમ એકઠી કરશે તેટલી રકમ, પાછી આપવાની શરતે કૉન્ફરન્સ વગર વ્યાજે આપશે.

(૫) જે ગામ પોતાના ગામના ભાઇઓ અને બહેનોને મજૂરી કે કામ આપવાના ઇરાદાથી ગૃહઉદ્યોગ ચલાવશે અને તેમાં કામ કરનારને જે કાંઈ વધારાની રકમ મદદ તરીકે આપવામાં આવતી હશે તેમાં ૨૫ થી ૫૦ ટકા સુધીનો ફાળો વરસની આખરે ત્રણ વર્ષ સુધી મધ્યસ્થ સંસ્થા આપશે.

(૬) ઊંચી કેળવણી માટે મદદની જરૂર હશે તેને ફી, પુસ્તક કે પરીક્ષા માટે ૫૦ ટકા સુધી લોન તરીકે આપવામાં આવશે.

(૭) જેઓ સહકારી ધોરણે શ્રાવક-શ્રાવિકાને ધંધે લગાડવાના મુખ્ય ઉદ્દેશથી સહકારી સ્ટોર ખોલશે તો તેવા સ્ટોરને તે ગામની કૉન્ફરન્સની શાખા કે સંઘની ગેરંટી ઉપર રૂા. ૫૦૦૦ સુધી ત્રણ વર્ષ માટે ધીરવામાં આવશે.

(૮) દરેક પ્રાંતિક સમિતિને તે પ્રાંતમાં કૉન્ફરન્સનું કાર્ય કરવા અને પ્રચાર કરવાના ખર્ચ બદલ વધુમાં વધુ વાર્ષિક રૂા. ૫૦૦ સુધી ગ્રાન્ટ આપવામાં આવશે.

(૯) જેની જેની લોન, મદદ, ગ્રાન્ટ કે બીજી માગણીની અરજીઓ કે કાગળો આવે તેનો નિર્ણય અને નિકાલ વધુમાં વધુ આઠ દિવસમાં કરવો જોઇએ અને દરેક કાગળના જવાબ કે પહોંચ વગર વિલંબે આપવા જોઈએ.

(૧૦) કોન્ફરન્સવતી જે જે મંત્રીઓ, સભ્યો, નિરીક્ષકો કે પ્રચારકો બહારગામ જાય તે દરેકને ત્રીજા વર્ગનું ટ્રેઈન ભાડું, મોટર કે બસ ભાડું અને દરરોજના રૂા. ૫) લેખે ભથ્થું ફરજિયાત આપવું અને દરેકે તે લેવું. બીજી રીતે કોન્ફરન્સના ફંડમાં જે કાંઈ રકમ વધુ આપવી હોય તો તે દરેક સભ્ય આપી શકે છે. આમ થશે તો જ કાર્યકરોની સેવા મળી શકશે.

(૧૧) ચાલુ સાલમાં શ્રાવક-શ્રાવિકાના ઉત્કર્ષ માટે ડિસેમ્બર સુધીમાં રૂા. ૫૦ હજાર ગ્રાન્ટ, લોન કે મદદમાં અને તે માટેના ખર્ચમાં કે વ્યવસ્થામાં વાપરવા માટે મંજૂર કરવા જોઇએ કે જેથી આખા સમાજમાં પરિણામની આશા બંધાય અને નિરાશાના વાતાવરણમાં આશાના અંકુર ફુટે. આથી કોન્ફરન્સ માટે લોકમત પણ સારો બંધાશે અને એના પ્રત્યે મમતા વધશે. આ વાતાવરણ ઊભું કરવાની ખાસ જરૂર છે.

(૧૨) દર વરસે રૂા. ૫૦ હજાર ખર્ચવાનો નિર્ણય કરવો અને ત્રણ વર્ષ સુધી આ કાર્ય ચાલુ રાખવું. તે ઉપરથી કામ કેવું થાય છે? પરિણામ કેવું આવે છે? કામની કદર-પ્રશંસા કેવી થાય છે? તથા નાણાંની મદદ કેવી મળે છે? તે ત્રણ વર્ષ સુધીમાં સ્પષ્ટ સમજાઇ જશે. તે દરમ્યાન ભવિષ્યની પાંચ કે દશ વર્ષની યોજના ઘડી કાઢવી.

(૧૩) શ્રાવક-શ્રાવિકાના ઉત્કર્ષ ફંડમાંથી વ્યવસ્થા ખર્ચમાં વાપરવાની જોગવાઇ રાખવી જોઇએ. વ્યવસ્થા સિવાય કાર્યનો હેતુ સર્વાંશે સિદ્ધ નહિ થાય.

(૧૪) કોઈ પણ રકમ કે ટ્રસ્ટ કોઈ પણ સામાન્ય કે ખાસ હેતુ માટે કોઈના તરફથી સોંપવામાં આવે તો જે શરતે સોંપવામાં આવે

તે શરતે તેનો અવશ્ય સ્વીકાર કરવો. પરંતુ તેમાં એક શરત એ હોવી જોઇએ કે તેની વાર્ષિક આવક કે ઉત્પન્નમાંથી ૧૦ ટકા જનરલ ફંડમાં લઈ જવામાં આવશે અને બાકીની રકમ તે હેતુ માટે ખર્ચવામાં આવશે.

(૧૫) જનતાની મદદ કે ટ્રસ્ટોની સોંપણી ત્યારે જ ફળીભૂત થાય કે સૌને ખાત્રી થાય કે પૈસા બરોબર સચવાશે, તેની વ્યવસ્થા સારી થશે, તેના હેતુ મુજબ તેનો ઉપયોગ થશે, અને કાર્યકરો લાયક હશે. આને માટે સ્થાયી સ્ટાફની અને લાંબા વખત સુધી કામ કરે તેવા કાર્યકરોની કમિટીઓ જોઇએ. દરેક કમિટીએ પાંચ કે દશ વર્ષ સુધી એક સરખું કામ કરવું જોઇએ. પ્રમુખ અને મુખ્ય મંત્રીઓ ભલે ત્રણ વર્ષે, પાંચ વર્ષે બદલાય પરંતુ સ્થાયી મંત્રીઓ અને કાર્યકરો, બને તો કાયમી, અને નહિ તો પાંચ કે દશ વર્ષ સુધી કાયમ રહેવા જોઇએ કે જેથી કાર્ય અવિરત ચાલુ રહી શકે.

(૧૬) ગમે તે સાર્વજનિક હેતુ માટે ટ્રસ્ટ કે અમુક રકમ સોંપવામાં આવે તો પણ તેનો સ્વીકાર કરવો.

(૧૭) સાર્વજનિક ફંડ કોઈ પણ ધંધામાં, વ્યાપારમાં, ઉદ્યોગમાં કે બીજા એવા લોકહિતના કાર્યમાં રોકી શકાય, ખરચી શકાય કે ધીરી શકાય—એવો પ્રબંધ હોવો જોઇએ કે જેથી ઘણા ભાઈ-બહેનોને કામધંધો કે ઉદ્યોગ શીખવી શકીએ, તેમને નોકરી-ધંધે લગાડી શકીએ; અને તેમાંથી વ્યાજ કે નફાની જે કાંઈ આવક થાય તેમાંથી બીજાઓને ઉત્તેજન કે મદદ પણ આપી શકીએ.

(૧૮) જેઓ કોન્ફરન્સ કે તેની કોઈ શાખા અથવા તેના હસ્તકની કોઈ સંસ્થાની મદદથી કે લોનથી ભણ્યા હોય કે કામધંધે લાગ્યા હોય તેઓ કમાવા માંડે તે વરસથી દર વર્ષે તેની વાર્ષિક કમાણીમાંથી ઓછામાં ઓછો એક રૂપીએ અર્ધો આનો અને વધુ તેની પોતાની ઇચ્છા મુજબ કોન્ફરન્સના જનરલ ફંડમાં ફરજિયાત તેણે આપવાનું રહેશે.

(૧૯) શ્રાવક–શ્રાવિકાના ઉત્કર્ષની યોજનામાં સમાજહિતની બધી બાબતોનો સમાવેશ થઈ શકશે. માનવસહાય, સ્વામીવાત્સલ્ય, વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ, પાઠશાળા, નિશાળો કે હાઈસ્કૂલોની સ્થાપના, દવાખાના કે હોસ્પીટલ, નિવાસસ્થાનો, સહકારી મંડળીઓ કે દુકાનો, કળાભુવન કે ઉદ્યોગગૃહો અને એવા બીજા ગમે તે કાર્યો હાથ ધરી શકાશે અને તે ફંડનો આ અને આવા કાર્યો માટે ઉપયોગ થઈ શકશે.

(૨૦) ટૂંકમાં, આ આખી યોજના, તેનું કાર્યક્ષેત્ર અને તેના હેતુઓ ઘણાં વિશાળ, વિસ્તૃત અને સર્વવ્યાપી રાખવા જોઈશે. તો જ તેનો હેતુ સાધ્ય થશે, સમાજ તેની કદર કરી તેને સારી મદદ કરશે અને તે કાર્ય સદૈવ ચાલુ રહેશે.

વિક્રમની એકવીસમી સદીમાં આગલી વીસ સદી સુધીમાં કરવાના ઉપર દર્શાવેલ વીસ બાબતોના બીજ રોપી તેના વૃક્ષ ઊગે, તેને ફળ અને ફૂલ આવે અને તેનો આખી જૈન સમાજને લાભ મળે, તથા તેની છાંયા નીચે સૌ આરામ અને વિસામો લઈ શકે એટલું જ નહિ પણ વૃક્ષો ફાલે, ફૂલે અને એક સુંદર ઉપવન કે ઉદ્યાન બને, પ્રત્યેક જૈન તેનો પાલક, પોષક અને રક્ષક બને–આ ભાવના, કલ્પના–ચિત્ર પ્રત્યક્ષ ફળે અને તેનો અનુભવ, ઉપભોગ અને લાભ સૌને મળે તે માટે માત્ર શાસનદેવને પ્રાર્થના કરો. નિષ્ક્રિય બેસી રહેવાથી કશું નહિ વળે, અધૂરા મનુષ્યો અધૂરાથી સંતોષ માને. આપણે તો કાર્યની શરૂઆત કરી દેવી, તેમાં રચ્યાપચ્યા રહેવું અને ઓતપ્રોત થઈ જવું અને એકરાગથી, એકનિષ્ઠાથી કામમાં લાગી જવું. જેઓ આપબળનો ઉપયોગ કરે, જાતમહેનત કરે અને નમ્રતાપૂર્વક નિષ્કામભાવે કામ કરે તેને સમાજ, કુદરત અને શાસનદેવ પણ અવશ્ય સંપૂર્ણ સાથ અને સહકાર આપે. માત્ર "સર ફરોશી કી તમન્ના અબ હમારે દિલ મેં હય," અને "કરેંગે યા મરેંગે," અથવા "कार्य साधयामि, નહિ તો देहं पातयामि"એ સૂત્રોનો નાદ દરેક કાર્યકરના હૃદયમાં ગાજવો જોઈએ, ગુંજવો જોઈએ અને વિશ્વભરમાં તેનો પ્રતિ–ધ્વનિ–પડવો જોઈએ. પ્રભુ મહાવીરનો આ આદેશ છે અને માનવ જાતનો આ સંદેશ છે.

( ૨ )

## શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રનો સર્વાંગી વિકાસ કરો

શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી બી. એ. જેવા ઠરેલ, વિચારશીલ, અનુભવી, અભ્યાસી, કાર્યસાધક, નિશ્ચિતમનોબળવાળા, વ્યવહારકુશળ અને બધા પક્ષોના સંગઠનમાં માનવાવાળા ગૃહસ્થની પ્રમુખ તરીકેની પસંદગી કરવા માટે કૉન્ફરન્સના કાર્યકરો અને શેઠ શ્રી કાંતિલાલ ઇશ્વરલાલને ધન્યવાદ ઘટે છે. જૈન સમાજમાં ચોમેરથી અવાજ ઉઠે છે કે હવે કૉન્ફરન્સ ઘણું સક્રિય અને પરિણામજનક કાર્ય કરી શકશે.

અત્યારે સમય, સંજોગ અને સ્થિતિ ઘણે અંશે વિષમ અને મુશ્કેલીભરેલા પ્રવર્તે છે. માનવ રાહત, સમાજોન્નતિ, કેળવણી પ્રચાર, ધંધાદારી યોજનાઓ, સામાજિક કાર્યકરો અને સ્વયંસેવકોની અખિલ ભારતવર્ષના ધોરણે રચના, અખિલ ભારતીય જૈન સંઘની સ્થાપના, તીર્થરક્ષા અને જીર્ણોદ્ધાર, ધર્માદા ટ્રસ્ટોના વહિવટ અને દેખરેખ, રાજદ્વારી ક્ષેત્રે જૈનોની પ્રગતિ, ધર્મ અને સાહિત્યનો વિશ્વભરમાં પ્રચાર અને બીજા એવા અનેક મહત્ત્વના પ્રશ્નો ઉકેલવાના છે. આ બધા પ્રશ્નો કૉન્ફરન્સ હાથ ધરે, તેની ગંભીર વિચારણા કરી તેની યોજનાઓ ઘડે અને અમલમાં મૂકવાનો સક્રિય પ્રયાસ કરે તો કૉન્ફરન્સની મહત્તા આપોઆપ વધશે. સહુનો સાથ અને સહકાર મળશે. અને તે માટે પૈસા પણ પૂરતા પ્રમાણમાં મળી રહેશે. નૌકાની સલામતી નાવિક ઉપર છે. સેનાની જીત સેનાપતિ ઉપર છે. સંસ્થાની ફતેહ પ્રમુખ ઉપર છે અને કાર્યની સિદ્ધિ નાયક ઉપર અવલંબે છે.

શ્રમણ સંસ્થામાં પણ સુમેળ અને સંગઠન સાધવાની સૌથી વિશેષ આવશ્યકતા છે. ધર્મગુરુઓ ધર્મ અને ધર્મસંસ્થાઓને અંગે ઉપસ્થિત

થતા અનેક પ્રશ્નોનો ઉકેલ વધુ મતે લાવે અને તે માટેનું એક જ પ્રકારનું માર્ગદર્શન આપે તો ઘણી અવ્યવસ્થા અને વાદવિવાદનો અંત આવે ને વાતાવરણમાં વિશેષ સ્વચ્છતા પ્રસરે. કૉન્ફરન્સ ધારે તો આ કાર્ય જરૂર સહુના સહકારથી પાર પાડી શકે. આના ઉપર જ સમાજના ભવિષ્યનાં મંડાણ માંડી શકાય તેમ છે.

શ્રાવક શ્રાવિકાના સર્વાંગી ઉત્કર્ષ માટે ઘણું કામ કરવાનું છે. આ પ્રશ્ન સૌથી પહેલું અને સવિશેષ નિરાકરણ માગે છે. તેના ઉપર જ બીજા બધા પ્રશ્નો અવલંબે છે. જ્યાં સુધી શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર સર્વાંશે નહિ વિકસે ત્યાં સુધી બીજા ક્ષેત્રો અને બીજી અનેકવિધ શુભ પ્રવૃત્તિઓના સુંદર પરિણામ લાવી નહિ શકાય.

દર વર્ષે અનેક નવી નવી સંસ્થાઓ અને સ્થાનો ઊભાં થતાં જાય છે. શરૂઆતમાં તેને માટે એક વખત તો પૈસા ઊભા થઈ જાય છે. પણ તે બધાને કાયમ નિભાવવાના ખર્ચને કેમ પહોંચી વળવું અને કાર્ય કરનારા અને સંભાળનારા કયાંથી લાવવા એ બહુ અટપટો પ્રશ્ન છે. જૂની સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ શિથિલ થતી જાય અને નવી સંસ્થાઓ ઊભી થતી જાય તો તેનો ભાર સમાજ ઉપર વધતો જાય છે. તેને બદલે નવી સંસ્થાઓ ખાસ કારણ સિવાય ઊભી ન કરાય અને જૂની સંસ્થાઓનું એક બીજામાં જોડાણ થઈ જાય, અને એક જ સ્થાનમાં કેન્દ્રીકરણ કરવામાં આવે તો વહીવટ અને વ્યવસ્થા સુધારી શકાશે, કાર્યની સંગીનતા વધશે અને સમય, શકિત અને ધનખર્ચનો ઘણો બચાવ થશે. આ પ્રશ્નનો પણ સમાજના હિતની દૃષ્ટિએ ઉકેલ શોધવાની ઓછી જરૂર નથી.

ધર્મશાસ્ત્રનો અભ્યાસ, સંશોધન અને પ્રકાશન, તેની પાછળ જે કાંઈ પૈસા અત્યારે ખર્ચાય છે તે બધા માટે એક સંયોજીત યોજના ઘડવામાં આવે તો ઓછા ખર્ચમાં સારું ને વિશેષ કાર્ય થઈ શકે. આ પ્રશ્ન પણ કૉન્ફરન્સના કાર્યક્ષેત્રમાં આવી શકે છે.

સમાજના જુદા જુદા અંગોપાંગો કે પ્રવૃત્તિઓનું બારિક અવલોકન કરતાં સ્પષ્ટ માલૂમ પડે છે કે–જૈનોનો ભૂતકાળ જેટલો ભવ્ય, સમૃદ્ધિવાન, ગૌરવવંતો અને શાસનપ્રેમી હતો તેટલો વર્તમાન કાળ દેખાતો નથી. કેટલાક આ વાત માન્ય નહિં કરે, પરંતુ સાચી સ્થિતિ પ્રત્યે આંખમિંચામણાં કરવાથી સ્થિતિ સુધરી જતી નથી. આજે શારીરિક, માનસિક, બૌદ્ધિક, નૈતિક કે આધ્યાત્મિક શકિત અથવા આર્થિક, કૌટુંબિક અને સામાજિક સ્થિતિ કેવી ક્ષીણ થઈ ગઈ છે, તે સૌ કોઈ સારી રીતે જાણે છે. આ બધાનું સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરી તેમાં પ્રાણ અને પ્રતિષ્ઠા પુરવા માટે કોન્ફરન્સ કટિબદ્ધ થાય તો તેમાં તેને જરૂર સફળતા સાંપડશે.

એક વ્યકિતથી જો કે બધું મહાભારત કામ પાર પડી શકતું નથી, છતાં જો નાયક શકિતશાળી હોય તો બધાં કરવાનાં કાર્યની સમીક્ષા કરી શકે. સૌ કાર્યકરોનું સંગઠન કરી જુથ ઊભું કરી શકે અને વાતાવરણ ઊભું કરી શકે. અને વાતાવરણ એવું ગાજતું અને ગુંજતું ઊભું કરે કે સૌનો સાથ, સહકાર અને સહાય મળી શકે અને કાર્યો સિદ્ધ થઈ શકે. એકલાં ભાષણોથી, ઠરાવોથી કે લેખોથી કામ નહિં પાર પડી શકે.

અધિવેશનના સમય સુધીમાં પ્રચારકાર્ય દ્વારા આખું વાતાવરણ સર્જે અને સૌનો પરિચય સાધી સૌને એક જ મંચ ઉપર એકઠા કરી સૌના સહકારથી અધિવેશનને એવું યશસ્વી બનાવે કે સુવર્ણ જયંતીમાં સોના જેવા અનેક ઉતમ કાર્યો થાય; તેનો ઇતિહાસ સોનેરી અક્ષરે લખાય. ભવિષ્યની પ્રજા તેને લાંબા સમય સુધી સંભારે અને પ્રમુખ આદિ સૌ નેતાઓ અને કાર્યકરોને યશ મળે. અધિવેશનના વરાયેલા પ્રમુખશ્રીના શુભ હસ્તે શરૂઆત આ રીતે થાય અને તેમાં તેઓ યશસ્વી નિવડે, એ ભાવનાવડે જ આપણે તેમનું અભિનંદન કરીએ તે યોગ્ય ગણાશે.

## ( ૩ )

# સાધુ-સમાજના ચરણે

"એકમાંથી અનેક, અનેકમાં વિધવિધ પ્રકાર, તેમાંથી વિકાસ, વિકાસમાંથી વિકાર અને વિક્રિયા, અને છેવટે અંત અથવા વિદાય," આ ક્રમ કુદરતમાં, સમાજમાં, વ્યવહારમાં, પ્રવૃત્તિના દરેક વ્યવસાયમાં, અને વ્યક્તિના જીવનમાં દરેક સ્થળે અને દરેક સમયે માલૂમ પડે છે. તેથી એમ સહેજે માનવું પડે છે કે આ નિયમ સ્વયંસિદ્ધ છે.

શાસ્ત્રના સિદ્ધાંત અનુસાર કોઈ પણ મૂળ વસ્તુ કે મૂળ તત્વ નાશ પામતું જ નથી. માત્ર તેનું રૂપાંતર થાય છે, જેને આપણે "પર્યાય"-થી ઓળખીએ છીએ. જેમ કે વરાળમાંથી પાણી, પાણીમાંથી હિમ અથવા બરફ અને બરફમાંથી પાછું પાણી, અને પાણીમાંથી છેવટે વરાળ થાય છે. વળી જેમ માટીમાંથી ઘડો થાય છે અને ઘડો ફૂટી જતાં તેમાં રહેલી માટી કાળક્રમે માટી બની માટીમાં મળી જાય છે. કાળનું ચક્ર પણ આ રીતે ફર્યા કરે છે. નીચેથી ઉપર જઈ વળી પાછું નીચે આવવું પડે છે.

જીવ અને અજીવ તત્ત્વમાં મુખ્ય તફાવત એ છે કે-જીવ પુરુષાર્થ ફેરવી શકે છે અને પોતાની ગતિ ઊંચી દશામાં કરવી કે નીચી દશામાં કરવી તે તેની પોતાની સત્તામાં છે; અજીવ તત્ત્વ આત્માની શક્તિવડે જ સ્ફુરાયમાન થાય છે; તેને પોતાની ચેતના હોતી નથી. દેહ અને આત્માની વચ્ચે કઈ રીતે વ્યવહાર થાય છે, તે કોયડો હજુ સુધી સંતોષકારક રીતે ઉકેલી શકાયો નથી.

આજે આપણો સમાજ અને ચતુર્વિધસંઘ કાળચક્રની ઊર્ધ્વગતિએ છે કે અધોગતિએ છે? આનો જવાબ કોણ આપશે? કારણ વિના

કાર્ય સંભવી શકતું નથી, એ સાચું જ છે. તેમ કાર્ય કે ક્રિયાનું પરિણામ પણ હોય તે પણ નિશ્ચિત વાત છે. ભૂતકાળની પરિણતિ વર્તમાનકાળ છે અને વર્તમાનકાળની પરિણતિ ભવિષ્યકાળ છે. એટલે જગતમાં જે કાંઈ આજે પ્રવર્તી રહ્યું છે તે દરેકમાં આ ક્રમ અબાધિત રીતે અવિરતપણે દ્રશ્યમાન થાય છે. એટલે કાર્યકારણભાવવડે આખું વિશ્વ, બધા પદાર્થો, અને બધી ક્રિયા એકબીજા સાથે સંબંધ ધરાવે છે, એક બીજા સાથે સંકળાયેલા છે, અને અન્યોન્યાશ્રિત છે. આ વાત સમજપૂર્વક ખ્યાલમાં રાખી આપણે સૌ જીવન જીવીએ તો સમાજમાં સુખ, સંતોષ, શાંતિ અને આનંદમંગળ પ્રવર્તાવી શકીએ એમ શાસ્ત્રો અને ગુરુદેવો ખાત્રી આપે છે.

ચતુર્વિધ સંઘની રચના તીર્થંકર પ્રભુ કરે છે. તેમણે ઘડેલ અને આદેશ આપેલ નિયમો પ્રમાણે આપણે પોતપોતાની ફરજ બજાવવી જોઇએ. આ નિયમો અને તેને અંગેની સાચી કર્તવ્યપરાયણતાનું જ્ઞાન કે ભાન અત્યારે કેટલાને છે ? અત્યારના કરતાં ભૂતકાળમાં શ્રમણવર્ગની સંખ્યા અનેકગણી હતી એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે. અને શાસ્ત્ર કે ઇતિહાસની હકીકત ખોટી માનવાનું કારણ નથી. પૂર્વકાળની સમાજરચના કેવા પ્રકારની હતી તે સંબંધી આજે સમાજે અને ચતુર્વિધ સંઘે ગુરુગમદ્વારા એ જાણવું જરૂરનું છે કે:—

૧. જે જે સંઘની સ્થાપના થતી તેમાં સંઘપતિની નિમણુંક થતી કે કેમ ? કે સંઘપતિ વિનાનો સંઘ હોઇ શકતો ? મુંબઇના સંઘનો સંઘપતિ કોણ ?

૨. મુનિમહારાજોમાં ગચ્છભેદ કે સંઘાડા કેટલા હતા ? તે બધા વચ્ચે પરસ્પર દિલનો સુમેળ અને પૂજ્યભાવ હતો કે કેમ ? અને બધાઓના એક નિયામક નાયક હતા કે કેમ ?

૩. એક બીજા ગચ્છનાયકો વચ્ચે સામસામા આક્ષેપો અને દલીલો છાપાઓમાં, પત્રિકા દ્વારા કે વ્યાખ્યાનોમાં અને ઉપાશ્રયોમાં આજની માફક થતા કે કેમ ? અને કેટલા પ્રમાણમાં થતા ?

૪. શાસ્ત્રાર્થ કે વાદવિવાદ માટે જાહેર સભાઓ ગોઠવાતી હતી? અને તેમાં છેવટનો નિર્ણય કરવાનું કામ પક્ષકારોને સોંપાતું કે કોઈ પ્રખર વિદ્વાન મહાપુરુષને સોંપાતું?

૫. તિથિચર્ચા અંગે આજના જેવા ઝઘડાઓ અને ચોથ કે પાંચમની સંવત્સરીના પ્રતિક્રમણના આઘાતપ્રત્યાઘાત અને વેરવિરોધના વમળ અગાઉ થયેલાની ઐતિહાસિક નોંધો છે કે નહિ?

૬. કાચી બુદ્ધિના અને ઓછી સમજણના નાની ઉમરના કેટલા બાળક બાળાઓને માબાપની જાણ કે સ્થાનિક સંઘની સંમતિ વિના દીક્ષા અપાતી?

૭. દેવદ્રવ્ય, સાધારણ ધાર્મિક સંસ્થાઓના વહીવટ અને હકુમત વિ. કારણે સંઘમાં વાદવિવાદ, ઊહાપોહ કે વિક્ષેપ અગાઉના વખતમાં કેવા થતા કે કેવા પડતા?

૮. ધુરંધર મુનિરાજો વચ્ચે જુદો જુદો મત કે અભિપ્રાય પ્રવર્તતો હોય તો છેવટનો નિર્ણય સંઘને યોગ્ય લાગે તે કરીને તે પ્રમાણે કામ થતું? કે દરેક સંઘ પોતે પોતાને ઠીક લાગે તે રીતે ગમે તે એક ગુરુમહારાજને પૂછી તેઓશ્રી જે માર્ગદર્શન આપે તે પ્રમાણે અમલ કરતા?

આ અને આવા બીજા અનેક પ્રશ્નોએ સમાજનું વાતાવરણ બહુ જ ડોળી નાખ્યું છે અને અંતે પાયમાલીના પંથે સૌ પ્રયાણ કરી રહ્યા છીએ. અને છતાં "સાચું શું?" તેનો નિર્ણય થતો નથી; અને સમય, શકિત અને સંપત્તિની ફનાગીરી થતી રહે છે. કોણ જીત્યું? કોણ હાર્યું? કોણ સાચું? કોણ ખોટું? કઈ વસ્તુ શાસ્ત્રપ્રમાણ? એ તો કોઈ કહી શકતું નથી. આ વસ્તુ ગુરુવર્યોને કોણ કહે કે કહી શકે? કે કોણ સમજાવી શકે? તેઓમાં પણ એટલી ભીરુતા જોવાય છે કે ખાનગીમાં પોતે જે માનતા હોય છે તે સ્પષ્ટ કહે છે; પણ લેખિત માગીએ અથવા જાહેરમાં તેનું નામ આપીએ તો તેની તે ના કહે છે

અથવા ઇન્કાર કરે છે. ધર્મ અને સમાજના અનેક મહત્વના પ્રશ્નો અંગે આજે આ પ્રકારની સ્થિતિ પ્રવર્તી રહી છે, જે બહુ જ દુ:ખજનક છે.

દેવદ્રવ્ય અને સાધારણદ્રવ્ય અંગે નીચેની બાબતો સકળ સંઘે ગંભીરપણે વિચારવાની રહે છે--અગાઉ કરતાં આજે એકંદરે ૫ થી ૬ ગણી મોંઘવારી વધી છે. નોકરોના પગાર અને બીજા ખરચા તેટલા નહિ તો ૩ થી ૪ ગણા નજરે વધ્યા છે; તેટલા પ્રમાણમાં ચાલુ આવક નથી. ખર્ચને પહોંચી વળવા દબાણ કરીને વધુ રકમ ગૃહસ્થો પાસેથી ભરાવીએ છીએ. ધંધાની કમાણી સારી હતી ત્યાં સુધી સૌ કોઇ પ્રેમથી આપતા હતા. હવે સમાજના સંજોગ અને સમય પલટાયા છે. એટલે આવક ઘટશે પણ ખરચા ઉલટા વધશે. માતબર દેરાસરનો વિચાર કરવાનો રહેતો નથી. પણ ભારતવર્ષના બધા દેરાસરો અને સંઘોની આર્થિક સ્થિતિ તપાસો. કેટલી કેટલી આવક અને ખર્ચ છે તે જુઓ. ઘણા દેરાસરોમાં દેવદ્રવ્યમાંથી પૂજારી, નોકરો, કેશર–સુખડ આદિ વસ્તુઓનો ખર્ચ થાય છે કેમકે સાધારણની આવક તેટલી હોતી નથી. ત્યાંના બધા જૈનો દોષને પાત્ર ગણાય? તેઓને બચાવવા હોય તો એક એવી જાહેરાત કરો કે દોષમાંથી બચાવવા માટે દરેક દેરાસરને ખૂટતી ખર્ચની રકમ આપવામાં આવશે. બીજી વાત દેરાસરનું બાંધકામ, ઓટલા, પગથિયા, ફરસ વિ. બધું દેવદ્રવ્યમાંથી બંધાએલ હોય છે. દરેક જૈન તેનો વપરાશ કરે છે, છતાં દર વરસે તે માટે કશો ફાળો આપવાનો હોતો નથી. આમાં દોષ લાગે છે કે નહિ? તે દોષ કેમ ટાળવો? પૂજ્ય ગુરુદેવો આનો ઉકેલ કરી આપવાની કૃપા કરશે? વાડા, મર્યાદા અને પ્રમાણનો સિદ્ધાંત શું આમાં ન સાચવી શકાય?

## ( ૪ )

# સાધુ-સાધ્વીજીના વિહાર અંગે સંઘોએ વિચારવા જેવું

**જૈનોમાં** આર્જવતા, મૃદુતા, ગુરુભક્તિ અને સાધર્મિક વાત્સલ્યની ભાવના પેઢી દરપેઢીથી ઉતરી આવેલી છે અને તેને લીધે જ્યારે જ્યારે પોતાના ગામમાં ગુરુ-આગમન થાય છે ત્યારે ત્યારે બહુ જ ભક્તિભાવપૂર્વક તેઓ તેઓનું બહુમાન કરે છે; એટલું જ નહિ પરંતુ સાધુ-સાધ્વીને વંદન કરવા આવનાર શ્રાવક-શ્રાવિકા અને ઈતર જનોનો પણ સત્કાર કરવા હંમેશા તત્પર રહે છે. આ પરંપરા દરેક ગામમાં ઓછા વધુ અંશે હજુ પણ જળવાઈ રહી છે.

પરંતુ છેલ્લી લડાઇ દરમ્યાન અને તે પછી ગામડાંઓના જૈનોમાં જેઓ ખાનદાન, પ્રતિષ્ઠિત, આગેવાન પુરુષો હતા તેઓ ઘસાઇને નબળા પડી ગયા. અને યુવકવર્ગ નોકરીધંધા અર્થે દેશાવર નીકળી ગયો. જેઓ પ્રારબ્ધ કે પુરુષાર્થના બળે નવા અને તાજા શ્રીમંત થયા હોય છે, તેઓને ધર્મમાં બહુ પ્રેમ કે રાગ ઘણેભાગે હોતો નથી. તેઓમાંથી જેઓને કીર્તિની કે સમાજમાં આગળ આવવાની તમન્ના હોય છે તેઓ તે હેતુથી પૈસા ખરચવા ઉત્સુક હોય છે; અને બીજાઓ જો પ્રેરણા કરે તો થોડાઘણા પૈસા આપી દે છે. પરંતુ સાધર્મિકનું પોતાને આતિથ્ય કરવાનું હોય તો તેઓ અખાડા કરે છે અથવા આંખની આડા કાન ધરે છે. એટલે જેઓને કર્તવ્યનું ભાન હોય તેઓની સ્થિતિ સારી હોય કે ન હોય તેઓને માથે તે જવાબદારી આવી પડે છે.

વળી આજકાલના કૌટુંબિક જીવનમાં એ પરિસ્થિતિ પ્રવર્તતી હોય છે કે ઘરમાં દીકરાઓ અને વહુઓનું સામ્રાજ્ય હોય છે. એટલે જો આ વૃદ્ધો ઘેર, કોઈ શ્રાવક-શ્રાવિકાને જમવા તેડી લાવે તો વહુદીકરાઓ

મ્હોં મરડે અથવા જીવ બાળે અને કોઈ કોઇવાર તો અનાદર પણ કરે. તેમાં પણ સાધુ–સાધ્વી સાથે વિહારમાં મજૂર, નોકર કે માણસ સાથે હોય, તો તેઓનો ધડો રાજીખુશીથી કરનાર બહુ ઓછા નીકળે છે.

એટલું હજુ સારું છે કે સાધુ–સાધ્વીજીને તો સૌ કોઇ સાચવી લે છે અને સંભાળી લે છે, કેમકે તેમના પ્રત્યે સમુદાયના મોટા ભાગના માણસોને, અને ખાસ કરીને સ્ત્રીવર્ગને ભકિતભાવ હોય છે. પરંતુ જો તેમાંના કોઇને માંદગી હોય અને તેમને માટે વૈદ્ય કે ડૉકટરને બોલાવવા હોય કે સારવાર અથવા દવાના પૈસા ચુકવવા પડે, અથવા તેઓને જે કોઇ ચીજ વસ્તુ, પુસ્તકો કે ઉપકરણોનો ખપ હોય તો તે બધા માટે સંઘમાં કાં તો પૈસા હોતા નથી અથવા તો તેનો બોજો એકાદ બે શ્રીમંત ઉપર નાખવામાં આવે છે. શ્રીમંતો બધા કર્તવ્યના ખ્યાલવાળા હોતા નથી. એટલે જેઓ ગુરુપ્રેમી હોય તેઓની સ્થિતિ હોય કે ન હોય તો પણ તેઓ યથાશકિત ભકિત કરે છે. બીજાઓ જેઓ નિષ્ઠુર કે નફ્ફટ હોય તેઓ સ્થિતિસંપન્ન હોવા છતાં કશો બોજો ઉપાડતા નથી. તેઓ તો આવો બોજો ન આવી પડે તે માટે સાવધાન રહે છે. આને લીધે સંઘમાં વિષાદ, ઇર્ષા અને મનદુઃખ વધે છે. જો લોકો સવળો અર્થ લે કે જેના પુણ્ય ચઢિયાતા હોય તેઓ જ આવો ઉત્તમ લાભ મેળવી શકે છે. અને મહાપુણ્ય બાંધે છે, પરંતુ વિષમ સંજોગોમાં આર્થિક ક્ષેત્રે દરેક કાર્ય તુલનાત્મક દૃષ્ટિથી કરવા લોકો ટેવાઇ ગયા છે, અને સારી સ્થિતિવાળા દિલદગડાઈ કરે ત્યારે સામાન્ય જનતાને તેમના પ્રત્યે નફરત છૂટે છે.

વળી કેટલેક ઠેકાણે એવું પણ બને છે કે પુરુષવર્ગ જો કોઇને જમવા નોતરી લાવે તો સ્ત્રીવર્ગને ગોઠતું નથી, અને સ્ત્રીવર્ગ કોઇને લાવે તો પુરુષવર્ગ આંખ ખેંચે છે. આ બધી વાતો કલ્પિત નથી, તેમજ કવચિત કે કવેળાની પણ નથી; પરંતુ અનુભવની છે; જાતે જોએલી છે. અનેક સાધુ–સાધ્વીજીના સ્વમુખેથી સાંભળેલી છે. અને

વિહારના પ્રસંગોમાં અનેક ગામો અને ગામડામાં પ્રત્યક્ષ અનુભવી છે. આ બાબતમાં કશું નવીન કે વિસ્મયજનક નથી.

આ પરિસ્થિતિ અનેક ગામોમાં અનેક સ્થળે અને અનેક સ્થાનોમાં પ્રવર્તે છે. તેનું પ્રમાણ જેઓને જેટલું માનવું હોય તેટલું માને તે માન્યતાનો વિષય છે. આપણે તો એ વિચારવાનું રહે છે કે આનો ઉકેલ શોધવાની અને વહેલામાં વહેલી તકે અમલમાં મૂકવાની ખાસ તાકીદે જરૂર છે.

આને અંગે જૈન સમાજે એ પણ જાણવાની જરૂર છે કે વિહારમાં, જંગલમાં કે ઝૂંપડામાં, ગામડામાં કે રણપ્રદેશમાં જ્યાં જૈનનું એક પણ ઘર ન હોય ત્યાં ખેડૂત, મજૂર કે જૈનેતર કોઇને ત્યાં પણ સાધુ–સાધ્વીને આશ્રય લેવો પડે છે. આવા લોકો યથાશક્તિ ભક્તિ કરે છે અને ગોચરી વિગેરે પ્રેમપૂર્વક આપે છે. આવા લોકોનો સત્કાર કે કદર જૈન સંઘ તરફથી અવારનવાર કરવામાં આવે તે જરૂરનું છે, કે જેથી તેઓ સાધુ–મુનિરાજોની સેવાશુશ્રૂષા ઉલ્લાસથી કરતા રહે.

આ બધી વસ્તુસ્થિતિ જાણ્યા પછી તે બધા માટેનો વ્યવહારૂ અને વાસ્તવિક ઉકેલ આ રીતે કરી શકાય કેઃ–(૧) દરેક ગામે અને દરેક સંઘે સ્વામીવાત્સલ્ય ફંડ કે અતિથિસત્કાર ફંડ દર વરસે કે દરેક પ્રસંગે એકઠું કરી લેવું. (૨) જે સાધુ–સાધ્વી કે શ્રાવક–શ્રાવિકા આવે તેઓના સત્કાર અંગે જે કાંઇ ભોજનખર્ચ લાગે તે આ ફંડમાંથી કરવો. (૩) જે કોઈ આવનારની ભક્તિ કરશું અને સગવડ સાચવશું તે દરેક કંઈ ને કંઈ તે ફંડમાં આપશે. કોઈપણ તીર્થની ભોજનશાળાના ખર્ચમાં ખાડો પડતો નથી. (૪) દેરાસર કે ઉપાશ્રય નજીક જે કોઈ જૈન ગરીબ સેવાભાવી કુટુંબ રહેતું હોય તેને જ ભોજનપ્રબંધનું કામ સોંપવું અને પૂરા પૈસા તેને આપવા, જેથી તેઓને ટેકો અને મદદ મળશે. અને સંઘની શોભા પણ સચવાશે. (૫) બીજી કોમવાળા કે ધર્મસ્થાનવાળા આપ-

ણને કે આપણા સાધુ–સાધ્વીને આશ્રય આપી સેવા કરે છે, તેને આપણા ઉપાશ્રય, ધર્મશાળા કે ધર્મસ્થાનમાં તેઓના સંતમહાત્માઓને ઉતરવા દેવાની આપણે પણ ઉદારતા બતાવવી જોઇએ. આ તો અતિથિસત્કારનો માનવધર્મ છે. પરંતુ આ બાબતમાં આપણા સાધુ–મુનિરાજો જૈનોને ઉદારને બદલે સંકુચિત સ્વાર્થવૃત્તિવાળા રહેવાનો ઉપદેશ આપે છે. અને જૈનો, ગુરુઓને રાજી રાખવા માનવધર્મનો લોપ કરે છે. ક્રિશ્ચયન અને મુસલમાનોને પોતાના ઘરમાં આપણા સાધુ–સાધ્વીને ઉતરવા દેતાં જોયા છે, જ્યારે આપણે તેઓને મિથ્યાત્વી ગણીને દૂર રાખ્યા છે અને તેમને આપણા સ્થાનમાં ક્યાંય ઉતરવા દેવાની ઉદારતા દેખાડતા નથી. હવે આ ટૂંકી દૃષ્ટિ ટાળવા જેવી છે. નહિ તો સમાજ કે રાજ્યસત્તા તે નહિં સાંખે. દેરાસરની ચોરી કે લૂંટફાટ ઉદારચિત્તવૃત્તિથી જ અટકી શકશે.

●

(૫)

# સમાજની સામાજિક સંસ્થાઓને અને હિતચિંતકોને.

## અત્યારે પ્રવર્તતી સ્થિતિ:

જેટલા આપણે ધર્મથી જોડાએલા કે સંગઠિત થએલા છીએ તેટલા વ્યવહારથી કે આર્થિક ક્ષેત્રે જોડાએલા કે સંગઠિત નથી, દરેક વ્યક્તિ કે કુટુંબ પોતપોતાની બુદ્ધિ, શક્તિ, આવડત, અનુભવ, સંજોગોની અનુકૂળતા કે પ્રારબ્ધના યોગે નોકરી, ધંધો, વ્યાપાર, હુન્નર-ઉદ્યોગ કે કાઈપણ જાતનું કામકાજ પોતાના પ્રયત્નોવડે શોધી લે છે, અને ધીમે ધીમે આગળ વધી ઠરીઠામ થાય છે, અથવા પૈસા પેદા કરી શ્રીમંત બને છે. જૈનોમાં કોઈ સમાજ કે સંસ્થા હજુ સુધી એવી જોવામાં, જાણવામાં કે સાંભળવામાં નથી આવી કે જેના પ્રયાસથી કુડીબંધ, સેંકડો કે હજારો નવયુવાનો ધંધે લાગ્યા હોય, અથવા હજારો

કે લાખો રૂપિયા કમાયા હોય; અથવા મોટા ઉદ્યોગપતિઓ બન્યા હોય. આવી કોઈ સમાજ કે સંસ્થાઓ હસ્તીમાં હોય તો તેની વિગત અને નામો કોઇ જણાવશે તો ઉપકાર થશે.

કોઇપણ ધર્મગુરુઓએ પ્રેરણા આપી આવી કોઇ સમાજ કે સંસ્થા સ્થપાવી હોય તેવું પણ જોવા, જાણવા કે સાંભળવામાં નથી. આ ઉપરથી એક વસ્તુ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે માણસજાત એ સામાજિક પ્રાણી અને સમાજનું અંગ હોવા છતાં સમાજે પોતે કોઈની આર્થિક ઉન્નતિ કે ઉત્કર્ષ સીધી રીતે નથી કર્યો. અને એ રીતે મનુષ્ય પ્રત્યક્ષ રીતે આ બાબતમાં સમાજનો ઋણી નથી.

કેળવણીને માટે છેલ્લા પચાસેક વર્ષમાં સમાજે કેટલાક પ્રયત્નો કર્યા છે. આવી કેળવણીની સંસ્થાઓનો લાભ ઘણા વિદ્યાર્થીઓને મળ્યો છે. અને તેનું પરિણામ અને ફળ સમાજને ફાળે જરૂર જાય છે. અને તેટલા પૂરતો દરેક લાભ લેનાર વિદ્યાર્થી તે સંસ્થાનો અને સમાજનો અવશ્ય ઋણી છે. અને તે ઋણ તેણે કેળવણીની સંસ્થાઓને અને વ્યક્તિગત વિદ્યાર્થીઓને યથાશક્તિ મદદ આપી વ્યાજ સાથે પ્રેમપૂર્વક વાળી આપવું જોઇએ. ભણેલાઓ જો આટલું ન કરે તો તેઓ નગુણા અને સમાજદ્રોહી ગણાય. આ કલંકનો કાળો ડાઘ ભણેલાઓ માટે બિલકુલ શોભારૂપ ન જ ગણાય.

ભણેલાઓ માટે બીજો આક્ષેપ એટલો જ સાચો છે કે વેપારીઓ અને વગર ભણેલાઓ અથવા ઓછું ભણેલાઓ સમાજ, ધર્મ કે દેશને માટે જેટલું ધન આપે છે, તેના હિસાબે કેળવાએલા અથવા વૈદ્ય, ડૉકટરો, વકીલો, બેરીસ્ટરો, સોલિસીટરો કે બીજાઓ ગમે તેટલી સારી કમાણી કરતા હોય અને પાસે પૈસો પણ સારો હોય, છતાં તેટલું ધન આપતા નથી. કેળવણીના પ્રમાણમાં કંજુસાઈ, ટૂંકું દિલ, સંકુચિતતા અને સ્વાર્થદૃષ્ટિ વધુ હોય છે—આવો અભિપ્રાય સમાજમાં પ્રવર્તે છે. આનું શું કારણ હશે? આનો ઉપાય પણ સમાજે શોધવાનો રહે છે.

જો કેળવણી જ આ સંકુચિતતાનું નિમિત્ત કારણ હોય તો તેવી કેળવણી પણ દોષયુક્ત ગણાય. આ પ્રશ્ન પણ સમાજના નાયકોએ અને કેળવાએલા ભાઈબહેનોએ ઊકેલવો જરૂરનો છે.

આ ઉપરથી એ ફલિત થાય છે કે--કેળવણીની સાથે સંસ્કાર અને ચારિત્રનું ઘડતર ઘડવાની વિશેષ જરૂર છે. આની મુખ્ય જવાબદારી મા--બાપોની, સમાજનાયકોની, શિક્ષકોની અને ધર્મગુરુઓની રહે છે. આ પ્રશ્નોનો સૌએ સાથે મળીને ગંભીરતાપૂર્વક વિચાર કરવાની અને તેનો ઉપાય શોધવાની જરૂર રહે છે. આ કામ સમાજના ડાહ્યા પુરુષોને આપણે સોંપીએ તે જ ઇષ્ટ છે. એકલી કેળવણીથી સમાજનો સાચો ઉદય કે ઉત્કર્ષ થવાનો નથી. સંસ્કાર અને ચારિત્રના ઘડતરની જીવનમાં મુખ્ય આવશ્યકતા છે. અને આ કાર્ય ધર્મના સાચા જ્ઞાનથી જ સાધી શકાશે. ધર્મનું સાચું જ્ઞાન આપવા માટે આદર્શ ધાર્મિક પાઠશાળાઓ અને આદર્શ ચારિત્રવાન શિક્ષકો જોઈએ. આદર્શ શિક્ષકો તૈયાર કરવા માટે આદર્શ શિક્ષણ સંસ્થાઓ પણ હોવી જોઈએ.

આમાંનું કેટલુંક આપણા સમાજ પાસે છે; અને કેટલુંક આપણે નવું સર્જન કરવું પડશે. આ ત્યારે જ શકય બને કે જ્યારે જુદી જુદી સંસ્થાઓનું એકીકરણ અથવા વિલિનીકરણ થાય અથવા સંગઠન થાય. અને તેની પ્રાથમિક ભૂમિકા તો જ તૈયાર થઈ શકે કે નવી નવી સંસ્થાઓ ઊભી કરવાનો મોહ કે નાદ ઓછો થાય અને જે સંસ્થાઓ કે સાધનો આજે હસ્તિમાં છે તેને જ પગભર અને વિકસિત કરવાનો મક્કમ નિરધાર કરીએ. આ બાબત નાયકોએ અને ધર્મગુરુઓએ વિચારવાની રહે છે. સામાન્ય જનતા માટે તો એક જ માર્ગ છે કે-તેઓએ જૂની ચાલુ સંસ્થાઓને જ વળગી રહીને તેને જ વિકસાવવી અને નવી નવી સંસ્થાઓ પ્રત્યે ઉપેક્ષાભાવ કે તટસ્થવૃત્તિ સેવવી. જનતા જો મક્કમ રહે તો સમાજમાં સંગ્રમ જરૂર આવશે; કેમકે જનસમુદાયના સાથ અને સહકાર વિના કોઈપણ કાર્ય કરવાને કોઈ સમર્થ

નથી. જનતાને મક્કમ રાખવા માટે જનતાના નાયકો ડાહ્યા, સમજુ અને સારાસારના વિવેકવાળા મનુષ્યો હોવા જોઈએ.

દર વરસનો અંદાજ કાઢીએ કે કેટલી નવી નવી સંસ્થાઓ ઊભી થાય છે અને સ્થપાય છે! **જેટલી સંસ્થાઓની સંખ્યા વધે છે તેટલા પ્રમાણમાં નવા કાર્યકરોની સંખ્યા આપણે ઉત્પન્ન કરી શકતા નથી.** જ્યાં સુધી કાર્યકરો સારી સંખ્યામાં ઉત્પન્ન ન કરી શકીએ ત્યાં સુધી સંસ્થાઓ અને અવનવા કાર્ય કે યોજનાઓ ઊભી કરતા જઈએ તેનું પરિણામ શું ? પરિણામ એ જ કે સંસ્થાઓ પાંગળી, અલ્પજીવી અને અકાર્યશીલ રહે છે, સમાજના ઉપર ભાર વધતો જાય છે, પૈસાની અને શક્તિની બરબાદી થતી જાય છે; અને સમાજ વધુ ને વધુ દુર્બળ, નિર્બળ, નિસ્તેજ અને સત્ત્વહીન થતો થાય છે. ભૂતકાળની ભવ્યતા અને આજની નિર્બળતા અને નિર્માલ્યતાની તુલના કરવામાં આવે તો સત્યશોધકને સત્ય તુરત સમજાશે. આપણું અર્થ-શાસ્ત્ર, વાણિજ્ય, સમાજશાસ્ત્ર કે સાપેક્ષવાદ કેટલો વ્યવહારુ છે કે અવ્યવહારુ તે આપણા પોતાના નિર્ણય અને કાર્યથી આપોઆપ સાબિત થઈ શકશે.

**અત્યારની આર્થિક સ્થિતિ :—**

જેમ મોંઘવારી વધે તેમ આર્થિક ભીંસ પણ વધે છે અને તેને પરિણામે લોકોમાં સંકુચિત દૃષ્ટિ, નફાખોરી, સ્વાર્થ, જૂઠ, દગો અને નિષ્ઠુરતા વધે છે; અને દયા, પ્રમાણિકતા, નીતિ, પ્રેમ અને સદ્‌ભાવ ઘટે છે. મોટા શહેરમાં કદાચ મોંઘવારી ન વર્તાય; પરંતુ ગામડામાં તેની કાતીલ અસર જણાય છે. પરાપૂર્વથી વેપારનું ક્ષેત્ર વણિકના હાથમાં હતું, પરંતુ લડાઈ જેવા કપરા કાળમાં વેપારનું તંત્ર સરકારના હાથમાં ગયું. અને સરકારી તંત્રમાં જૈનોનું સ્થાન એક ટકો પણ નથી, તેથી જૈનો હસ્તકનો વેપાર સરકાર હસ્તક અને જૈનેતરોના હાથમાં ગયો; અને બાકીનો રહ્યોસહ્યો વેપાર સહકારી મંડળીઓ પાસે ગયો. સહકારી મંડળીઓમાં ખાસ વર્ચસ્વ ખેડૂતોનું, સહકારી

અમલદારોનું અને કોન્ગ્રેસનું હોય છે. એટલે જૈનોનો તેમાં હિસ્સો ન રહ્યો. અનાજ, ખાંડ, લોખંડ, સીમેન્ટ વિ. જરૂરીઆતની વસ્તુઓ ઉપર કન્ટ્રોલ હોવાને કારણે તે વેપાર જૈનોના હાથમાં ન રહ્યો. ફક્ત કરીઆણું, કાપડ, સોનાચાંદી, શરાફી, ધીરધાર, રૂ અને તેલીબીઆં એટલા જ ધંધા જૈનો માટે ખુલ્લા છે. પરંતુ તેમાં પણ કાયદા અને કન્ટ્રોલના બંધન અને કડાકૂટ ઓછાં નથી, છતાં તે બધામાંથી જૈનો પસાર થઈને ધંધો ચાલાવતા હતા. પરંતુ સરકારે નાણા ધીરધારનો અને ઋણરાહતનો કાયદો અને ' ખેડે તેની જમીન 'નો કાયદો અમલમાં આણ્યો ત્યારથી જૈન વેપારીઓની મુશ્કેલી વધી, ધંધાનું ક્ષેત્ર સંકુચિત થઈ ગયું, અને કમાણી ઉપર મોટો કાપ પડ્યો. આવક ઘટી, પણ આજીવિકા, વ્યવહારુ અને ધંધાદારી ખરચા ઘટવાને બદલે વધ્યા અને લોકો પાસેનું લેણું ખોટું ગણાયું. પરિણામે ગામડાના જૈનો ઘસાયા અને દુષ્કાળે તેઓને વધુ મૂંઝવણમાં મૂક્યા. આ ઉપરાંત ધર્મ અને ધાર્મિક સંસ્થાઓ તથા ગૌરક્ષા અને પાંજરા-પોળની સંસ્થાઓને નિભાવવાનો બોજો પણ વધ્યો. આ આખું ચિત્ર જેઓ સમજી શકે તેઓને જ ગામડાના જૈનોની સ્થિતિની બરોબર કલ્પના આવી શકે.

જેમ સમય અને સંજોગો પલટાય તેમ જીવનની દિશા પણ ફેર-વવી જોઈએ. તો જ આપણે આપણું સ્થાન ટકાવી શકીએ અને કદાચ બીજાઓથી આગળ પણ વધી શકીએ. તેને માટે વર્તમાન પરિસ્થિતિ, સાધનો, શક્તિ, ધગશ ને તત્પરતા આપણામાં કેટલી છે તેનું માપ પ્રથમ કાઢી લેવું જોઈએ. પછી જે ઊણપો કે અપૂર્ણતા હોય તે કાઢી નાખવી જોઈએ. તે પછી સમાજના સામુદાયિક ઉત્કર્ષની નક્કર અને વ્યવહારુ યોજના ઘડી કાઢવી જોઈએ, અને ત્યારબાદ તે યોજનાને અમલમાં મૂકવી જોઈએ,

આને માટે (૧) નાણું જોઈએ. (૨) અનુભવી નાયકો જોઈએ. (૩) કસાયલા કાર્યકરો જોઈએ. અને ખાસ કરીને દૃઢનિશ્ચયી

નિષ્ણાતોના હાથમાં યોજનાનો અમલ જોઇએ. આટલી સામગ્રી સમાજમાં છૂટીછૂટી કે વેરણછેરણ જ્યાં જ્યાં પડી હોય ત્યાં ત્યાંથી શોધી કાઢીને એકઠી કરવી જોઇએ અને તે બધાને સંયોજિત કરીને પછી કામની શરૂઆત ધીમે ધીમે પણ મક્કમ રીતે કરવી જોઇએ. જૈન કૉન્ફરન્સને સર્વવ્યાપી અને મહાન્ સંસ્થા બનાવવી હોય તો આ પ્રકારની યોજના હાથ ધરવી જોઇએ. આમાં સૌનો સાથ અને સહકાર અવશ્ય મળશે જ. જો કામના સાચા કરવાવાળા હશે અને કામ બરાબર થતું હશે તો તેની કિંમત જરૂર ઊપજશે અને કદર પણ જરૂર થશે. અને કદાચ સમાજ પ્રશંસાના પુષ્પો ન વેરે તો પણ તેનો વિરોધ તો કોઈ નહિ જ કરે તે નિશ્ચિત છે.

## ઉત્કર્ષનો વ્યવહારુ ઉકેલ શું?

સ્થાન પરત્વે આ યોજનાને આપણે બે વિભાગમાં વહેંચી શકીએ. એક મુંબઈ, અમદાવાદ, વડોદરા, સુરત, મદ્રાસ, બેંગ્લોર, ઇંદોર, પૂના, કલકત્તા જેવા મોટા શહેરો માટે અને બીજી નાના શહેરો અને ગામડાં માટે. કેમકે બંનેનાં સાધનો, સંજોગો, માણસો અને શકયતા જુદા જુદા પ્રકારનાં હોય છે. મોટા શહેરો માટે યોજના વિશાળ પાયાની અને વિસ્તૃત જોઇએ. નાના શહેરો અને ગામડાં માટે યોજનાનો અમલ નાના પાયા ઉપર અને સ્થાનિક પૂરતો હોવો જોઇએ. અને આ આખી યોજનાનું સંચાલન જૈન કૉન્ફરન્સ જેવી મધ્યસ્થ સંસ્થા હસ્તક હોવું જોઇએ.

યોજનાનો અમલ કરવા માટે પૈસા જોઇએ. મોટી રકમના નવા પૈસા ઊભા કરવાનું કામ સહેલું નથી. એટલે ઉત્કર્ષ ફંડમાં રૂા. ૧,૬૨,૦૦૦ જે એકઠા થયા છે તેમાંથી રૂા. સવા લાખની થાપણ રોકીને એક બીજી નવી "અખિલ ભારતીય સહકારી મંડળી" સ્થાપવી અને રૂા. ૧૦ ના એકેક શેરથી રૂા. પાંચ લાખનું ભંડોળ ઊભું કરવું. જે જે શહેર રૂા. દશ હજારનું ભંડોળ સ્થાનિક ઊભું કરે તેને બીજા

રૂા. દશ હજાર કેન્દ્ર ભંડોળમાંથી આપીને રૂા. વીશ હજારમાંથી ત્યાંની "સ્થાનિક સહકારી મંડળી" ઊભી કરી તેની મારફત એક "સ્થાનિક વસ્તુભંડાર" ધંધાદારી ધોરણે શરૂ કરવો. આ ભંડારમાં સમાજ ઉપયોગી બધી જરૂરી વસ્તુઓની ખરીદી, વેચાણની વ્યવસ્થા રાખવી. પાંચ લાખના કેન્દ્ર ભંડોળમાંથી આ રીતે પચાસ વસ્તુભંડારો જુદા જુદા પ્રદેશ કે પ્રાંતમાં ખોલી શકાય.

હાલ તુરત પ્રાથમિક શરૂઆત તરીકે આટલું જ કામ થઈ શકે, આટલી જ યોજના અમલમાં મૂકાય અને યોજનાને સંગીન પરિણામ-દાયી બનાવાય તેટલું જ સૌથી પ્રથમ જરૂરનું છે. કોઈ વેપારી વીશ હજારની પૂંજી રોકી ધંધાની શરૂઆત કરે છે ત્યારે ધંધો જમાવવા માટે રાત-દિવસ મહેનત કરે છે. ઘરાકી જમાવે છે અને વેચાણ વધારે છે. વરસ આખરે વ્યાજ, દુકાનખર્ચ કાઢતાં ઘરખર્ચ તેમાંથી મેળવે છે; અને તે ઉપરાંત થોડીઘણી રકમનો વધારો મેળવી મુદ્દલ રકમમાં વધારો પણ, શક્તિ અને આવડતના પ્રમાણમાં, કરે છે. આ રીતે જ દરેક વેપારી પોતાના ધંધાની જમાવટ કરી ધીમે ધીમે આગળ વધી શ્રીમંત બન્યો છે. આ પ્રત્યક્ષ અનુભવની બાબત છે. તો કૉન્ફ્રન્સે ફક્ત એટલું જ વિચારવાનું રહે છે કે--આ યોજના અમલમાં મૂકવા માટે તેની પાસે પીઠબળ છે કે નહિ? અને રૂા. પાંચ લાખનું ભંડોળ ઊભું કરી શકે તેમ છે કે નહિ? આ રીતે ઉત્કર્ષની સિદ્ધિ માટેનું આ વ્યવહારુ પ્રથમ પગલું છે.

પાંચ લાખ રૂપીઆ ભેગા કરવા માટે નીચેની બાબતો વિચારવી જોઇએ.

(૧) ભારતવર્ષના દરેક પ્રાંતના જૈન સમાજમાંથી દરેક ફક્ત ૧૦૦૦ રૂપીઆ આપે એવા સમાજપ્રેમી ધનવાનો શોધી કાઢવા. આખા દેશમાંથી આવા ૫૦૦ દાતાઓ મળવા મુશ્કેલ નથી. કૉન્ફરન્સનું અને તેના કાર્યકરોનું કાર્ય એવું હોવું જોઇએ કે તેઓના કાર્યમાં લોકોને શ્રદ્ધા બેસે અને તે કાર્યનું ધ્યેય તેઓ બરોબર પાર પાડશે.

(૨) આને માટે પ્રચાર કરવો જોઇએ. સીધો, સાચો અને અસરકારક પ્રચાર કરવા માટે સરળ માર્ગ એ છે કે કૉન્ફરન્સ યાત્રાપ્રવાસ માટે ૪૫ દિવસની એક ખાસ ટ્રેન યોજે, મુંબઇ અને બધા પ્રાંતોના શ્રીમંત વેપારીઓને આ યાત્રાપ્રવાસમાં જોડાવા ખાસ દબાણપૂર્વક આમંત્રણ કરવું. સાથે વિદ્વાનો અને સેવાભાવી કાર્યકરોને પણ આમંત્રણ આપવું. પ્રવાસસમય, કાર્યક્રમ અને વિગતની એક વર્ષ અગાઉ સૌને જાણ કરવી કે જેથી સૌ પોતપોતાના ધંધા અને કામકાજની અગાઉથી પૂર્વવ્યવસ્થા કરી શકે. આ પ્રવાસમાં કોઇના કુટુંબને કે બાળબચ્ચાંને સાથે લેવા ન જોઇએ. આ રીતે ચૂંટેલા, અનુભવી, પીઢ અને સ્થિતિસંપન્ન માણસોનો પ્રવાસસંઘ નીકળે, મુખ્ય મુખ્ય શહેરોમાં અગાઉથી પ્રબંધ કરી જાહેર સભાઓ યોજવામાં આવે તો દરેક શહેરમાંથી દાન આપવાવાળા જરૂર મળી રહેશે, આજુબાજુના ગામોમાંથી પણ જૈનો સભામાં હાજરી આપશે, સંસ્થાના કાર્યનો પરિચય અપાશે, પ્રચાર થશે અને સારી સંખ્યામાં સભ્યો પણ નોંધાશે. બીજો ત્યાંના સ્થાનિક લોકોને એ લાભ થશે કે તેઓના વહીવટ અને પ્રવૃત્તિમાં શિથિલતા, મતભેદ, પક્ષભેદ કે અંદરઅંદરના ઝઘડાટંટા હશે તે બધાનો થોડે ઘણે અંશે નિકાલ થઇ જશે. સંસ્થા અને સંઘબળ ચમત્કારિક પરિણામ લાવી શકે છે. વ્યક્તિ તેટલું કામ નહિ કરી શકે કે તેટલી છાપ નહિ પાડી શકે.

બીજો લાભ આ યાત્રાપ્રવાસથી એ થશે કે સમાજને સ્પર્શતી મુખ્ય મુખ્ય બાબતોમાંથી દરરોજ એકેક વિષયની ચર્ચા–વિચારણા અને નિર્ણય કરવામાં આવે તો ૪૫ દિવસમાં ૪૫ બાબતોનો કે યોજનાઓનો યાત્રિકો નિર્ણય કરી શકશે. યાત્રિકોમાંથી એવા પણ ભાગ્યશાળીઓ નીકળશે કે જેને જેને જે યોજના પસંદ પડશે તે યોજના માટે શરતી કે બિનશરતી દાનો આપવાની જાહેરાત પણ તે વખતે થશે.

પ્રવાસયાત્રા ટ્રેનની યોજના નિષ્ફળ જશે કે તેમાં નુકશાન થશે એવી શંકાને તો સ્થાન જ નથી. કૉન્ફરન્સ તો તેમાંથી બચત કરી શકશે કેમકે સારા સારા શહેરના સંઘો તો તેમનું અતિથિસ્વાગત કરશે.

(૩) પાંચ લાખનું ફંડ થયા પછી તેનું રોકાણ કૉન્ફરન્સભુવન બાંધવામાં કરવું જોઈએ. આ ભુવનનું મકાન એવું હોવું જોઈએ કે તેનું પોતાનું કાર્યાલય તેમાં હોય અને બાકીના મકાનનું પ્રતિવર્ષ રૂ. ૨૫ થી ૩૦ હજારનું ભાડું ઉત્પન્ન થાય. આમાંથી કાર્યાલયનો ખર્ચ પણ નીકળે અને બીજી સામાજિક પ્રવૃત્તિઓ પણ ચાલી શકે. આ વસ્તુ શક્ય છે. અનુભવીઓને પૂછવાથી આ વસ્તુની સભ્યતા સમજાશે. કામ કરનાર કુશળ હોય તો પૈસા પણ મળી રહે અને ચાલુ આવક પણ રહ્યા કરે.

( ૬ )

## સંસ્થાઓની સંખ્યામાં સંયમની જરુર નથી?

જૈન ધર્મનું મુખ્ય મંડાણ ત્યાગ અને સંયમ ઉપર મનાય છે. આરંભસમારંભ બને તેટલા ઓછા કરવા અને ઓછામાં ઓછા કરવા એ ધર્મનો કર્તવ્ય આદેશ છે, તો કર્મબંધન ઓછા થાય.

તેવી જ રીતે સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ જેટલી વધુ સંખ્યામાં વધારતા જઈએ તેટલા વધુ પ્રમાણમાં કર્મબંધન થાય છે. સમય, શક્તિ અને સાધનોનો વધુ વ્યય થાય છે, અને પરિણામે સમાજ વધુ નિર્બળ, શક્તિહીન, નિર્ધન બનતો જાય છે. પરિગ્રહવિરમણની આવશ્યકતા સાધુવર્ગ તેમજ શ્રાવકવર્ગને માટે–બન્નેને માટે તેથી જરૂરી બને છે. તેટલા માટે જ એ જરૂરનું છે કે દરેક પ્રકારની પ્રવૃત્તિનું પ્રમાણ સમાજે પોતે નક્કી કરવું જોઈએ.

અગાઉના સમયમાં સમાજનું જીવન મહદ્ અંશે નિવૃત્તિપ્રધાન હતું. દિવસના ચાર કે છ કલાક ધંધાદારી પ્રવૃત્તિ કે કામકાજ પૂરતા

ગણાતા. તેટલા સમયમાં સામાન્ય બુદ્ધિશાળી મનુષ્ય ઠીકઠીક કમાઈ શકતો. તે વખતે વેપારધંધાનો, વાણિજ્યનો ઇજારો માત્ર વણિકોનો જ હતો. રાજ્યમાં મંત્રીપદ, પ્રધાનપદ કે અધિકારીપદ મુખ્યત્વે આપણા જ હતા. એટલે ધન અને સત્તાવડે આપણે ગમે તે કરી શકતા હતા. કદાચ ગજા ઉપરાંત ખર્ચ કરવો પડે કે અવસર ઉજવવા પડે તો તે ખાડો આપણે એકાદ બે વર્ષમાં પૂરો કરવા સમર્થ હતા. પરંતુ આજે સમાજરચના તદ્દન પલટાઈ ગઈ છે. આપણું ભૂતકાળનું સ્થાન અને શક્તિ આપણી પાસે રહ્યા નથી. આવક અને આર્થિક ક્ષેત્ર બન્ને સંકોચાઇ ગયા છે. કુટુંબના અને સમાજના ભારણ વધી રહ્યા છે; અને ઘણાઓને તો અસહ્ય પણ થઈ રહ્યા છે. સંયુક્ત કુટુંબની પ્રથા હતી ત્યાં સુધી ગમે તેમ કરી સૌ નભતા, અને સૌ સૌને નિભાવી લેતા. આજે સંજોગ પલટાયા છે. ગામડામાં આપણા હાથમાંથી ધંધા સરી પડ્યા છે; અન્ય કોમોના હાથમાં જઈ રહ્યા છે. ધંધાના પ્રકાર, રીતરસમો અને પદ્ધતિમાં પણ બહુ મોટું પરિવર્તન થઈ ગયું છે. પૂર્વકાળમાં સમાજરચનામાં વેપારીનું સ્થાન મધ્યબિંદુ તરીકે હતું. તે સ્થાને આજે આપણે રહ્યા નથી; રહી શક્યા નથી. આપણો પ્રાતર્ અને મધ્યાહ્નકાળ રહ્યો નથી; સમીસાંજ અને સંધ્યાકાળને આરે આપણે આવીને ઊભા છીએ. એટલે હવે તો રાત્રીનો અંધકાર આવી રહ્યો છે. આ નિરાશાના સૂર કે માત્ર કલ્પનાના ચિત્રો નથી, પણ પ્રમાણભૂત અનુભવીઓની સત્ય આગાહી છે. જેને બુદ્ધિ કે સમજશક્તિ હશે તેઓ જ આ સત્ય જોઇ શકશે.

આવે સમયે અને આ સંયોગોમાં શું કરવું ઉચિત છે તે દરેક મનુષ્યે જાણી લેવું અને સમજી લેવું ઘટે છે. જો તેમ ન કરીએ અને પરિણામે ઊંડી ખાણમાં ગબડી પડીએ અને પહાડ કે પત્થર સાથે અફળાઇને હાલહવાલ થઇએ કે જાન ગુમાવી બેસીએ તો તેને માટે જવાબદાર આપણે પોતે જ ગણાશું. જો કે તેનો દોષ સમાજનાયકોને કે ધર્મગુરુઓને શિરે પણ અવશ્ય રહે છે જ, કેમકે તેઓની એ હંમેશની

ફરજ છે કે સમયના એંધાણ ઓળખી લેવા જોઇએ અને સમાજને સમયસર બચાવી લેવા જોઇએ. તેઓ જો કર્તવ્યવિમુખ બને તો આપણે પોતે સજાગ બનવું જોઈએ.

આજે દરેક વ્યક્તિ શાંત ચિત્તે એકાંતમાં પોતાના મન સાથે એટલું વિચારે કેઃ–(૧) મારી પાસે કેટલી મિલ્કત છે, (૨) મારી ઉંમર કેટલી છે, (૩) મારી કમાણી કેટલી છે, ખર્ચ કેટલો છે અને આજની અને ભવિષ્યની જવાબદારી કેટલી છે, (૪) વધુ કમાવાની શક્તિ કેટલી છે અને તે માટેના સંજોગો કેવા અનુકૂળ છે. (૫) દૈવયોગે અચાનક દેહ પડી ગયો તો પાછળ કુટુંબને આજીવિકા માટે પૂરતું સાધન છે કે નહિ, કે સમાજની દયા ઉપર જીવવું પડશે. આ બધા પ્રશ્નો વ્યક્તિગત પોતાના જીવન અંગેના છે. તે ઉપરાંત સમાજને સ્પર્શતા પ્રશ્નો પણ વિચારવાના રહે છે; કેમકે દરેક વ્યક્તિ સમાજનું એક અંગ છે. સમાજને લગતા એ પ્રશ્નો વિચારવાના રહે છે કેઃ–(૧) આવકનો કેટલો ભાગ ધર્મકાર્ય કે ધર્મક્રિયામાં ખરચવો, (૨) વાર્ષિક કેટલી રકમ સામાજિક સંસ્થાઓમાં કે ફંડફાળામાં આપવી, (૩) કેટલી મદદ સેવાની કે દયાની સંસ્થાઓમાં આપવી, અને (૪) કેટલા પૈસા દીન, દુઃખી, અનાથ, અપંગ કે આફતમાં આવી પડેલાને આપવા, દર વરસે આવક ને ખર્ચવધારો જે વધતો હોય તેમાંથી પ્રમાણ નક્કી કરીને ઉપર જણાવેલી એક અથવા અનેકને યોગ્ય યથાશક્તિ મદદ આપવી એ દરેક મનુષ્યનું કર્તવ્ય છે. અને વ્યાપારી કોમ તરીકે દરેક બાબતની મહત્તા અને લાભાલાભનો વિચાર કરી સ્થિતિ અને સંજોગ પ્રમાણે સારાં કાર્યો માટે દ્રવ્ય ખરચવામાં વિવેકબુદ્ધિ વાપરવી જોઇએ.

જ્યાં જ્યાં જૈનોની જેટલી વસ્તી હોય તેના પ્રમાણમાં એકાદ દેરાસર, એક ઉપાશ્રય અને એક ધાર્મિક પાઠશાળા અવશ્ય હોવા જોઇએ. તો જ જૈનોમાં જૈનપણું જળવાઈ રહેશે. આને માટે જે રકમ જોઇએ તે રકમ તે ગામના લોકોએ પોતામાંથી જ મેળવી લેવી જોઈએ. બહુ તો પચાસ ટકા સુધીની બહારની મદદ માગે અને પચાસ ટકા પોતાના

ગામમાંથી ભેગી કરે, ત્યાં સુધી પણ વ્યાજબી અને ઉચિત ગણાય, પરંતુ ઘણા દાખલાઓમાં એવું જોવાય છે કે સ્થાનિક લોકોની સ્થિતિ ન હોય અને અર્ધી રકમ પણ પોતે ભેગી ન કરે અને બધી મદદ બહારથી જ મેળવવાની ઈચ્છા રાખે અને તેમાં પણ ભવ્ય દેરાસર, વિશાળ ઉપાશ્રય અને સંપૂર્ણ સામગ્રીની ગણતરી રાખી ગજા ઉપરાંતના કામ હાથમાં લે છે એટલે ઘણી વખત આદરેલાં અધૂરાં રહી જાય છે; અથવા કકડે કકડે ખેંચીને પૂરાં કરવા પડે છે. આ પદ્ધતિ સમાજને માટે વિવિધ મુશ્કેલીઓ ઊભી કરે છે. સારા ધાર્મિક કાર્યોનો વિરોધ કોઈ ન કરે, પણ દરેકમાં ગણતરી અને વિવેકબુદ્ધિની જરૂર છે.

આજે ભારતવર્ષમાં જૈન સંસ્થાઓની સંખ્યાની નોંધ કરવામાં આવે તો હજારોની થશે. દર વરસે સેંકડો નવી સંસ્થાઓ ઊભી થાય છે. જેટલા પ્રમાણમાં સંસ્થાઓ વધે છે તેટલા પ્રમાણમાં નવા જૈનોની સંખ્યા વધતી નથી. તેમજ જૈનોની આવક કે સમૃદ્ધિ પણ વધતી દેખાતી નથી. જેટલી સંસ્થાઓ વધુ તેટલો ખર્ચ વધુ; અને તેટલો દરેક જૈન ઉપર આર્થિક બોજો વધુ. જો નિષ્ક્રિય સંસ્થાઓ બંધ થતી હોય અને ચેતનવંતી નવી સંસ્થાઓ ઊભી થતી હોય અને એકંદરે સંખ્યામાં વૃદ્ધિ ન થતી હોય તો તો વાંધો નથી. ખરી રીતે તો સંસ્થાઓનું સંગઠન અને વિલિનીકરણ કરવાની અત્યારે ખાસ જરૂર છે. પરંતુ કાર્યકરોનું મમત્વ છૂટતું નથી, અને સમાજને સંસ્થાઓની કશી પડી નથી. એટલે સંચાલકો ગમે તેમ કરી ખર્ચજોગી રકમ ગમે ત્યાંથી મેળવી લે છે. ઘણી સંસ્થાઓ પાસે તો મિલ્કત કે ભંડોળ ભેગું કરેલું હોય છે જ. જાહેર સંસ્થાઓનો બોજો વધતો જશે તો એક સમયે સમાજ તેનો બહિષ્કાર કરશે અથવા સરકાર હસ્તક્ષેપ કરી તેને સાર્વજનિક સંસ્થામાં ફેરવી નાખશે. જો સમાજ સમયસર સમજીને તેનો યોગ્ય માર્ગ કાઢે તો તે ઉત્તમ ગણાશે. નહિ તો સમય પોતે સમયનું કામ અવશ્ય કરશે જ. પછી તેને કોઈ અટકાવવા સમર્થ નહિ હોય. માટે આપણી એ ગંભીર ફરજ થઈ પડે છે કે સમયના

વહેણુ વેળાસર પારખીએ, અર્થશાસ્ત્રનું જ્ઞાન તાજું કરીએ, સ્થિતિ અને સંજોગો ખ્યાલમાં લઈએ, અને દરેક કાર્યની અને સંસ્થાની ઉપયોગિતાનો નિર્ણય કરીએ. નિષ્ક્રિય સંસ્થાઓ બંધ કરીએ, વધુ પડતી સંસ્થાઓ હોય તેઓનું વિલિનીકરણ કરી દરેક ગામમાં એક જ મજબૂત મધ્યસ્થ સંઘ સંસ્થા બનાવીએ, વેડફાઈ જતી શક્તિનો સંચય કરી તેનો ઉપયોગ ધર્મ અને સમાજની ઉન્નતિમાં કરીએ. આ જવાબદારી ગુરુમહારાજો અને નાયકોને શિરે રહે છે.

●

( ૭ )

## ગચ્છભેદ અને સંઘભેદ દૂર થઇ શકે ?

જૈન ધર્મને સાચી રીતે સમજનારાઓ સાચું જ કહે છે અને સાચી રીતે જ માને છે કે જૈનધર્મ એ ખરેખર સાગર સમાન અગાધ, અપૂર્વ અને અપાર છે. જૈન ધર્મગ્રંથોમાં જ્ઞાન પણ એટલું વિશાળ અને ઊંડું ભરેલું છે કે સામાન્ય માણસ જીવનના અંતપર્યંત તેનો અભ્યાસ કરે તો પણ તેનો પાર પામી શકાતો નથી.

આવો વિશાળ ધર્મ અને આવો વિશાળ અને અખૂટ જ્ઞાનભંડાર જેની પાસે હોય તેવા જૈનોમાં ધર્મની ભાવના અને ધર્મનું જ્ઞાન કેટલુ વિશાળ હોવું જોઇએ ! વીરના પુત્રો વીરના જેવા ન હોવા જોઇએ ?

સાગરનું પ્રાણી સાગર પ્રદેશમાં સમાય, પણ તેને ગાગરમાં ભરવુ હોય તો તે ગાગર પણ એવી અલૌકિક હોવી જોઇએ કે જેમ જેમ તેને ભરવામાં આવે તેમ તેમ તે વિશાળ થતી જાય. વૃત્તિ અને ભાવનામાં પણ એવી અલૌકિકતા છે કે તેને ગમે તેટલા પ્રમાણમાં ખીલવી શકાય છે.

માનવસમાજને વારસામાં સારું અને ખરાબ બન્ને પ્રકારનું તત્ત્વ મળતું હોય છે. જ્ઞાનીઓ ઈષ્ટ વસ્તુને અપનાવે છે અને અનિષ્ટનો ત્યાગ કરે છે. સાચા જ્ઞાનીની આ પ્રકારે ગણના થઈ શકે. એથી વિરુદ્ધની હકીકત હોય તો તેવા દૃષ્ટાંતોમાં તેવા પુરુષો સાચા જ્ઞાની ન ગણાય. વ્યવહારી મનુષ્યોની માન્યતા આ પ્રકારની છે.

ભૂતકાળમાં ગમે તે કારણે કે ગમે તે નિમિત્તથી સાધુ–મુનિવરોમાં ગચ્છભેદ પડયા હોય અને તેને પરિણામે જૈન સમાજમાં સંઘભેદ પણ પડયા હોય, પરંતુ તેના પરિપાકરૂપે મનભેદ અને મતિભેદને દરેક પક્ષ તરફથી અત્યારે વધુ ને વધુ પુષ્ટિ આપ્યા કરવાથી શું વિશેષ લાભ થાય છે? દરેક પક્ષ પોતાના પક્ષને સાચો, સારો અને ધર્મપ્રેમી માને તેમાં અને ત્યાં સુધી વાંધો નથી. પણ અન્ય પક્ષને જ્યારે ખોટો, ખરાબ, ઉતરતો અને નીચો તે માનતો હોય અને તેથી ક્રોધ, માન, માયા, લોભ, રાગ અને દ્વેષ કે જે દુર્ગુણોને તો ત્યાગ કરવાનું શાસ્ત્રમાં કહ્યું છે તેને ઉત્તેજન આપતો હોય ત્યારે તે પક્ષ જૈન ધર્મને માનનારો કે અનુસરનારો કઈ રીતે કહી શકાય કે ગણી શકાય? અને છતાં આપણે તેવા દરેક પક્ષ, ગચ્છભેદ અને સંઘભેદને માનીએ છીએ, એટલું જ નહિ પણ તેનો સ્વીકાર પણ કરીએ છીએ. ન્યાયની દૃષ્ટિએ આ વિચિત્ર અને વિરોધાભાસરૂપ છે. જે વસ્તુને (દુર્ગુણોને) શાસ્ત્રોએ, ભગવંતોએ, આચાર્યોએ દરેક જૈનને તેના પાશમાંથી છૂટવાનો ખાસ અનુરોધ કર્યો છે, તે જ પાપસ્થાનકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જો પોષવામાં આવે તો તેવું કૃત્ય જે કોઈ કરે તે ધર્મવિરુદ્ધ જ ગણાય. આ વસ્તુ દરેક સમજે અને અનુસરે એમ સૌ કોઇ ઇચ્છે.

તેમ છતાં કાળયોગે ગચ્છ અને સંઘભેદ થવા પામ્યા અને ચાલુ રહ્યા તો દરેક પક્ષવાળાની એ પવિત્ર ફરજ છે કે પોતપોતાના ગચ્છને અને સંઘને ભલે પોતે માને–અનુસરે. પણ તેની સાથે અન્ય ગચ્છ અને સંઘ પ્રત્યે પણ પ્રેમ, સહકાર અને સહિષ્ણુતા અવશ્ય રાખે એટલું જ નહિ પણ જ્યારે જ્યારે સમગ્ર સમુદાયના કે આખી જૈનકોમના કે

જૈન સમાજના હિતના પ્રશ્નો હોય અને જેમાં સૌએ ભેદ, વાડા કે ફિરકાને બાજુએ રાખી, સાથે મળીને એક જ અવાજે અને જૈન ધર્મના નામે સંયુક્ત રીતે કામ કરવાનું હોય, ત્યારે ત્યારે બધા પક્ષો અને બધા પક્ષોના નાયકો અને મુનિવરો વિનાવિલંબે કે વિનાસંકોચે ભેગા મળીને કામ કરી શકે, તે જાતનું તંત્ર દરેક ગામ કે શહેરમાં અને પ્રત્યેક સંઘ કે સંસ્થામાં હોવું જોઈએ. જુદા પડયા છતાં જેઓ સંપ અને સહકારથી કામ કરી શકે તેઓ જ ડાહ્યા, બુદ્ધિમાન અને હુશિયાર પુરુષો ગણી શકાય. સમાજ પ્રગતિને પંથે છે કે અવનતિ તરફ ઘસડાતો જાય છે તેની સાચી કસોટી કે સાચું માપ આ પ્રકારની આવડત ઉપરથી નીકળે છે.

આમ જનતા તો સામાન્ય રીતે ભોળી, ભદ્રિક અને સરળ સ્વભાવી હોય છે. તેમને તો સંઘનાયકો કે ગુરુમહારાજો જે રીતની દોરવણી આપે તે રસ્તે તેઓ દોરાય છે. એટલે ખરી રીતે તો ધર્મગુરુઓ જો એ રીતનો એકતા અને સહિષ્ણુતાનો ઉપદેશ આપે અને પોતે એ પ્રકારનું વર્તન રાખે તો, જ્યાં જ્યાં ગચ્છભેદ અને સંઘભેદો છે ત્યાં એકમેક સાથે મળીને ધર્મકાર્યો અને મહોત્સવોમાં ભાગ લેવાનું સૌને માટે સરળ બનશે, પૂર્વગ્રહો ઓછા થશે, અને ધર્મભાવના વધુ વિકસિત બનશે.

પોતપોતાના પક્ષના, ગચ્છના કે સંઘના સાધુ–સાધ્વીજી પોતાના ગામમાં કે સ્થાનમાં બિરાજતા હોય કે ચાતુર્માસ હોય, તો તેમના વંદન માટે જવું કે વ્યાખ્યાનમાં જવું તે શ્રાવકનું કર્તવ્ય છે. પણ અન્યપક્ષના સાધુ–સાધ્વીજી પાસે ન જ જવાય અથવા તેમનું વ્યાખ્યાન શ્રવણ કરવા ન જવાય–આવું વાતાવરણ ઊભું કરવું કે ફેલાવવું, અથવા બન્ને ધર્મસ્થાનમાં જનારને રોકવા એમાં કયો ધર્મ, કેવી વિશિષ્ટતા કે વ્યવહાર–કુશળતા અથવા કયું શાણપણ છે તે કૃપા કરી કોઈ સમજાવશે ખરા ?

આ ભેદો ટાળવાની શક્તિ અને સત્તા આચાર્ય મુનિરાજોના હાથમાં છે. તેઓ ધારે અને મન ઉપર લે તો આ બધી કૃત્રિમ વાડો તરત જ

નાબૂદ થઈ શકે. જે ગામોમાં આવા તીવ્ર ભેદ કે વાડા હોય તે ગામના સંઘો ધાર્મિક ક્રિયાઓ કે મહોત્સવો માટે કે ચાતુર્માસ માટે સાધુ-મુનિરાજને આમંત્રણ કરવા આવે ત્યારે મુનિમહારાજો તરફથી અગ્રેસરોને સ્પષ્ટ કહેવામાં આવે કે—જો તમો સૌ ભેદ ટાળીને એક થવાની કબૂલત આપો તો જ અમે તમારે ગામ આવી શકીએ, એ પ્રકારનો અમે નિયમ ધાર્યો છે, તો વસ્તુસ્થિતિ થોડેઘણે અંશે અવશ્ય સુધરશે અને ક્રમે ક્રમે વધુ ઐક્ય સધાશે. જેઓ તોડી શકે તેઓ જલ્દી જોડી પણ શકે. સંસારી જીવો કદાચ તે ન કરી શકે. ગુરુમહારાજો ધારે તો અવશ્ય પાર પાડી શકે.

●

( ૮ )

## સૂતેલા સંઘને તથા સમાજને

દેવદ્રવ્યનો ઉપયોગ શેમાં શેમાં થઈ શકે અને શેમાં શેમાં ન થઈ શકે એ બાબત આજે અનેક સ્થળે ચર્ચાઈ રહી છે. જુદા જુદા આચાર્યમહારાજો આ બાબતમાં જુદો જુદો અભિપ્રાય અને માન્યતા ધરાવે છે. આ જુદી જુદી માન્યતાને માટે દરેક પક્ષ ધર્મશાસ્ત્રોમાંથી સિદ્ધાંતો શોધી કાઢીને રજૂ કરે છે અને પોતપોતાની માન્યતાને શાસ્ત્રાનુસાર હોવાની જાહેરાત કરે છે. આ પરસ્પર વિરોધી માન્યતાઓ પૈકી કઈ માન્યતા સાચી અને કઈ ખોટી તેનો નિર્ણય સામાન્ય જનતા પોતાની સ્વતંત્ર બુદ્ધિવડે કરી શકતી નથી; કેમકે બધાને શાસ્ત્રનો ઊંડો અભ્યાસ હોતો નથી; અને શાસ્ત્રો સમજવા જેટલી બુદ્ધિ, શક્તિ કે ફુરસદ પણ હોતી નથી. તેઓ તો એક જ વસ્તુ સમજે છે કે—ગુરુમહારાજ જે કહે તેને પ્રમાણભૂત માનીને તે મુજબ વર્તવું. એટલે કોઈ પણ વસ્તુનો આખરી નિર્ણય શું કરવો તે પૂજ્ય મુનિમહારાજોની

સત્તાની વાત છે. તેઓ સૌ સાથે મળીને જે નિર્ણય કરે અને સકળ સંઘને જે આદેશ કરે તે પ્રમાણે સંઘો વર્તવા કબૂલ થશે.

એટલે જૈનસમાજની દોરવણી, નાડ અને માર્ગદર્શન-બધું પૂજ્ય મુનિમહારાજોના હાથમાં છે. સમાજને સન્માર્ગે વાળવી કે ઉન્માર્ગે વાળવી તેની સંપૂર્ણ જવાબદારી સમસ્ત શ્રમણ સંસ્થાની છે. આ વાતનો ઇન્કાર કોઈ પણ કરી શકે તેમ નથી. તે જવાબદારી તેઓએ સમજવી ઘટે અને અદા કરવી ઘટે. એ અદા કરવા માટે જુદા જુદા આચાર્યમહારાજોએ વ્યવહારના, માન્યતાના કે પ્રકૃતિના અંતરાયના આંતરા દૂર કરી સરળભાવે શાસન અને ધર્મની રક્ષા, ઉન્નતિ અને સંગઠ્ઠન માટે એકઠા થવું જોઈએ, વિચારવિનિમય કરવો જોઈએ અને સમય, સંજોગ, સાધન અને શક્તિનો ખ્યાલ રાખી તે અનુસાર એકમતે કે વધુમતે નિર્ણય કરી તે મુજબ બધા સંઘોને વર્તવાનો આદેશ આપવો જોઈએ. આ તેમનું પ્રથમ અને મુખ્ય કર્તવ્ય છે. તે કર્તવ્ય બજાવવા તેઓ તૈયાર છે ? તૈયાર ન હોય તો તૈયાર થશે ? તૈયાર ન થાય તો સકળસંઘની સંસ્થા આગ્રહપૂર્વક વિનંતી કરીને તેઓને તૈયાર કરશે ? આ પ્રશ્નના 'હા કે ના', ના પ્રત્યુત્તરમાં જ સમાજ અને ધર્મના અભ્યુદય કે અવનતિ, સંગઠન કે છિન્નભિન્નતા, સંપ કે વેરઝેર, રક્ષણ કે ભક્ષણ અને જીવન કે મરણનો આધાર રહે છે. આ પ્રકારે ભવિષ્યના ઉજ્જ્વળ કે અંધેર ભાવીનું ચિત્ર સમાજ, સમાજના સુકાનીઓ કે શ્રમણ સંસ્થા બરોબર સમજી લે, તેના ઉપર ગંભીર વિચાર કરે, અને જવાબદારી સમજી તેનો યોગ્ય ઉકેલ લાવે, તો જ તેમાં ડાહ્યાનું ડહાપણ ગણાશે, જ્ઞાનીના જ્ઞાનની ગણના થશે અને સમજુ વર્ગની સમજની કસોટી થશે.

જો સંપીને, સાથે મળીમે અને સમયની બરબાદી કર્યા વિના સત્વર આપણે સૌ અકેક બાબતનો નિર્ણય કરી તેનો અમલ નહિ કરીએ તો એ બિલાડી અને વાંદરાની જેમ, અથવા વાર્યા નહિ કરીએ તો છેવટે હારીને કરવું પડશે, અને કાયદો તથા રાજ્યસત્તા હસ્તક્ષેપ કરીને બધી

સત્તા અને વહિવટ પોતાના હસ્તક લઈને પોતાને જે યોગ્ય લાગશે તે કરશે. તેવો પ્રસંગ ન આવે તે માટે અગાઉથી આપણે જ આપણો માર્ગ આપણે હાથે કાઢીએ તે આપણે માટે વધુ ડહાપણભરેલું ગણાશે.

સંકુચિતતાના સમય વહી ગયા છે. હવે તો રૂશીયા અને અમેરિકા જેવા પરસ્પર કટ્ટર વિરોધી દેશો, અને જીતેલા મિત્રરાજ્યો અને જર્મની અને જાપાન જેવા હારેલા દેશો, તથા કોરીઆ અને ચીન તથા વિશ્વ સંસ્થાના સરસેનાપતિઓ પણ સાથે બેસીને તહકુબી અને સંધીના કરારો કરે છે, અને મહાન ગુંચો અને મુંઝવણના અટપટા વિકટ પ્રશ્નોનો ઉકેલ લાવે છે, અને ભૂતકાળના વેરઝેરને કે ઝનૂન ભૂલી જઈને સમયના વહેણને ઓળખી વર્ણન કરે છે, તે રીતે, આપણા ગુરુમહારાજો સરળસ્વભાવી બનીને, સાથે બેસી, તિથિચર્ચા, દેવદ્રવ્ય, સાધારણખાતું, ઘીની બોલી, તીર્થરક્ષા, સંઘબળ, સંગઠન, માનવરાહત, આર્થિક ઉત્કર્ષ, શરીરબળ, ધર્મરક્ષા અને જ્ઞાનપ્રચાર જેવા મહત્ત્વના અને સમાજના અસ્તિત્વના આધારસ્તંભ જેવા પ્રશ્નોને ભેગા મળી હાથ ધરી કાયમને માટે તેનો છેવટનો નિર્ણય અને ઉકેલ લાવે એમ સમાજ આજે નમ્રભાવે તેઓ સૌને વિનંતિ કરે છે.

જો આ તક તેઓ ગુમાવશે તો સમય એ આવશે કે શ્રાવક સમુદાય પોતે પોતાની રીતે જેમ ઠીક લાગશે તે રીતે નિર્ણય કરી લેશે અને તે પ્રમાણે અમલ કરશે. પછીથી કોઈ કોઈનું સાંભળશે નહિ અને પરિણામે ગુરુપ્રત્યેનો વિવેક અને પૂજ્યભાવ ઓસરી જશે. અત્યારે પણ દરેક સ્થળે આ સ્થિતિ પ્રવર્તી રહી છે તે આપણે જોઈએ છીએ. તેને બદલે એક સરખા નિયમ અને ધારાધોરણ ચતુર્વિધ સંઘ ભેગા મળી નક્કી કરે તો તેનો અમલ સર્વત્ર એક સરખો થશે અને કલેશ તથા કુસંપનાં ઘણાં કારણો નાબૂદ થશે.

### દેવદ્રવ્યની વ્યવસ્થા

સમાજના સુકાનીઓ સમજુ બને તો આ દ્રવ્યની એ રીતે વ્યવસ્થા અને રોકાણ કરે કે અત્યારે તેના રોકાણથી જે વ્યાજ કે આવક ઉત્પન્ન

થતી હોય તેટલા જ વ્યાજથી અને નાણાની પાકી સલામતી અને ખોળાધરી સાથે કૉન્ફરન્સ કે તેવી બીજી સદ્ધર સંસ્થાને તે બધી રકમ ધીરે. તે નાણાનો ઉપયોગ જૈન સંસ્થાઓ અને જૈનસમાજ વેપાર, વાણિજ્ય, હુન્નર ઉદ્યોગ, વિગેરે જે જે સારી કમાણી આપે તેવા કાર્યોમાં કરે. તેમાંથી અનામત તથા બીજી જરૂરી રકમો અલગ રાખી, બાકી જે વધે તેમાંથી વ્યાજ વિગેરે આપતાં જે કાંઇ વધારો વધે તેમાંથી દેવદ્રવ્ય ધીરનાર દેરાસરોને સાધારણ ખાતામાં અર્ધો હિસ્સો અને બાકીનો અર્ધો હિસ્સો માનવ રાહતમાં વાપરવો. આ યોજના દોષ રહિત છે, સાધારણની ખોટને મદદરૂપ છે અને સમાજને કલ્યાણકારી છે. આ યોજના અંગે સંમતિ, વિરોધ કે સૂચનો દરેક જૈન જૈનેતર ભાઈ અને બહેન તથા પ્રત્યેક મુનિમહારાજ અવશ્ય લખી મોકલે.

●

( ૯ )

## સમાજનો સાચો વિકાસ અને પ્રગતિ શેમાં ?

જૈન બેંક, જૈન યુનિવર્સિટી, જૈન કૉલેજ કે જૈન હાઇસ્કૂલ, જૈન કળાભુવન, જૈન બોર્ડીંગ, જૈન સેવકસમાજ, જૈન વીમા કુંપની, જૈન હૉસ્પીટલ, જૈન નિવાસ, વિગેરે અનેક પ્રકારની અનેક સંસ્થાઓની જરૂર છે. આવી સંસ્થાઓ સ્થાપવી જોઈએ અને તેને માટે જૈનોમાં લાખોનું ફંડ ઊભું કરવું જોઈએ, એ મતલબના અનેક લેખો લખાય છે, ચર્ચાઓ થાય છે, ભાષણો થાય છે અને યોજનાઓ ઘડાય છે, પરંતુ તે યોજનાઓ પાર કેમ પાડવી? અને એકેક યોજના હાથમાં ધરી તેની શરૂઆત કેમ થાય અને તે કામ કોણ કરે? તે જ પ્રશ્ન સૌથી વધુ મહત્વનો છે. વિચારને અંતે આચરણ કે કર્તા પરિણમે તો જ તે વિચારની કીંમત છે.

જે જે કાર્ય હાથ ધરવું હોય તે તે કાર્યની અથથી ઇતિ સુધીની પાકી રૂપરેખા અનુભવીઓ ભેગા મળી તૈયાર કરી શકે પણ દરેક કાર્યને માટે પૈસાની પહેલી જરૂર પડે છે. તે જો ભેગા થઈ શકે તો જ કાર્ય થઈ શકે. પૈસા ત્યારે જ ભેગા થાય કે જ્યારે પૈસા આપનારના દિલમાં કોમને માટે પ્રેમ હોય, લાગણી હોય અને કરુણા હોય. પૈસા તો જ મળે કે જો પૈસા માગનાર સાચો નિઃસ્વાર્થી અને સેવાભાવી હોય અને સમાજમાં તેની પ્રતિષ્ઠા હોય અથવા તો પોતે ધર્મગુરુને સ્થાને હોય કે જેના પ્રત્યે સૌને ગુરુભાવ અને ગુરુભક્તિ હોય, આ સિવાય પૈસાનું ભંડોળ સમાજના ઉત્કર્ષ માટે ભેગું કરવું અશક્ય નહિ તો મુશ્કેલ તો છે જ.

જે જે સંસ્થાની ઉપયોગિતા સમુદાયને અથવા મોટા ભાગના લોકોને મનમાં ઠસી ગઈ હોય છે, તેવી સંસ્થાઓ માટે પૈસાનો તૂટો ક્યાંય પડતો નથી. વર્ધમાન તપખાતા, ભોજનશાળા કે તળાટીના ભાતા–આ ખાતાઓનો લાભ સૌ કોઇને લેવાનો પ્રસંગ એક કે અનેક વખત જીવનમાં આવે છે જ. એટલે તેમાં યથાશક્તિ સહાય આપવી–તેને કર્તવ્ય અથવા આંતરિક પ્રેરણાનું પરિણામ માનવામાં આવે છે. તેવી જ રીતે જે જે સંસ્થાની ઉપયોગિતા કે જરૂરિયાત દરેકના મન ઉપર સચોટ ઠસી જાય તો તે તે સંસ્થા માટે પૈસા મળી જ રહે છે તે નિશ્ચિત છે. એટલે **પ્રથમ જરૂર પ્રચારની અને લોકમત કેળવવાની** છે. આ વસ્તુ કાર્યકરો ખાસ લક્ષમાં રાખે. ઘીની બોલી, વરઘોડા, મહોત્સવ, પ્રભાવના આદિ કાર્યોમાં મોટા ભાગના લોકોની શ્રદ્ધા અને પુણ્યની ભાવના હોવાથી તેમાં જોઈએ તેટલા અને કોઇ કોઈ વખત વધુ પ્રમાણમાં પૈસા હોંશે હોંશે ખરચનારાની જનસંખ્યા મોટી છે અને તેમાં તેઓને દોરનાર અને પ્રોત્સાહન આપનાર મોટા ભાગે પૂજ્ય સાધુવર્ગ છે. આ બધા કાર્ય અને કાર્યકરોના હેતુ ઉત્તમ અને પારમાર્થિક જ છે. એટલે તેમાં દોષ જોવો કે શોધવો તે ઉચિત નથી, પરંતુ અત્યારે જે કપરો કાળ અને જે સંજોગો પ્રવર્તે છે તેને માટે દાનની દિશા

બદલવાની અથવા માનવજીવનને ટકાવી રાખવાની મુખ્ય આવશ્યકતા ઊભી થઈ છે તે ઉપર સૌથી વધુ અને સૌથી પ્રથમ લક્ષ આપવું જરૂરનું થઈ પડયું છે. આ બાબતમાં બે મત હોઈ શકે જ નહિ.

સમાજમાં ખૂણે-ખૂણામાં નજર ફેંકો તો તેજ વિનાના ચહેરા, દુબળા અને કૃશ થએલા શરીર, ચેતન વિનાના હાથપગ અને અવયવો, ચિંતા, ઉપાધિ અને આર્થિક લોભથી નીચોવાઈ ગએલ કાયા, ધુરકા-ધુરકીવાળું ક્લેશમય ગૃહજીવન, સત્વહીન નિરુત્સાહ અને દેખાવ પૂરતો અથવા ગરીબાઈને છુપાવતો વ્યવહાર અને વર્તાવ, ધનના મદથી માણસાઈભૂલેલો શ્રીમંત વર્ગ, સાચા ખોટા પ્રપંચો, ખુશામત કે લૂંટણ-નીતિથી જીવન ચલાવતો મધ્યમ અને વેપારી વર્ગ, બીજાની મદદની અપેક્ષા રાખતો આળસુ અને પ્રમાદી નીચલો વર્ગ, લાગણીશૂન્ય અને કર્તવ્યશિથિલ નાયક વર્ગ, સમાજની આર્થિક ઉન્નતિને પાપના બંધ-રૂપ માનતો શ્રમણ વર્ગ—આ ચિત્ર મોટે ભાગે દરેક સ્થળે દૃષ્ટિગોચર થાય છે. વ્યાખ્યાનમાં, સામૈયામાં, જ્યાં જ્યાં મોટો માનવસમુદાય ભેગો થાય છે ત્યાં નજર ફેંકો તો આ દુઃખદ દ્રશ્ય, હૃદય ખુલ્લું અને લાગણી ભરેલું હોય ત્યાં જરૂર ઉલ્કાપાત મચાવશે, પણ કલ્પાંત કરીને બેસી રહેવાથી દારિદ્રય ન જ ફીટે. આ જ ક્ષણે નિશ્ચય કરો કે "મારે ઉદ્યમ અને જાતમહેનત કરી મારા કુટુંબનો નિર્વાહ કરવો છે. જ્યાં સુધી હું સ્વાશ્રયી ન બનું ત્યાં સુધી પરણીશ નહિ અથવા મારી સંતતિ કમાતા ન શીખે અને ઉંમરલાયક ન થાય ત્યાં સુધી તેને પરણાવીશ નહિ, દેવું કરીને પ્રસંગો ઉજવીશ નહિ. બીજાની મદદથી જીવવાની વૃત્તિ રાખીશ નહિ, ધર્મવિરુદ્ધ આચરણ કરીશ નહિ. આવક કરતાં ખર્ચ ઓછો રાખીશ અને તેમાંથી થોડું બચાવી તે બચતમાંથી યથાશક્તિ હિસ્સો માનવજાતિની ઉન્નતિ માટે પ્રેમપૂર્વક આપીશ." બીજા પ્રકારના પચ્ચકખાણ કરતાં આવા પચ્ચકખાણની અત્યારે ખાસ વધુ જરૂર છે.

જગતના અન્ય સમાજોની સરખામણીમાં આપણું સ્થાન ઊંચે સ્થાપવું હોય, સ્થાપીને જાળવી રાખવું હોય અને ક્રમે ક્રમે ઊંચે જવું હોય તો એ ખાસ જરૂરનું છે કે—

૧. રખડતા ભાઈબહેનોને જાતમહેનતથી કામ કરવાની ટેવ પાડી ગમે તે પ્રકારનું કામ કરાવીને મદદ કરો. આળસુને ઉત્તેજન આપી વધુ આળસુ ન બનાવો.

૨. ધંધા અને હુન્નરઉદ્યોગની કેળવણીને જ ખાસ ઉત્તેજન આપો. આજે સારા શિક્ષકોની ઘણી જરૂર છે, પણ વધુ ડૉક્ટરની કે વકીલની જરૂર નથી. કૉલેજમાં ભણાવવા કરતાં કળાભુવનમાં ભણનારાને પ્રથમ પસંદગી આપવી જોઈએ.

૩. જે જે સંસ્થાઓ યુનિવર્સિટી, બેંક, હોસ્પીટલ, ઉદ્યોગગૃહ કે કારખાના સ્થાપવા જરૂરના હોય તે સ્થાપ્યા પહેલાં તે તે સંસ્થામાં સેંકડોની સંખ્યામાં યુવકો અને યુવતીઓને તાલીમ આપીને તૈયાર કરો. અનુભવી વિના પૈસાના જોરે સંસ્થાઓ ચાલતી નથી, આજે ભાડુતી માણસોથી ચાલતી હૉસ્પીટલોમાં લોકોની સાચી સેવા થાય છે એમ કોઈ કહે ખરા? માટે પહેલાં કામ કરનારાઓ તૈયાર કરો અને પછી જ સંસ્થાઓ સ્થાપો.

૪. દાનની દિશા બદલો, પ્રાણીદયા કરતાં માનવદયાની પ્રથમ જરૂરિયાત છે.

●

અમુક નિશાળ કે કૉલેજનો વિદ્યાર્થી હોવામાં ગૌરવ લેવાય છે, તેવી જ રીતે કોઈ પણ પાઠશાળાના વિદ્યાર્થી ગણાવું તેમાં પણ ગૌરવ અને બહુમાન સમજવું જોઈએ. આવા વિદ્યાર્થીઓ ઘેર અભ્યાસ કરે અને અવારનવાર પાઠશાળામાં આવતા રહે અને તેના વિદ્યાર્થી તરીકે પરીક્ષા આપી ઊંચા નંબરે પાસ થાય તો તેઓની પ્રતિષ્ઠા કેટલી વધે ?

( ૧૦ )

## સાધન, શક્તિ અને સંચય સાચવી રાખતા શીખો

ગણિત સૌ કોઇ શીખે છે પણ તેનો જીવનના દરેક વ્યવહારમાં ઉપયોગ આવડવો જોઇએ, વિજ્ઞાનવડે સાધનો અનેક પ્રકારના શોધાયા અને તે સાધનોવડે પૃથ્વીના પેટાળમાંથી અનેક ખનિજો ખોદી કાઢ્યાં, ભૂમિને જુદી જુદી રીતે કેળવીને અનેક વનસ્પતિઓ વિપુલ પ્રમાણમાં અને વિવિધ પ્રકારની ઉત્પન્ન કરી. જગતનો આજે જે વ્યવહાર ચાલી રહ્યો છે તે બધાનું મૂળ પૃથ્વી અને તેમાંથી ઉત્પન્ન થતી અનેક વસ્તુઓ છે. આ ઉત્પન્નનું સંયોગીકરણ અને વિયોગીકરણવડે અને બુદ્ધિ, હાથપગ અને અન્ય સાધનો દ્વારા જેટલું ઉત્પાદન અને તેની વિવિધતા વધારીયે તેટલા પ્રમાણમાં જીવન અને તેને માટે જરૂરની વસ્તુઓની વિપુલતા વધે. ઉત્પાદનની બરોબર વહેંચણી અને જરૂર જેટલો જ ઉપયોગ કરીએ તો લોકોને ઊણપની અસર ન થાય, પણ તેનો વધુ પડતો ઉપયોગ કે દુર્વ્યય કરીએ તો અછત ઊભી થાય અને માલ મોંઘો થાય, પરિણામે ચિંતા, કલેશ, દ્વેષ, લૂંટણવૃત્તિ અને ચૂસણનીતિથી પ્રજા પીડાય. વળી સાધનસંપન્ન અને શક્તિશાળી સાહસિક પુરુષો તેનો સંચય કરી કૃત્રિમ અછત ઊભી કરી લોકોને ત્રાહી ત્રાહી પોકરાવે તો જનતાની મુશીબતો અનેકગણી વધી જાય. આ છે સાદું તત્ત્વજ્ઞાન, સરળ અર્થશાસ્ત્ર, સાચું સમાજશાસ્ત્ર અને પ્રત્યક્ષ દર્શનશાસ્ત્ર, આનો ઊકેલ કેમ લાવવો ? તે પ્રશ્ન આજે સામ્રાજ્યોને, મહારાજ્યોને, રાજ્યસત્તાઓને, દેશનાયકોને, ધર્મધુરંધરોને, મહાત્માઓને અને ગણનાયકોને સૌથી વધુ મૂંઝવી રહ્યો છે. સૌ કોઇ કરોળીયાની જેમ પોતે ઉત્પન્ન કરેલી અને પોતે જ ફેલાવેલી જાળમાં પોતે જ ફસાઇ ગયા છે. છૂટવાને માટે ઘણાં પ્રયત્નો કરે છે, ઘણી યોજનાઓ ઘડે છે, ઘણા વિચારો કરે છે, છતાં તેમાંથી પોતે જ છૂટી શકતા નથી, તો બીજાઓને મુક્ત કરવાની વાતો કરવી તે મિથ્યા છે.

"ધર્મથી અર્થ, કામ અને મોક્ષ સધાય છે" તે સૂત્ર સાચું છે, સારું છે, અને આદરવા યોગ્ય છે, પણ ભયંકર ભૂખરૂપી દર્દના ભોગ બનેલાને ધર્મ કરતાં અર્થ અને કામની વધુ જરૂર હોય ત્યારે ઉત્તમ એ જ છે કે–અર્થ અને કામના સાધનો પ્રથમ પૂરા પાડીને ત્યારબાદ ધર્મ અને મોક્ષને માર્ગે જનતાને દોરવી. આ પ્રથમ પગથિયું છે, સરળ અને વ્યવહાર માર્ગ છે અને તે વડે જ સમાજ ધર્મમાર્ગે વળશે. સંસારી અને સાધુના માર્ગો, ધ્યેય અને પ્રવૃત્તિ તદ્દન જુદા છે તે ખરું પણ સમાજને આજે સૌથી પ્રથમ અને મુખ્ય જરૂર છે સમાજનાયકોની અને સમાજસેવકોની આ દૃષ્ટિ, આ વાદ, આ સૂત્ર જો સમાજ સ્વીકારે અને સૌથી વધુ મહત્વ તેને આપી તેની જ માગણી પ્રથમ કરે તો નાયકોને તે પ્રશ્ન પ્રથમ સ્વીકારવો જ પડશે અને તેનો ઊકેલ પણ સૌથી પહેલો શોધવાની ફરજ પડશે. આ છે સમાજની સૌથી પ્રથમ અને મુખ્ય માગણી એટલે જે કોઈ અર્થ અને કામનો ઊકેલ લાવવા શક્તિમાન હશે તેને જ આખો સમાજ નાયકપદે સ્થાપશે, તેની આજ્ઞા ઉઠાવશે અને તેને જ આધીન રહેશે.

જેનામાં આ પ્રકારની શક્તિ હોય અને જે કામને હાથમાં લઇ પાર પાડવાની તમન્નાવાળો હોય તેની એ ફરજ છે કે મોખરે આવવું, આ વિચારવાળાઓનું જૂથ બનાવવું, સાધનો ભેગા કરવા, કામની શરૂઆત કરવી અને તેમાં જ સમગ્ર ધ્યાન અને શક્તિ કેન્દ્રિત કરવા તો નિષ્ફળતાનું કશું કારણ નથી. આ રીતે જ સમાજના ઉત્કર્ષની શરૂઆત થઇ ધીમે ધીમે ઉન્નતિના શિખર પ્રતિ પ્રયાણ શક્ય બનશે. ત્યાગી મહાપુરુષોની એ પ્રથમ અને પવિત્ર ફરજ છે કે તેઓએ આ કાર્યનો વિરોધ ન કરતાં તેને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવું. સમાજની સર્વદેશીય આબાદી હશે તો જ સમાજ કે સંઘ, ધર્મ કે ગુરુસંસ્થા, ધર્મસ્થાનો કે પૂજકો ટકી શકશે; નહિ તો તેનો અવશ્ય વિચ્છેદ થશે. ખરો શાસનપ્રેમ કે સ્વદેશપ્રેમ આમાં જ સમાએલો છે.

જગતનો એ સર્વમાન્ય સિદ્ધાંત છે કે "બળીયાના બે ભાગ" "મારે તેની તલવાર" "સૌથી વધુ લાયક હશે તે જ જીવી શકશે," "પ્રથમ પેટોબા, પછી વીઠોબા," "કૂવામાં હશે તો જ હવાડામાં આવશે." "પહેલું ધન ધાન્ય, પછી ધર્મ," "પ્રથમ ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમ કે સંન્યસ્તાશ્રમ," "પ્રથમ ભોગ પછી ત્યાગ," "ધન હશે તો દાન ધર્મ-ધ્યાન કે ધર્મક્રિયા થઈ શકશે, શરીરના પોષણ માટે અન્ન હશે, તો મનના પોષણ માટે ધર્મ પમાશે," આ બધી અનુભવસિદ્ધ પૂર્વજોની લોકોકિત છે અને તેથી તે સનાતન સત્ય છે માટે તેને અનુસરવું.

ધર્મશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ગૃહવિજ્ઞાનશાસ્ત્ર અને બધા શાસ્ત્રો એક જ સિદ્ધાંત સ્વીકારે છે કે તમારામાં જે જે બળ, શક્તિ કે ભાવના હોય તેનો સંપૂર્ણ ઉપયોગ કરી ઉત્તરોત્તર તેને ખીલવો, તે દ્વારા બહારના જગતના સાધનો, શક્તિ અને સંપત્તિના માલિક બનો, તેમાંથી તમારા પોતાના ઉપયોગ માટે જરૂર પૂરતું જ વાપરો કે ખર્ચ કરી, બાકીના-માંથી માનવ જાતને દરેકની યોગ્યતા અને ઉપયોગિતા મુજબ સહાય કરો અને ભવિષ્યના ભયાનક અને ભીષણ કપરા કાળના ઉપયોગ માટે કંઈક સાચવી રાખો. સમાજને જોઈએ છીએ—અત્યારે આવા સેનાપતિ કે જે આ સંદેશ સૌના હૃદયમાં સ્ફૂરાવે, સૌને શૂરાતન ચડાવે અને ભૂતકાળની ભવ્યતા ફરી ફેલાવે.

●

## ( ૧૧ )

# સમાજજીવન અને જૈનોનું સંગઠન

માણસ એ સામાજિક પ્રાણી છે. સમાજથી તદ્દન અલગ કે અલિપ્ત, ફક્ત કોઈ તપસ્વી, યોગી કે મુનિરાજ રહી શકે. એટલે માણસ માણસ વચ્ચેનો સંબંધ કેમ જાળવવો અને એક બીજાનાં સુખદુઃખના પ્રસંગોમાં એક બીજાને મદદરૂપ અને આશ્વાસનરૂપ કેમ

થવું એનું જ્ઞાન અનુભવથી આપોઆપ સૌને થઇ જાય છે. આનું નામ સમાજવ્યવસ્થા, સમાજશાસ્ત્ર કે જ્ઞાતિબંધારણ. તેમાં મોટા ભાગના લોકોનો જીવનવ્યવહાર વધુ સરળ બને તે ખ્યાલમાં રાખીને સમાજના નીતિ અને નિયમો વધુ માણસોને અનુકૂળ પડે તેવા ઘડાય છે. આનું નામ લોકાચાર કે વ્યવહાર છે.

બીજી રીતે વિચારીએ તો વ્યક્તિગત જીવન એ નિર્બળતાનું કારણરૂપ છે. પોતાના રક્ષણ અને સલામતી માટે સૌ સમૂહબળનો આશ્રય ઇચ્છે છે. આનું નામ સંપ કે ઐકય એટલે સલામતી માટે સંપ કે ઐકયની જરૂર રહે છે, અને સંપને માટે સ્નેહ, ત્યાગ અને ભોગની જરૂર રહે છે. આ ભાવનાથીજ સમાજ રચાય છે, ટકે છે અને આપસઆપસનો સંબંધ બંધાય છે.

આવી ઉત્તમ ભાવનામાંથી સમાજની રચના સર્જાઈ છે, પરંતુ આજે તો "સાપ ગયા અને લીસોટા રહ્યા," તેવો વ્યવહાર થઇ ગયો છે, દંભ, દેખાવ અને કૃત્રિમતા વ્યવહારમાં વધી ગયા છે, પ્રેમ, લાગણી અને સેવાભાવનાં નિર્મળ ઝરણાં સુકાઇ ગયાં છે, છતાં ખોટાને સાચું માનવાની અને મનાવવાની રૂઢી પ્રચલિત બની ગઇ છે અને તેને વ્યવહારમાં બહુ જ મહત્ત્વ અપાઈ રહ્યું છે.

જૈન સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે તથા તેનું સીમાક્ષેત્ર વિસ્તારવા માટે શું શું કરવું અત્યંત આવશ્યક છે તે પ્રત્યે ચતુર્વિધ સંઘના દરેક અંગે બહુ જ ગંભીરતાપૂર્વક અને બારિકાઇથી લક્ષ આપવાની જરૂર છે. જો તેમ નહિ કરીયે અને ચાલ્યા આવતા સમયના અને રૂઢીના પ્રવાહમાં તણાતા રહીશું, તો તેનું પરિણામ કેટલું ગંભીર આવશે, તે દરેક વિચારવંતે વિચારવું જરૂરનું છે. મૂળભૂત ધર્મના એક જ અંગમાંથી અનેક ઉપાંગો, શાખાપ્રશાખા, ગચ્છભેદ અને વાડાભેદ વધતા વધતા આજે સમાજ નાના નાના વર્તુળોમાં વહેંચાઈ ગયો છે. એક વખત એવો પણ આવે કે જૂના સંખ્યાબળવાળા ફિરકાઓ નાબૂદ

થઇ જશે અને અત્યારની નવી નવી અમુક શાખાઓ પ્રચાર, જાગૃતિ અને સંઘબળને કારણે મોટા સમુદાયને આવરી લેશે અને એક એક બળવત્તર શાખા તરીકે જીવતીજાગતી ફાલશે અને ફૂલશે. શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને દિગંબર, એ ત્રણે ફિરકાના નાયકોએ અને શ્રમણવર્ગે જાગવાની, વિચારવાની અને કંઇક કરવાની જરૂર છે. ગચ્છના અને પંથના ભેદોને છેદીને એક વિશાળ સમાજની રચના થવાની હવે બહુ જ જરૂર છે. જગતના દેશો ભેગા મળી સમૂહગત રીતે કામ કરે છે. જ્ઞાન ને વિજ્ઞાનની, ધર્મ અને શાસ્ત્રોની સંયુક્ત પરિષદોમાં દરેક જૂથ અને દેશના ટોચના મહાપુરુષો અને વિદ્વાનો ભેગા મળી ઉત્કર્ષ અને વિકાસની ચર્ચાઓ કરી શકે છે; અને સહકારથી કાર્ય કરી શકે છે તો આપણા ત્રણે મોટા ફિરકાઓ સાથે મળીને સર્વમાન્ય બાબતોમાં કામ કેમ ન કરી શકે? મહાવીર પ્રભુને સૌ કોઈ માને છે અને પૂજે છે, છતાં તેનો જન્મમહોત્સવ સાથે મળીને ઉજવવામાં પણ સંમત ન થાય તે સમાજની અવદશા કે દુર્દશા જ ગણાય!

જૈન ધર્મમાં સમભાવ, સહિષ્ણુતા, સહકાર, સંયમ, પાપક્રિયાનો ત્યાગ, વિગેરે ભારોભાર ભર્યું છે અને તે આચરવાનો ઉપદેશ પૂ. આચાર્ય દેવો દરરોજ આપે છે, પરંતુ જ્યારે ત્રણે ફિરકાના સહધર્મી બંધુઓ ભેગા મળીને સંયુક્ત રીતે જન્મકલ્યાણક ઉજવે, વરઘોડો કાઢે, સભા ભરે કે ધર્મપ્રભાવના કરે ત્યારે દરેક જૂથના અગ્રપુરુષો અને મહાપુરુષો સાથ આપવાને બદલે પ્રતિરોધ કરે કે અવરોધ કરે અને પોતાના સમૂહે જુદું કરવું એ પ્રકારનો ઉપદેશ અપાય તો શાસનનો ઉદ્યોત કેમ થશે? અને જૈન ધર્મ વિશ્વવ્યાપી કરવાની ભાવના કઈ રીતે પાર પડશે? સંસારના બંધનમાંથી છૂટીએ તો મુક્તિ મળે. ધર્મ આમ કહે છે પરંતુ ધર્મના નામે સંકુચિતતા, અહંભાવ, બીજાનો અનાદર વિ. ના બંધનો એ શું બંધનો નથી? આવા બંધનમાંથી છૂટવા આપણે પ્રયત્ન ન કરીયે અથવા તેવો ઉપદેશ આપવામાં ન આવે તો

છૂટી શી રીતે શકાશે ? કોઈ પણ જાતના બંધન કે પાશને પોતે પ્રરૂપે કે પ્રેરે તો પોતે મુક્ત ન થઈ શકે કે બીજાને પણ મુક્ત ન કરી શકે. જૈન ધર્મ વિશ્વ ધર્મ તો જ બને કે જો તેને મર્યાદાથી બાંધી ન લેતાં તેનો વિશ્વભરમાં પ્રચાર થાય અને વિશ્વબંધુત્વની ભાવના દરેક જૈનના જીવનમાં મન, વચન અને કાયા દ્વારા ફાલેફુલે અને ફેલાય.

( ૧૨ )

# ચતુર્વિધ સંઘ માટે ભાવીની ભયંકર આગાહી

કોઇ પણ શાસનપ્રેમી માણસ શાસનનું અહિત ઇચ્છે પણ નહિ અને અહિત થાય તેવું પગલું પણ ભરે નહિ, છતાં મનુષ્યસ્વભાવ એવો છે કે દરેક મનુષ્ય પોતાની જાતને ડાહ્યો, સમજુ, અનુભવી, બુદ્ધિશાળી અને લોકહિતેચ્છુ માને છે, અને પોતાને જે સાચું, સારું અને વ્યાજબી લાગે તે પ્રમાણે પોતે વર્તે છે અને બીજાઓને વર્તવાનો આગ્રહ કરે છે. અંગત બાબતોમાં માનવી પોતાની ઇચ્છા કે માન્યતા મુજબ કદાચ વર્તે તો તેનું વર્તન જો સમાજને નુકશાનકારક ન હોય તો તેને તેમ વર્તવાનો અધિકાર હોઈ શકે. તેમ છતાં સમાજના નિયમોથી વિરુદ્ધ વર્તન હોય અને તે વર્તનથી વર્તન કરનારાનું પોતાનું જ અહિત થતું હોય તો સમાજના ડાહ્યા પુરુષો તેવું વર્તન ન કરવા તે માનવીને સલાહ આપે છે, સમજાવે છે અથવા તો દબાણ કરે છે. તે માનવી તે સલાહ માન્ય રાખે તો તેમાં તેને પોતાને જ લાભ છે. પણ ધારો કે તે માનવી તે સલાહને અવગણે છે, તો તેનું પરિણામ તેને પોતાને જ ભોગવવાનું રહે છે. "વાર્યા નથી રહેતા તે હાર્યા ઠેકાણે આવે છે." પરંતુ તેનો ખૂબ ખૂબ ઊહાપોહ કરવો, તેને ચર્ચાનો વિષય બનાવવો, કે વર્તમાનપત્રોમાં મોટા મોટા વિરોધી લેખ લખી સમાજનું આખું વાતાવરણ ડહોળી નાખવું તે જરા પણ ઉચિત, વ્યવહાર કે શોભારૂપ નથી. વિદ્વાન ગણાતા પુરુષો કે મહાપુરુષો સીધી

કે આડકતરી રીતે આમાં ભાગ લે, આવી બાબતોને સંમતિ આપે, અથવા પોતે નિમિત્ત બને તો તેમાં શાસનની શી સેવા થાય છે? કે કયા પ્રકારનું આત્મકલ્યાણ સાધી શકાય છે? આ બાબતમાં સારાસારની વિવેકબુદ્ધિ રાખવાની શું જરૂર નથી?

આ તો વ્યક્તિને સ્પર્શતી બાબત થઇ પરંતુ કોઈ શાસનને કે સમાજને લગતી બાબત હોય અને તેને અંગે ભિન્ન ભિન્ન સમૂહમાં ભિન્ન ભિન્ન માન્યતા પ્રવર્તતી હોય તો તેવા સંજોગોમાં શાણા માણસોએ કેવું વર્તન રાખવું તે પ્રશ્ન ગંભીર વિચારણા માગે છે. દરેક પક્ષ સદ્બુદ્ધિથી એમ માનતો હોય છે કે "અમારા વિચારો, માન્યતા, ક્રિયા અને વર્તન શાસ્ત્રને અનુસરીને છે, અમને શાસ્ત્રમાં સંપૂર્ણ શ્રદ્ધા છે અને અમે જે કરીએ છીએ તે શાસ્ત્રની આજ્ઞાથી વિરુદ્ધ નથી." આ માન્યતા ઉપર સૌ કોઈ દરેક પ્રકારની પ્રવૃત્તિ કરે છે. આ પ્રમાણે માન્યતા ધરાવવામાં અને તે પ્રમાણે વર્તવામાં જો સાચા કે વિરોધી પક્ષ તરફથી વિક્ષેપ ઊભા કરવામાં ન આવે, તો કશો ઊહાપોહ કે ઘર્ષણ ઊભા ન થાય. પરંતુ દરેક વ્યક્તિ કે પક્ષ જ્યારે અહંતાપૂર્વક એમ માને છે કે "હું સાચો છું, મારો અભિપ્રાય અને મારી માન્યતા શાસ્ત્રને અનુસરીને છે એટલે જ તે જ સાચી છે. આનાથી વિરુદ્ધ વિચાર કે માન્યતા ધરાવનાર દરેક જણ નાસ્તિક, ધર્મદ્રોહી, શાસનહિતનો કટ્ટર દુશ્મન અને સમાજનો પ્રખર વિરોધી છે; માટે બધાએ તેનો વિરોધ કરવો, બહિષ્કાર કરવો, તેની સાથે વ્યવહાર ન રાખવો અને તેનાથી ચેતીને ચાલવા પ્રજાને ચેતવણી આપવી." આ પ્રકારની રીતભાત, વર્તન, ઊહાપોહ કે વિરોધમાં સાચો ધર્મ, સાચું ધર્મીપણું કે માનવતા કયા પ્રકારની કે કઇ રીતે છે? આની સાચી સમજ સમાજને કોણ આપશે? શાસ્ત્ર અને શાસ્ત્રમાં લખેલી વાતો સૌ માન્ય કરે છે, વાંધો નથી. વાંધો ફક્ત એ જ વાતમાં આવે છે. એક તો હું માનું તે સાચું અથવા શાસ્ત્રોના લખાણનો હું જે અર્થ કરું છું તે જ સાચો અર્થ છે. હું જે પુસ્તકનો આધાર ટાંકું છું તે જ પુસ્તક સર્વમાન્ય અને

પ્રમાણભૂત છે, બીજું કોઇ પુસ્તક નહિ. અને બીજો વાંધો એ છે કે પક્ષકાર પોતે વાદી હોય કે પ્રતિવાદી, પણ બન્નેનો ન્યાય તટસ્થ ન્યાયાધીશ પાસે કરાવવામાં આવે અને તેનો ફેંસલો બન્ને પક્ષ માન્ય રાખે તો તે વાતનો ઉકેલ આવે. પરંતુ બન્નેમાંથી દરેક પક્ષ પોતે જ ન્યાયાધીશ બની પોતે જ પોતાની તરફેણમાં ચૂકાદો આપે અને બીજા પક્ષને ખોટો જાહેર કરે તો તેમાં ન્યાય કયાં રહ્યો ? સાચા ખોટાની પરીક્ષા તટસ્થ ત્રીજા પક્ષ પાસે કરાવવી જરૂરની છે. આવી પરીક્ષા કોઈ પક્ષ કરાવતું નથી. આ સંજોગોમાં ઉત્તમ અને ડહાપણભરેલું એ છે કે (૧) કાં તો પક્ષકારોએ સાથે બેસી શાંતિથી સમાધાનનો માર્ગ કાઢવો અથવા તો (૨) દરેકને તેની માન્યતા પ્રમાણે વર્તવા દેવું. પણ સામસામા વાગ્બાણવડે વાગ્યુદ્ધ ખેલવું તે કોઇને માટે શોભા ભરેલું નથી. આથી કોઇ પણ પક્ષનો હેતુ સરતો નથી. ઊલટું સમાજમાં વિના–કારણે વિરોધ, વૈમનસ્ય, પક્ષાપક્ષી અને વિતંડાવાદ ઊભા થાય છે અને તે બધાના પરિણામ સમાજને અને સંઘના દરેક અંગને ભોગવવા પડે છે. અન્ય સમાજ આપણી અને આપણા ધર્મની હાંસી કરે છે. સમય, શક્તિ અને ધનની બરબાદી થાય છે, લોકોના ચિત્ત વિહ્વળ બને છે. ધર્મ અને ધર્મગુરુઓ પ્રત્યેની શ્રદ્ધા અને આદરમાન ઘટે છે; અને આશ્રિત વર્ગ તથા ઇતર સૌ આવી તકનો લાભ ઉઠાવે છે.

જો વાત આટલેથી જ અટકતી હોય અને આપણો અંદર–અંદરનો ઝઘડો, મતભેદ કે જવાળા જ્યાંની ત્યાં અને મર્યાદિત રહી શકતી હોત તો પણ આપણે સહન કરી લેત. પણ ભારતવર્ષની રાજ્યનીતિ બિન-સાંપ્રદાયિક રાજ્યના બંધારણ પર નિર્માણ થઈ છે. કેન્દ્રીય અને સ્ટેટ સરકારોને પંચવર્ષીય વિકાસ યોજના માટે પૈસાની જરૂર મોટા પ્રમાણમાં છે. પબ્લીક ટ્રસ્ટ એકટ અમલમાં આવી ચૂકયો છે. સૌ કોઇ જાણે છે અને માને છે કે જૈનોના દેરાસરોમાં લાખો અને કરોડોની મિલ્કત જમા પડેલી છે જે વપરાતી નથી. નજીકના ભવિષ્યમાં કેપીટલ લેવી, મરણ-વેરો કે વારસાવેરાના કાયદા અમલમાં આવે તો નવાઇ નથી. દેવદ્રવ્યની

કે સમાજની લાખો અને કરોડોની મિલ્કતનો ઉપયોગ કે વ્યવસ્થા આપણે પોતે કઇ રીતે કરવી જે આજે મહત્ત્વનો અને મુખ્ય મુદ્દો પ્રત્યેક સંઘને હોવો જોઇએ. અને તેને અંગેની એક સામાન્ય નીતિ પૂજ્ય મુનિ-મહારાજોએ સાથે મળીને નક્કી કરવી જોઇએ અને દરેક ગામના સંઘને એકસરખું માર્ગદર્શન આપવું જોઇએ, પરંતુ સમાજની એ કમનશીબી છે કે મહાન આચાર્ય સાથે બેસી શકતા નથી અને કશો આખરી ઉકેલ બતાવી શકતા નથી. તેમ જૈન કોમમાં કે જૈન સમાજમાં એવા શક્તિ-શાળી નાયકો નથી કે જેઓ જુદા જુદા આચાર્યમહારાજોને અંતરના ભેદભાવો મૂકીને ધર્મને માટે સાથે બેસીને અનેક ગુંચોનો ઉકેલ લાવવા દબાણપૂર્વક સમજાવી શકે. ખરી વસ્તુ તો એ છે કે પૂજ્ય આચાર્ય-મહારાજોએ સમય અને સંજોગોને ઓળખવા જોઇએ અને ધર્મની સાચી ઉન્નતિ કેમ થાય તે માટે ગંભીરતાપૂર્વક વિચાર કરી યોજના યોજવી જોઇએ.

જો આમ નહીં થાય તો એવી નીતિ રહે છે કે ધર્મસંસ્થાઓમાં સરકાર જરૂર હસ્તક્ષેપ કરશે. સંસ્થાઓનો વહીવટ પણ પોતાના હસ્તક લેશે. મિલ્કત રોકાણ અથવા ઉપયોગ દેશના બીજા કાર્યોમાં કરશે. દેવદ્રવ્યની આવકમાંથી બધા ખરચા કરવાની કાયદાથી ફરજ પાડશે. અને દેવસ્થાનોમાં અને ઉપાશ્રયોમાં સરકારની હકુમત ચાલશે. આમ ન બનવા પામે તે આપણે સૌ ઇચ્છીએ છીએ, પરંતુ "ઘર ફૂટયે ઘર જાય" એ ન્યાયે બધું ચાલ્યું જાય તે પછી આપણામાં ડહાપણ કે સદ્બુદ્ધિ આવે તે ડહાપણ કે સદ્બુદ્ધિની કિંમત શું ?

આ લાલબત્તી એ હેતુથી ધરવામાં આવે છે કે આપણે સૌ સજાગ થઇએ, અંદરઅંદરના ઝઘડાને દૂર ફગાવી દઇએ, સાથે બેસી વિચાર કરીએ અને બધા ગામના સંઘો અને સંસ્થાઓનું સંગઠન સાધી આખી કોમનો એક જ અવાજ અને એક જ સૂર એક સાથે નીકળે તે માટે આખા ભારતવર્ષનો એક સમગ્ર સંઘ સ્થાપીએ. પરંતુ તેનો એક નાયક તો સ્થાપવો જ જોઈએ. નાયક કોને સ્થાપવા ? એ નિર્ણય શ્રી

શ્રમણસંસ્થાએ સાથે મળીને કરવાનો છે. શાસનનો સાચો પ્રેમ બોલવા માત્રથી સાબિત નહિ થાય પરંતુ કાર્ય પાર પાડી દેખાડવાથી સિદ્ધ થશે. બાકીનો ઇતિહાસ પોકારી પોકારીને કહે છે કે--કુસંપથી અને અભિમાનથી મોટા મોટા સામ્રાજ્યો અને કોમોનો નાશ થઈ ગયો છે. ગાંધીજીએ સ્વરાજ્ય મેળવી આપ્યું, માટે જ તેમને સૌએ રાષ્ટ્રપિતાનું બિરુદ આપ્યું છે. વર્તમાન સમયમાં જૈનશાસનના નાયક થવા કોણ બહાર પડે છે તે જોવા દરેકની મિટ આતુરતાપૂર્વક ચતુર્વિધ સંઘની પર્ષદા ઉપર મંડાઈ રહી છે.

●

# મહોત્સવ અને મહાપૂજન અંગેની વિચારણા

જૈન ધર્મમાં ખાસ મુખ્યતા મોક્ષપ્રાપ્તિની છે અને તેને માટેના મુખ્ય દ્વારો દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ ગણ્યા છે. સમજણ, આરાધના, ક્રિયા અને મહાપૂજનવડે આ દ્વારોની સિદ્ધિનો સાક્ષાત્કાર અથવા પ્રત્યક્ષ અનુભવ થાય છે.

ધર્મની અનેકવિધ બાબતો એવી છે કે જે બુદ્ધિથી બધા સમજી ન શકે કે શ્રદ્ધાપૂર્વક માની ન શકે. બુદ્ધિના નિર્ણયો સામાન્ય રીતે પૂર્વગ્રહથી આચ્છાદિત થએલા હોય છે. પૂર્વગ્રહ એટલે દૃષ્ટિભેદ અથવા "મારું તેજ સાચું." અનુભવના નિર્ણયો એ સ્વયંસિદ્ધ હોય છે એટલે તેમાં શંકાને સ્થાન ભાગ્યે જ રહે છે. અનુભવની વાત ઉપર શ્રદ્ધા પણ રહે છે, એટલે અનુભવ ઉપરથી પરિણમેલી શ્રદ્ધા એ જ સાચી શ્રદ્ધા છે, તે શ્રદ્ધા જલદી ડગમગતી નથી.

ઉછરતી પ્રજામાં સાચી અને સચોટ શ્રદ્ધા જો કોઇ પણ પ્રકારે ઉત્પન્ન કરવામાં આવે તો જીવનપર્યંત તે શ્રદ્ધા ટકી રહેશે. ભલે કદાચ સંજોગવશાત્ ભરતી-ઓટ તેમાં આવે પરંતુ તેથી શ્રદ્ધાના

પાયા જડમૂળથી ઉખડી નહિ જાય. અગાઉના પૂર્વજો સ્વભાવથી અને સંસ્કારથી ભક્તિવાળા અને શ્રદ્ધાવાન હતા એટલે ગુરુમહારાજો જે કાંઈ કહેતા કે માર્ગદર્શન આપતા તે શ્રદ્ધાપૂર્વક માનતા અને આચરતા. આજે પણ જેઓ ધર્મપ્રેમી અને ધર્મમાં શ્રદ્ધાવાન છે તેઓ તો દરેક ક્રિયા શ્રદ્ધાપૂર્વક કરે છે, પરંતુ આજના કેળવાયેલા અને બુદ્ધિવાદી મનુષ્યો જેઓ બુદ્ધિગમ્ય અને પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થતી વસ્તુઓમાં જ માનનારા છે તેઓ ધર્મથી વધુ ને વધુ વિમુખ અને દૂર થતા જાય છે. આવા શિક્ષિત અને બુદ્ધિશાળી સ્ત્રી–પુરુષોની અલગતા સમાજ અને ધર્મને નિર્બળ કરનારી છે અને તે સ્થિતિ કોઈ રીતે હિતાવહ નથી; માટે જરૂરનું એ છે કે આ આખા સમુદાયને ધર્મપ્રત્યે વિશેષ રુચિ ઉત્પન્ન કેમ કરવી અને શ્રદ્ધાની બાબતોને અનુભવના પ્રયોગો દ્વારા બુદ્ધિગમ્ય અને સ્વયંસિદ્ધ કેમ કરી બતાવવી ? એ કાર્ય સૌથી પ્રથમ સાધવાની જરૂર રહે છે. આ દિશામાં પૂજ્ય આચાર્ય મહારાજોએ સવિશેષ શક્તિ ફોરવવાની જરૂર રહે છે. બુદ્ધિશાળીને જે વસ્તુ અનુભવથી સિદ્ધ થશે તે વસ્તુને તે વધુ શ્રદ્ધાપૂર્વક કાયમ વળગી રહેશે કેમકે તે પ્રકારનો સ્વભાવ ઘડાએલો હોય છે.

કોઇ પણ જાતનુ વ્રત, જપ, તપ, વિધિ–વિધાન, ક્રિયા કે પૂજન સહેતુક હોય છે અને જે કાંઈ કરીએ તેનું ફળ પણ અવશ્ય મળે છે. આ સિદ્ધાંત સૌ કોઈ માન્ય કરે છે. આ બધી શુભ પ્રવૃત્તિઓ છે એટલે તેનું ફળ પણ શુભ અને કલ્યાણકારી જ હોય છે. જેટલા પ્રમાણમાં હેતુ, ક્રિયા, વિધિની શુદ્ધતા હોય અને કરાવનારની ભાવ પરિણુતિ ઉત્તમ હોય તેટલા પ્રમાણમાં તેનું ફળ પણ ઉત્કૃષ્ટ મળે છે. જ્ઞાન અને ક્રિયા તથા ચારિત્રવડે જ મોક્ષ પ્રાપ્ત થઇ શકે છે, જ્ઞાન એટલે સાચી સમજ અને અનુભવ; ક્રિયા એટલે સાચી દિશામાં પુરુષાર્થ, ચારિત્ર એટલે આત્માનું કર્તવ્ય અને દર્શન એટલે શ્રદ્ધા–આ ત્રિકાલાબાધિત સ્વયં સત્ય છે અને જ્ઞાની, વિજ્ઞાની કે વ્યવહારી–સૌ કોઇ તેને માન્ય કરે છે; કેમકે તે અનુભવસિદ્ધ વસ્તુ છે.

આપણા ધર્મમાં અનેક પ્રકારના વિધિવિધાન, ક્રિયાઓ, તપશ્ચર્યા અને આરાધના બતાવવામાં આવ્યા છે. તે બધાં જો વિધિપૂર્વક, ભાવપૂર્વક અને ઉલ્લાસપૂર્વક કરવામાં આવે તો અવશ્ય ઇષ્ટ ફળદાયી થાય છે. જુદાં જુદાં વ્રતનું જુદું જુદું ફળ મળે છે; તેવી જ રીતે ભક્તિ, પૂજા, અર્ચના, જાપ અને વંદના તથા સ્તવન અને કીર્તનના પણ અનેક પ્રકારો બતાવ્યા છે. જેને જે રુચે તે રીતે તે કરી શકે છે.

સામુદાયિક ક્રિયાઓ, ઉજમણું કે મહાપૂજનમાં (૧) ક્રિયા કરનારમાં મન, વચન અને કાયાની શુદ્ધતા, (૨) ક્રિયા કરાવનારમાં અનુભવ અને ક્રિયાનું સંપૂર્ણ જ્ઞાન, (૩) ગુરુમહારાજની હાજરી અને દોરવણી, (૪) જોઇતી સામગ્રીની અગાઉથી તૈયારી, (૫) સમય અને મુહૂર્તની નિયમિતતા, (૬) સમુદાયની શાન્તિ અને એકચિત્તતા, (૭) સુંદર વ્યવસ્થા અને બંદોબસ્ત, (૮) ખર્ચનું માપ અને અંદાજ, (૯) ક્રિયાના હેતુની અગાઉથી સમજ, (૧૦) પૂર્ણાહુતિ થાય ત્યાં સુધીની સ્થિરતા અને (૧૧) ક્રિયામાં તન્મયતા અને તલ્લીનતા–આટલી બાબતો બહુ જ મહત્ત્વની અને આવશ્યક છે. ઘણી વખત અજ્ઞાનતાને લઇને આપણે વિના-પ્રયોજન ધાંધલ, ધમાલ અને કોલાહલ કરી મૂકીએ છીએ અને બીજાઓને અંતરાય પડે તેવું વર્તન કરીએ છીએ, પરંતુ આ વસ્તુ બિલકુલ ઇચ્છનીય કે ઈષ્ટ નથી. કોઈ પણ ભોગે આ બંધ થવું જ જોઇએ અને શિસ્ત જાળવવી જ જોઇએ. શિસ્તની શિથિલતા એ આપણા સમાજની સામુદાયિક નબળાઈ છે. સમજવા છતાં અને તેનાથી સૌના જીવને કલેશ ઉપજે છે છતાં તેના પ્રત્યે દુર્લક્ષ કરાય છે તે ખરેખર દુઃખકર છે. વ્યવસ્થા, શાંતિ અને શિસ્ત એ સામુદાયિક ક્રિયાઓમાં સૌથી વિશેષ મહત્વની વસ્તુ મનાવી જોઇએ અને એ ઉપર સૌથી વધુ ભાર મૂકવો જોઇએ. ક્રિશ્ચિયન ધર્મના અનુયાયીઓ પાસેથી આના બોધપાઠ અવશ્ય શીખવા જોઇએ. ખાસ કરીને મુનિ-મહારાજોએ આ વસ્તુ ઉપર સૌથી વધુ વજન આપવાની જરૂર છે.

આજે આવા માંગલિક મહોત્સવો અનેક પ્રસંગે ઉજવાય છે, છતાં દુઃખની બીના તો એ છે કે આપણા સમાજમાં ક્રિયા જાણવા-વાળા અને કરાવવવાવાળાની સંખ્યા અતિ જુજ છે. તેઓની જરૂર તો અવશ્ય રહે છે જ. બધી જગ્યાએ તેઓ પહોંચી શકતા નથી. આવી ક્રિયા કરવાવાળાને મોટી સંખ્યામાં શીખવીને તૈયાર કરવાની બહુ જ જરૂર છે. તેઓ કંઈ પણ વેતન લેતા નથી. તેઓને આજીવિકાની લેશ પણ ઉપાધી ન રહે અને તેઓ ઉલ્લાસપૂર્વક કામ કરે તે રીતે દરેક શહેર ગામના અમુક માણસોને તાલીમ આપીને મોટી સંખ્યામાં તૈયાર ન કરી શકાય? પાઠશાળાના શિક્ષકો જો આ કાર્યમાં પારંગત થવા માગે તો બહુ સહેલાઈથી થઈ શકે. ચાતુર્માસ દરમ્યાન પૂજ્ય મુનિમહારાજોએ આવા થોડા થોડા માણસોને અવશ્ય તૈયાર કરવા જોઈએ. ધાર્મિક શિક્ષણમાં આ વિભાગને ફરજીયાત દાખલ કરવો જોઈએ અને સંસ્થાઓને તેનું જ્ઞાન આપવા પ્રબંધ કરવો જોઈએ અને અનેકને પારંગત તૈયાર કરવા જોઈએ.

●

સમાજમાં વધુ સંખ્યામાં માણસો સજ્જન, પવિત્ર, દયાળુ, દાનવીર, સંતોષી, સેવાપરાયણ અને સદાચારી હોય કે થાય તે સમાજ પ્રગતિના સાચા પંથે ગણાય. તેઓને તેવા બનાવવા એ જ સાચી સેવા છે, પરંતુ આ બધા બહારના નિમિત્તો છે. સાચો પુરુષાર્થ તો દરેક વ્યક્તિએ પોતે કરવો જોઈએ. **પ્રત્યેક મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યનો સૃષ્ટા અને ભોક્તા બંને છે.**

# વિભાગ બીજો : વ્યાવહારિક

## ( ૧ )

## આવકની મર્યાદામાં રહી જીવન જીવવાનો ઉપાય

લોકો ત્રણ પ્રકારના હોય છે. ડાહ્યા, વિચારશૂન્ય અને મૂર્ખ. ડાહ્યા માણસો ઓછા હોય છે, મૂર્ખ માણસો તેનાથી વધુ સંખ્યામાં હોય છે અને વિચારશૂન્યની સંખ્યા સૌથી વધુ એટલે લગભગ એંશી ટકા હોય છે.

[ ૧ ] ડાહ્યા માણસોની જુદી જુદી અનેક વ્યાખ્યા છે. ( ૧ ) દરેક કામ બુદ્ધિપૂર્વક, સારાસારની ગણતરીથી અને પરિણામનો ખ્યાલ રાખીને કરે તે. ( ૨ ) પરિણામને બદલે સંજોગોનો ખ્યાલ રાખીને કામ કરે તે. ( ૩ ) જેમાં લાભ હોય તેજ કામ કરે; અને નુકસાન હોય તે કામ ન કરે તે. ( ૪ ) બીજાઓના દાખલા ઉપરથી ધડો લઇ જેનાથી હિત થાય તેવું કામ કરે તે. ( ૫ ) લાગણીને વશ ન થતાં બુદ્ધિવડે ગણતરી કરીને કામ કરે તે. ( ૬ ) અન્યાય, અનીતિ કે અપ્રમાણિકતાનો આશ્રય લીધા વિના કે અન્યનું અહિત કર્યા વિના કાર્ય કરી શકે તે. ( ૭ ) ઇશ્વરપ્રેરિત કે સ્વયં સ્ફુરિત અંતરના અવાજ મુજબ કાર્ય કરવા પ્રેરાય તે. ( ૮ ) ફળની ઇચ્છા રાખ્યા વિના નિષ્કામ કર્મ કરે તે. ( ૯ ) જે કાંઈ કરે તેમાં મમત્વભાવ રાખ્યા વિના તે બધું ઇશ્વરને ચરણે ધરી દે તે. આવી રીતે ' ડાહ્યા 'ની અનેક વ્યાખ્યા જુદી જુદી દૃષ્ટિએ થઈ શકે છે.

[ ૨ ] " વિચારશૂન્ય " પણ અનેક અર્થમાં ઘટાવી શકાય. (૧) બુધ્ધિનો ઉપયોગ કર્યા સિવાય કે સારાસાર કે પરિણામનો ખ્યાલ રાખ્યા

સિવાય કામ કરે તે. (૨) મગજમાં જે જાતનો તરંગ ઉઠે તે મુજબ કામ કરે તે. (૩) આવેશમાં આવી કામ કરે તે. (૪) લાભાલાભનો કે હિતાહિતનો ખ્યાલ ન કરે તે. (૫) ઇંદ્રિયોથી પ્રેરાઇને કામ કરે તે (૬) ભાગ્યને ભરોસે રહી આંખ મીંચીને કામ કરે તે. (૭) બીજાઓ કહે તે પ્રમાણે કરે તે. (૮) અંતરનાં અવાજને સાંભળ્યા વિના કામ કરે તે. (૯) જડભરતની જેમ સંજોગોનો ખ્યાલ કર્યા વિના કામ કરે તે.

જગતના વ્યવહારની દૃષ્ટિએ વિચારશૂન્ય માણસો જડભરત ગણાય છે, પરંતુ આ કક્ષામાં ઘણા માણસો યોગી, ધ્યાની, સિદ્ધ, મહાત્મા કે મહાપુરુષો પણ હોય છે. તેવી જ રીતે ઘણા બુદ્ધિહીન માણસો પણ હોય છે.

[ ૩ ] મૂર્ખ માણસો અનેક પ્રકારના હોય છે. (૧) વિવેકહીન (૨) મોહ અને સ્વાર્થથી અંધ (૩) બુદ્ધિ વિનાના અથવા કુબુધ્ધિ-વાળા (૪) જીદ્દી અને કદાગ્રહી (૫) વેરવૃત્તિવાળા અને ઇર્ષાળુ (૬) અભિમાની અને ક્રોધી (૭) જગતને હાનિ કરનારા (૮) બીજાઓના દાખલા ઉપરથી ધડો લઈ શીખવાને બદલે અખતરા કરી, ઠોકર ખાઇને પછી શીખનારા અને (૯) મોટો અને વધુ લાભ જતો કરી થોડા અને ક્ષુદ્ર લોભથી સંતોષ માનનારા–આવા બધા માણસોની ગણતરી મૂર્ખમાં થાય છે.

[ ૪ ] આપણે પોતે કેવા છીએ અને ઉપર જણાવેલા કયા વર્ગમાં આવી શકીએ છીએ તેનો નિર્ણય આપણે દરેકે પોતે કરી લેવો જરૂરનો છે. આરસીમાં આપણું સ્વરૂપ બરાબર જણાઇ આવશે. આપણને જોતાં ન આવડે અથવા પ્રકાર પારખવાની શક્તિ ન હોય તો બીજાઓને કહેવાથી બીજાઓ આપણી પરીક્ષા કરી આપશે. અને સાચું સ્વરૂપ આપણને સમજાવશે. આપણું સાચું સ્વરૂપ આપણે અવશ્ય જાણવું જોઇએ અને સમજવું જોઇએ.

[ ૫ ] આપણી રહેણીકરણી, દૈનિક જીવન, આચારવિચાર, વર્તન અને આપણા વ્યવહાર ઉપરથી તુરત નક્કી થઇ શકશે કે આપણે ડાહ્યા છીએ, વિચારશૂન્ય છીએ કે મૂર્ખ છીએ. ડાહ્યામાં ગણાવાનું સૌ કોઇને ગમે. અને આપણે ધારીએ અને મક્કમપણે વર્તીએ તો જરૂર ડાહ્યા થઈ શકીએ. માનવજાત માટે કોઇ વસ્તુ અશક્ય નથી, પરંતુ વર્તન મૂર્ખનું રાખીએ અને ડાહ્યા હોવાનો ડોળ કરીએ તો તેવો દંભ આજના બુદ્ધિપ્રધાન જમાનામાં ચાલી શકશે? ડાહ્યા થવું જ હોય તો ડહાપણપૂર્વક જીવન જીવવાની શરૂઆત કરી દેવી જોઇએ, તો ક્રમે ક્રમે વધુ ને વધુ ડાહ્યા થતા જશું. પ્રગતિનો છેડો જ નથી.

[ ૬ ] આને માટે મહાપુરુષોએ બહુ સરળ માર્ગ ઉપદેશ્યો છે જેનો મુખ્ય સાર નીચે મુજબ છે:—

( ૧ ) ગરીબાઈ એ ગુન્હો નથી કે તેમાં પાપ નથી. શ્રીમંતાઇમાં સામાન્ય રીતે અનેક પાપકર્મો, દૂષણો અને દુર્ગુણો અંતર્ગત છૂપાઇ રહેલા હોય છે, માટે ગરીબાઇમાં સુખ અને સંતોષ માની અનીતિથી આઘે રહો, જરૂરીઆત ઘટાડો, સાદાઇથી જીવો, ખોટા ખરચા તદ્દન બંધ કરો અને આવકથી ખર્ચ ઓછો કરો, વ્યવહારમાં બહુ તણાઇ ન જાઓ. શક્તિ પ્રમાણે ભક્તિ, સેવા કે સ્વાગત કરો, દેવું કરીને દોડે તે જરૂર ઠોકર ખાઇને નીચે પડે.

( ૨ ) શ્રીમંતોના જેવા દેખાવાના ડોળ ન કરો, તેના જેવા કપડા, પોષાક, દાગીના, રહેણીકરણી, રહેઠાણ, વાહન કે નોકરચાકરની ઇચ્છા કરવી તે પાપ છે અને શક્તિ ન હોવા છતાં તેનું આંધળું અનુકરણ કરવું, તે મહાપાપ છે. પુરુષાર્થ કરી ન્યાયપૂર્વક દ્રવ્ય કમાતા શીખો અને પછી શ્રીમંતના વૈભવ ભોગવવાને લાયક બનો.

( ૩ ) ખાસ કરીને સ્ત્રીવર્ગ જો સમજે અને ધણીની આવકનો ખ્યાલ રાખી ઓછા ખર્ચમાં જીવન ચલાવવાનો નિશ્ચય કરે તો ઘણા કુટુંબો પાયમાલ થતા અટકે. સ્ત્રીઓએ સમજવું જોઇએ કે તેમની

નબળાઈ વ્યવહારિક અને સામાજિક પ્રસંગોએ બીજાઓથી દોરવાઈ જઈને ગજા ઉપરાંત ખર્ચ કરવાનો તેમનો આગ્રહ, જીદ કે મૂર્ખાઈ, કપડા અને દાગીનાનો મોહ, બાળઉછેરની અજ્ઞાનતા, બીનજરૂરી રોજના ખોટા ખર્ચા, વધુ પડતો વ્યવહાર, આ અને આવી અનેકવિધ મૂર્ખાઈઓને લીધે તે અને તેની અજ્ઞાનતા જ ઘણા ભાગે ઘરના મુખ્ય પુરુષની કે પોતાના પતિની આધિ, વ્યાધિ, ઉપાધિ અને પરિણામે અકાળ મૃત્યુનું નિમિત્ત પોતે જ બને છે અને પોતાનું વૈધવ્ય પોતે જ નોતરે છે. તેઓ જો સમજી જાય તો ગરીબના ઘરમાં શ્રીમંતો કરતાં સુખ, શાંતિ અને સંતોષ વધુ હશે.

(૪) તે ઉપરાંત ચોકલેટ, કપડાં, નાટક-સિનેમા, ગાડીભાડા, મુસાફરી, ધોબી, હજામત, માળી, માંદગી, સાબુ અને નકામી અનેક વસ્તુઓમાં બીનજરૂરી જે ખર્ચ થાય છે તે ઓછો કરવામાં ઘરના સૌ માણસો સહકાર આપે અને મુખ્ય પુરુષ મક્કમતાપૂર્વક દરેકને કરકસર કરવાની ફરજ પાડે તો નાણાંની મૂંઝવણ અને ચિંતા ઘણી ઘટી જાય અને મોંઘવારીની ભીંસ ન પડે.

●

## સમાજનો બેકારીનો પ્રશ્ન

**સમાજના** દરેક વર્ગના દરેક **કુટુંબનું જીવનધોરણ હાલ જે છે તેને ઊંચે લઈ જવુ એને આજે** જગતના બધા આગળ વધેલા દેશો બહુ જ મહત્ત્વ આપી રહ્યા છે. જીવનધોરણ જેટલું ઊંચું હોય તેટલી ઉન્નતિ સાધી કહેવાય છે. આનો સાચો અર્થ એ છે કે મનુષ્ય જીવન ટકાવવા માટેની પ્રાથમિક જરૂરીઆતો, જેવી કે– ૧. ખાવાને પૂરતું અન્ન, ૨. શરીર ઢાંકવા માટે જરૂરી વસ્ત્રો, ૩. રહેવા માટેની જગ્યા કે ઘર, ૪. શિક્ષણ માટેની સગવડ અને ૫. માંદગીના સમયે જરૂરી ઔષધ અને સારવાર, આટલી વસ્તુઓ દરેકને

સહેલાઈથી મળી શકે એ પ્રત્યેક દેશ, પ્રદેશ, ગામ, જ્ઞાતિ કે સમાજે જોવાની જરૂર છે.

પ્રજાના ઉત્કર્ષ માટે રાજ્યસત્તાએ આ કાર્યની જવાબદારી લેવાની હોય છે, તો જ તે સ્વરાજ્ય કે સુરાજ્ય કહેવાય, પણ બધાને માટે સરકાર બધું ન કરી શકે. સરકાર બહુ બહુ તો પોતાના **નોકરચાકર કે કર્મચારીઓ** માટે કરી છૂટે, અથવા તો **અનાથ, અપંગ કે નિરાધાર માણસો માટે** કંઈક કરે. બાકી તો **પ્રજાએ જ પ્રજાના** દુઃખીજનો માટે આ બધી જરૂરીઆતો પૂરી પાડવા માટેની જવાબદારી ઉપાડવી જોઈએ. પ્રજા પણ બધા કામને પહોંચી વળી ન શકે. એટલે **નાના નાના સમૂહોએ પોતાના દુઃખી સભ્યોના સુખસગવડ માટે પ્રબંધ કરવો જોઇએ.** પરમાર્થ, લોકદયા અને સેવાની ભાવના દરેક પ્રજાજનમાં હોય તો બધાની મુંઝવણ ટાળી શકાય અને સૌનાં જીવનમાં શાંતિ અને સંતોષનો સંચાર કરી શકાય. આ કાર્ય પુણ્યથી, પરમાર્થથી, સદ્‌ભાવથી કે દયાથી પ્રેરાઈને જ થઈ શકે.

જેમ **શ્રીમંતો** પાસેથી ધનની, **સેવકો** પાસેથી સેવાની અને **કાર્યકરો** પાસેથી કાર્યની સૌ કોઈ આશા રાખે છે તેમ દરેક જણે વ્યક્તિગત રીતે પોતાને પણ એ પ્રશ્ન પૂછવો જોઈએ કે **અમુક કાર્યમાં મારે શું ફાળો આપવો જોઇએ ? દરેક માણસે દાતા અને યાચક બંને બનવું જોઈએ.** જેઓ એકલા યાચક જ રહે છે તેઓ સહાય મેળવવાના યોગ્ય અધિકાર નથી **"થોડામાંથી પણ થોડું બીજા માટે આપો."** આ જાતની ભાવના જ જીવનને ઉન્નત બનાવી શકે છે.

**સુપાત્રદાન**નો સામાન્ય અર્થ એ જરૂર ઘટાવી શકાય કે ઉત્તમ પુરુષોને તો જરૂર આપો; પણ સાથોસાથ **દીન, દુઃખી અને જરૂરીયાતવાળા લાયક મનુષ્યોને પણ અવશ્ય સહાય આપો.** આજે એવા પણ મનુષ્ય જોવા મળે છે કે જેઓ મદદને માટે પાત્ર

નથી હોતા, ઘણાં તો તેનો ધંધો જ લઈ બેઠા હોય છે. ઘણાય જરૂર કરતાં પણ વધુ મદદ માગે છે અને એક કરતાં વધુ સ્થળેથી અનેકગણી વધુ મદદ મેળવતા હોય છે. ઘણાં એવા પણ હોય છે કે મદદની માગણી કરે છે, તે માટે અવારનવાર આંટા ખાય છે અને મદદ ઓછી મળે, મોડી મળે કે ન મળે તો કોલાહલ કરી મૂકે છે, મદદ આપનારને ગાળાગાળી પણ કરે છે. આવા અનુભવો કામ કરનારને થાય છે. **આવા બેકદરદાન અને અસભ્ય વર્તનવાળા માણસોને મદદ કરવાનું વ્યવહાર દ્રષ્ટિએ યોગ્ય કે ઉચિત નથી. દાન કે મદદથી અવગુણો પોષાય કે વૃદ્ધિ પામે તેનાથી સમાજ ઊંચે ચઢતો નથી પણ પડે છે**

આજે સમાજ પાસે મુખ્ય પ્રશ્ન આ છે:–સમાજમાં સુખી અને શ્રીમંતો ઓછા છે અને કાળ અને કાયદાને અનુસરીને ઓછા થતા જશે. દુઃખી અને દીનની સંખ્યા મોટી છે. **જેમ જરૂરિયાત વધતી જશે અને રહેણીકરણી ઊંચી થતી જશે; તેમ મૂંઝવણ અને મુશ્કેલી પણ વધશે** આ સંજોગોમાં સમાજનો ઉત્કર્ષ સાધવાનો સરળ ઉપાય શું? તેનો સાચો ઉત્તર એ જ હોઇ શકે કે: ૧) વિચાર અને કરણી ઉત્તમ રાખો, અને જીવન સાદામાં સાદું જીવતાં શીખો. ૨) પારકાની મદદની અપેક્ષા ન રાખો અને પોતાના પગ ઉપર ઊભા રહેવાનો નિર્ધાર કરો. ૩) સંજોગોવશાત્ પારકી મદદની જરૂર પડે અને મદદ મળે તો **મદદ આપનાર પ્રત્યે જિંદગી પર્યંતનો સદ્‌ભાવ રાખો** અને ભવિષ્યમાં તમારા સંજોગ સુધરે ત્યારે મૂળ રકમ કરતાં **વધુ રકમ તેને પાછી આપો અથવા તો બીજાઓને મદદ કરવામાં તમે તમારો ફાળો અવશ્ય આપતા રહો.** ૪) પારકાના દુઃખમાં સહાયભૂત થવા જેટલી **માનવદયા પાળવાનું વ્રત ગ્રહણ કરો.** આમ થાય તો દેનારને સંતોષ થાય, લેનારને સંતોષ થાય અને સમાજનો ઉત્કર્ષ થાય.

આજકાલ દરેક ઠેકાણે સમાજમાં **બેકારીનો** ઊહાપોહ બહુ જ થાય છે. બેકારી ટાળવા માટે પ્રયત્નો પણ થતા હોય છે, પરંતુ તે છતાં તેનો ઉકેલ કે પરિણામ જોઇએ તેટલા પ્રમાણમાં જોવામાં આવતા નથી. આના કારણો તપાસીને વેપાર, ધંધા, હુન્નરઉદ્યોગ, નોકરી કે દલાલીના ધંધાઓ જે આપણે આજસુધી કરતા આવ્યા છીએ, તે બધામાં સમય, સંજોગ, પરિસ્થિતિ, સાધનો, અનુભવ અને કાયદા-કાનૂનોનું બહુ જ મોટું પરિવર્તન આજે થઇ ગયું છે તે બધી વસ્તુનો **અનુભવ અને તાલીમ મળે તેવી કોઇપણ વ્યવસ્થા કે પ્રબંધ આજે સમાજ તરફથી થએલ નથી.** જુદા જુદા ધંધાના કે કામના અનુભવ કે શિક્ષણ માટે ધંધાદારી સંસ્થાઓ કે શિક્ષણસંસ્થાઓ છે, પણ આપણા **સમાજ તરફથી આપણા સમાજ માટે એક પણ સદ્ધર સંસ્થા નથી કે જે દ્વારા અનુભવનું જ્ઞાન અને તાલીમ મળી શકે.**

જો બેકારી ટાળવી હોય, કાયમ માટે નાબૂદ કરવી હોય, અને **બેકારોને દાન, મદદ કે ભિખની બૂરી આદતમાંથી કાયમ માટે બચાવી લઇને તેઓ જાતમહેનત કરી, જોઇતો અનુભવજ્ઞાન અને તાલીમ મેળવીને પોતાના પગ ઉપર ઊભા રહેતા શીખે અને કાયમ માટે લાચારદશામાંથી મુક્ત થઇ સદાને માટે સ્વતંત્ર રીતે સંતોષથી જીવન જીવી શકે તે માટે કંઇક નક્કર યોજનાઓ** સમાજના અગ્રેસરોએ, નેતાઓએ, શાસનપ્રેમીઓએ, સામાજિક મુખ્ય સંસ્થાઓએ અને અનુભવીઓ તથા વિદ્વાનોએ **સાથે બેસીને ગંભીરતાથી વિચારવી જોઇએ** અને યોજનાઓને **વિના-વિલંબે અમલમાં મૂકવી જોઇએ.** ઘણા બુધ્ધિમાન વિચારકોએ આ પ્રશ્નનો ઊકેલ બહુ ઊંડાણથી વિચાર્યો પણ હશે. આવા પુરુષો ભેગાં મળે, ગંભીરતાથી વિચારણા કરે, ઊકેલ શોધે, નિર્ણય કરે અને નિર્ણયોને અમલમાં મૂકવા કટિબધ્ધ થાય તો આ પ્રશ્ન બહુ સરલતાથી હલ થઈ શકે. આ માટે **ભાવના અને તમન્ના** સૌમાં જાગો એવી શાસનદેવ પાસે નમ્ર યાચના.

(૪)

# લગ્નની મોસમના મહત્ત્વના બોધપાઠ

આજકાલ લગ્નની મોસમ ગામેગામ ચાલી રહી છે, લગ્ન એ મોટા ભાગે સૌને આનંદ અને હર્ષનો પ્રસંગ હોય છે. પરણનાર, પરણાવનાર, સગાસંબંધીઓ, સ્નેહીજનો, આડોશીપાડોશી વિગેરે સૌ કોઇ લગ્નની મીતિ નક્કી થાય તે પછી તે શુભ અવસરની આતુરતાથી રાહ જોતા હોય છે. મોચી, દરજી, હજામ, સોની, કુંભાર વિગેરે કારીગરોને કમાવાની આ મોસમ હોય છે, કણીયા, કાપડિયા, કંદોઈ, કંકોત્રીવાળા સૌની ઘરાકી સારી ચાલે છે, એટલે લગ્ન પહેલાંની પૂર્વ તૈયારી અને લગ્નના દિવસ સુધીની સૌ કોઈના આશા, ઉત્સાહ, ઉલ્લાસ અને આનંદ એ ઘણાઓને માટે જીવનની લ્હાણ બને છે. ફક્ત વર કે કન્યાના બાપની આર્થિક સ્થિતિ સારી ન હોય અથવા જો તેને આર્થિક અવેજની જોગવાઈ ન હોય તો તેને આનંદને બદલે ચિંતા કે મૂંઝવણ રહે છે.

આજકાલના સમયમાં લગ્નમાં કઈ કઈ બાબતો સૌથી મહત્ત્વની બની ગઇ છે અને તેમાં ફેરફાર કરવાની અથવા તેને પ્રસંગને અનુરૂપ બનાવવાની જરૂર છે કે કેમ, એ વિષય બુદ્ધિમાન પુરુષોએ હાથ ધરવો યોગ્ય છે. એ દૃષ્ટિએ તેની રજૂઆત અત્રે કરવામાં આવે છે.

**૧. લગ્નની કંકોત્રી**—જેટલી સ્નેહીસંબંધી, આપ્તજનો, પરિચિત વ્યક્તિઓ, ઓળખાણ-પીછાણવાળા સૌને વર અને કન્યા પક્ષ તરફથી છાપેલી સુશોભિત અને સુભાષિત કંકોત્રી કે આમંત્રણ પત્રિકા મોકલવામાં આવે છે. કોને કંકોત્રી મોકલવી જોઇએ તેને માટે કાંઇ નિયમ કે મર્યાદા નીર્માણ થએલ નથી, સૌને જાણ થાય, સંબંધ હોવાની પ્રતીતિ અને સ્મરણ થાય, સૌ કોઇને કંકોત્રી

મળવાથી આનંદ થશે, લખનારના મનને ઉલ્લાસ હોય અને જેટલા વધુને કંકોત્રી જશે તેટલી વધુ રકમ ચાંદલાની આવશે; આવા અનેક હેતુઓ કંકોત્રી વધુ સંખ્યામાં લખવામાં સમાયેલ હોય છે. આ નિમિત્તે છાપખાના અને ટપાલખાતું બંને રળે છે, કંકોત્રીમાં કળા, આકર્ષણ, છપાઈ, માપ અને ચિત્રકળા એટલો બધો ભાગ ભજવે છે કે એક કંકોત્રીની કિંમત આજકાલ ચાર આનાથી બે રૂપીઆ સુધીની થાય છે અને સેંકડો અને હજારોની સંખ્યામાં લખવામાં આવે છે. કંકોત્રીની સંખ્યા જેમ વધુ તેમ લખનારની ગૃહસ્થાઈ, મોટાઈ, ગર્વ અને ગણતરી ગણાય છે. મુંબઇ જેવામાં તો એક જ લગ્ન માટે અનેક જુદી જુદી જાતની કંકોત્રીઓ લખાય છે, જ્ઞાતિજનો માટે જુદી, ધંધાદારી વર્ગ માટે જુદી, ઑફિસો, બેંક અને અમલદારો કે પ્રતિષ્ઠિત ગૃહસ્થો માટે જુદી, વરના અંગત મિત્રો કે કન્યાની સખી-મિત્રો માટે જુદી, સાંજીના ગીત ગાવા માટેના આમંત્રણ કાર્ડ જુદા, વળી જો પાર્ટી કે ગાર્ડન પાર્ટી જુદી રાખી હોય તો તે માટેના જુદા આમંત્રણ નીકળે છે. જેમ હોંશ વધુ તેમ વધુ પ્રકારની આમંત્રણ પત્રિકા મોકલાય છે,

જેટલાઓને પત્રિકા મોકલવાની હોય તેમાંના ઘણાઓના પૂરા નામ કે સરનામા પણ ઘણી વખત જાણમાં નથી હોતા, અટક જાણતા હોય તો પિતાનું નામ ન જાણતા હોય અને તે બધાની ખબર હોય તો તેના રહેઠાણની ખબર ન હોય, એટલે જેમ વિશાળતા કે વિસ્તાર વિશેષ તેમ અજ્ઞાનતા કે અવ્યવસ્થા વધુ જોવામાં આવે છે. છેવટે પૂછપરછ કરી કે પત્તો મેળવી બધી કંકોત્રીઓ પ્રભુના ભરોસે ટપાલની પેટીમાં નાખવામાં આવે છે, પ્રથમ સ્નેહીસંબંધી મારફત હાથોહાથ કંકોત્રી પહોંચાડવાનો અને આગ્રહપૂર્વક આમંત્રણ આપવા જવાનો રિવાજ હતો, પરંતુ આજે સાચા દિલથી કામ કરવાની વૃત્તિ કોઇની રહી નથી, એટલે સ્નેહ અને સહકારનું સ્થાન ભાડુતી કામ-ગીરીએ લીધું છે, એટલે લગ્નના સૌથી પહેલાં શ્રી ગણેશ કંકોત્રીથી

શરૂ થાય છે અને તેમાં સો કે બસોથી માંડીને રૂપિયા એક હજાર કે તેથી પણ વધુ ખર્ચ થાય છે. **સ્થગિત ધનને અનેક માણસોમાં વહેંચી દેવાનો સિદ્ધાંત લગ્નપ્રસંગમાં સારા પ્રમાણમાં સચવાય છે.**

**૨. મંડપ મુહૂર્ત**—લગ્નની શુભ શરૂઆત મંડપ મુહૂર્તની ક્રિયાથી થાય છે. જો કે લગ્નપત્રિકા લખવાની અને વર પક્ષને ઘેર મોકલવાની અને વરને ત્યાં તે આવે ત્યારે વધાવવાની ક્રિયા અગાઉ થઈ જાય છે, તે પ્રસંગે પણ દરેક પક્ષને ઘેર સગાંવહાલાંઓને આમંત્રવામાં આવે છે. આ પ્રસંગ ખાસ કરીને સ્ત્રીઓ માટેનો છે, પરંતુ સ્ત્રીપુરુષો સૌને આમંત્રણ આપવામાં આવે છે અને નાળિયેર, સાકર કે પૈસા વહેંચવાની પ્રથા હોવાથી સારી સંખ્યામાં હાજરી રહે છે. લાલચના લોભે લોભે પણ સારી હાજરી રહેતી હોય તો પ્રસંગ દીપે છે. પ્રેમ કે કર્તવ્યના ઝરા વ્યવહારિક પ્રસંગોમાં સુકાઈ ગયા છે અને તેનું સ્થાન દેખાવ, દંભ અને કૃત્રિમતા લેતા જાય છે એમ નથી લાગતું ? સાચો ઉલ્લાસ અને આનંદ ગુમ થતો જાય છે, તેની પાછી શોધ કેમ અને ક્યાં કરવી તે કોણ બતાવે ?

લગ્ન એ પ્રેમ, પવિત્રતા અને ધાર્મિક વિધિવિધાન અને અનુષ્ઠાનનો માંગલિક પ્રસંગ મનાય છે, પરંતુ તેને બદલે લોકાચાર, રૂઢી, રિવાજ અને વેઠ—તેણે તેનું સ્થાન લઈ લીધું છે, દરેક ક્રિયા અને દેવદેવીઓની સ્થાપના અને તેઓનું આવાહન—એ બધી બાબતો ઉલ્લાસ, ભક્તિ, શ્રદ્ધા અને ભાવનાની છે. આનું જ્ઞાન કે સમજ કેટલાને હશે ! દરેક કાર્યનો હેતુ સમજવામાં આવે અને સ્વસ્થ ચિત્તે ભાવપૂર્વક દરેક ક્રિયા અને વિધિવિધાન કરવામાં આવે તો ક્રિયા કેવી દીપી ઉઠે !

વાંચકો અને વિચારકોએ એ વાતનો ખાસ ખ્યાલ રાખવાનો છે કે લગ્નક્રિયા સેંકડો અને હજારો વર્ષોના અનુભવથી નક્કી થએલા તેના રીતરિવાજોમાં પૂર્વજોના બુદ્ધિબળ, ડહાપણ, દીર્ઘદૃષ્ટિપણું અને વ્યવસ્થાશક્તિ ભારોભાર ભરેલા જણાઈ આવે છે. વળી તેમાં સમયો-

ચિત ફેરફારો થતા જ રહે છે અને સમાજનું ડહાપણ પણ એમાં જ છે કે સમય, સંજોગો, સ્થિતિ અને ક્ષેત્ર તથા સાધનોનો સંપૂર્ણ ખ્યાલ રાખીને તે બધામાં ફેરફાર અને સુધારાવધારા કરતા જ રહેવા જોઈએ. જો તેમ ન કરીએ અને જૂના નિયમોને વળગી રહીએ તો સમાજનો વિકાસ અટકી જાય, પ્રગતિ રૂંધાઈ જાય અને વ્યવસ્થા બગડી જાય. વ્યક્તિ અને સમાજ એક બીજાના અવિભાજ્ય અને અભેદ અંગ અને અંશ છે, બંને એક બીજાના પોષક અને પુરક હોવા જોઈએ તો જ ઉન્નતિ સાધી શકાય. પ્રગતિ અને વિકાસને જેઓ પોષે નહીં, ઊલટા તેને રૂંધે તેઓ પોતે પોતાના ઇષ્ટજનોના અને સમાજના દ્રોહી છે.

આ વાતનો સાર એ છે કે બે બાબતોનો નિર્ણય કરવાનો છે, તો જ આ ઘર્ષણ ટાળી શકાય.

૧. મોટા ભાગનો અજ્ઞાત અને જૂનવાણી વર્ગ એમ કહે છે કે જે જૂનું છે તે સોનું છે, બાપદાદા જે કરતા આવ્યા છે તેને વળગી રહેવું અને તે મુજબ બધું કરવું. જો કે તેઓ જે કહે છે તે પ્રમાણે તેઓ પોતે પણ સંપૂર્ણ રીતે વર્તતા નથી. આનો અર્થ એ છે કે પોતાને જે ગમે કે રુચે અથવા પોતે જે માને તે જ સાચું, તે સિવાયનું બધું ખોટું, આ રીતે આ વર્ગ વર્તે છે અને તેને વળગી રહે છે.

૨. બીજો શિક્ષિત, વિચારક અને બુદ્ધિશાળી વર્ગ પ્રગતિવાદી, સાહસિક તથા સુધારક છે. તે એમ માને છે કે સમય અને સંજોગો પળે પળે પલટાય છે. એટલે લગ્નની ક્રિયા અને રીતરિવાજોમાં સમય પ્રમાણે ફેરફાર કરવા જ જોઈએ. તેઓ કહે છે કે "જૂનું તે સોનું નથી, પણ જે સારું હોય તેને અપનાવવું જોઈએ."

સિદ્ધાંતો તરીકે બંને વસ્તુ સત્ય છે, પરંતુ સમાજના ઉત્કર્ષને માટે એમાંથી કયો સિદ્ધાંત અપનાવવો જોઈએ તે નક્કી થવું જોઈએ. તે નક્કી કોણ કરે? દરેક પક્ષ પોતાને સાચો માને અને વિરોધ પક્ષને ખોટો ગણે આ સ્થિતિ જુગજૂની છે અને પરાપૂર્વથી ચાલી આવે છે.

તેનો નિકાલ કે ઉકેલ કોઈ લાવી શકે તેમ નથી, એટલે તેની ચર્ચા કશી કામની નથી, તેથી માનવજાત માટે એક જ શ્રેષ્ઠ માર્ગ એ છે કે દરેક સારાસારનો વિચાર કરી પોતાને માટે જે યોગ્ય, ઉત્તમ અને ઉચિત જણાય તે પ્રમાણે તેણે વર્તવું, તેણે બીજાની ટીકા કે વિરોધ કરતાં અટકવું અને સહિષ્ણુતા રાખવી અને બીજાઓના વિરોધ સામે મક્કમતા રાખવી અને તેઓને ક્ષમા આપવી.

૩. જમણવાર—(૧) ઘણા શહેરોમાં રેશનીંગ હજુ ચાલુ છે અને જમણવાર ઉપર સરકારી પ્રતિબંધ છે એટલે પ્રજાનો એ ધર્મ છે કે લોકહિત માટે કરેલા કાયદાને સંપૂર્ણ માન આપવું જોઈએ. બહુ જ શ્રીમંત અને ઉત્સાહઘેલા અથવા કીર્તિલોભી માણસો જ કાયદાનો ભંગ કરી જ્ઞાતિજમણ કરવા તૈયાર થાય છે અને પૈસાના કે ઓળખાણના જોરે સેંકડોની સંખ્યામાં સગાંસ્નેહી અને જાનને જમાડે છે. દરેક દરેક વસ્તુ મ્હોંમાગ્યા વધુ દામ આપીને ખરીદવી પડે છે. ઘણાંને ચોખા કે ઘઉં જેવી રેશનીંગની ચીજો ખુશામત કરીને ભેગી કરવી પડે છે. અને જમણવાર વિનાવિઘ્ન સુખરૂપ પતી જાય ત્યાં સુધી આનંદને બદલે ભય અને ચિંતા સેવવી પડે છે. પરંતુ તેવી પ્રથાની ગુલામીમાંથી મુક્ત રહેવાની અને લોકભયનો સામનો કરવાની હીંમત દર્શાવવા બહુ ઓછા તૈયાર થાય છે. આપણી આ પ્રકારની નૈતિક નબળાઇનું પરિણામ આપણે ભોગવવું પડે. તેને માટે કોઇને દોષ દઈ શકાય તેમ નથી.

(૨) ઘણી વખત એમ પણ બને છે કે ઘરધણીની ઈચ્છા જમાડવાની નથી હોતી, પરંતુ કુટુંબીઓ અને સગાવહાલા પોતે જ જમવાના એવા લોભી અને લાલચુ હોય છે કે તેઓ ગમે તેમ ઘરધણીને સમજાવીને જમણવાર કરવાની ફરજ પાડે છે. અને બધો સમુદાય મીષ્ટાન્ન આરોગવા ઉત્સુક હોય ત્યારે તેની સામે મક્કમપણે ટકી શકવાની તાકાત બધામાં હોતી નથી. એટલે અનીચ્છાએ પણ જમણવાર કરવાની

ઘણાને ફરજ પડે છે. લગ્નના અનેક પ્રસંગ કે ક્રિયાઓમાં સ્ત્રીવર્ગની હાજરી આવશ્યક હોય છે એટલે ઘેર જઇને રસોઇ કરવાની તેઓને ફરજ પડે તો તેઓ લગ્નમાં હાજર રહેવાનું કે ભાગ લેવાનું પણ બંધ રાખે. આ મુશ્કેલી ટાળવા માટે પણ જમણવાર ફરજિયાત કરવું પડે છે. વ્યવહાર હંમેશાં અટપટો અને આંટીઘુંટીવાળો હોય છે. તેમાંથી માર્ગ કાઢવાનું કામ ડાહ્યા અને વિચારવંત પુરુષોનું છે.

( ૩ ) જો રેશનીંગ સિવાયની ચીજોનું જમણ રાખવામાં આવે અને કાયદાની મર્યાદામાં રહીને બહુ ઓછી સંખ્યાને જમાડવામાં આવે, અને બાકીના સ્નેહીસંબંધીઓને ત્યાં મીઠાઇની ટોપલી આપી દેવામાં આવે તો આ રીતે મુંઝવણનો ઉકેલ આવી શકે. આનો અમલ કરવા ઘરધણીએ મક્કમપણે તત્પરતા દાખવવી જોઇએ.

( ૪ ) જો બની શકે તો વર અને કન્યા પક્ષ એક જ ગામમાં રહેતા હોય તો બંને પક્ષ સાથે મળીને એક જ વાડી કે સ્થળમાં જમણ-વાર વગેરે મજમુ રાખે તો બંને પક્ષને ખર્ચમાં ફાયદો થાય અને સમય તથા શક્તિવ્યયમાં લાભ થાય.

(૫) જનતા જો જમવાનો લાભ જતો કરવા પ્રતિજ્ઞા કરે તો જમાડનારની તકલીફ અને ચિંતા ઓછી થાય. આને માટે જ્ઞાતિઓએ અને નાયકોએ દરેક પ્રસંગે લોકમત કેળવવો જોઇએ અને તે માટેના ઠરાવો કરવા જોઇએ.

(૬) અગાઉના સમયમાં જમણવાર બહુ ખર્ચાળ કે બોજારૂપ થઈ પડતા નહોતા, સૌ કોઈ દરેક કાર્યમાં સાથ આપી હાથોહાથ કામ ઉકેલતા, હાજરી આપી સલાહ અને સૂચના આપતા અને ઘરધણીને કશી પણ તકલીફ પડવા દેતા નહોતા. આજે લોકોમાંથી આ જાતની સહકારની અને સંબંધની ભાવના નષ્ટ થઇ ગઇ છે. સ્ત્રી કે પુરુષો તૈયાર ભાણે જમવા આવે છે, માન અને સ્વાગતની ઇચ્છા રાખે છે અને તેમાં

કાંઈ ઊણપ, કચાશ કે અછત રહી ગઇ હોય તો ઘરધણીની વગોવણી કરવામાં કશી કચાસ રાખતા નથી. જો આમ હોય તો જમણની મહત્તા શી ? જમનારની યોગ્યતા ન હોય તો જમાડવાથી લાભ શો ?

એટલે જમણવારનો પ્રશ્ન જે દિવસે દિવસે બહુ અટપટો, ખર્ચાળ અને હેતુશૂન્ય થતો જાય છે, તેનો વિવેક અને બુદ્ધિપૂર્વક વિચાર કરી તેને આનંદજનક અને ઉલ્લાસપ્રેરક કેમ બનાવવો તે માટે સમાજે તેને ત્વરિત હાથ ધરવો જરૂરનો છે, હેતુ સચવાઇ રહે, ઘુસી ગએલા અનિષ્ટ તત્ત્વો દૂર થાય, અને સૌને જમણ કરવાની ભાવના અને ઉત્સાહ ચાલુ રહે, તે રીતે ઊકેલ લાવવાની જવાબદારી સમાજનાયકોને શીરે રહે છે તે તેઓએ ખાસ ખ્યાલમાં રાખવાનું છે.

**માંડવો :—**

(૧) માબાપની હોંશ, ચઢીઆતી શોભા અને ભપકો કરી દેખાડવાના કોડ, નામના અને કીર્તિ કમાવાની તીવ્ર ઇચ્છા અને એ રીતે ધન ઉપરનો થોડોઘણો આવા પ્રસંગોમાં મોહ ઉતારવાની અભિલાષા—આ અથવા આવી અન્ય કોઈ અકળ ઊર્મિને લઇને કોઈ કોઇ વખત એવા સરસ અને સુંદર મંડપો લગ્નપ્રસંગે બાંધવામાં આવે છે કે સેંકડો અને હજારો માણસો તે જોવા આવે છે તેમજ તે જોઇને આનંદ પામે છે. કળા, સૌન્દર્ય, કારીગરી, રચના એટલું સરસ રીતે અને બુદ્ધિપૂર્વક ગોઠવવામાં આવ્યા હોય છે કે જે જોઇને સૌ કોઇ પ્રશંસા કરે. તેમાં બત્તીઓ, ફુવારા, બરફના પહાડ વિગેરેની એટલી સરસ અને કળારસિક ગોઠવણી કરેલી હોય છે—જાણે સ્વર્ગની સુંદરતા મનુષ્યલોકમાં સાક્ષાત્ ઉતરી આવી ન હોય ! શ્રીમંતો આવા ખુશાલીના શુભ પ્રસંગે આવી કળાને પોષે અને જનતાને કળારસિક બનાવે તે જરૂરનું છે. આ રીતે જ કળા અને કારીગરીને પ્રોત્સાહન મળે અને નાણું જનતામાં ફરતું રહે. સમાજવાદનો હેતુ પણ આ જ હોય છે.

(૨) આવી શોભા પાંચ, દસ કે પંદર દિવસ સુધી ચાલુ રહે તો અનેક લોકોને જોવાનો લાભ મળે. પ્રદર્શનો અમુક દિવસો સુધી ચાલુ રાખવાનો હેતુ આ જ હોય છે. પરંતુ તેને બદલે લગ્નપૂરતા પ્રસંગ સુધી જ આવા મંડપો રહે છે અને મુંબઇ જેવા શહેરમાં તો માત્ર ચોવીસ કલાકમાં જ હતું-નહોતું કરી નાખવામાં આવે છે. આ પ્રથામાં ફેરફાર થવો જોઇએ. અત્યારે તો થોડા કલાકમાં શોભા ખાતર હજારથી માંડી એક લાખ રૂપીઆ સુધી લગ્નમંડપમાં ખરચાય છે, હજુ તેવા ખર્ચનારા છે, તો વાડીવાળા અને મંડપ બાંધનારા સાથે અગાઉથી નક્કી કરી થોડા વધુ દિવસ આ શોભા ચાલુ રહે અને બીજાઓના લગ્નપ્રસંગમાં તે જ મંડપનો લાભ બીજાઓને આપવાનો પ્રબંધ હોય તો કેટલું સારું ! નાટકના એક પ્રવેશની જેમ મહાપરિશ્રમે તૈયાર કરેલી કળાની સુંદર કૃતિ થોડા જ સમયમાં આપણા જ હાથે નષ્ટ થઇ જાય તેમાં શું ફાયદો ? તેને બદલે આવું એક કાયમી સ્થળ શા માટે ન હોવું જોઇએ ? લગ્નસરાની એક જ મોસમમાં અનેક મંડપોમાં જે પૈસા ખર્ચી નાંખીએ છીએ તેટલી જ રકમમાંથી કાયમી સુંદર મંડપ બની શકે. આ પ્રશ્ન અનેક દૃષ્ટિએ વિચારી તેનું ફળદાયી પરિણામ લાવવાની જરૂર છે.

(૩) મુંબઇ જેવા શહેરમાં સગવડવાળી, વિશાળ જગ્યાવાળી વાડીઓની બહુ જ અછત છે. મોટા ભાગે લોકો માધવબાગ કે લક્ષ્મી-નારાયણ મંદિર( ગોવાલીઆ ટેંક )ને પસંદગી આપે છે. લગ્નસરામાં આવા સ્થળોમાં દરેક લગ્નમીતીએ કોઇ ને કોઈ સમારંભ હોય છે. આ સ્થળોમાં અને બીજી બધી વાડીઓમાં જુદી જુદી મીતીના લગ્નમાં જુદા જુદા કોન્ટ્રાકટરોના મંડપો નક્કી થયા હોય છે; ત્યારે એવું બને છે કે આજે એકનો માંડવો છોડાતો હોય છે અને બીજી જ પળે બીજાનો માંડવો બંધાતો હોય છે. આથી દરેક લગ્નવાળાને જુદો જુદો ખર્ચ લાગે છે અને પૂરેપૂરી મોટી રકમ આપવી પડે છે અને દરેક મંડપ બાંધનારને જુદી જુદી મહેનત કરવી પડે છે તેમજ મજૂરી ખર્ચવી પડે

છે. અર્થશાસ્ત્ર અને કરકસરના સિદ્ધાંતથી આ કેટલું વિરુદ્ધ અને અજુગતું છે! આ દુર્વ્યય ન અટકાવી શકાય? એક જ માંડવે અનેક લગ્ન વારાફરતી થયા કરતાં હોય તો દરેકને કેટલો બધો ફાયદો થાય?

**બેઠક :—**

(૧) કન્યાને માંડવે બધી લગ્નવિધિ થતી હોય છે. એટલે તેનો ઉપયોગ કન્યાપક્ષ અને વરપક્ષના વરઘોડામાં આવેલા સાજનના સૌ માણસોએ આખો સમય કરવાનો રહે છે, પરંતુ વરને માંડવે તો મીજલસની બેઠક અને તે પણ વરઘોડાના સમય સુધી જ માંડવાનો ઉપયોગ કે મહત્તા હોય છે. એટલે માત્ર એકાદ કલાક માટે કોચ, ગાલીચા, ખુરસી, રોશની અને શણગાર માટે હજારો રૂપીઆ ખર્ચાય છે. શ્રીમંતનો શોખ ધીમે ધીમે રૂઢી અને પ્રચલિત રિવાજ બની જાય છે અને મધ્યમવર્ગ પણ તેને આધીન બની જાય છે.

**પાનગુલાબ, પીણું અને આઇસ્ક્રીમ :—**

(૧) વર અને કન્યાપક્ષને શક્તિ અનુસાર અથવા ઈચ્છા વિરુદ્ધ આ બધું કરવું પડે છે. જમણવાર કરતાં કંઇક ઓછો પણ એકંદરે આટલા સ્વાગતમાં પણ એટલો બધો ખર્ચ લાગે છે કે જે મધ્યમવર્ગને વસમો લાગે છે. તે કામ પણ ભાડુતી માણસો રાખી કરાવવું પડે છે. જો આવું ન રાખે તો હાજરી કોઇ ન આપે તેવી ભીતિ રહે છે. દેશમાં આ રિવાજ નથી છતાં ત્યાં સૌ સંબંધીજનો આવે છે. મોટા શહેરમાં એક જાતની ફેશન થઈ પડી છે. વેવિશાળમાં ઘણી જ્ઞાતિઓમાં ચા, દૂધ, શરબત કે આઈસક્રીમ આપવાની પ્રથા બંધ કરવામાં આવી છે અને છતાં સંખ્યા અને હાજરી ઓછી રહેતી નથી. લગ્નમાં આ પ્રથા તદ્દન બંધ થવાની ખાસ જરૂર છે. ખાસ કરીને કન્યાવાળાને ત્યાં તો ખાસ બંધ થવાની જરૂર છે. કેમકે તેમને બેવડો બોજો પડે છે અને પોતે ક્રિયામાં અને સ્વાગતમાં રોકાએલા હોય એટલે સરખી વ્યવસ્થા પણ જાળવી ન શકાય. નાળિયેર વહેંચવાનું જેમ બંધ થતું ગયું તેમ પીણું અને આઇસ્ક્રીમ પણ બંધ કરવાની જરૂર છે.

(૨) આપણા લોકો અને ખાસ કરીને બાળકો અને સ્ત્રીઓ પીણા અને આઇસ્ક્રીમ માટે એટલી બધી પડાપડી અને લૂંટાલૂંટ કરે છે કે જાણે કોઈ દિવસ કદી ભાળ્યા જ ન હોય. એક વખત મળ્યા હોય તો પણ બે ચાર વખત લેતા અચકાતા નથી. જ્યાં જનતા સમજુ કે સંતોષી ન હોય ત્યાં આ બધી વસ્તુની લાણી દુઃખરૂપ, કંટાળામય અને ત્રાસજનક થઈ પડે છે, વિના આમંત્રણવાળા ન્હાના મોટા અનેક મંડપમાં દાખલ થઈ જાય છે અને એવી ખેંચાખેંચ કરે છે કે તે જોઇને સારા સજ્જનોને કરુણા ઉપજે છે, વસ્તુના મૂલ્ય જેટલો જ વહેંચણીના કામનો ખર્ચ લાગે છે.

(૩) પ્રતિપક્ષે કદાચ કોઈ એવી પણ દલીલ કરે કે લગ્ન જેવા આનંદના અવસરોમાં ખાવાનું, પીવાનું કે આનંદવિનોદનું કાંઈ જ ન હોય તો પછી લગ્નની મોજ શું? અને આવે પ્રસંગે ખર્ચ કરીને લ્હાવો ન લઇએ તો પછી બીજા કયા પ્રસંગે તે લઈ શકાય! તેનો યોગ્ય ઉત્તર એ છે કે "છતી શક્તિએ વાપરીએ નહીં તે પણ સમાજદ્રોહ છે અને શક્તિ ન હોય અને કુલણજી થઇએ તો તે પોતાને જ બોજારૂપ છે." પરોણાગત પ્રેમની જોઇએ, સ્વાગત, સ્નેહ અને અંતરની ઊર્મિના જોઇએ, મનના ઉમળકા વિના કરેલાં કામોથી સાચો આનંદ કે સંતોષ થતો નથી.

વરઘોડો :—

(૧) અગાઉ જ્યારે નાની ઉંમરના લગ્ન થતા હતા ત્યારે ૧૪ થી ૧૮ વર્ષના વરરાજાને ઘોડે બેસવાના કોડ રહેતા. મોટા શહેરોમાં તો હવે ઘોડે બેસવાનો રિવાજ લગભગ બંધ થઇ ગયો છે. ખુલ્લી ગાડી કે મોટરમાં બેસી વરરાજા વરઘોડામાં નીકળે છે. બાઇઓ પણ ઘોડાગાડીમાં નીકળવાને બદલે વરરાજાની પાછળ ગાતા ગાતા પગે ચાલે છે. હવે તો રાત્રિના બદલે સમીસાંજ પહેલાં જ વરઘોડા નીકળે છે, એટલે દીવાબત્તી અને ફુલવાડી વિગેરેનો ખર્ચ બંધ થઈ ગયો

છે અને તે સારું થયું છે. વરઘોડો નિયત સમયે નીકળે છે અને હસ્તમેળાપની ક્રિયા પણ મુકરર કરેલ સમયે જ થાય છે. આથી આવનારાઓના સમયની બરબાદી થતી નથી. અનેક સ્થળે હાજરી આપવાની હોય તો માણસોને બહુ તકલીફ કે દોડધામ રહેતી નથી.

( ૨ ) બેંડ વાજા વિના વરઘોડામાં ચાલતું જ નથી. તેના વિના વરરાજાને પોતાને પણ સંતોષ થતો નથી. ગમે તેટલા પૈસા આપવા પડે તો પણ બેંડ તો જોઇએ જ. પોતાના ગામમાં કદાચ બેંડ ન હોય તો બહારગામથી બેંડ મંગાવે અને તેને માટે બસો પાંચસો રૂપીઆ આપવા પડે તો વાંધો નહી; પણ બેંડ તો જોઇએ જ. ભણેલા વરરાજાને પણ બેંડનો અને વરઘોડાનો મોહ જતો નથી.

( ૩ ) પરણનાર વરરાજા એમ માનતા હોય છે કે આ રીતે ઠાઠ-માઠથી વરઘોડો નીકળે તો બધા લોકોનું ધ્યાન બેંડના અવાજથી વરરાજા તરફ આકર્ષાય. વરરાજાનો ચહેરો, પોષાક, રૂપ અને બેસવાની છટાથી લોકો અંજાઇ જાય અને વરરાજાની વાહવાહ બોલાય એ જોવા વરરાજા બહુ આતુર હોય છે, પણ તે બીચારાને ખબર નથી હોતી કે જનતાને તો તેની કશી પરવા નથી હોતી. સેંકડો વરઘોડા નીકળતા હોય છે અને સેંકડો વરરાજા ઘોડે ચઢીને કે મોટરમાં નીકળે છે, પણ તે કોણ છે તે જાણવાની જગતને શું દરકાર છે? આ તો વરરાજાનો મિથ્યા મોહ કે વ્યામોહ હોય છે.

( ૪ ) વરઘોડાની વિશેષતા કશી નથી. આ એક રીતનું મિથ્યા-ભિમાન છે અને ખોટા ગર્વનું પ્રતિબિંબ છે. આજના વરઘોડાની કોઇને કશી કીંમત નથી. ઊલટું રસ્તે જનારને તો વરઘોડો એ એક તમાશો અથવા રસ્તો રૂંધનાર સરઘસ સિવાય બીજું કશું લાગતું નથી.

( ૫ ) વરઘોડા બંધ થઇ જાય તો શું તે ઇચ્છવા યોગ્ય નથી? લશ્કરી કૂચની માફક વરઘોડાના સાજનમાં શીસ્ત, વ્યવસ્થા અને પદ્ધતિસરની લાઇનબંધ હારમાં ચોક્કસ સંખ્યાથી કૂચનું સુંદર દૃશ્ય

જોવા મળે તો તો લોકોને પણ વરઘોડા જોવા ગમે, પરંતુ અત્યારે તો જે રીતે વરઘોડા નીકળે છે તેવા વરઘોડાની મહત્તા લોકોના મનને કશી કીંમત નથી.

( ૬ ) જમાનો આજે એ માગે છે કે વરઘોડાની પ્રથા બંધ થવી જોઇએ. અને વરકન્યાના બન્ને પક્ષના સૌ સભ્યોએ એક જ નક્કી કરેલ સ્થાનમાં ભેગા મળીને મુહૂર્ત સમયે થતી લગ્નવિધિની ક્રિયા બહુ સુંદર રીતે વરકન્યાની આસપાસ શાંત ચિત્તે બેસીને નીહાળવી જોઇએ. અને હસ્તમેળાપ થઈ રહ્યા પછી વરકન્યા સૌની પાસે જઈ વ્યક્તિગત દરેકને પગે લાગે ત્યારે દરેકે તેમને આશીર્વાદ આપવા જોઇએ અને જે કાંઇ ભેટ આપવી હોય તે તે વખતે આપવી જોઇએ. આ રીતે મળેલી ભેટ કે રોકડ રકમ વરકન્યાની માલિકીની રહેવી જોઇએ.

**ચાંદલા :—**

( ૧ ) લગ્ન પ્રસંગે સંબંધ અને અરસપરસના વ્યવહાર પ્રમાણે ચાંદલો કે ભેટ આપવાનો રિવાજ પુરાણા સમયથી ચાલ્યો આવે છે. આ રિવાજનો હેતુ બહુ જ ઉત્તમ હતો કે દર વરસે કકડે કકડે એકેક બબ્બે કે પાંચ રૂપીઆની રકમ બીજાને ત્યાંના લગ્નપ્રસંગે આપણે આપી હોય તે આપણને બોજારૂપ ન થાય. અને આપણે ત્યાંના લગ્નપ્રસંગે આપણને ચાંદલાની સારી એવી રકમ આવે તો આપણને લગ્નના ખર્ચમાં કામમાં આવે અને મોટા ટેકારૂપ થાય. એટલે રોકડ રકમ આપવાનો રિવાજ વિશેષ પસંદ કરવા લાયક છે.

( ૨ ) પરંતુ કપડા, દાગીના કે ભેટની બીજી ચીજો આપવાનો રિવાજ વધતો જાય છે તે બોજારૂપ થાય છે અને તે ઇચ્છવા યોગ્ય નથી. કેમકે ભેટની ચીજો ઉપર અધિકાર વર કે કન્યાનો રહે છે. એટલે રોકડ રકમ લગ્નના ખર્ચમાં ઉપયોગમાં આવી શકે છે, પણ ભેટની વસ્તુ તો ભારરૂપ અથવા કબાટમાં શોભારૂપ થાય છે. બીજાને ત્યાંના લગ્નમાં તેમાંથી ભેટ આપવાના કામમાં તેનો ઉપયોગ થાય છે; તેને વેચીને તેના પૈસા કરતા નથી.

( ૩ ) ચાંદલો આપનારને ખરી રીતે જમાડવા જોઇએ અથવા તેમને ત્યાં મીઠાઈની ટોપલી મોકલવી જોઇએ. અત્યારના મોંઘવારીના સમયમાં આ વ્યવહાર લાભકર્તા નથી પણ બોજારૂપ થાય છે. અને જેનો ચાંદલો આવે તેને ત્યાં લગ્નપ્રસંગે જો કોઇ કારણસર ચાંદલો દેવો લેવો તેમાં પ્રેમ કે સંબંધ નથી રહ્યા, પણ જમા ઉધારના ખાતા, પાના ફેરવીને જોવાની આદત હોવાથી, અને વ્યવહાર એ ખાંડાની ધાર ગણાતી હોવાથી, સુખને બદલે દુઃખરૂપ બની ગયો છે. આ સંજોગોમાં ડાહ્યા માણસો માટે ઉત્તમ એ છે કે ચાંદલો લેવાનું જ બંધ કરી દેવું. અને આપણી શક્તિ હોય તો દરેક સ્નેહીને ત્યાં પ્રસંગે યથાશક્તિ ચાંદલો આપવો. આથી કોઇના ઉપકારમાં રહેવાનું બંધ થઈ જશે અને લોકોને કશી ટીકા કરવાનું કારણ રહેશે નહીં.

( ૪ ) વ્યવહારનો અર્થ લોકો એવો કરે છે કે જેટલું આપણે બીજાને આપ્યું હોય તેટલું તેણે આપણને પ્રસંગે પાછું આપવું જોઇએ. ખરો નિયમ એ જોઇએ કે સુખી અને શ્રીમંત માણસ વધુ ચાંદલો આપે અને ગરીબ માણસ પોતાની શક્તિ અનુસાર શ્રીમંતને ત્યાં ચાંદલો આપે. આ રિવાજ હોય તો જ ગરીબને ચાંદલો ખર્ચમાં મદદરૂપ થાય–આવો ઉદાર ભાવ રાખતા આપણે ક્યારે શીખીશું ?

વાચકગણ આ બધા પ્રસંગોમાં પોતે કયો માર્ગ અખત્યાર કરવો અને શેમાં વધુ લાભ અને હિત સમાયેલું છે તેનો વિચાર કરી મક્કમપણે પોતાના નિર્ણયને વળગી રહી તે પ્રમાણે વર્તવા કટિબદ્ધ થશે અને બીજાઓને તેમ કરવા પ્રેરશે તો સમાજ અવશ્ય સુખી થશે અને શાન્તિ પામશે.

( ૫ )

## રુક જાવ, વિચાર કરો, અને પછી આગળ વધો...!

જગતના જીવોની પ્રવૃત્તિમાં ડગલે ડગલે વધારો અને ઉમેરો થતો જ રહે છે, તેને પહોંચી વળવા માટે તે બધી પ્રવૃત્તિને તેની ઉપયોગિતાના પ્રમાણમાં વ્યવસ્થિત કરવી પડે છે, તેને માટે સમય, શક્તિ, વિચાર અને સાધનો પણ ફાજલ પાડવા પડે છે, અથવા નકામી પ્રવૃત્તિઓ છોડી દઈને નવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકાય છે.

આજે જૈનસમાજમાં પ્રવૃત્તિઓ અને પ્રસંગોમાં ઘણો વધારો થઈ ગયો છે, સંસ્થાઓ વધી રહી છે, પ્રવૃત્તિઓ વધી રહી છે, ખર્ચા પણ વધી રહ્યા છે, માત્ર આવક વધતી નથી અને કાર્યકરોની સંખ્યા પણ વધતી નથી. એટલે જરૂરનું એ છે કે વિવેકદૃષ્ટિ અને બુદ્ધિ-વડે નિર્ણય થવા જોઈએ કે શેમાં શેમાં અટકવું જોઈએ કે થોભી જવું જોઈએ.

ચાલુ પ્રવૃત્તિઓ ઉપર દૃષ્ટિપાત કરીએ. (૧) વ્યવહારુ પ્રવૃત્તિઓ આપણે ઘણી જ વધારી દીધી છે, તેથી જીવનમાં શાંતિ નથી. મનને ક્લેશ અને દુઃખ વધ્યા છે, ઉત્પાત વધ્યો છે અને પરિણામે ક્રોધ વધ્યો છે, ખર્ચા પણ વધ્યા છે; સામાયિક, પૂજા, વ્યાખ્યાન, વાંચન, અભ્યાસ કે યાત્રા પ્રત્યે રુચી અને પ્રેમ ઘટ્યા છે, એટલે આખા દિવસમાં સમય અને પ્રવૃત્તિની ગણના કરીએ તો એમ જણાશે કે— (૨) શ્રમજીવીઓ માટે આજીવિકાની પ્રવૃત્તિ આઠથી દસ કલાકની અને તેની પ્રાથમિક અને પશ્ચાદ્ તૈયારી કે ઘરકામ ત્રણથી ચાર કલાકના રહે છે, બાકીનો સમય ઊંઘ, આરામ કે આળસમાં જાય છે, અથવા ચિંતા, કુથલી કે વ્યસનના સેવનમાં જાય છે. (૩) વેપારીઓનો સમય પણ શ્રમજીવનમાં અને ધંધાના વિચારોમાં જાય છે; અને બાકીનો સમય જાહેર સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં પસાર થાય છે. (૪) ખેડૂત, કારીગર, નોકર, વકીલ, ડૉક્ટર અને વિદ્યાર્થીઓના જીવનમાં મુખ્ય

પ્રવૃત્તિ ધંધાની કે ધ્યેયસિદ્ધિના કામકાજની રહે છે. (૫) જાહેર, પ્રજાકીય, સામાજિક, સાર્વજનિક પ્રવૃત્તિઓ, ધાર્મિક પર્વો કે પ્રસંગોના ઉત્સવો, મહોત્સવો, ઉદ્‌ઘાટન, અધિવેશન, મેળાવડા, આખ્યાન, વ્યાખ્યાન, ચર્ચા, વિચારણા, ઠરાવો અને પ્રવાસકાર્ય અને તેનો છાપાઓમાં આવતા અહેવાલોનો વાંચન દ્વારા પરિચય-આ અને આવા અનેક કાર્યોમાં અને તેની પાછળ જીવનનો ઘણો સમય જાણે કે અજાણે, વ્યસનથી ખર્ચાય છે, સમયની સાથે આંખ, કાન, વાચા અને બુદ્ધિનો ઉપયોગ પણ તે કાર્યોમાં ઘણો વધી ગયો છે અને હજુ પણ વધતો જ જાય છે અને તેમાં ધનનો વ્યય પણ ઘણો વધતો જાય છે. આ બધાનો શાંત ચિત્તે, સ્થિરતાપૂર્વક, વિવેકબુદ્ધિથી વિચાર કરવામાં આવે કે આમાં ઉપયોગી બાબતો કેટલી તો આપણી વિવેકશક્તિ માટે આપણને તિરસ્કાર છૂટે અને મૂર્ખાઈ માટે હસવું આવે.

ધંધાના સરવૈયા કરતાં જિંદગીનું અને જીવનનું સરવૈયું કાઢવું બહુ જ જરૂરનું છે. ન્હાના મોટા સૌ રોજેરોજના જીવનનો હિસાબ લખે અને હિસાબ રાખે તો ઘણો ખોટો ખર્ચ અટકાવી શકે, ઘણી ગેરસમજ કે ચિંતાઓ ટાળી શકાય અને જીવનપંથ ઉજાળી શકે. રોજ ન બને તો દર મહિને કે દર વરસે હિસાબ તપાસે, છેવટે આફત કે આફતના સમયે તારણ કાઢે તો પણ ઘણી મૂર્ખાઈઓ થતી અટકાવી શકે અને ભવિષ્ય સુધારી શકે. આ જાતની તાલીમ દરેકે લેવી જોઈએ અને ટેવ કેળવવી જોઈએ.

આજે છાપાંઓ, પુસ્તકો, સંસ્થાઓ અને તેના અહેવાલો, સભાઓ અને તેની પ્રવૃત્તિઓ બહુ જ વધ્યા છે. નાટક, સિનેમાઓ પણ વધતા ચાલ્યા છે. ઉજમણાં અને અઠ્ઠાઇ મહોત્સવો, ભાગવતી દીક્ષા અને પદવીદાન, જયંતિઓ અને યાત્રાઓ, પ્રતિષ્ઠા અને ઉદ્‌ઘાટનો, પરિષદો અને કોન્ફરન્સો, વ્યક્તિઓના બહુમાન અને સન્માનસમારંભોની પ્રવૃત્તિઓ પણ આપણે ઘણી વધારી મૂકી છે. આ બધી ક્રિયાઓને શુભ પ્રવૃત્તિઓ તરીકે ગણવામાં આવી છે અને એક દૃષ્ટિએ એ જરૂરી

છે, પરંતુ સાપેક્ષવાદ અને નયવાદની દૃષ્ટિએ વિચારીએ તો દરેક પ્રવૃત્તિ અને દરેક કાર્યના પણ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ ભેદો શાસ્ત્રે પણ સ્વીકાર્યા છે. એટલે આ બધી પ્રવૃત્તિઓ શુભ હોય છતાં જે જઘન્ય કોટિની છે; મધ્યમ કે ઉત્કૃષ્ટ કોટિની નથી, છતાં તેના પોષકો તે પ્રવૃત્તિઓમાં જ અહોનિશ રચ્યાપચ્યા રહે છે અને તેમાંથી આગળ વધવાની ઇચ્છા પણ કરતા નથી. આ સ્થિતિ આજે આપણી અને આપણા સમાજની છે.

માટે ગુરુમહારાજોએ, સમાજનાયકોએ, શિષ્ટજનોએ, અર્થશાસ્ત્રીઓએ અને હિતચિંતકોએ "રૂક જાવ, સ્થિર ચિત્તે વિચાર કરો, સમયના વહેણ ઓળખો, સ્થિતિ અને સંજોગોનો ખ્યાલ કરો અને યોગ્ય દિશા તરફ વળો"—આ જાતનો નાદ જગાવવો જોઇએ, તેની બુલંદ અવાજે ઘોષણા કરવી જોઇએ અને તેનો ખૂણેખૂણે પ્રચાર થાય તે માટે પ્રચંડ પ્રયત્ન કરવો જોઇએ, નાયકોએ પોતાની રુઢી–જૂની રીત બદલવી જોઇએ અને લોકહિત શેમાં છે તે નજર સામે રાખીને તે ચાલે સમાજને દોરવી જરૂરની છે. તેઓ નહીં સમજે કે નહીં ચેતે તો સમય પોતાનું કામ જરૂર કરશે. આજે રાજાશાહી નાબૂદ થઈ ગઈ છે અને લોકશાહીની સત્તા ઝડપભેર જામતી જાય છે એટલે સમયને નહીં ઓળખનાર અને તે પ્રમાણે નહીં ચાલનાર સત્તાધીશોનું શાસન કે સત્તા વધુ સમય ટકી શકે એમ લાગતું નથી. બ્રિટિશ જેવી સામ્રાજ્યવાદી રાજસત્તાએ હિંદ, બરમા, સિલોન, ઇજીપ્ત, ઇરાન, ઇરાક વિ.માં પોતાનું આધિપત્ય જાળવી રાખવા અનેક સલામતીઓ રાખી, અનેક યુક્તિઓ કરી વર્ગવિગ્રહ જગાવ્યા, કૌભાંડો રચ્યા, જાળ બીછાવી, કાળા કાયદા અમલમાં લાવી જેલમાં પૂર્યા, ગોળીબાર કર્યા, જેલમાં નાંખ્યા, ફાંસીએ ચઢાવ્યા, કાળાપાણીએ મોકલ્યા કે આડકતરી રીતે માર્યા અને મરાવ્યા; છતાં તેઓને છોડવું પડ્યું, દિશા બદલવી પડી, શત્રુને મિત્ર બનાવવાની ફરજ પડી અને પોતાની રહીસહી સત્તા સાચવી રાખવા માટે ગુલામીમાંથી સ્વતંત્ર બનેલી પરાધીન પ્રજાનો

સાથ પણ માંગવો પડ્યો. તેમની આ સ્થિતિ થઈ તો આપણા મુઠ્ઠીભર જૈન સમાજનું શું ગજું કે શી તાકાત છે કે કાળના વેગ સામે ટકી શકીએ? જાપાન, જર્મની, રશિયા, ચીન એ બધી મહા-સત્તાઓમાં આપણી સામે કેવા પલટા અને પરિવર્તન થઇ ગયા, આ ઈતિહાસ આપણને સમજાય છે? તેમાંથી કાંઈ બોધપાઠ શીખી શકાય છે? સમયના વ્હેણુ ઓળખી શકાય છે? જો તેમ હોય તો જાગ્રત બનો, સાચો ધર્મ અને સાચું કર્તવ્ય સમજો, ઝઘડા, ચર્ચા કે વિરોધમાં બધાનું બલિદાન ન આપો, ચોથ પાંચમનો કદાગ્રહ મૂકી દ્યો. જેઓ માને છે કે જેને જે રુચે તે પ્રમાણે તેમને શુભ કામ કે શુભ પ્રવૃત્તિ કરવા દ્યો, તેમાં અંતરાય ન નાખો, અથવા કલેશ કે વિખવાદ ઊભા ન કરો. આવી સહિષ્ણુતા દરેક પક્ષે કેળવવી જોઇએ. વાદવિવાદથી કે સામસામા ગાળીપ્રદાનથી કોઈ પક્ષ જીત મેળવતો નથી. ઊલટું તેનાથી ક્રોધ, કલેશ કે વિષાદ વધે છે અને સમાજ પાયમાલ થાય છે.

સાધુસમાજ મહાવ્રતધારી અને સંવેગી ગણાય છે, તેમને પક્ષાપક્ષ, મતમતાંતર, ક્રોધ, ઇર્ષા, મમત્વ કે પરિગ્રહ હોવા ન જોઈએ. આજનો સમાજ શિક્ષણ, બુદ્ધિ, સંસ્કાર અને વિચારશક્તિમાં આગળ વધતો જાય છે, તેઓ તેને જ પૂજે છે, નમે છે કે માને છે કે જેનામાં આચાર, વિચાર, વાણી અને વર્તન વેશને અનુરૂપ હોય છે. એ સત્ય છે કે **"વેશ કે વય પૂજાતા નથી; તેમજ માણસ પૂજાતો નથી પણ માણસના ગુણો અને વર્તન વંદનના અધિકારી છે."** જો સાચું જ્ઞાન થાય, સાચી સમજ પ્રવર્તે અને એકબીજા પ્રત્યે બહુમાન રાખવામાં આવે તો બધું દુઃખ ટળી શકે તેમ છે. ભલે આજે જુદા જુદા પંથ, વાડા, ગચ્છ કે ભેદ ચાલુ હોય, ભલે જુદા જુદા ફીરકા પોતપોતાની રીતે ધર્મ માને, પરંતુ જો એકબીજા પ્રત્યે પ્રેમ અને સદ્ભાવથી વર્તન રાખવામાં આવે, સહિષ્ણુતા કેળવવામાં આવે, અને જેમાં મતભેદ ન હોય કે અસમાનતા ન હોય તેવા મહાવીર જન્મકલ્યાણક મહોત્સવ

અને બીજા એવા લોકહિતના સામાજિક પ્રસંગો કે ઉત્સવો સાથે ઉજવવામાં આવે, સહુ સાધુઓ સાથે બેસીને સમાજને સાચે માર્ગે દોરે તો આખા દેશમાં જૈન સમાજની કેવી સુંદર છાપ પડે! વિવિધતામાં પણ એકતા પ્રત્યે દૃષ્ટિ ફેરવવાની જરૂર છે.

એટલે પ્રથમ સહિષ્ણુતાનો ગુણ આપણે સહુ કેળવીએ, પછી સંપ અને સમાનતા વધારીએ, તેમજ મારું તે જ સાચું તેવા મમત્વને તદ્દન છોડી દઇએ, અને 'સાચું અને સારું તે જ મારું' એના વ્રત અને નિયમ લઇએ, સાચે અને ઉન્નતિને માર્ગે દોરે તેમને ગુરુ માની તેમના સાચા ભક્ત બની તેના ઉપદેશનો અમલ કરીએ, અને બહારની બધી પ્રવૃત્તિઓમાંથી ધીમે ધીમે નિવૃત્ત થઇ, યમ, નિયમ, જપ, ધ્યાન, તપવડે દેહશુદ્ધિ અને મનશુદ્ધિ કરી એકાંતમાં રહી આત્માની ખોજ કરવા અંતર્દષ્ટિ કરીએ, મૌન અને આત્મનિરીક્ષણનો મહિમા સમજી તેમાં ધીમે ધીમે આગળ વધીએ તો જ આત્મહિત સાધી શકીએ અને ક્રમે ક્રમે આગળ વધી શકીએ.

આજે પ્રજા સઉથી પ્રથમ "રોટી" માગી રહી છે, પછી "રોજી" માગે છે. તે પછી શિક્ષણ, ધર્મ અને વ્યવહારની નીતિ–રીતિના માર્ગદર્શનની જરૂર રહે છે. ત્યારબાદ મન, વચન અને કાયાના વિકાસ, સદ્ઉપયોગ, સંયમ અને શુદ્ધિ સાધવાની છે અને આખરે તે બધાનો લય કરી આત્મસ્વરૂપમાં રમણતા પામી તેમાં તાદાત્મ્યભાવ આવે તે સ્થિતિએ ક્રમે ક્રમે પહોંચવાનું છે. આ છે પ્રાણીમાત્રનાં જીવનનો સાર.

આને માટે શાસ્ત્રોએ દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ સાધનોનું શરણ બતાવ્યું છે. તેમાં દેવ અને ધર્મ તો સંપૂર્ણ રીતે જગતના કલ્યાણ માટે જ છે એટલે દેવ અને ધર્મ પ્રત્યે દરેક મુમુક્ષુ પ્રાણીને પ્રેમ અને શ્રદ્ધા સ્વાભાવિક જ હોય છે. ગુરુને માટે મહાપુરુષો પોતે જ કહી ગયા છે કે "જે તરે અને બીજાને તારે, જે દેવ અને ધર્મની આપણને ઓળખ કરાવી આપે, જે આપણને સન્માર્ગે દોરે, જે આપણને જ્ઞાન ભણાવે, જે ૧૮ પાપસ્થાનકમાંથી પોતે બચે અને

આપણને બચાવે, તેવા ચારિત્ર્યવાન, વ્રતધારી, સંયમી, જ્ઞાની, ધ્યાની અને પરોપકારી, યોગ્ય મહાપુરુષને ગુરુ તરીકે સ્થાપી તેમની આજ્ઞા પ્રમાણે વિનયપૂર્વક વર્તી ધર્મ પામવો જોઇએ, અને તેમની મારફતે દેવને ઓળખવા જોઇએ. અને આ રીતે ક્રમે ક્રમે ચઢી આત્મસિદ્ધિ સાધીએ ત્યાં સુધી પુરુષાર્થ ચાલુ રાખવો જોઇએ.

જો સમજવા માગીએ અને સમજવાનો પ્રયત્ન કરીએ તો આ બધું સમજી શકાય તેવું હોય છે. ધર્મ અને ધર્મના સિદ્ધાંતો હંમેશાં સાદા અને સરળ જ હોય છે. જો તેમ ન હોય તો સાદા અને ભલા લોકો ધર્મ પામી જ ન શકત અને તેનો ઇજારો માત્ર વિદ્વાનો અને બુદ્ધિવાનોનો જ ગણાત પણ તેમ નથી. ધર્મને વિશેષ પ્રકારે સમજવો હોય તો તે માટે શ્રદ્ધા અને પુરુષાર્થ, એ બે જ જરૂરનાં છે. વાચકગણ! આના ઉપરથી તારે પોતે નિશ્ચય કરવાનો છે કે તારે ક્યાં અટકવું? ક્યે માર્ગે જવું? શું કરવું? અને આત્મહિત કેમ સાધવું?

( ૬ )

# મરણની સાદડી, ઉઠમણું અને સ્ત્રીઓમાં મ્હોં વાળવાનો રિવાજ

દરેક જ્ઞાતિમાં અને સમાજમાં દર વરસે આવા ઘણાં દુઃખદ પ્રસંગો બનતા હોય છે, તેવે પ્રસંગે ઘરના માણસોને દિલાસો અને આશ્વાસનની જ ખાસ જરૂર હોય છે, સગાંસ્નેહી અને જ્ઞાતિજનોની હાજરી અને આશ્વાસનના બે શબ્દો એવા અને એ માટે હોવા જોઇએ કે મરણનું દુઃખ વિસારે પડે અને જ્ઞાનદ્દષ્ટિએ જગતની અસારતાનો ખ્યાલ આવે.

દરેક પ્રચલિત રૂઢી હેતુપૂર્વકની ઉપયોગી અને વ્યવહારમાં તેની જરુરિયાત હોઇને શરૂ થએલ હોય છે, પરંતુ ધીમે ધીમે તે વિકૃત થઇને

એવી પરાકાષ્ટાએ પહોંચે છે કે તેનો મૂળ હેતુ તદ્દન માર્યો જાય છે અને માત્ર દંભ, ડોળ કે વ્યવહાર તરીકે તે રહે છે, આજે મોટા ભાગે મરણ અંગેની બધી ક્રિયાઓ આ પ્રકારની થઈ ગયેલી જોવામાં આવે છે, છતાં નવાઈની વાત એ છે કે તેના પુનરુત્થાનનો પ્રયાસ કોઈના તરફથી થતો નથી.

કેટલીએક જ્ઞાતિ અને કુટુંબોમાં નીચેની પ્રથા અપનાવેલ છે, આપણો સમાજ પણ તેને અમલમાં મૂકે તો તે અવશ્ય આવકારદાયક લેખાશે.

૧. ગમે તે ઉંમરનું માણસ કુટુંબમાં માંદું હોય તો પણ ઘરના ન્હાના મોટા સૌએ સવાર, સાંજ અને રાત્રે તેની ખબરઅંતર પૂછવી, આનંદની અને ઉત્સાહની વાતચીત કરવી, સારવાર કરવી, કપડા તથા બિછાનું બદલાવી સ્વચ્છતા અને સફાઈ જાળવવી અને દરદીને પ્રભુનો પેગમ્બર માની પ્રેમપૂર્વક તેની સેવા કરવી, માંદાના આશીર્વાદ અવશ્ય સત્વર ફળે છે.

૨. અંતઘડીએ દરદીને ધર્મનું આરાધન કરાવવું અને ધર્મ સંભળાવવો, જરા પણ રોકકળ કે રડાકૂટ કરવી નહીં અને છેલ્લો શ્વાસ પૂરો થાય તે પછી પણ પ્રાણપોક મૂકવાને બદલે રામધૂન અર્ધો કલાક ચાલુ રાખવી. આખર સમયે ધર્મના આરાધનથી આત્માની સદ્‌ગતિ કરાવી શકાય છે. મરનારના નિમિત્તે કુટુંબીઓએ જાહેર કરેલું પૂણ્યદાન તેના પ્રત્યેના તેઓના પ્રેમની પ્રતીતિ કે લોકાચારનું પ્રતીક છે.

૩. સ્મશાનમાં અગ્નિસંસ્કાર કે અગ્નિદહનના સમયે મરનાર પ્રત્યેની આપણી લાગણીની અંજલી બહુ જ ગંભીરતાપૂર્વક આપવી જોઇએ. સ્મશાનમાં ગામગપાટા મારવાને બદલે ચિંતાની જ્વાળાનું ધ્યાન ધરતાં "જીવનની અસારતા, જીવનનો આખરી અંજામ, આ રીતનું મૃત્યુ અને દેહનું દહન છે–" એવી આત્મજાગૃતિ રાખી આપણા પોતાના જીવનનો આખો ઈતિહાસ અને જીવનમાં કરેલા અનેક સારાં ખોટાં કૃત્યોનું અવલોકન કરીએ તો જીવનનો પલટો જરુર કરી શકીએ.

૪. સાદડી સમય સવારે અથવા સાંજે ગમે તે એક સમય ત્રણ કલાકનો નક્કી થવો જોઈએ. બ્હેનો માટે બપોરના ૨ થી ૫ અને પુરુષો માટે સાંજના ૪ થી ૭ હોવો જોઇએ. આથી ઘરના લોકોની પણ અનુકૂળતા સચવાય અને આવનારને પણ અનુકૂળતા રહેશે. વધુમાં વધુ બે યા ત્રણ દિવસ સુધી જ સાદડી રહેવી જોઇએ. તે દરમ્યાન જે કોઈ સાદડીએ ન આવી શકે તેણે શોકપ્રદર્શિતનો પત્ર લખી મોકલવો. બીજું સાદડીમાં મરનારની ઉંમર, માંદગી, સારવાર અને ખાસીયત અથવા ગુણગાનનું જ પુનરાવર્તન આખો વખત ચાલુ રહ્યા કરે છે. આથી વાતાવરણની ગંભીરતા તૂટી જાય છે. આ બધો ઈતિહાસ ટૂંકમાં લખી રાખીને તેની બે કે ચાર નકલો સ્ત્રી પુરુષો પાસે મૂકી રાખવી. જેઓને વિગત જાણવાની જિજ્ઞાસા હોય તેઓ વાંચી લે, વાતોચીતો કે બોલવાનું તદ્દન બંધ રહેવું જોઇએ, થોડી માળાઓ મૂકી રાખવી, જેઓને ધર્મની શ્રદ્ધા હોય તેઓ એકાદ બે માળા પ્રભુનામની પોતપોતાના ધર્મ મુજબ મરનારના નિમિત્તે ફેરવે અથવા થોડો વખત શાંત બેસીને પછી જાય.

૫. સ્ત્રીઓમાં રોકકળ, કૂટવાનું, મ્હોં વાળવાનું તદ્દન બંધ કરવું જોઈએ અને વાતો કરવાનું પણ બંધ થવું જોઇએ. જેઓની ઇચ્છા હોય તે માળા ફેરવે કે પ્રભુનું નામસ્મરણ કરે. અથવા થોડો સમય બેસીને પછી જાય. ઘરના સ્ત્રી પુરુષો માટે તો માળા ફેરવવી અથવા ગરુડપુરાણ કે બીજા એવા વૈરાગ્યના ધર્મપુસ્તકનું પારાયણ બેસાડવું તે સહુથી ઉત્તમ, ઇચ્છનીય અને ઉચિત છે.

૬. ઘેર ઉઠમણું કરવું અને પછી બધા સાથે ઉઠીને દેવસ્થાને કે મંદિરે જવું તે કરતાં સીધા મંદિરે મુકરર સમયે ભેગા થવું તે હવે વધુ જરૂરનું અને અનુકૂળતાવાળું છે. ઘણી વખત ઘર આગળ મોટી સંખ્યાના સ્ત્રીપુરુષોને બેસવા માટે પૂરતી જગ્યા હોતી નથી અને તેથી સર્વને બહુ જ અગવડતા અનુભવવી પડે છે. કેટલીક વખત ખુરશીઓ મંગાવી રસ્તા ઉપર ગોઠવવી પડે છે, વર્ષાઋતુ હોય તો

માંડવો ઊભો કરાવવો પડે છે. કામકાજવાળા માણસોને લાંબા સમય સુધી રોકાઈ રહેવું પડે છે, તેને બદલે નિયત સમયે મુકરર સ્થાને પરભાર્યા આવવાનું અને ભેગા થવાનું હોય તો તે વધુ ઉચિત થશે. ખાસ કરીને મોટા શહેરોમાં અતિ પ્રવૃત્તિ અને વસવાટના દૂર દૂરના સ્થળોને લઈને આ પ્રથા જરુરની છે, જેઓ નીકટના સ્નેહી સંબંધીઓ હોય તેઓ ઉઠમણું પૂરું થયા પછી ઘરના માણસો સાથે પાછા ઘેર આવે અને બેસે તે પ્રથા વધુ સારી છે.

ઘણા ભાઈ–બહેનો ચાલી આવતી પ્રથામાં ફેરફાર કરવાના મતના ન હોય, ઘણાઓ યોગ્ય અને સમયોચિત ફેરફાર ઇચ્છતા હોય છે, પરંતુ તેનો અમલ કરવાની અથવા તે અંગેનો સ્પષ્ટ અભિપ્રાય જાહેર કરવાની હીંમત ધરાવતા નથી હોતા; માટે જ આ પ્રશ્નો ચર્ચાપત્રરૂપે સમાજ પાસે રજૂ કરવામાં આવે છે કે જેથી મોટા ભાગની જનતાનો અભિપ્રાય જાણી શકાય અને લોકમત કેળવાય.

●

(૭)

# મૃત્યુ પછીનો વહેવાર કેવો હોવો જોઇએ ?

વ્યક્તિ સમાજમાં જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામે છે. સમાજની સાથે જેટલી ઓતપ્રોતતા તેટલા પ્રમાણમાં સમાજમાં મનુષ્યનું સ્થાન વધુ કે ઓછું અંકાય છે. માણસ બે રીતે જગતમાં પંકાય છે–સારાં કાર્યો અને ગુણોથી, અથવા ખોટા કાર્યો અને અવગુણોથી. પ્રથમ પ્રકારના માણસોના મૃત્યુથી જગત શોક અને દુ:ખ અનુભવે છે; જ્યારે બીજા પ્રકારના માણસોના મરણથી રાહત અને શાંતિ અનુભવે છે.

મરણનું દુ:ખ મરનારને હોય, પાછળનાને શોક હોય અથવા વિયોગનું દુ:ખ હોય, મરનારને તો મરણ પછી પોતાના નિમિત્તે શું

શું બને છે તે જોવાપણું તેને રહેતું નથી. પણ કુટુંબીજનો વ્યવહારની ખાતર મરણક્રિયાનો અને ઉત્તરક્રિયાનો વ્યવહાર રુઢિ અને રિવાજ મુજબ કરે છે. દરેક માણસ અગાઉથી નિર્ણય કરી લખાણ લખીને મૂકતો જાય કે તેના મરણ અંગે શું શું કરવું અને શું શું ન કરવું તો પાછળનાઓની એ ફરજ છે કે મરનારની ઇચ્છા મુજબ વર્તવું.

મરનારના આત્માની શાંતિ, સંતોષ અને સદ્‌ગતિ માટે તેના કુટુંબીજનો પુણ્યદાનનો સંકલ્પ કરીને પાણી મૂકે છે. કેટલાક યાત્રા અને ધર્મક્રિયા કરવાનો, કેટલાક પશુ પક્ષીઓને, અપંગ કે અનાથને ચારો કે અન્નપાણી આપવાનો, કેટલાક બ્રાહ્મણ, સાધુસંત કે બાળકોને ભોજન કરાવવાનો, કેટલાક ગરીબોને અન્ન, વસ્ત્ર કે બીજી મદદ આપવાનો સંકલ્પ કરે છે, જેની જેવી સ્થિતિ, શક્તિ, સંજોગ કે ભાવના તે પ્રમાણે તે સ્વર્ગસ્થના મોભા અને ઇચ્છા અનુસાર કરે છે. શિષ્ટ સમાજમાં મરણ પાછળના કારજના જમણો પ્રાયઃ બંધ થઇ ગયા છે. જેઓ મરણની ક્રિયા અને વિધિમાં જમણ કરવાનું ધાર્મિક અને વ્યવહારિક દષ્ટિએ આવશ્યક ગણે છે તેઓ મરણના જમણ કરે છે. આ શ્રદ્ધા અને વ્યક્તિગત માન્યતાની બાબત છે, જેઓ બીજાને ત્યાં આવા જમણમાં જમવા જતા હોય તેઓ જો પોતાને ત્યાં મરણનું જમણ ન કરે તો તેઓ જરૂર ટીકાને પાત્ર બને, માટે સૌથી પ્રથમ જરુરનું એ છે કે મરણના જમણમાં જમવા ન જવાનો પોતે નિયમ લેવો જોઈએ.

અંતસમયે મરનારને ધર્મ સંભળાવવાનું કારણ એ છે કે તેને બીજા કોઇ વાસનાના વિચારો ન આવે અથવા કોઇ વસ્તુમાં આસક્તિ ન રહી જાય. અંતસમયે જેવી મતિ કે ભાવના હોય તેવી જીવની ગતિ થાય છે. પાપોની ક્ષમા યાચવી, અસત કર્મોનું પ્રાયશ્ચિત્ત લેવું, સર્વ વસ્તુનો ત્યાગ કરવો અને ધર્મનું શરણ સ્વીકારવું, આથી આત્મા ભારથી હળવો થઈ જાય છે, ત્યારપછી છેલ્લા શ્વાસોચ્છ્‌વાસ

સુધી પરમાત્માનું એકચિત્તે ધ્યાન ધરવું, આમ કરવાથી ઘણી કર્મનિર્જરા થાય છે અને જીવની સદ્‌ગતિ થાય છે.

અવસાન થયા પછી ઘીનો દીવો, મ્હોંએ પાણી, પુણ્યદાન, ધર્મ-ક્રિયા, લોટના પિંડમાં રૂપીઓ નાંખી ચોકમાં મૂકી આવવું, મૃતદેહને નનામીમાં પધરાવી શાલ, રેશમી કાપડ કે બીજા વસ્ત્રનું ઢાંકણ, પુષ્પાંજલિ, કૂતરાને ભોજન, ગાયને ઘાસ, સ્મશાનમાં ચિતાને વિધિ-પૂર્વકનો અગ્નિસંસ્કાર—આ બધી મરણને લગતી ક્રિયાઓ રુઢિ મુજબ એક અથવા બીજી રીતે થાય છે અને સ્ત્રી–પુરુષોની હાજરીના પ્રમાણમાં સ્વર્ગસ્થના પ્રત્યેની લાગણી અને સૌની સાથેના સંબંધનું માપ નીકળે છે. મરણ એ શોકનો, દુઃખનો અને જ્ઞાન તથા ધર્મનો પ્રસંગ છે, તે વખતે શું હોવું જોઇએ અને શું કરવું જોઇએ તેની વિચારણા કરવી યોગ્ય છે.

૧. જીવ જાય ત્યારે તેને ધર્મ સંભળાવીએ તો ધર્મના વિચારોથી તે સદ્ધ્યાનમાં રહી સદ્‌ગતિમાં જાય છે.

૨. અવસાન થયા પછી પ્રાણપોક મૂકાય છે અને સ્ત્રીઓ મોટે સાદે રડે, કૂટે છે તે આજુબાજુના રહેવાસીઓને મરણના ખબર આપવા માટે હોય તો ઠીક છે, નહિ તો જો વિયોગના દુઃખનું રુદન હોય તો મુંગું રુદન હોય, પણ મોટા અવાજે ન હોય, અથવા વ્ય-વહારનું ખોટું રુદન ન જ હોવું જોઇએ.

૩. આખી મરણની ક્રિયા ગંભીરતાપૂર્વક થવી જોઇએ. દરેક આવનારે દેહની નશ્વરતા અને સંસારની અસારતા વિચારી પોતાના જીવનમાં બને તેટલા સેવા અને સત્કાર્યો કરવાનો અને મરણ માટે તૈયાર રહેવાનો સંકલ્પ કરવો તેજ ઇષ્ટ છે, મરનારના ગુણો સંભારી તેને અંજલી આપીએ અને તે ગુણો જો જીવનમાં ઉતારીએ તેજ સાર્થકતા છે.

૪. મૃતદેહને ઓઢાડેલ શાલ કે કપડાં બાળી નાખવાને બદલે જરુરિયાતવાળા ગરીબને અપાય તો તેને ઉપયોગી થાય, અથવા પાંજરાપોળ કે ગૌરક્ષા જેવી સંસ્થાને મોકલી દઈએ તો તેમાંથી પશુપક્ષીઓને પાળવામાં મદદરૂપ થાય.

૫. પૂણ્યદાન માટે સંકલ્પ કરેલ રકમનો ઉપયોગ જ્ઞાતિજનો કે ગરીબોને અન્ન, વસ્ત્ર કે કેળવણી અથવા માંદગીની સારવાર માટે આપવામાં થઇ શકે. વ્યક્તિઓને, સમાજ ઉપયોગી સંસ્થાઓને, અપંગ કે અનાથોને અને જીવદયા કે માનવદયાનું કામ કરતી સંસ્થાઓને તેની ઉપયોગિતાના પ્રમાણમાં યથાશક્તિ મદદ આપવી તે અત્યારના જમાનામાં વધુ ઉચિત છે.

૬. મરણની ઉત્તરક્રિયામાં શય્યા કે પૂજ મૂકવામાં આવે છે. મૂળહેતુ તો એ છે કે મરનારના કપડાં, આભૂષણ કે વપરાશની જે જે ચીજ–વસ્તુઓ હોય અને જેનો ઉપયોગ ઘરમાં કોઇએ કરવાનો ન હોય તો તે બધી વસ્તુઓ પુણ્યદાનમાં આપી દેવી કે જેથી જરૂરિયાતવાળાને ખપમાં લાગે. હવે બધી નવી વસ્તુઓ બજારમાંથી લાવીને મૂકવામાં આવે છે. શ્રીમંતો માટે આ બરોબર છે, પરંતુ ગરીબોને દેખાદેખીથી ખેંચાઇને વ્યવહાર ખાતર કરવું પડે છે. કરનારે વિવેક કેળવવો જરૂરી છે.

૭. મરણ પાછળ સમૂહજમણ કરવું કે ન કરવું તે વિષે બન્ને મતો પ્રચલિત છે. તદ્દન બંધ થાય તો ઉત્તમ છે. તેમ ન થાય તો ૫૦ વર્ષથી મોટી ઉમ્મરવાળાના કારજ થાય તેવી છૂટ રાખી શકાય, પણ તે મરજીયાત હોવું જોઇએ, ફરજીયાત નહિ; ટૂંકમાં બુદ્ધિપૂર્વક સ્થિતિ અને સંજોગો અનુસાર દરેક વ્યક્તિએ વર્તવું તે સાચો સમાજવાદ છે.

# આર્થિક વિભાગ

## (૧)

## જૈન સમાજની આર્થિક સમસ્યા

આજે આપણો સમાજ ક્યાં ઊભો છે અને ક્યાં જઈ રહ્યો છે તે આપણે સૌ ઓછા વધુ અંશે જાણીએ છીએ અને સમજીએ પણ છીએ. જેઓ ઊંચે ચઢી રહ્યા છે કે આગળ વધી રહ્યા છે તેઓ સુખી, સંતોષી અને ઉત્સાહી છે. તેમને માટે આપણે વધુ સફળતા અને વધુ આબાદી ઇચ્છીએ, કેમકે તેઓ પ્રગતિના પંથે છે. તેઓ પાસેથી સમાજ એટલી અપેક્ષા રાખે છે કે, 'તેઓ બીજાને તારે અને ઊંચે ચઢવામાં સહાયભૂત બને' તેઓ જૈન તરીકે ઓળખાવવામાં ગૌરવ લેતા હોય તો સમાજના ઉત્થાન માટે બને તેટલું કરી છૂટવાની તેની પ્રથમ અને પવિત્ર ફરજ છે. આ ઉત્તમ કક્ષાનું સ્વામીવાત્સલ્ય અને સાધર્મિક ભક્તિ છે.

પૈસાની મદદ લાંબા સમય સુધી કોઇને કાયમ સુધી આપવાનું કોઈ વ્યક્તિ કે સંસ્થા માટે શક્ય ન જ બને. અને તેમ કરવાથી આળસને ઉત્તેજન મળે, પરંતુ મદદની જરૂરિયાતવાળા પાસેથી તેના લાયકનું કામ આપી મહેનતાણા તરીકે કાંઇ આપીએ, યોગ્યતા કરતાં કંઈક વધુ પણ આપીએ તો મદદ મેળવનાર ઉદ્યમી બનશે અને સમાજને બોજારૂપ નહિ થાય. સાચી માનવદયા આ પ્રકારની હોવી જોઇએ. આવા સ્ત્રી પુરુષોને પ્રથમ અમુક અમુક પ્રકારના મહેનત, મજૂરી કે ઉદ્યોગના કામ શીખવવા માટેનો પ્રબંધ દરેક ગામે સંઘ તરફથી હોવો જોઇએ દરેક સંઘને આ પ્રકારનો ઉપદેશ અને માર્ગદર્શન આપે, એ કામ કોઈ મધ્યસ્થ માતબર સંસ્થાએ કરવું જોઇએ. સૌના સાથ અને સહકાર હોય, દરેકના હૃદયમાં ઉત્કર્ષની તમન્ના હોય, ધર્મ અને ધર્મી માટે

સાચો પ્રેમ હોય તો જ આ કાર્ય સફળ થાય અને તો જ સમાજ અધઃપતનમાંથી ઉગરી શકે. શું આ પણ ધર્મનું એક મહત્વનું અંગ નથી? ધર્મમાં સ્થિર કરવા માટે શક્તિશાળીએ દાનની વ્યાખ્યા સમજવી જોઇએ. અને મદદની ઇચ્છા રાખનારે કંઇને કંઈ મહેનત કે કામ કરીને મદદની માગણી કરવી જોઇએ. કેળવણી માટે મદદ મેળવનારાઓ પાસેથી પણ કંઇ ને કંઈ કામ લેવાય તો તેઓને પણ શ્રમના સ્વાદનો અનુભવ મળશે અને વધુ ને વધુ સ્વાશ્રયી બનતા શીખશે. મદદ આપનારાઓએ આ પ્રશ્ન વિચારવાનો રહે છે.

'જૈન' કોને કહેવો અને કોને ગણવો? આ પ્રશ્ન પણ ઉકેલવાનો રહે છે. જૈન કુળમાં જન્મવા માત્રથી જૈન સમાજના પૈસાની મદદનો અધિકારી ગણાય કે કેમ? જૈન તરીકેના ઓછામાં ઓછા આચાર, વિચાર, ધર્મકરણી, નિયમો, વ્રત, તપ કે સંસ્કારનું પ્રમાણ મદદ લેનારામાં છે કે નહિ? તેની તપાસ કઈ સંસ્થા કેટલા અંશે કરતી હશે? આ બાબતોને મહત્વની ગણવામાં આવે છે કે ગૌણ? માત્ર બુદ્ધિ, હુશિયારી, ઓળખાણ, ભલામણવાળાઓ અથવા ગરિબાઈને જ ધ્યાનમાં લઇને આજે મોટા ભાગે મદદો અપાય છે, પરંતુ ચારિત્ર્ય, વર્તન, ધાર્મિકતા, સંસ્કાર, ધાર્મિક શિક્ષણ, શ્રદ્ધા, દયા અને સેવાભાવ કેવા છે તેની ખાસ તપાસ કે ખાત્રી કોઈ કરતું નથી. અને તે તપાસને કયાંય કશું મહત્ત્વ અપાતું જોયું નથી. સારાંશ કે આજે બુદ્ધિ અને ગરિબાઈ જ મદદની અધિકારી તરીકે સમાજે સ્વીકાર્યા છે, પણ ચારિત્ર્યને ફાળે તો સૌથી છેલ્લો દૃષ્ટિપાત રહી રહીને થાય છે. આ સૌનો સામાન્ય અનુભવ છે, પરિણામે સમાજમાંથી દરેક ખૂણામાંથી એક જ ફરિયાદનો ધ્વનિ સંભળાય છે કે સમાજની મદદથી ભણીને આગળ વધેલા યુવકો પોતે સુખી થયા છે પરંતુ બીજાઓને તેઓ બહુ ઉપયોગી થયા નથી કે થતા નથી. તેમાંથી કેટલાક સારા નીવડયા હશે; પણ તે માત્ર અપવાદ તરીકે જ, નિયમ તરીકે નહિ. આ પરિસ્થિતિ સુધારણા અને ઉકેલ માગે છે. મોટા પગારની નોકરી કે કમાણી કરનારા ડીગ્રીધારી ગ્રેજ્યુ-

એટો અને નાના મોટા વેપારીઓ, એ બેની તુલના કરીએ તો દાનમાં કોણ ચડશે?

કેટલીક મોટી સંસ્થાઓ કે ટ્રસ્ટો પાસે મોટી રકમના ફંડો, ભંડોળો કે નાણાં છે 'અમુક કાર્ય કે હેતુ માટે જ તે વાપરવાના હોય છે. અને તે હેતુ જાળવવો તે ટ્રસ્ટીઓની ફરજ પણ છે. કાયદો પણ તેમજ કહે છે. પરંતુ જે રકમ તુરતમાં વાપરવાની ન હોય અથવા તેનું વ્યાજ કે આવક જ માત્ર વાપરવાના હોય તેવી રકમોના રોકાણ કરી તેમાંથી વ્યાજ કે આવક આપણે ઉપજાવીએ છીએ. આ બાબતમાં વિચારવાનું એ રહે છે કે દેશના કાયદા તથા ધર્મના સિદ્ધાંતને બાદ ન આવે તે રીતે આ રકમનું રોકાણ સમાજ–હિતનાં કામો, જેવાં કે નિરોગી, સ્વચ્છ અને સુખાકારીવાળાં સાદાં મકાનો, સંસ્કાર અને શિક્ષણ આપતી પાઠશાળાઓ, બાળમંદિરો અને નિશાળો, કામધંધો અને હુન્નર–ઉદ્યોગ શીખવનારી સંસ્થાઓ, તત્ત્વજ્ઞાન અને ફિલસુફીના અભ્યાસવર્ગો–આ અને આવાં ઘણાં કાર્યો કરી શકાય. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના સિદ્ધાંતનો અમલ અને ઉપયોગ બધા ક્ષેત્રે જ્યારે કરી શકીએ ત્યારે જ સર્વાંગી વિકાસ સાધી શકાય.' 'કંઈક કરવાની તાકીદે જરૂર છે.' એમ સૌ કોઈ કહે છે અને ઇચ્છે પણ છે. પણ 'કરે કોણ?' એ જ પ્રશ્ન છે. જેઓ નાયકો છે, જેના હાથમાં સત્તા, સુકાન અને શક્તિ છે તેઓ લોકભયથી ડરે છે અને વિરોધ કે ટીકાનો સામનો કરવાની હિંમત તેમનામાં નથી. તેમ તેઓમાં એકરાગતા કે સમાજ-હિતની તમન્ના પણ નથી. એટલે તેઓ તટસ્થભાવ અને મૌન સેવે છે. પોતે પૈસાનો ભોગ ન આપે કે ન આપી શકે તો કંઈ નહિ; પરંતુ તેમના હસ્તકના વહિવટોના, સંસ્થાઓના અને ટ્રસ્ટફંડોના પૈસાનું આવા કામોમાં રોકાણ કે ઉપયોગ કરવાનો વિચાર અને નિર્ણય કરે તો પણ સમાજનાં ઘણાં દુઃખોનું નિવારણ કરી શકાય. જ્યાં ઇચ્છા અને ઉત્કટ તમન્ના હોય ત્યાં કાયદાનાં બંધનો નડતાં નથી; અને નડે તો તેમાંથી અનેક માર્ગો કાઢી શકાય છે. વ્યવહારમાં, વ્યાપારમાં અને

અદાલતના ઈન્સાફમાં આપણે વાદી હોઇએ કે પ્રતિવાદી, તો પણ આપણો કેસ મજબૂત કરી તે જીતવા માટે આપણે પૂરેપૂરો પુરુષાર્થ અને પ્રયત્ન કરી સફળતા મેળવીએ છીએ, તો પછી ધર્મના અને સમાજના ક્ષેત્રે કોઇપણ કાર્ય પાર કેમ ન પાડી શકાય ? તેમાં મુશ્કેલી શું નડે છે ? એ જ કે 'મારું પોતાનું હિત તે મારું છે, બીજું હિત તે સમાજનું છે; મારું નથી.' આ ભેદ કેમ ટાળવો ? આનો ઉકેલ પૂજ્ય ધર્મગુરુઓ અને સમાજના નાયકો પોતે જ લાવી શકે. તેઓની ઊર્મિઓ જાગે તે માટે સમાજે ઉદ્યમ તથા પ્રયત્ન કરવો જોઇએ. જેના જીવનમાં અશક્ય એ વસ્તુ જ ન હોય તેઓ જ ગમે તે કામ કરી શકે છે. તે માટે પ્રભુ મહાવીરનું દૃષ્ટાંત આપણી સમક્ષ મોજુદ છે.

જ્યારે કમાણી હોય, આવક સારી હોય, ખરચ કરતાં પણ બચતનો વધારો રહેતો હોય ત્યારે થોડો ખોટો કે વધુ ખર્ચ, બગાડો કે પૈસાનો દુર્વ્યય થતો હોય તો તે કદાચ ચાલી શકે અથવા તે ક્ષંતવ્ય ગણાય. પણ જ્યાં આવક ઘટતી જાય અને ભવિષ્યમાં વધુ ભીંસ આવવાની આગાહી થતી હોય ત્યાં પ્રત્યેક મનુષ્યે ચેતવું જ જોઇએ. અને ખોટા તથા બિનજરૂરી ખર્ચા બંધ કરીને કરકસરથી જીવન-વ્યવહાર ચલાવવો જોઇએ. જૈનશાસ્ત્ર પ્રમાણે જો બરાબર સમજતા હોઈએ તો તેમાં તપ, ત્યાગ, સંયમ, અપરિગ્રહ અને સાદાઈથી જીવન જીવવાનો સૌથી મુખ્ય આદેશ અને ઉપદેશ આપેલ છે; જેનો અમલ કરીએ તો કોઈ જૈન દુઃખી કે યાચકની સ્થિતિમાં હોઇ ન શકે. પરંતુ આજે સાચો અર્થ આપણે સમજતા નથી અને જીવનમાં તેને અમલમાં મૂકતા નથી. એટલે જ જ્યાં ત્યાં દુઃખ અને દરિદ્રતાનાં દર્શન થાય છે અને તેને માટે ચોપાસથી ઊહાપોહ થતો સંભળાય છે. મુશ્કેલીઓ કે ખેંચના પ્રસંગો જીવનમાં અનેક આવતા હોય છે, પણ તે ટાળવા માટે મફત સહાય માગવા કરતાં કામ કે કમાવાની તક માગીએ અને મહેનત કરવાની તત્પરતા રાખીએ તો સ્વમાન સાથે મૂંઝવણનો ઉકેલ લાવી શકાય છે. એક રૂપિયાનું કામ લઇને બે રૂપિયા આપવા તે

સારા છે. પણ વગર મહેનતે માત્ર દાન કે દયા ખાતર મદદ માગવી કે આપવી તેમાં સમાજનો અને આપણો ઉત્કર્ષ છે કે અધઃપતન છે? તેનો ડાહ્યા પુરુષે વિચાર કરવાનો રહે છે.

'न्यायसंपन्न वैभवः' એ પ્રત્યેક જૈનને માટેની શાસ્ત્રાજ્ઞા છે, સંપૂર્ણતયા આ સૂત્રનો અમલ સૌ કોઈ કદાચ ન કરી શકે, પરંતુ ઠીક ઠીક પ્રમાણમાં તો તેવું જીવન દરેકે જીવવું જોઈએ કે નહિ? આજે જો જૈન સમાજના જીવનનું અન્વેષણ કરવામાં આવે તો તપાસમાં શું જણાશે? આજે સમાજમાં કુટુંબકલેશ, ઝગડા, તકરાર, બખેડા, કાવાદાવા, દાવાફરિયાદી અને એવું એવું જે અનિષ્ટ જોવામાં આવે છે તે અગાઉના કરતાં ઓછું છે કે વધુ? દગો, વિશ્વાસઘાત, લાંચ–રૂશ્વત, જૂઠ, અપ્રમાણિકતા, ઈર્ષ્યા અને અનીતિનું પ્રમાણ વ્યવહારમાં અને વેપારધંધામાં વધ્યું છે કે ઘટયું છે? જેઓ શ્રીમંત કે બહુ જ શ્રીમંત બને છે તેમાં પૂર્વજન્મના પુણ્યબળનો અને નીતિનો કેટલો હિસ્સો હશે અને અનીતિનો કેટલો હશે? જુગારને દુર્ગુણ કે વ્યસન કહ્યું છે અને જુગાર અને ચોરીને અનર્થનું મૂળ કહ્યું છે, સટ્ટો કે વાયદાનો વેપાર એક પ્રકારનો જુગાર ગણાય કે કેમ તે તો જ્ઞાની અને તત્વજ્ઞ કહી શકે, પણ આજે આ બે પ્રકારની પાપપ્રવૃત્તિમાંથી આપણે કેટલા પ્રમાણમાં મુક્ત છીએ? અથવા કોણ મુક્ત છે? અલબત્ત અજૈનોની તુલનામાં જૈનોનું જીવન અમુક અંશે સારું, સાત્વિક અને ધર્મભીરુ હોય છે, તેટલા પૂરતો આપણે સંતોષ લઈએ. પરંતુ ક્રમે ક્રમે ધર્મની ભાવનામાં અને ધર્મકરણીમાં તો આપણે ઉતરતા જઈએ છીએ. પરંતુ નીતિ, આચરણ અને વ્યવહારશુદ્ધિનું પ્રમાણ જૈન સમાજમાં ઘટતું જાય તો તે બહુ જ દુઃખદ અને શોકજનક સ્થિતિ ગણાવી જોઈએ. આમાં આપણે વગોવાઈએ તે તો ઠીક પણ ઉત્તમ એવો ધર્મ વગોવાય, અને તે આપણા આવા વર્તનથી વગોવાય તે આપણા માટે બિલકુલ ઉચિત ન જ ગણાય.

સમાજની આર્થિક સ્થિતિ સુધારવી હોય તો ૧. પ્રત્યેક વ્યક્તિએ આવકના પ્રમાણમાં ખર્ચ રાખવો પડશે અને કરકસરથી જીવન ચલાવવું જોઇશે. ૨. ખર્ચ કમી ન થઈ શકે તો ફુરસદના વખતમાં બીજું વધારાનું કામ કરી આવક વધારવી જોઇએ. ૩. વ્યવહાર ઓછો કરી વ્યવહારિક પ્રસંગો સાદાઇથી ઓછા ખર્ચે પતાવવા પડશે. ૪. કુટુંબની નાની મોટી દરેક વ્યક્તિએ ઘરનું કામ જાતે કરી પૈસા બચાવવા જોઇશે અને બહારનું કામ કરી દરેકે ઓછા વધુ કમાવું પડશે. ૫. આળસુ, પ્રમાદી અને દરિદ્રીને ઉત્તેજન આપવું બંધ કરવું પડશે અને ૬. મફતનું મેળવવાની વૃત્તિને ઉત્તેજન આપવું બંધ કરી તેને બદલે પરિશ્રમ કરનારને સ્વાશ્રયી અને સ્વમાની બનાવવામાં સમાજના સાધનોનો ઉપયોગ કરતા શીખવું પડશે. આ બધું કૉન્ફરન્સ જરુર કરી શકે.

●

## ( ૨ )

## ગામડાનો ઉત્કર્ષ કેમ થઈ શકે ?

ગામડામાં જે વિદ્યાર્થીઓ ભણવામાં હોશિયાર હોય તે આગળ ભણવા માટે શહેરમાં જાય છે. જેઓ પૈસે-ટકે ઘસાઇ ગયા હોય અને શરીરે અશક્ત હોય અને પ્રકૃતિએ સાહસિક હોય તેઓ પણ નોકરી કે ધંધાની શોધમાં મોટા શહેરોમાં જાય છે, જેઓ ઉછરતા યુવકો હોય અને જેનામાં આગળ વધવાની તમન્ના હોય તેઓ પણ તક મળતાં ગામ છોડીને પરદેશ જાય છે, મજૂરી કે કામકાજ ન મળતા હોય તેઓ પણ પરદેશ જાય છે. જેઓ સારા કારીગર હોય પણ વધુ કમાવાની ઇચ્છાવાળા હોય તેવા મોચી, ધોબી, હજામ, સુતાર, લુહાર, સોની અને ખત્રીલોકો પણ ગામ છોડીને પરગામ જાય છે. બ્રાહ્મણમાં જેઓ ક્રિયાકાંડી, પૂજારી, જ્યોતિષી કે રસોઇયા હોય તેઓ પણ વધુ ધન કમાવાની ઇચ્છાથી શહેરોમાં જાય છે. જેઓને

ગામડામાં ધન, ધંધો અને ખેતી હોય તેઓ પોતાનો ધંધો વધુ ખીલવવા માટે શહેરોમાં ધંધો કરવા શહેરો તરફ જાય છે. આ રીતે કોઇ અભ્યાસ માટે, કોઇ કમાણી કે નોકરી માટે, કોઈ કામની શોધમાં, કોઈ સાહસ કરવા, કોઇ મજૂરી કરવા, તો કોઈ મોજશોખ કરવા પોતાના પ્રિય વતન એવા ગામડાંને છોડીને નજીકના કે દૂરના મોટા શહેરમાં અથવા પરદેશ જવા પ્રેરાય છે. આ રીતે દરેક ગામડાંની તપાસ લેવામાં આવે તો તુરત જણાઇ આવશે કે દરેક સ્થળેથી સારા, સાહસિક અને હોંશિયાર માણસો બહારગામ ચાલ્યા જાય છે અને ગામડાંની વસ્તી પ્રતિવર્ષ ઘટતી જાય છે.

એટલે ગામડામાં પાછળ રહેનાર લોકો, ખેતીવાડી કરવાવાળા ખેડૂતો અને મજૂરો લેણદેણના પથારામાં અટવાઇ પડેલો વેપારી કે શરાફ અર્ધી રોટીથી સંતોષ માનનારો, દુબળો કે દુર્બળ, માંદો કે વૃદ્ધ, કુટુંબની જંજાળવાળો, કાયદાના કેસોમાં ફસાએલો અથવા સરકારી કે બીજી નોકરીવાળો, વિધવા કે અપંગ, દુઃખી કે દીન, માંદો કે મડીયલ આવા માણસો જ હોય છે. સારા માણસો અને સાહસિકો તો પરગામ ચાલ્યા જાય છે. શહેરોમાં નજર નાખશો તો જનતાનો મોટો ભાગ બહારગામથી અને ખાસ કરી ગામડામાંથી આવેલો હશે. શહેરોમાં આવેલ માણસો એકંદરે બુદ્ધિશાળી, હોંશિયાર અને મહેનતુ તથા ચાલાક હોય છે. કાચાપોચાનો શહેરોમાં કશો ધડો થતો નથી. જેટલા કાચાપોચા માણસો તેમ છતાં શહેરમાં આવીને વસે છે તેઓ ધીમે ધીમે બહુ મહેનતે ઠરીઠામ થાય છે.

આ રીતે ગામડાઓ ધીમે ધીમે ઘસાઇને આર્થિક અને વસ્તીની દૃષ્ટિએ ઘસાતા જાય છે, વેપાર ધંધો પણ ગામડામાં વસ્તી ઓછી થવાના કારણે ઓછો થતો જાય છે, વળી શહેરની રહેણીકરણીનો ચેપ પણ ગામડામાં વધતો જાય છે. શહેરોમાં ધંધાના સ્થાન વસવાટના સ્થાનથી દૂર હોય એના કારણે વેપારીઓ કે દુકાનદારો પોતાને માટે અથવા ઘરાકોને પોતાની દુકાને વધુવાર રોકીને વધુ માલ તેને

વેચવાના ઇરાદાથી હોટલમાંથી ચા, નાસ્તો, પાન કે બીડી મંગાવી ઘરાકનું સ્વાગત કરે છે. પરંતુ ગામડામાં પણ લોકો હોટલનો ઉપયોગ કરવાને ટેવાઈ ગએલા હોય છે. એટલે ગામડામાં સૌથી સારો અને રોકડિયો ધંધો જો કોઇનો વધુમાં વધુ ચાલતો હોય તો તે હોટલ, પાનસોપારી, બીડી, ગાંઠીયા કે નાસ્તો વેચનારાઓનો હોય છે. વળી આજકાલ મુસાફરી બહુ વધી ગઈ હોવાથી મોટર, બસ અને ખટારા-વાળાનો ધંધો પણ ગામડામાં બહુ સારો ચાલતો હોય છે. એટલે આ ધંધાઓ ગામડામાં વધ્યા છે, ફાલ્યાફુલ્યા છે અને એના કરવાવાળા મોટા ભાગે અભણ અને ઉતરતી કોમના માણસો હોવાથી તેઓ શ્રીમંત અને સુખી બન્યા છે અને બનતા જાય છે અને ઉજળીઆત કોમ બીજા જે જે ધંધા કરતી હોય તેમાંથી માંડ માંડ પોતાના ગુજરાન જેટલું કમાય છે. વળી શહેરમાંથી અનેક વસ્તુઓ ગામડા-ઓના ઉપયોગ અને મોજશોખને માટે આવતી હોવાથી ગામડાનું નાણું શહેરમાં વધુ ખેંચાઈ જાય છે. જે ગામડામાં ખેતીની નીપજ અને ઉત્પન્ન સારી થતી હોય અને શહેરમાં વેચાવા જતી હોય તો બહારનું નાણું શહેરમાંથી ગામડામાં વધુ આવે, પણ આ નાણું મોટા ભાગે ખેડૂતો પાસે આવે છે એટલે ખેડૂતો અત્યારે સુખી અને સદ્ધર બન્યા છે અને તેઓનું જીવન સાદું અને સ્વાશ્રયી હોવાથી ધન તેઓના ઘરમાં આજે ભેગું થયું છે કે જે બહુ બહાર નીકળતું નથી. ઘણા વરસનો દુ:ખી અને કચડાએલો ખેડૂત આજે સુખી થયો છે અને સરકારે તેને ન્યાય આપ્યો છે. તેને પરિણામે ખેડૂત મજૂર અને અભણ પ્રજા ઉપર નભતો વેપારીવર્ગ આજે મૂંઝવણ અને મુશ્કેલી અનુભવે છે. હવે જરુરનું એ છે કે ખેડૂત, શ્રમજીવી અને વેપારીઓ વચ્ચે સુમેળ સાધવામાં આવે અને એક બીજા પરસ્પરના સહકારથી સંપીને રહે અને સંબંધ કેળવે, તો બંને વર્ણ સુખી થાય અને ગામડાઓ સમૃદ્ધ બને. લૂંટ, દગો, છેતરપીંડી કે ઠગવિદ્યાથી કશું વળવાનું નથી. તેને બદલે સંપ, સહકાર, સંગઠન અને સમજુતીથી કામ લેવાથી સહુ તરશે. અને સરકાર પણ તે જ માગે છે અને ઈચ્છે છે.

ગામડાંનો ઉત્કર્ષ સાધવા માટે શું કરવું જોઇએ? કોણે કરવું જોઇએ અને કેટલું કરવું જોઇએ તે પ્રશ્નો વિચારણા, ચર્ચા, નિર્ણય અને અમલ માગે છે. પ્રગતિ ન થતી હોય તો તેનું ખાસ કારણ એ છે કે સારું હોય છતાં તેને આપણે અમલમાં મૂકતાં નથી. આપણે એવા જડસુ અને પ્રમાદી છીએ. અને તેથી જ બુદ્ધિજીવી આજે વધુ કંગાળ બનતો જાય છે. હવે તેણે જાગવું જરૂરનું છે. ગામડાં માટે બુદ્ધિજીવીએ આટલું અવશ્ય કરવું જોઇએ.

૧. બુદ્ધિજીવીને શ્રમજીવી અને શ્રમજીવીને જ્ઞાન, શિક્ષણ અને સંસ્કાર આપીને બુદ્ધિવંત બનાવવા.

૨. શિક્ષણ અને ઉદ્યોગોની તાલીમ આપવી અને દરેક પ્રજાજનને હુશિયાર બનાવવા.

૩. પ્રજાજનોએ જાતમહેનત અને સહકારથી ગામડાના રસ્તાઓ, નવાણ, ધર્મશાળા, નિશાળ, દવાખાના, વ્યાયામશાળા, બાગ અને ચોરો બનાવવા. બધા માટે સરકાર તરફ આધાર રાખી બેસી રહેવાનો કશો અર્થ નથી.

૪. સરકારે અને પ્રજાજનોએ કેળવણીની સંસ્થાઓ (સ્કૂલો, હાઇસ્કૂલો અને કૉલેજો) તથા ઔદ્યોગિક શિક્ષણ સંસ્થાઓ (ખેતીવાડી, વૈદકીય, કળાભુવનો, કળાકેન્દ્રો), આરોગ્ય ધામો અને હોસ્પીટલો, નૈસર્ગિક ઉપચાર સંસ્થાઓ, ઢોરઉછેર, નાના નાના ગ્રામ્ય અને ગૃહઉદ્યોગો—આ બધું મોટા શહેરોમાંથી કાઢી કે ખસેડીને ગામડાંઓમાં લઇ જવું જોઇએ. અને તેને માટે સરકારે ઉત્તેજન, પ્રલોભન અને માર્ગદર્શન આપવું જોઇએ.

૫. સહકારી મંડળીઓ સ્થાપી તે દ્વારા દરેક ગામનો વેપાર અને વ્યવહાર સંકલિત કરવો. આ કામ લોકસેવકોને સોંપવું. સંસ્થાઓ ઉપર કાબૂ અને હકુમત લોકસેવકોની હોવી જોઇએ. અને તેઓને માર્ગદર્શન અને તે સંસ્થાઓ ઉપર નિયંત્રણ સ્થાનિક સરકારનું હોવું જોઇએ.

લોકસેવકો તરીકે રવિશંકર મહારાજ, વિનોબા ભાવે, મુનિ સંતબાલજી વીગેરે મોખરે હોવા જોઇએ. અને આ સંસ્થા ઊભી કરવાનું, તેમાં યોગ્ય માણસોની પસંદગી કરીને ભરતી કરવાનું, તેની દેખરેખ અને વ્યવસ્થા રાખવાનું અને માણસોને તાલીમ આપી તૈયાર કરી યોગ્ય કામગીરી સોંપવાનું કાર્ય આવા પ્રખર, પ્રમાણિક, કસાએલા અને પૂરવાર થઈ ચૂકેલા માણસોને સરકારે સોંપવું જોઇએ.

૬. ગામડામાંથી ધન શહેરોમાં ધસડાઇ જતું અટકાવી, તેને બદલે શહેરનું ધન ગામડામાં વધુ કઇ રીતે આવે તે મુજબની અર્થ-વ્યવસ્થા ગોઠવવી.

આ અને આવી અનેક રીતો આપણે અપનાવીએ અને વિના-વિલંબે અમલમાં મૂકીએ તો શહેરોનો ઉકળાટ અને ઉત્પાદ ઓછો થશે; ગામડાંની સ્વચ્છ હવા, પાણી અને ખોરાકથી પ્રજાનું સ્વાસ્થ્ય સુધરશે, ગામડાંઓ સમૃદ્ધ થશે, મ્યુનીસીપાલીટી, લોકલ બોર્ડ કે સરકારી ખાતાંઓની નાણાંકીય ખર્ચાળ યોજનાઓની ઉપાધિ અનેક અંશે ઓછી થશે, અને લોકોના જીવનમાં શાંતિ, સંતોષ, આનંદ અને સુખ સીંચી શકાશે; અને મહાત્માજીએ સેવેલું સ્વપ્ન સિદ્ધ કરી બતાવવાનો આપણને આત્મસંતોષ થશે.

ભૂતકાળમાં અને આધુનિક કાળમાં બ્રીટન બુદ્ધિના બળે, અમેરિકા પૈસા અને વિપુલ સાધનોવડે, જર્મની સંગઠન અને જાતમહેનતવડે, જાપાન સ્વદેશપ્રેમ અને સાદાઈવિડે અને રૂશીયા કાયદા અને રાજતંત્રની રાજસત્તાવડે, પોતપોતાની રીતે અને માન્યતા પ્રમાણે પોતાની પ્રજાનો ઉત્કર્ષ સાધી રહ્યા છે. તેમાંની કોઈ રીત ભારતને કે ભારતવાસીની પ્રકૃતિને અનુકૂળ આવે તેમ નથી. આપણે માટે તો મહાત્માજીએ બહુ વિચાર અને અનુભવને અંતે નક્કી કરેલો માર્ગ અને યોજના જ સહુથી વધુ અનુકૂળ અને બંધબેસતી છે. તે માર્ગ છેઃ " સાદું અને સંયમી જીવન, ઉત્તમ વિચાર, જાત મહેનતનું માહાત્મ્ય, દેશસેવા અને

લોકસેવા, ધાર્મિક વાતાવરણ અને ધર્મશ્રદ્ધા, રાજ્યતંત્રમાં સત્ય, દયા અને અહિંસા અને દેશને માટે જરૂર પડે ત્યારે આત્મબલિદાનની તત્પરતા" આ વિચારોનો અમલ કરવાની તત્પરતા સરકારીતંત્ર, પ્રધાનમંડળ, લોકસભા, રાજસભા કે ધારાસભા, કોંગ્રેસ કે બીજી જે કોઈ સંસ્થા દાખવશે, તેને પ્રજા અપનાવશે, સાથ આપશે અને તારણહાર તરીકે સ્વીકારશે. કાર્યની શરૂઆત ક્યારે થાય છે તેની રાહ પ્રજા આતુરતાથી જોઈ રહી છે.

●

## ( ૩ )

# બેકારી નિવારણ અને આર્થિક વિકાસ

**લોકવાણી** સાચી છે કે 'તેજીની બોલબાળા, મંદીના મ્હોં કાળા' 'પડયા ઉપર પાટુ' 'ગરીબના નસીબ ગરીબ જ હોય' 'હોય ત્યારે તાનામાના, ન હોય ત્યારે છાનામાના' 'ગરીબાઈ એ ગુન્હો નથી.' 'ગરજે ગધેડાને પણ કાકા કહેવા પડે છે' 'ફરે તે ચરે, બાંધ્યું ભૂખે મરે' 'પુત્રના લક્ષણ પારણામાંથી વર્તાય' 'ઝીણો તોય રાયનો દાણો' 'મોરના ઈંડાં ચીતરવા ન પડે' વિગેરે આવી અનેક કહેવતો, ઉખાણા અને લોકવાણીમાં ભારોભાર જ્ઞાન, સમજણ અને સાર ભર્યાં છે. તેના ઉપર બાળકોથી માંડીને વૃદ્ધો સુધી સૌ કોઈ વિચાર કરે તો તેમાંથી આગળ વધવાની પ્રેરણા મળી શકે છે, મુશ્કેલીમાંથી માર્ગ કાઢી શકાય છે અને નવું ચેતન પ્રગટે છે. બેકારો અને આર્થિક સંકટોવાળાને માટે આ કહેવતોની સમજણ બહુ જ સહાયક બને છે.

આજીવિકા મેળવવી એ પ્રશ્ન દરેકને હલ કરવાની જરૂર પડે છે. વિદ્યાર્થીને અને ભણેલાને માટે તે સવાલ સૌથી વધુ મહત્ત્વનો છે. જો બાપદાદાનો ઘરનો કામધંધો કે ઉદ્યમ જેને હોય છે તેઓ જો

તેમાં જ જોડાઇને કામકાજ શીખી લઇને કરે તો તેને નોકરી કરવાની જરુર પડતી નથી. સઈ, સોની, મોચી, કુંભાર, કડીઓ, સૂતાર, લુહાર, કંસારો બાપદાદાનું કામ શીખી લે છે, દુકાનદારના દીકરાઓ દુકાને બેસી દુકાનનું કામ શીખી લે તો તેને પણ નોકરી શોધવા જવું પડતું નથી. આવા માણસો માટે તો સૌથી ઉત્તમ એ છે કે વારસાગત જે કંઈ કામધંધો કે ઉદ્યમ હોય તેમાં જ દાખલ થઈ જવું, તેનો પૂરેપૂરો અનુભવ લેવો અને તે ધંધાને ખીલવવા માટે અને હરિફાઈમાં ટકી રહેવા માટે શું કરવું તે શીખી લેવું અને શોધી કાઢવું, એક જ દુકાનમાં ધંધામાં વધુ માણસોનું ભરણપોષણ કરવું મુશ્કેલ બનતું હોય તો જુદી જુદી દુકાનો કરવી કે જુદા જુદા ધંધા શરુ કરવા અથવા તો પરગામ કે પરદેશ જઇ ધંધો કરવો.

ચાલુ ધંધા અને કામકાજવાળાને મુશ્કેલી નડતી નથી, પરંતુ ૧. જેઓને પોતાનો કશો કામધંધો નથી હોતો, ૨. જેઓના છોકરાઓ શહેરમાં રહી ભણ્યા હોય અને જેઓને ગામડામાં રહી ધંધો કરવો ગોઠતો નથી અને જેઓને શહેરમાં નોકરી કરી શહેરમાં રહેવાનો શોખ હોય છે અને ૩. જેઓ ઉચ્ચ કેળવણી લઈ કોઈ પણ વિષયના નિષ્ણાત બન્યા હોય કે પરીક્ષા પાસ કરી હોય અને જેઓને તેને લાયકનું કામ મેળવવું હોય તેવાઓ મોટા શહેરોમાં નોકરીના ઉમેદવારો તરીકે મોટી સંખ્યામાં હોય છે, આથી ગામડાના ભણેલાઓ ગામડા છોડીને શહેરમાં વસતા થયા, પરિણામ એ આવ્યું કે ગામડાની વસ્તી, વેપાર અને આબાદી વધુ ને વધુ ઘટતી ગઇ અને શહેરોમાં વસ્તી બહુ જ વધી ગઇ.

લડાઈના સમયમાં સરકારે અનેક ખાતા ખોલ્યા, લડાઇને લીધે સરકારી પ્રવૃત્તિઓ અનેકગણી વધી, અનેક જાતના લડાઈના સાધનો, સામગ્રી અને સામાન સરકારને વહેલામાં વહેલા જોઈએ, મોટી સંખ્યામાં અને મોટા પ્રમાણમાં જોઈએ અને અમુક જાત, બનાવટ, માપ કે અમુક જ કારખાના જોઇએ, દશગણા કે સોગણા

દામ આપવા પડે તો પણ સરકાર આપવા તૈયાર હોય. એટલે સૌના વેપાર, કામધંધા કે ઉદ્યોગો સારા ચાલતા હતા, નફો પણ પુષ્કળ થતો હતો અને તેથી નોકર, મજૂર, કારીગર અને સૌકોઇને પૈસા કે પગાર પણ પુષ્કળ અને સારા પ્રમાણમાં મળતા હતા તેમજ સહુને કામધંધો કે નોકરી મળી રહેતા હતા. આ સમય પૂરો થયો, કમાણી ઘટતી ચાલી એટલે નોકરોની સંખ્યા અને પગારનું ધોરણ પણ ઘટયું. લડાઇના આવશ્યક અંશરૂપ દગો, ચોરી, વિશ્વાસઘાત, નફટાઈ, સ્વાર્થબુદ્ધિ, નિષ્ઠુરતા, અનીતિ, લાંચરુશ્વત વગેરે અનિષ્ટો લડાઈ પૂરી થયા પછી પણ જેમના-તેમ ચાલુ રહ્યા છે, બલ્કે વધુ વધ્યા છે, કેમકે આવક ઓછી થાય એટલે તે વધારવા માટે વધુ તાલાવેલી લાગે છે એટલે માણસજાત વધુ અમાનુષી બને.

આને કારણે શહેરોમાં બેકારોની સંખ્યા વધી છે, વધી રહી છે. જ્યાં આભ ફાટે ત્યાં સરકાર કે સલ્તનત પણ થીગડું દઈ શકે નહીં. બેકારી ન વધે તે માટે સરકાર બિનજરૂરી ખાતાઓ હેતુપૂર્વક નીભાવી રહી છે.

સરકારી વધતા જતા ખર્ચા અને નવા નવા ખર્ચાને પહોંચી વળવા માટે નવા નવા કરવેરા કે તેમાં વધારો સરકાર કરતી જાય છે અને તેમ કર્યા સિવાય સરકારને છૂટકો જ નથી. પછી ફુગાવો પણ વધે. માલોના ભાવોમાં કૃત્રિમ વધઘટ થયા કરે. ખપતમાં ઓછા વધુ પ્રમાણ થયા કરે અને વેપારમાં તેજી મંદીના ભરતીઓટ વારંવાર આવ્યા કરે. અત્યારે આ ઝેરી કુંડાળામાં દેશ, સરકાર અને પ્રજા સહુ કોઇ છે તેમાંથી વહેલીતકે કેમ છૂટવું અને વહેલીતકે સાચે માર્ગે કેમ વળવું તેને માટે સૌ કોઇ પોતપોતાની બુદ્ધિ, સમજ કે શક્તિ પ્રમાણે પ્રયાસ કરી રહ્યું છે. આ મુશ્કેલીમાંથી સહેલાઇથી અને વહેલા મુક્ત થવું હોય તો સૌએ સ્થિતિ અને સંજોગ બરોબર સમજવા જોઇશે અને સમસ્તના હિત માટે સ્વહિતનો અને સ્વાર્થનો થોડો ત્યાગ પણ કરવો પડશે,

ભોગ પણ આપવો પડશે. આ બધી વિચારણા આર્થિક વિકાસ માટે પાયારૂપ અને મહત્ત્વની છે.

સીવીલ સપ્લાઈ ખાતું, કાપડ સુતર કન્ટ્રોલ ખાતું અને બીજા એવા ખાતાઓની ઉપયોગિતા અને કાર્ય ઓછા થઈ ગયા છે છતાં આવા મોંઘવારી અને બેકારીના સમયમાં બેકારીમાં વધુ ઉમેરો ન થાય તે માટે ગમે તેમ કરી આ ખાતામાંથી માણસોને ઓછા કરવામાં આવતા નથી, પરંતુ આ પ્રમાણે ક્યાં સુધી ચાલુ રાખી શકાશે? તે જ પ્રમાણે જે જે રાજ્યમાંથી રેશનીંગ કાઢી નાંખવામાં આવ્યું છે ત્યાં ત્યાં તે માણસોને છૂટા કરવામાં આવ્યા છે. બાકીના પ્રદેશોમાંથી પણ જ્યારે રેશનીંગ સમૂળગું કાઢી નાંખવામાં આવશે ત્યારે બાકીના નોકરોને પણ છૂટા કરવામાં આવશે. આ બધા ભણેલા માણસોને તેમની યોગ્યતા કરતા વધુ પગાર મળતો હતો અને કામ પણ તેઓ મનસ્વીપણે કરતા હતા. ઘડીયાળમાં ટાઇમ થાય એટલે તેઓ કોટ પહેરી ઑફિસમાંથી ચાલી નીકળતા "આજનું કામ આજે જ પૂરું થવું જોઇએ" અથવા "દરરોજ અમુક કામ પૂરું કરી પગાર હક કરવો જ જોઇએ." એવી જવાબદારી કે ફરજનું ભાન બહુ ઓછાને જ હોય છે. આવી બિનજવાબદારીવાળી સરકારી નોકરી જેમણે કરી હોય અને એશઆરામથી જેમણે કામ કર્યું હોય તેઓ સરકારી ખાતા સિવાય બીજે કોઈ પણ ઠેકાણે કામ કરી શકતા નથી. એટલે આવા માણસો નોકરીમાંથી છૂટા થતા બહુ મુશ્કેલીમાં મુકાય છે, જો કે તેને માટે તેઓ પોતે જ દોષિત છે. જેઓ કર્તવ્યપરાયણ, કામની ચીવટવાળા અને પ્રમાણિક પૂરવાર થાય છે તેઓને સરકાર ગમે તે ખાતામાં ગોઠવી દે છે.

બેંકો, વીમા કંપનીઓ અને નાના મોટા એવા ખાતાઓએ લડાઈ દરમ્યાન અને તે પછી ઘણી શાખાઓ ખોલી, ઘણા ખાતાઓ

અને કામકાજ વધાર્યા અને તેથી ઘણા માણસોને નોકરીમાં રાખ્યા પરંતુ જ્યારે કામકાજ ઓછા થયા, હરિફાઈ ઘણી વધી અને કમાણી ઘટી અને ખર્ચા વધતા ચાલ્યા છે એટલે સમયને અનુસરીને તેઓને પણ નોકરો કમી કરવા પડયા, હુન્નર--ઉદ્યોગ અને વ્યાપારના ક્ષેત્રોમાં પણ મંદી આવી એટલે ત્યાં પણ માણસો ઓછા થયા અને કારખાના બંધ પડવાના કારણે ઘણા માણસો બેકાર બન્યા.

જાતમહેનત કર્યા સિવાય ફળ મળી શકે નહિ. જેને ઉન્નતિના શિખરે પહોંચવું હોય તેણે નીચેની હિતશિક્ષા લક્ષમાં રાખવી.

૧. આળસ ન કરો.

૨. દરેક કામમાં નિયમિત રહો.

૩. દરેક કામ ખંતપૂર્વક કરો.

૪. એક ક્ષણ પણ નકામી ન ગુમાવો.

૫. વિચાર, વાણી, વર્તનમાં વિનય, વિવેક ને નમ્રતા કેળવો.

૬. સત્ય, ન્યાય અને નીતિનો પંથ પ્રાણાંતે પણ ન છોડો.

૭. અનુકૂળ સમય, સંયોગ કે તકને જતી ન કરો.

એટલું યાદ રાખો કે સમજવા માત્રથી કાર્ય સિદ્ધ થતું નથી, પરંતુ કાર્ય કરવાથી અને પ્રયત્ન ચાલુ રાખવાથી જ ધ્યેય પ્રાપ્ત થઈ શકે છે.

# વ્યાપારિક વિભાગ

## ( ૧ )

## જૈનો માટે વેપાર-ધંધા અને હુન્નર-ઉદ્યોગની વ્યવહારુ યોજના

**ગ્રામ્ય વિસ્તાર માટે:—**

ભારતની મોટી વસ્તી મુખ્યત્વે ગામડામાં વસે છે. ગામડામાં હજારથી બે હજારની વસ્તીવાળા ઘણા ગામડાઓ હોય છે અને તેમાં પાંચ, દસ કે વીસ પચીસ જૈન ઘરોની વસ્તી હોય છે. કોઇ કોઈ ઠેકાણે તો તેથી પણ ઓછા ઘરો જૈનોના હોય છે. તેઓના છોકરાઓ મુખ્યત્વે નજીકના શહેરમાં બોર્ડીંગ કે બાળાશ્રમમાં રહી અભ્યાસ કરતા હોય છે. એટલે ઘેર તો નાની ઉંમરના છોકરાઓ, બધી છોકરીઓ અને ઉંમરલાયક સ્ત્રી-પુરુષો જ હોય છે. સ્ત્રીઓમાં પણ ઘણીખરી વિધવા બહેનો અને ડોશીઓ હોય છે. ગામડામાં જૈનોનો મુખ્ય ધંધો અનાજ કે મસાલાનો, મણીઆરાનો, સોના-ચાંદીનો કે ધીર-ધારનો હોય છે, કોઇને થોડી ઘણી કદાચ ખેતી પણ હોય છે. મહેનતુ, બુદ્ધિશાળી, શિક્ષિત કે હોંશિયાર યુવકો મોટા ભાગે ગામડા છોડીને મોટા શહેરોમાં જ વસ્યા હોય છે. એટલે જેઓ માંદા, વૃદ્ધ, વિધવા કે વિધુર અથવા કુટુંબની જંજાળમાં અને ઉપાધિમાં ફસાયલા હોય છે અને વતન છોડી શહેરોમાં જઇ ધંધો કરી શકે તેવા ન હોય તેઓ જ ગામડામાં રહેતા હોય છે, અને બીજી નાની ઉંમરના બાળકોની વસ્તી ગામડામાં હોય છે. આ હકીકત ખાસ લક્ષમાં રાખી તેઓ શું કામ કરી શકે કે શીખી શકે તેનો ખ્યાલ કરી તેઓને માટે યોજના ઘડાય

તો જ તે યોજના ફળદાયી થાય. આ વસ્તુ કૉન્ફરન્સે ખાસ લક્ષમાં રાખવાની છે.

ધર્મને બાદ ન આવે અને લોકો સહેલાઈથી કામધંધો કરી શકે એવી રીતના આજીવિકાના ઉપાયો યોજવા જોઈએ, જો કે દરેક જાતની પ્રવૃત્તિ કે આરંભસમારંભમાં વધુ અંશે હિંસા, દોષ કે પાપ તો રહેલા જ છે, પરંતુ ઉદરનિર્વાહ અને આજીવિકા મેળવવા માટે દરેક માણસે ઉદ્યમ અને પ્રવૃત્તિ કર્યા વિના છૂટકો જ નથી. બીજાની કમાણી કે મહેનત ઉપર જીવવું અને પોતે કશી મહેનત ન કરવી ને ન કમાવું એ તો જગતને ભારરૂપ થવા બરોબર છે. ગમે તે કોટીનો પ્રાણી હોય પણ તેણે જગતના ઉત્પાદનમાં પોતાની જાતમહેનત અને શરીરશ્રમનો પૂરેપૂરો યથાશક્તિ ફાળો આપવો જ જોઈએ. શ્રીમંત કે સાધનસંપન્ન માણસે પણ ઘરકામ કે ધંધાદારી કામ જાતે કરવું જ જોઈએ. પરિશ્રમ કર્યા વિના કે પરસેવો ઉતાર્યા વિના ખાવાનો, આરામ લેવાનો કે જીવવાનો કોઈ પણ માણસને જરા પણ હક નથી. આ નિયમ નાના મોટા સૌએ ફરજીઆત પાળવો જ જોઈએ. એક કમાનાર ને દસ ખાનાર કદી પણ લાંબો વખત નભી જ શકે નહિ અને થોડા વખતમાં જ ડુકી જાય. સાધુ મુનિરાજે પણ જૈનોને જાતમહેનત અને સ્વાશ્રયનો સૌથી પહેલો ઉપદેશ આપવો જ જોઈએ. સંસારી જીવ સંસારમાં રહી ન્યાય અને નીતિથી જાતમહેનત કરી કમાય અને બીજાની મદદ લીધા વિના પોતાના કુટુંબનો ખર્ચ પોતે કાઢી શકે અને આવકના પ્રમાણમાં જ ખર્ચ રાખે તે પ્રથમ આવશ્યક છે. સ્ત્રીઓએ પણ ઘરકામ ઉપરાંત બીજો કોઇ પણ ઉદ્યમ કે ઉદ્યોગ કરી કુટુંબની કમાણીમાં પોતાનો ફાળો ફરજીઆત આપવો જ જોઇએ. મજૂર વર્ગ કે ખેડૂતની સ્ત્રીઓ મહેનત, મજૂરી કરી પૈસા કમાય છે, તો જૈન બહેનો અને અન્ય સૌ કોઈ શા માટે મહેનત કરી ન કમાય? દરેક સ્ત્રીએ પણ પોતાની આજીવિકા સ્વતંત્ર કામ કરી મેળ-

વવાની શક્તિ પ્રાપ્ત કરવી જ જોઈએ. આ જાતની તાલીમ, સંસ્કાર, ઉપદેશ કે પ્રચારની સૌથી પહેલી જરૂર છે.

જાતમહેનતનું કોઈ પણ કામ કરવામાં ખોટી શરમ કે સંકોચ હોવો ન જોઇએ. અનીતિ કે ખોટું કરવામાં શરમ છે, પણ મહેનત મજૂરી કરવામાં શરમ શી? આળસુ, એદી ને પ્રમાદી થવામાં પાપ છે પણ શ્રમ કરી કમાણી કરવામાં પાપ નથી. ગુરુવર્ગ આ પ્રકારનો સાચો ઉપદેશ આપે તો આજની આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ બહુ સરળ થઇ જાય. આવી જ મહત્ત્વની બીજી બાબત એ છે કે—"કોઈ પણ ગરીબ, દુઃખી કે રીબાતા માણસને તેની પાસેથી ગમે તે કામ લીધા વિના પૈસાની જરા પણ મદદ આપવી નહિ કે મફત ખવડાવવું નહિ." આપણા જ સહધર્મી ભાઇ બહેનોને મફત મદદ આપવાથી તેઓ વધુ આળસુ અને પ્રમાદી બને છે, તેઓને કામ કરવું નથી અને મફતનું મેળવવાની અને માંગવાની આદત પડી જાય છે. પરિણામ એ આવે છે કે તેના આખા કુટુંબને તે જ સંસ્કાર પડે છે અને છેવટે ભીખ કે મદદ માંગવાનો એક ધંધો થઇ પડે છે. મફતની ભોજનશાળા કે ભાતાથી વધુ લોકો દરિદ્રી બને છે. પાલીતાણા જેવા તીર્થક્ષેત્રોમાં અનેક શ્રીમંતો હજારો રૂપીઆ ગરીબોને જાહેર રીતે અને ખાનગીમાં મદદ કરવામાં વાપરે છે, પણ તેવા મદદ લેનાર ભાઇઓ અને બાઇઓ પાસે રસોઈ, પાણી કે ઘરકામ કરાવીને તેને દસગણા પૈસા આપવામાં આવે તો કામ કરનારનો દુકાળ નહિ દેખાય, આળસને ઉત્તેજન નહિ મળે, સમાજ સમજશે ખરો? અને આ રીતે સૌને ઉદ્યમી બનાવશે ખરો? દયા અને દાનનો સવળો અર્થ સમજવાની હવે બહુ જરૂર છે. દલીલો કરવા કરતાં કરી બતાવીએ તેમાં જ કિંમત છે. રસોઇ કરવાવાળીને બે વખત જમવાનું અને રોજનો એકથી દોઢ રૂપીઓ, પાણીવાળીને ખાવાનું અને આઠ બાર આના રોકડા, કપડા ધોનારને પણ તે મુજબ મળી શકે છે તો તે કામ

જૈન ભાઇઓ કે બહેનો જેઓ કરવા તૈયાર હોય તેઓને તે કામ કરાવીને પૈસા આપવાનો લોકમત કેળવવો જરુરનો છે.

ગામડામાં રહેતા જૈનોને સૌથી પહેલાં એ શીખવવું જરુરનું છે કે—૧. કદી પણ જૂઠું બોલવું નહિ અને ચોરી કરવી નહિ. ૨. બોલવામાં વિવેક, સભ્યતા અને કોમળતા શીખવી. ૩. દરેક ખરીદી અને વેચાણનું કામ જાતે જ કરવું. ૪. લખાણ અને અક્ષરો સુધારવા. ૫. વેપારી નામું, હિસાબ અને પત્રવ્યવહાર ખાસ શીખી લેવા. ૬. ચાડીચુગલી કરવી નહિ કે ખોટી ખુશામત કરવી નહિ. ૭. મફતની મદદ કદિ માગવી નહિ. ૮. સુતર અને ઉન, તકલી કે રેંટીયાથી રોજ કાંતવું. ૯. સીલાઇકામ, ૧૦. વાસણોને કલઇ કરવી કે ધોબા ઉપાડવા. ૧૧ ટીનના ડબાનું રેણકામ અને રીપેર કામ. ૧૨ છત્રી, ઘડીઆળ, શીવવાના સંચા વિ. યાન્ત્રોનું રીપેરકામ. ૧૩ ખેતીવાડીને અંગે જોઇતા ઓજારો, ચીજ વસ્તુઓ, જોતર, દોરડા, જુલ, વિગેરેને અંગેનું સુતારી કે લુહારી કામ. ૧૪ ઇલેક્ટ્રીક બેટરી, બલ્બ, વાયરીંગનું રીપેરકામ. ૧૫ કુંભારના વાસણો ઉપરનું ચિત્રોનું આલેખકામ. ૧૬ સૂડી, છરી, કાતર તથા બીજા ઓજારોનું કામ. ૧૭ ઘરના ધોળ અને રંગરોગાન. ૧૮ ફરનીચરનું સામાન્ય રીપેરકામ. ૧૯ છાપરા ચાળવાનું કામ. ૨૦ સામાન્ય ઘરવૈદક. ૨૧ ખેતીવાડી, ફળફૂલ અને બાગાયતનું કામ. ૨૨ ગોદડા કે રજાઇઓ, ભરતના ચણીયા, થેલી, ચાદરો વિગેરેનું ભરતકામ. ૨૩ કાચા, પાકા સુતરના દોરાના દડી–દડા બનાવવાનું. ૨૪ ચૂર્ણો, ખાંડેલા મસાલા, સુગંધી સોપારી કે તંબાકુ, જુદી જુદી જાતના સુગંધી તેલો અને ધૂપેલ, અથાણા, ચટણી, મુરબ્બા, ચાટણ, પાપડ, સેવ, વડી વિ. ની બનાવટો. ૨૫ દુધ–ઘીનો ધંધો. ૨૬ સારા ઢોરઉછેર અને ઓલાદની સુધારણા. ૨૭ રસોઇ કામ. ૨૮ મિઠાઇ અને ફરસાણની બનાવટ. ૨૯ શાકભાજીની સુકવણી. ૩૦ બોર, જાંબુ, જમરૂખ, કેળા, પોપૈયા, ચીભડા, આરીયા, વિ. ફળોની સુકવણી. ૩૧ જંગલની વનસ્પતિનો પાલો, બીઆં કે ઔષધિના મુળીયાં. ૩૨ શેકેલા ધાણા,

વરીઆળી, જીરૂં, અજમા, ખૂંદ, સુંઠ, પીપર, મરી, સોપારી, ૩૩ બદામની પુરી અને માવાના પેંડા, ફાફડા, હલવા—આવી અનેક ચીજો બનાવવાનું જ્ઞાન અને અનુભવ ગામડામાં રહીને મેળવી લે અને પછી તે તે વસ્તુઓની સારી બનાવટ અને સારું પેકીંગ કરીને મોટા શહેરોમાં વેચવા મોકલે તો તે બધા ધંધા ગામડામાં રહીને કરી શકાય તેમ છે. મજૂરી કે કારીગીરીનું કામ કરતાં શીખી લે તો તેમાંથી ગામડામાંથી જ ગુજરાન મેળવી શકાય. ગાંધીજીના ગ્રામ્ય ઉદ્યોગની યોજના અને સર્વોદયના સ્વપ્નાની સિદ્ધિ આ બધા કામો ગામડામાં રહી ગામડાના લોકો કરી શકે અને નાના નાના ગૃહઉદ્યોગો ગામડામાં સ્થપાય અને ગામડા સજીવન થાય તેમાં જ હતી.

આપણી જૈન કૉન્ફરન્સની એ ઇચ્છા છે કે-ગામડામાં વસતા આપણા જૈન ભાઈ–બહેનોને કંઈક એવું ઔદ્યોગિક શિક્ષણ આપવું કે જેથી તેઓ સૌ ઘર–આંગણે કામ કરીને પોતાનું ગુજરાન સહેલાઇથી કરી શકે. કયા કયા ઉદ્યોગો ગામડામાં સહેલાઇથી સ્થાપી શકાય તે જાણવું પ્રથમ જરૂરનું છે.

૧. ગામડામાં બધી જગ્યાએ વિજળીકબળનું સાધન નથી હોતું કે જેનાથી મશીન કે યંત્રો ચાલી શકે. સ્ટીમ એન્જીનો મોટા ધંધા માટે કામના છે. આજકાલ ક્રુડ ઓઇલથી ચાલતા એન્જીનો કારખાનામાં મોટા ભાગે વપરાય છે કેમકે કોલસા, લાકડા કરતાં ક્રુડ ઓઇલનો ખર્ચ ઓછો આવે છે, પરંતુ શરૂઆત એવા ઉદ્યોગથી કરવી જોઈએ કે જેમાં હાથ અને પગથી મશીનો ચલાવી શકાય અથવા જેમાં યંત્રોની જરૂર ન પડે.

૨. ઉદ્યોગ એવા શરૂ કરવા જોઈએ કે જે બરોબર ચાલે, પરંતુ આખું વરસ કામ મળી રહે. ઉત્પન્ન થએલ માલ બધી જગ્યાએ ખપી શકે અને તે માલ રોજના વપરાશ કે ઉપયોગમાં આવી શકે. જે માલની કાયમ સારા પ્રમાણમાં ખપત રહેતી હોય તેવો માલ બનાવવો તે વધુ જરૂરનું છે.

૩. માટીના વાસણો તથા ઈંટ, નળીયા, ગટરની કે સંડાસની માટીની પાઈપો વગેરે માટીકામ બહુ સહેલું છે અને સસ્તું છે અને પૈસાના બહુ રોકાણ વિના થઈ શકે છે. તે કામ શીખવું બહુ મુશ્કેલ નથી, તેમાં જાતમહેનત છે. પણ આ ધંધો કાયમનો ચાલ્યા કરે. આ માલ ગામમાં પણ ખપે અને આસપાસના દરેક ગામ કે શહેરમાં પણ ખપે. આ વાસણોમાં અનેક જાતો, નાના મોટા માપો અને આકૃતિઓ બની શકે છે. વાસણો ઉપર ચિત્રકામ, નકશી કે કારીગરી પણ થઈ શકે છે. તેથી ચઢીયાતા, ચીની માટીના અને કાચના વાસણો પણ બનાવી શકાય

૪. કાચની, કચકડાની, ઝાડના રસની, લાખની, ધાતુની અને પ્લાસ્ટીકની બંગડીઓનો ઉદ્યોગ પણ ગામડાને વધુ બંધબેસતો આવે છે.

૫. ચુનો, સીમેન્ટ, પ્લાસ્ટર ઑફ પેરીસ, ચીરોડી વગેરેની અનેક શોભાની ચીજો, ટાઈલ્સ તથા રમકડા, પૂતળા, મૂર્તિઓ વગેરે ઘણી વસ્તુઓ બનાવી શકાય.

૬. કેળના થડના રેસા અને પડમાંથી, શેરડીના કૂચામાંથી, અને જુવાર બાજરીના અને બરૂના રાડાની છાલ અને માવાને રંગબેરંગી રંગીને તેમાંથી, અનેક રમકડાંઓ અને અનેક ચીજો બની શકે. તેમજ વડવાઈના રેસા, ભીંડી, નાળીએરી, તાડ, ખજુરા અને બીજા અનેક જાતના ઝાડના રેસામાંથી અને પાંદડામાંથી દોરી, દોરડા, ટોપલી, ટોપલાં, વીંજણા, રમકડાં, પતરાવળાં, દડીયા વગેરે બની શકે. નાળીએરના જાડા છાલા, અંદરના છોલા, કાચલી વગેરેમાંથી અનેક ચીજો બની શકે.

૭. ગુંદર, લાખ, મધ એ બધી વસ્તુનું ઉત્પાદન ગામડામાં, ખેતરોમાં કે જંગલોમાં જ થાય છે. શહેરોમાં નથી થતું અને આજના જમાનામાં આનો અનેક પ્રકારનો વપરાશ વધી ગયો છે. મધને તો મધમાખીના ઉછેરથી અનેકગણું અત્યારે ઉત્પન્ન કરવામાં આવે છે.

ગુંદર અને લાખનો ઉપયોગ રંગકામ માટે અને પોલીશના કામમાં તથા છાપવાના કામમાં અનેકગણો વધી ગયો છે.

૮. લાકડાનું સરાણકામ અને સંઘાડીઆનું કામ અનેક પ્રકારનું થઈ શકે છે. અને તેને માટેનું જોઈતું લાકડું આસપાસમાંથી મળી શકે.

૯. અથાણા, ચટણી, મુરબ્બા, સુકવણી, પાપડ, ખેરો, સેવ, સંભાર, મસાલા તથા કમાવેલા ધાણા, વરીયાળી, અજમા, જીરૂં, મેથી, ખુંદ, પીપર, સુંઠ, મરી, લવીંગ, સુવા વગેરે અનેક ખાવાની ચીજો બનાવીને આખા દેશમાં સારામાં સારો પ્રચાર કરી, સારામાં સારું વેચાણ અને નફો કરી શકાય તેમ છે.

૧૦. ગામડાના ખેડુત, ભરવાડ અને વસવાયા કોમમાં સુતરાઉ અને રેશમી લાલ કે કથ્થાઈ કપડાનું જે ભરતકામ થાય છે અને જેની આજે મોટા શહેરમાં અને ખાસ કરીને શ્રીમંત કુટુંબની સ્ત્રીઓમાં ફેશન થઈ પડી છે તે વસ્તુની એટલી બધી માગ રહે છે કે પૂરતો માલ લોકોને મળતો નથી. આ ચીજોના ભાવો પણ બહુ જ સારા ઉપજે છે. ભરતકામના ચણીઆ, પોલકા, થેલીઓ, ચાકળા, ચંદરવા, ચાદરો, તોરણ, પડદા વગેરે અનેક ચીજોની ઘણી જ માગણી રહે છે. હિંદની ખાસ કારીગરીના નમૂના તરીકે યુરોપ, અમેરિકામાં પણ આ ચીજો જઈ શકે છે.

૧૧. કાથી કે શણનાં પગલુંછણાં, ગાલીચા, કારપેટ વિ. બની શકે છે. હમણાં હમણાં તો સુતરના વેસ્ટને રંગીને ખાટલા ઉપર સુતરની દોરીઓ ઊભી ભરીને તેમાં રંગીન સુતરના ગુંચળાની ગાંઠો બાંધીને અને છેડા કાપી નાખીને રંગબેરંગી ગાલીચાઓ ગુંથવાનું કામ બહુ સારું થાય છે. તે જ રીતે ઉનના ગાલીચા, આસનીયા વિ. પણ બની શકે છે. કાશ્મીરના થોડાક કારીગરો આજે રાજકોટમાં વસ્યા છે અને ગાલીચાઓ બનાવે છે, સીંધી નિરાશ્રિતોની અનેક બાઈઓ ભાવનગર, પાલીતાણા, જેતપુર વિ. ઘણા ગામોમાં મોટા પ્રમાણમાં

ભરવાનું અને શીવવાનું તથા ગુંથવાનું કામ દરરોજ નિયમિત રીતે ધંધા તરીકે કરે છે અને એ રીતે રોજી કમાય છે. આ બહેનો કેવી ઉદ્યમી છે, કેવી મહેનતુ છે અને કેટલી આવડતવાળી છે! તેની પાસેથી આપણી બહેનો કાંઈ બોધપાઠ લેશે ખરી?

૧૨. અગરબત્તી, કાગળની થેલીઓ, શીવવાના દોરાના દડા દડીઓ બનાવવાનું અને શીલાઈનું કામ બહેનો તથા ભાઇઓ શા માટે ન શીખે અને ન કરે? સુતર કે ઉન કાંતવાનો ઉદ્યમ લોઢવા, પીંજવા કે વણવાનો ઉદ્યમ દરેકના ઘરમાં ફરજીયાત દાખલ કરવો જ જોઇએ, તો જ આપણી આળસ, પ્રમાદ કે જડતા ખંખેરાશે.

૧૩. દેશી ઘરગથ્થું દવાઓ, ફાકી, ઉકાળા, ગોળીઓ કે મલમપટ્ટા વૈદક રીતિએ પદ્ધતિપૂર્વક બનાવવામાં આવે તો તેમાં પણ સારામાં સારી કમાણી છે. આંજણ, ધુપેલ, સુગંધી તેલ વિગેરે કેટલા બધા પ્રમાણમાં આજે ખપે છે? પહેલા આ બધા ઘરઉદ્યમ હતા, આજે વેપારીઓ અને કારખાનાવાળાઓ તે ચીજો મોટા પ્રમાણમાં બનાવીને વેચે છે એટલે આપણે આળસુ અને બેકાર બન્યા પણ આ બધા ધંધાને ફરીને સજીવન કરવા હોય તો જરૂર થઈ શકે તેમ છે, આ વસ્તુ અશક્ય નથી.

૧૪. સુતર, કાથી કે સુતળીની દોરી, દોરડા વણવાનું, ખાટલાની પાટી બનાવવાનું, ધાબળા, ચૌફાળ અને પછેડી વણવાનું, સ્ત્રીઓના પહેરવેશના સાડલા, ચણીયા કે પોલકા છાપવાનું કામ સ્ત્રીઓ પોતે શીખે તો શું ખોટું? ગામડામાં ખત્રી, છીપા, રંગારા કે ડબગર લોકો હજી પણ છાપવાનું અને રંગાટનું કામ કરે છે અને તેઓ વાણીઆ કરતાં વધુ કમાય છે.

૧૫. ગામડાના લોકોને માટે, ખાસ કરીને ખેડૂત કોમની સગવડ માટે સરકારની ખાસ ઇચ્છાથી અનેક નાની મોટી સહકારી મંડળીઓ ગામડામાં કામ કરી રહી છે, તેનું સંચાલન અને વહીવટ ગામડાનો

વેપારી ગમે તેમ કરી પોતાના હાથમાં લે અને નેકીથી કામ કરે તો પણ વેપારી સારી રકમનો બદલો મેળવી શકે તેમ છે.

૧૬. આટાની ચક્કી, તેલનો ઘાણો, ચાની હોટેલ કે ફરસાણની દુકાન, મોટર સર્વીસનો ઇજારો–આ ધંધાવાળા જેટલું કમાય છે અને સહેલાઇથી કમાય છે તેટલું મોટી ગાદીવાળો અને શેઠ શાહુકારના વર્ગમાં ગણાતો વેપારી ગામડામાં ભાગ્યે જ કમાતો હશે. અનાજ અને કાપડમાં કન્ટ્રોલ, સીમેન્ટનો કન્ટ્રોલ, ધીરધારના ધંધાની પાયમાલી, જુનું લેણું માંડી વાળવાના કાયદા, ખેડ કર્યા વિના ખેતીની જમીન રાખવાની બંધી, વધુ પડતાં વ્યવહારિક ખરચા–આ બધાથી વેપારી ડૂબ્યો, ડૂક્યો અને ઘસાયો, માટે ભાઇઓ જાગો અને આંખ ઉઘાડીને જુઓ. આળસ ઉડાડી સમયને ઓળખો અને ઘરના સૌ કોઈ જાત-મહેનત કરવી શરૂ કરો.

ઉપર આપણે જોઈ ગયા કે ગામડામાં ઘેર બેઠાં જૈનો શું શું કામકાજ કરી શકે અને પોતાનો નિર્વાહ કરી શકે. ગામડામાં નાના નાના કયા કયા ઉદ્યોગોની શકયતા છે તેનો આ લેખમાં વિચાર કરીએ.

કોઇ પણ ઉદ્યોગ મશીનના ઉપયોગદ્વારા શરૂ કરવાનો વિચાર કરીએ તે પહેલાં બીજી કેટલીક અગત્યની બાબતો કે જેના ઉપર યોજનાની ફતેહ કે નિષ્ફળતાનો મુખ્ય આધાર છે તે બાબતનો વિચાર કરવાની પ્રથમ ખાસ જરૂર છે.

(અ) કામ કરવા અને કામ શીખવા જૈનો તૈયાર છે? તૈયાર ન હોય તો તેમને તૈયાર કરવા જોઇએ. અને કામ ન કરે તેઓને કશી મદદ આપવી ન જોઇએ.

(આ) કામ શરૂ કર્યા પહેલાં તેનાથી ઉત્પન્ન થતી વસ્તુઓ વેચવા માટેનો પાકો પ્રબંધ દરેક મોટા શહેરોમાં હોવો જોઇએ. તે નહિ હોય તો બનેલા માલો પડ્યા રહેશે અને પછી ગમે તે ભાવે વેચવા પડશે. અને છેવટે નિરાશા અને નિષ્ફળતા મળશે.

(ઇ) કામ શરૂ કર્યા પહેલાં કામ શીખનારા અને શીખવીને બીજાને શીખવનારા તૈયાર કરવા પડશે: આનો સરલ ઉકેલ એ છે કે—જે જે ગામમાં બોર્ડીંગો કે વિદ્યાર્થીગૃહો છે. (આજે તો લગભગ દરેક જીલ્લા અને તાલુકામાં આવી કોઇ ને કોઈ સંસ્થા જરૂર હશે જ) તે જ સંસ્થામાં સાધનો ઊભા કરી તેના જ વિદ્યાર્થીઓને અને આસપાસના ગામોવાળાને તાલીમ આપવાની કૉન્ફરન્સે શરૂઆત કરવી જોઇએ. વિદ્યાર્થીઓએ ફરજીયાત તાલીમ લેવી જોઇએ અને તો જ તેમને બોર્ડીંગમાં દાખલ કરવા જોઇએ. બીજાઓ જેઓ ત્યાં કામ શીખવા આવે તેઓને જ પૈસાની મદદ આપવી જોઇએ.

(ઉ) જે જે ગામના સંઘ કે સંસ્થા આ પ્રકારના ઉદ્યોગગૃહો કે તાલીમવર્ગ ઊભા કરે તેઓને કૉન્ફરન્સ તરફથી શરૂઆતના સાધન ખર્ચના અને વાર્ષિક ખર્ચના ૫૦ ટકા રકમની વાર્ષિક મદદ કે ગ્રાન્ટ આપવી જોઇએ. અને કોઇપણ કારણસર વર્ગ બંધ પડે તો તે સંસ્થાની મિલ્કત શ્રી. કૉન્ફરન્સને સોંપી દેવી. આ તાલીમ વર્ગ ચલાવવાની જવાબદારી કૉન્ફરન્સે લેવી જોઇએ.

(એ) દરેક ગામે પર્વ દિવસે ઉપાશ્રય, દેરાસર કે પાઠશાળામાં લાણી કે પ્રભાવના કરીએ છીએ તે રીતે આવા ઉદ્યોગગૃહમાં કામ કરતા દરેક ભાઈ બ્હેનને ઉત્તેજન માટે અવારનવાર પ્રભાવના, ઇનામ કે માસિક મદદ આપવી જોઇએ; તો જ આળસ છોડીને કામ કરવા તેઓ તૈયાર થશે.

(ઓ) શરૂઆતમાં પગારદાર માણસને કામ શીખવવા ન રાખતાં શીખનારાની પસંદગી કરી તેઓને શીખવનાર સંસ્થા કે કારીગરને ત્યાં શીખવા મોકલવાની વધુ જરૂર છે. શીખવવાનો શરૂઆતનો ખર્ચ કૉન્ફરન્સે આપવો.

(૧) જૈનોએ એક બાબતમાં દિલની ઉદારતા બતાવવી જરૂરની રહેશે. કોઈ પણ જૈનેતર શીખવા આવે તો તેને માટે પ્રતિબંધ હોવો

ન જોઈએ. આમ કરવામાં આપણને નુકશાન નથી અને તેને લઇને રાજ્ય તરફથી ઘણી અનુકૂળતા રહેશે, આ બહુ મહત્વનો મુદ્દો છે.

(૨) હવે ગામડામાં કયા કયા ઉદ્યોગોની શકયતા છે તેનો વિચાર કરીએ. ઉદ્યોગોની શરૂઆતની પસંદગી એવી જોઇએ કે જેમાં ૧) મશીનની જરૂર ન પડે પણ માત્ર ઓજારો કે સાદા સાધનોવડે માલ બની શકે ૨) કદાચ મશીનની જરૂર પડે તો તે સાદા જોઇએ, બગડે તો સુધારી શકાય તેવા જોઇએ, અને તેનો જે કોઇ ભાગ બગડી ગયો હોય કે ભાંગી ગયો હોય તો સહેલાઇથી મળી શકવો જોઇએ. ૩) માલ બનાવવા માટે જે જે કાચા માલો જોઇએ તે બધા સ્થાનિક કે નજીકના ગામમાંથી મળી શકવા જોઇએ. ૪) કામ શીખનારને કંટાળો ન આવે તેવા કામ શરૂ કરવા જોઈએ. ૫) જે ચીજ કે વસ્તુ બનાવીએ તે ખપવી જોઇએ. ૬) ફુરસદના સમયે ઘરના દરેક જણ બનાવી શકે તેવી વસ્તુ હોવી જોઇએ. ૭) અને બનાવતાં બનાવતાં વસ્તુ બગડી જાય કે ખરાબ થઈ જાય તો પણ તે ઉપયોગમાં આવે અથવા તેના લેનારા મળી રહે તેવી ચીજો બનાવવી જોઇએ.

(૩) કાચા માલો ગામડામાં જે સહેલાઇથી મળી શકે, પૂરતો મળી શકે અને સસ્તો મળી શકે તેમાંથી જે જે બની શકે તે તે વસ્તુ બનાવવી જોઇએ. તેવી ચીજો પૈકી મુખ્ય કપાસ કે રૂ, ઉન, લાકડું, ઘાસ, માટી, ગુંદર, લાખ, પત્થર, ચુનો, રેતી, કોલસા, વાંસ, બાંબુ એ મુખ્ય છે, તેમાંથી જે જે વસ્તુઓ ઓછી મહેનતે બની શકે તે બનાવવી વધુ સહેલી થશે. તેમાંથી એક પછી એક વિગતવાર તપાસીએ–

(૪) રૂ :–તેમાંથી સુતર બની શકે, સુતર બનાવવા માટે તકલી કે રેંટીયો જોઈએ. આ કામ સહેલાઈથી સૌ કોઈ કરી શકે. સુતરને બે તાર, ત્રણ તાર કે ચાર તારનું કરવા માટે દરેક તારની એકેક કોકડી કે બોબીન હોય છે અને તે દરેકનો તાર ભેગો કરી તેને એક ફાળકા કે બોબીન ઉપર વીંટી લે છે અને પછી તેને રેંટીયા ઉપર વળ

અપાય છે. વધુ તારની સુતરની દોરીઓ કે દોરડા બનાવવા હોય તો ફળીયામાં એક છેડેથી દોરીના છેડા બાંધી તેને એક બાજુથી વળ દેવામાં આવે છે. આ કામ ગામડામાં ઢેઢ વણકરો અને બીજાઓ કરે છે. તે જ રીતે ખાટલાની પાટી પણ સુતરની કે સુતળીની વણી શકાય છે. સુતરના દોરડામાંથી સીંકા, જોતરા વિ. બની શકે છે. સુતરને જુદા જુદા રંગનું રંગીને રંગબેરંગી દોરીઓ, નાડી, વરવ, ફુમતા, ભરતકામ, આસનીઆ, પાટી, શેતરંજી, જાળી (નેટ), સુતરના અને કપડાના બટન, ગાલીચા અને અનેક પ્રકારની થેલીઓ, પાકીટ, દફતર વિ. ઘણી ચીજો બનાવી શકાય. અને આ બધી ઘરવપરાશની ચીજો રહી એટલે તેની ખપત પણ મોટા પ્રમાણમાં થઇ શકે છે. વળી સુતરમાંથી ગુંથવાના મશીન ઉપર ગંજીફરાક, સ્વેટર, કોટ, ચડ્ડી, ઝબલા, ટોપીઓ, મોજા વિગેરે ઘણી ચીજો અનેક તરહની બની શકે છે. આ જ મશીન ઉપર તે બધી ચીજો ઉનમાંથી પણ બનાવી શકાય છે. લુધીયાણામાં હોઝીયરીનો ગૃહઉદ્યોગ ઘેર ઘેર આજે પણ ચાલે છે.

ઉન:–જેમ સુતરમાંથી અનેક ચીજો બને છે તેવી રીતે ઉનમાંથી પણ આ અને આવી અનેક ચીજો બની શકે છે.

૩, સુતર, ઉન, રેયન, યાર્ન, રેશમ, ભીંડી, નાળીએરીનો કાથો–એમાંથી તથા કાપડની ચીંધી અને કાપલીમાંથી અનેક જાતની ઢીંગલીઓ, બીજા અનેક જાતના રમકડાં, પીન કુશન, વિગેરે ઘણી વસ્તુઓ બનાવી શકાય. ઘણાને તો ખબર પણ નહિ હોય કે રેયન યાર્નનો મીલોમાં જે વેસ્ટ પડે છે તે વગર પૈસે કોથળાબંધ મફત આપી દેવામાં આવે છે. કેમકે તેનો ઉપયોગ હજુ સુધી કોઇએ શોધી કાઢયો નથી. ૮ થી ૧૦ રૂ રતલના ભાવનું આર્ટી. રેશમ વેચાય છે, જ્યારે તેનો વેસ્ટ ચાર આને રતલના ભાવે ખપતો નથી. આ વેસ્ટનો ઉપયોગ શોધી કાઢનાર લાખો રૂપીઆ સહેલાઈથી કમાઈ શકે તેમ છે.

ગામડામાં સુતર અને ઉન કાંતવાનું કામ ઘેરઘેર થાય તો તેમાંથી નવરાશના વખતમાં કમાણીનું સાધન મળી શકે છે. અગાઉ બૈરાં અને છોકરાંઓ કાલા ફોલીને પૈસા કમાતા હતા તે આપણામાંથી ઘણા જાણતા હશે.

(૫) લાકડું :–લાકડામાંથી સેંકડો ચીજો નાના મોટા માપની શકે બની છે. આપણા દરેકના ઘરમાં ચારે બાજુ નજર નાખો તો ખ્યાલ આવશે કે ઘરની ઘરવકરીમાં મોટા ભાગે લાકડાની ચીજો જ વધુ હશે. નાના બચ્ચાંના રમકડા જોશો તો તેમાં પણ સૌથી વધુ લાકડાની ચીજો હશે. શ્રીયુત કસ્તુરભાઈ લાલભાઈએ સુતારી કામના શિક્ષણની સૂચના કરી ત્યારે ઘણાઓને તે ન ગમી પણ તે સૂચનાની પાછળ ગંભીર તાત્પર્ય, બારીક નિરીક્ષણ શક્તિ અને વ્યવહારુ અર્થસૂચકતા રહેલા છે. આ કામ ગામડામાં બહુ જ સહેલાઈથી થઈ શકે તેમ છે. મહુવા, ઈડર અને બીજા ઘણા ગામોમાં સંઘેડા ઉપર અને હાથ–કારીગીરીથી લાકડાની અનેક ચીજો બહુ જ સુંદર બને છે. લાકડા ઉપર લાખના અને બીજા રંગોના રંગનું કામકાજ ઘણું સુંદર થાય છે. મોન્ટેસોરી અને કિન્ડર ગાર્ટની શિક્ષણપદ્ધતિમાં અને આજની શિક્ષણશાળાઓમાં પણ શિક્ષણના ઘણા સાધનો અને વસ્તુઓ લાકડાની જ બનાવટના હોય છે.

તેવી જ રીતે નેતર, વાંસ અને બાંબુની ચીરીમાંથી ટોપલી, ટોપલા, બાસ્કેટ, પેટીઓ, કરંડીઓ, રમકડાં, લાકડીઓ, સોટીઓ, કાપડ, કમાન, તીરકામઠાં, ગાડીઓ, બાબાગાડી, વિગેરે સેંકડો ચીજો બને છે. નાળીએરની કાચલી, દુધીના સુક્કા તુંબડા, વિગેરેમાંથી વાજીંત્રો બની શકે છે.

(૬) ઘાસમાંથી અને લાકડાના વેરમાંથા અનેક રમકડાં, વપરાશની ચીજો, ચટાઈ, સાદડી, બાસ્કેટ, ઘુઘરા વિગેરે ઘણું બની શકે છે. મલબાર, ગોવા અને મદ્રાસમાં આનો ઉદ્યોગ બહુ સારા પ્રમાણમાં ખીલેલો છે.

૭. માટી કામ :—જે કુંભારો આખો દિવસ મજૂરી કરીને માંડ માંડ કમાતા હતા તેઓ આજે કેટલું સારું કમાય છે? માટલી, માટલા, કુંજા, કોડી વિગેરેના આજે કેટલા બધા પૈસા લાગે છે? ઈંટ અને નળીયાની એટલી ખપત વધી ગઈ છે કે તે ધંધો ધમધોકાર ચાલે છે એટલે બીજી નાની ઘરવપરાશની ચીજો કુંભાર બહુ બનાવતા જ નથી. હિંદભરમાં મેંગ્લોરી નળીયાનો વપરાશ બહુ વધી ગયો છે અને હજુ વધતો જ જાય છે. દેશી નળીયા દર વરસે ચળાવવા પડે, પવનથી નળીયા ઊડે અને ખસી જાય, વાંદરાઓ અને પક્ષીઓ ઉખેડી નાંખે એટલે છાપરું દર વરસે ન ચળાવે તો ઘરમાં પાણી ચુવે તે ત્રાસથી મેંગ્લોરી નળીયાનો વપરાશ ઘણો વધ્યો. સરકારે પણ પોટરીના શિક્ષણની મહત્તા જોઈને તે માટેની સંસ્થા ખોલી છે.

૮. ગુંદર, ગ્લોય, પેસ્ટ જુદા જુદા રંગની શાહી, લાખની લાકડીઓ– આ બધાનો વપરાશ દરેક ઘરમાં, દરેક દુકાને, દરેક ધંધામાં, સરકારી ખાતાઓમાં અને ટપાલ ઑફિસોમાં ન કલ્પી શકીએ એટલો વધી ગયો છે, તેની બનાવટ અને નાના મોટા પ્રમાણના પેકીંગ કરીને ગામડામાંથી દરેક જગ્યાએ વેચી શકાય. તેની બનાવટ સારી આવડવી જોઇએ.

૯. પત્થરની ઘંટીઓ, ખરલ, સીપર, ઓરશીયા, કુંડા, પાણીયારા, જાળીયા વિગેરે પત્થરમાંથી બનાવી શકાય. આજે પત્થરને બદલે સીમેન્ટ-માંથી આ અને બીજી અનેક જાતો બને છે, વેચાય છે.

૧૦. ચુનો અને પ્લાસ્ટર ઑફ પેરીસ તથા ચીરોડીનો અને ચાકનો ઉપયોગ પણ અનેક કામમાં થાય છે.

૧૧. લાકડાના કોલસા પાડીને ધંધો ગામડામાં કરી શકે તેમ છે.

૧૨. કાપડ રંગવાનું તથા છાપવાનું, આળેખ ચીતરવાનું, છાપવાના બીબાંઓ કોતરીને બનાવવાનું, કાચનું ભરતકામ પણ

બ્હેનો બહુ સારી રીતે શીખીને સ્વતંત્ર રીતે કરી શકે તેમ છે. આજે મુંબઈમાં એકેક સાડલાની છપાઈ રૂા. ૩ થી ૧૫ સુધી બેસે છે. આ છાપણીના ધંધાવાળા લક્ષાધિપતિ થઈ ગયા છે, નવી નવી ફેશનમાં જ આજે કમાવાનું છે.

મશીનથી કયા કયા કામ થઈ શકે તેમ છે તેનો વિચાર કરીએ :–

૧૩. લાકડું, કચકડું, પ્લાસ્ટીક, અમુક ઝાડના ફળો, બેકેલાઈટ વિગેરેમાંથી બટનો બની શકે, હેન્ડપ્રેસથી આ કામ થઈ શકે. આ હેન્ડપ્રેસની કિંમત રૂપિયા બસોથી ચારસો છે. તેને માટે સાઈઝની અને કાણાં પાડવાની ડાઈઓ જોઈએ.

૧૪. તારની બારીક ચુંકો બનાવવાના એવા મશીન આવે છે કે એક બાજુથી તાર મશીનમાં મૂકો એટલે માપ પ્રમાણે કપાઈ એક બાજુ ધાર અને બીજી બાજુ ચુંકનું માથું તૈયાર થઈને બીજી બાજુ તૈયાર ચુંક એક પછી એક બનીને નીકળતી જાય. તે જ મુજબ ટાંકણીઓ અને લખવાની ટાંકો ( પેન ) પણ બની શકે. દેશી મશીન રૂા. ૨૫૦૦) સુધી અને અમેરિકન રૂા. ૫૦૦૦) સુધીના આવે છે.

૧૫. છત્રીના દાંડા, હાથા, ખોળી, ચાંપ, ઘરુ વિગેરે દરેક ચીજ બનાવવાના મશીનો આવે છે. આ ધંધો પણ ગામડામાં ઊભો કરી શકાય.

૧૬. ઇલેક્ટ્રોપ્લેટીંગનો ઉપયોગ આજે બહુ જ વધી ગયો છે. જેટલી વસ્તુ આજે ત્રાંબું, પીત્તળ, ટીનપ્લેટ, લોખંડ કે બીજી ધાતુઓની બને છે, તેના ઉપર ચાંદી કે નીકલનો અને કોઇ કોઈ ઉપર સોનાનો ઢોળ ચડાવીને ઘણી વસ્તુઓ આજે વપરાય છે. આમાં નથી મશીનરી જોઇતી કે નથી બહુ સાધનો જોઈતા અને પૈસા સારા મળે છે, તેમજ આ કામ બહુ સીધું અને સહેલું છે. રૂા. ૨૫૦)માં આ સાધનો વસાવી શકાય.

ગામડાના જૈન ભાઈઓ અને બ્હેનો બીજાઓની મદદ મેળવી સ્વમાન અને સ્વાશ્રયના ગુણોનું બલિદાન આપવા અને દિવસે દિવસે

ઓશીઆળું જીવન જીવવા માંગતા ન હોય તો તેઓએ આળસ, પ્રમાદ અને ઓશીયાળાપણું ખંખેરી નાખીને જે કાંઇ કામ, ઉદ્યમ કે ઉદ્યોગ મળી રહે તેને અપનાવી લેવું જોઇએ, તેને માટેની તાલીમ કે અનુભવની જે કાંઈ વ્યવસ્થા મળી રહે તેનો પૂરો લાભ લેવો જોઇએ અને પોતાના જ ગામ કે પ્રદેશમાં જે કાંઈ સાધનો મળી રહે તેમાંથી ઉદર-નિર્વાહ મેળવી લેવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ. જૈન સમાજે પણ આળસુને દાન કે મદદ આપી વધુ આળસુ અને કાયર ન બનાવવા જોઇએ. જેઓ કોઈ પણ જાતનું કામ કરવા તૈયાર થાય તેઓને જ મદદ અને સાધન આપી તેઓનું કાયમનું દારિદ્રય જડમૂળથી નીકળી જાય તે રીતે તેઓને મદદરૂપ થવું જોઇએ. કૉન્ફરન્સે આને માટેની નક્કર અને ફળીભૂત થાય તેવી યોજના ઘડી અખિલ ભારતના ધોરણે તેનો અમલ થાય અને દરેક પ્રદેશના સ્થાનિક સંઘનો સાથ અને સહકાર મળે તે રીતે કામની શરુઆત વગરવિલંબે કરી દેવી જોઈએ. એકલી જાહેરાત કરવાથી કે યોજના ઘડવાથી કામ નહિ ચાલે. તેને માટે ચોવીસે કલાક વિચાર અને કામ કરનારાઓનું એક જુથ જોઈશે અને દરરોજ કેટલું સાચું કામ સાધ્યું, તેનું સરવૈયું કાર્યકરોએ કાઢવાનું રહેશે. જુનાગઢની કૉન્ફરન્સે પણ ઠરાવ કર્યાને ઘણો સમય થવા આવ્યો. ભવિષ્યમાં માનવરાહતનું કાર્ય કૉન્ફરન્સના કાર્યવાહકો તુરત હાથ ધરે અને તેઓને કામ કરવામાં ઉત્સાહ રહે તે માટે પ્રમુખશ્રીને તથા જૂના અને નવા સેક્રેટરીઓને તેઓના શુભેચ્છકો તરફથી મુંબઇમાં અભિનંદન આપવામાં આવ્યું હતું, જાહેર જનતા કાગને ડોળે રાહ જોતી બેઠી છે કે શું શું કાર્ય હાથ ધરવામાં આવે છે અને ક્યારે તેની જલ્દી શરૂઆત થાય છે.

ગામડાના જૈનોના ઉત્કર્ષ માટે કામની યોજનાની શરૂઆત કઈ રીતે કરવી તેની રૂપરેખા વિગતવાર વિચારીએ. સૌથી પ્રથમ પૈસાની અને કાર્ય કરનારાની મુખ્ય જરુર છે. આખી યોજનાની સફળતા કે નિષ્ફળતાનો મુખ્ય આધાર આ બે બાબતો ઉપર નિર્ભર છે.

૧. પૈસા બે રીતે મળી શકે, કાં તો ફંડફાળાથી અને કાં તો ધંધાદારી યોજનાથી. તે બેમાંથી ધંધાદારી યોજનાથી પૈસા ઊભા કરવા વધુ સારા છે; કેમકે તે રીતે જોઇતી રકમ ઊભી કરી શકાશે, એટલે કાં તો ઔદ્યોગિક ટ્રસ્ટ ઊભું કરવું અથવા તો સહકારી મંડળી ઊભી કરવી અને રૂ. ૧૦) શેરની કિંમત રાખી જરુરી રકમ શેરકેપીટલથી મેળવી લેવી. સહકારી મંડળી ઊભી કરીએ તો તેને સરકાર તરફથી દરેક બાબતની પ્રથમ પસંદગી, માર્ગદર્શન અને પૈસાની લોનની સગવડતા સહેલાઇથી મળી શકે છે. "બહુ ઉદ્દેશવાળી સહકારી મંડળી" ( Multi Purpose co-operative Society ) ગમે તે જાતના કામકાજ, વેપારધંધા કે હુન્નર–ઉદ્યોગ ઊભા કરી શકે છે, તેનું કાર્યક્ષેત્ર ઘણું વિશાળ અને સર્વવ્યાપી અને સર્વદેશીય રહી શકે છે. ફક્ત એક જ બાબત વિચારવાની રહે છે કે કોમી ધોરણે સ્થપાએલી નવી સહકારી મંડળીઓને સરકાર તરફથી જોઇએ તેટલો નવો સહકાર કે નવી સગવડતા મળી શકતી નથી. તેનો રસ્તો એ રીતે નીકળી શકે કે સહકારી મંડળી કોમી ધોરણે ઊભી ન કરવી પણ સર્વદેશીય સ્વરૂપે ઊભી કરવી, જે કોઇને જોડાવું હોય તેને માટે માર્ગ ખુલ્લો રાખવો. આવી સોસાયટી એક અથવા પ્રદેશવાર જુદી જુદી પણ ઊભી કરી શકાય છે. આ રીતે પૈસાનું ભંડોળ સહેલાઇથી ઊભું કરી શકાશે કેમકે દરેકને "મારાપણું" રહેશે અને રસ રહેશે, પૈસાનો માલીકીહક તેઓનો ચાલુ રહે છે અને તેના ઉપર વળતરની પણ તેને આશા રહે છે.

૨. આ રીતે સહકારી મંડળી ઊભી કરીને કામ શરુ કરવું તે વધુ સરળ છે અને શક્ય પણ છે. તેની મારફત દાનના, દયાના, માનવરાહતના અને વેપારધંધાના તથા ઉદ્યોગોના અનેકવિધ કાર્યો હાથ ધરી શકાય છે, તેમાં કશો અવરોધ કે પ્રતિબંધ નડવાનો સંભવ નથી. આ રીતે શરુઆતમાં રૂા. ૫) લાખની શેર કેપિટલ ભરાવવી અને કામ શરુ કરવું અને ધીમે ધીમે તેનો વિકાસ કરતા જવો. આપણામાં વ્યાપારી બુદ્ધિ સારી હોય છે, એટલે તેનો સંપૂર્ણ ઉપ-

યોગ કરી બતાવવો અને સારામાં સારું પરિણામ લાવવું, તો લોકોની શ્રદ્ધા વધશે અને પછી જોઇએ તેટલો સાથ અને સહકાર જરૂર મળી રહેશે.

૩. કાર્યકરોના જુથની આવશ્યકતા પૈસા કરતાં પણ વધુ છે. "હિંદ સેવકસમાજ" જેવી "જૈન સેવકસમાજ"ની અનિવાર્ય જરૂર છે. બધું કામ સાધુમુનિરાજ કે વ્યવસાયી વેપારી વર્ગ કે શ્રીમંત નહિ કરી શકે. અને આવા બધા કાર્યો સંભાળવા અને કરવા માટે બે કલાકની ચર્ચા કે એક કલાકની કાર્યવાહકોની મિટીંગ કશી ઉપયોગી નહિ થઈ પડે. તેને માટે મીશનરી જેવા સેવાભાવી, સત્યવક્તા, પ્રમાણિક અને સતત ઉદ્યમી ધગશવાળા સેવકોની જરૂર પડશે. આજીવન સભ્ય બની, જે કામ સોંપવામાં આવે તે સંપૂર્ણપણે અને જોખમદારી સાથે પાર પાડવાની સૈનિકના જેવી તમન્નાવાળા કાર્યકરો મારફતે જ આવા કાર્યો પાર પડી શકશે. તેઓને આજીવિકાની કે કુટુંબની ઉપાધિ જરા પણ ન રહે તે પ્રકારની તેઓ માટે યોજના ઘડવી જોઇશે. અને તેઓ સતત તેઓના કાર્યમાં રચ્યાપચ્યા રહે અને તેઓને કશી દખલગીરી ન રહે તે પ્રકારનો પ્રબંધ કરવો પડશે. સમાજસેવાનું વ્રત અને તેની દીક્ષા લેવાવાળાની આજે સમાજને બહુ જ જરૂર છે. આવા માણસો આપણા સમાજમાં છે. ઓછા હશે તો વધુ તૈયાર કરી શકાશે. તેવાઓને શોધી શોધીને એકઠા કરવા જોઇએ. તેઓને આપણી યોજના, હેતુ, ધ્યેયની સમજ આપી તેઓને કામ સોંપી દેવું જોઇએ અને પૈસાની સગવડતા કૉન્ફરન્સે કરી આપવી જોઇએ.

૪. આ રીતે પૈસા અને કાર્યકરોની સગવડતા થઇ જાય તો પછી કામ અવશ્ય થઈ શકે. કૉન્ફરન્સના કાર્યકરોએ તો પછી જે કામો કરવાના રહે છે તે માત્ર એટલા જ છે કે—

(૧) દરેક કેન્દ્રમાં જાતે જઇ સ્થાનિક સંઘના અગ્રેસરો સાથે નિકટનો સંપર્ક સાધી શેર્સ ભરાવવા અને સ્થાનિક કાર્યકરોની કમિટી નીમી તેને ઉદ્યોગકેન્દ્ર ખોલવા માટે સ્થાનની સગવડ કરી આપવા, અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે સહકાર આપવા અને લોકોને

ઉદ્યોગકેન્દ્રમાં આવી કામ શીખવા અને કામ કરવાની પ્રેરણા આપવાનું કામ તે કમિટીને સોંપવું.

(૨) દરેક કેન્દ્રની સ્થાપના, વહીવટ, વ્યવસ્થા વિગેરે બધું કામ કૉન્ફરન્સે કરવાનું છે.

(૩) દરેક કેન્દ્રમાં એકેક તાલીમ પામેલ વ્યવસ્થાપક કૉન્ફરન્સ તરફથી મૂકવાનો છે.

(૪) આવા ઉદ્યોગકેન્દ્ર માટે જે જે સાધન, કાચો માલ કે બીજું જે કાંઈ જોઇએ તે પૂરા પાડવાના છે.

(૫) જે જે માલ બનીને તૈયાર થાય તેના વેચાણની વ્યવસ્થા કરવાની છે.

(૬) દરેક ઉદ્યોગકેન્દ્ર ધીમે ધીમે વધુ ને વધુ કેમ ખીલે તે તેના પરિણામ ઉપરથી નક્કી કરી જ્યાં જ્યાં વિકાસની શક્યતા હોય ત્યાં ત્યાં વધુ ખીલવણી કરવાની છે.

(૭) અમદાવાદમાં ચીમનલાલ નગીનદાસ ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટમાં બહેનો તથા ભાઈઓ માટે છાત્રાલય, સ્કૂલ અને ટેકનીકલ ઇન્સ્ટીટ્યુટ વિગેરે બધી સગવડતા છે, તેમના સંચાલક સાથે સંપર્ક સાધી કાર્યકરોને તૈયાર કરવાની ગોઠવણ કરવામાં આવે તો કામ બહુ જ સરળ થઈ શકે તેમ છે.

(૮) જે જે પ્રાંતમાંથી જેટલી રકમના શેર્સ ભરાય તેની અર્ધી રકમનું રોકાણ તે તે પ્રાંતમાં જુદા જુદા સ્થળે જેટલા ઔદ્યોગિક કેન્દ્રો ખોલવામાં આવે તેમાં કરવું જોઇએ, આથી દરેક પ્રાંતમાંથી શેર ભરવાની સરળતા રહેશે.

(૯) શરુઆતમાં બે કે ત્રણ વર્ષ સુધી આવા ઉદ્યોગકેન્દ્રો નફો નહિ કરે એટલે શેર્સ ઉપર ડીવીડન્ડ તે સમય દરમ્યાન આપી નહિ

શકાય, છતાં તે આપવું હોય તો તેને માટે કૉન્ફરન્સે એક જુદું ફંડ ઊભું કરવું અને તે ફંડના પૈસાના રોકાણુમાંથી જે ઉત્પન્ન, નફો કે વ્યાજ આવે તેમાંથી સોસાયટીના શેરહોલ્ડરોને ડીવીડન્ડ આપવું.

(૧૦) જે કોઈ જૈન કોઈ પણ ધંધો, ઉદ્યોગ કે ઉદ્યમ સ્વતંત્ર રીતે ચલાવતો હોય અથવા શરુ કરવા માગતો હોય તેને પૈસાની મદદની જરુર હોય તો લોન તરીકે ગેરંટી ઉપર પૈસા ધીરી તેવા ધંધાને પણ ઉત્તેજન આપી શકાય અને તેની સાથે એવી શરત કરી શકાય કે ૧. અમુક માણસોને તેણે તાલીમ આપી તૈયાર કરવા, ૨. અમુકને તેના વહીવટમાં કામે લગાડવા, ૩. ધીરેલ પૈસાના વ્યાજ ઉપરાંત નફામાં અમુક હિસ્સો આપવો અને ૪. કૉન્ફરન્સના કામમાં સાથ આપવો.

૫. દિવસે દિવસે સંજોગો એટલા ઝડપથી પલટાતા જાય છે કે નાના વ્યક્તિગત ધંધા બહુ ચાલશે નહિ અને કદાચ ચાલશે તો લાંબો વખત ટકશે નહિ અને કદાચ ટકશે તો વધુ ખીલી શકશે નહિ. યુરોપ, અમેરિકા, ઑસ્ટ્રેલીઆ અને બધા દેશોના મોટા મોટા ઉદ્યોગનું ઊંડાણુથી અવલોકન કરવાથી ખાત્રી થશે કે નાની મોટી કંપનીઓ, ટ્રસ્ટ, સીન્ડીકેટ કે એસોસીએશન અથવા સહકારી મંડળીઓ ઊભી કરીને જ તેઓએ મોટા મોટા ઉદ્યોગો હાથ ધર્યા છે અને દુનિયાભરના દેશોમાં લગભગ સેંકડો અને હજારો ચીજોના બજારો એકહથુ હાથ કર્યા છે અને તે દ્વારા પરદેશોમાંથી કરોડો અને અબજો રૂપીઆ દર વરસે પોતાના દેશમાં લાવી પોતાના દેશને સમૃદ્ધ કર્યો છે. વેપારી બજારો હાથ કરવા અને હાથ આવેલા કાયમ હાથમાં રાખવા તેઓ અનેક જાતના કાવાદાવા અને પ્રચંડ રાજરમત રમે છે અને તે ખાતર મોટી મોટી લડાઇઓ પણ લડવામાં પાછી પાની કરતા નથી.

કોલંબો જેવા નાના દેશના આયાત વેપારનો મોટો હિસ્સો ત્યાંની અર્ધ સરકારી સંસ્થા(કોર્પોરેશન)ના હાથમાં છે, દેશની જરુરી

લગભગ ઘણી વસ્તુઓ મોટા પ્રમાણમાં બીજા દેશોમાંથી સીધી ખરીદ કરે છે અને તેના ઉપર અમુક મહેનતાણું અને ખર્ચ ચડાવીને તે બધો માલ સહકારી મંડળીઓને વેચે છે અને તે મંડળીઓના સ્ટોરો અને દુકાનો મારફતે જાહેર પ્રજાને વેચાય છે. આથી પ્રજાને માલ સસ્તો મળે છે

લડાઈના સમયમાં ઈરાન જેવો પછાત દેશ પણ પોતાના પ્રતિનિધિઓ મારફતે દરેક દેશમાંથી સીધી ખરીદી કરીને અનેક ચીજો પોતાની પ્રજાને સસ્તા ભાવે પૂરી પાડતો હતો, હિંદમાંથી ઈરાન સરકારે કરોડોની કિંમતનું કાપડ, સુતર અને બીજી અનેક ચીજો ખરીદીને પોતાની પ્રજાને ત્યાંના વેપારીઓ મારફત પૂરી પાડી હતી, ત્યાંની સરકાર પોતે વેપાર કરી કમાણી કરતી નહોતી.

૬. એટલે જો આપણે બરાબર કામ કરવું હોય, ધારેલો ઉદ્દેશ ખરેખર પાર પાડવો હોય, સમાજનું ખરું કલ્યાણ ખરેખર કરવું હોય, આખા સમાજનું સાચું સંગઠન કરવું હોય અને જૈનોમાં કૉન્ફરન્સની પ્રતિષ્ઠા સચોટ રીતે સ્થાપન કરવી હોય તો એ પ્રથમ જરુરનું છે કે આ અથવા બીજી કોઈ વધુ સારી અને વધુ વ્યવહારુ યોજના હોય તેનો ગંભીરપણે કૉન્ફરન્સના કાર્યવાહકોએ સાથે મળીને વિચાર કરવો જોઈએ, અનેક અનુભવી માણસોનો પરિચય સાધવો જોઈએ, આપણા પૈકી જે જે જૈન ઉદ્યોગપતિઓ છે તેઓની સલાહ લેવી જોઈએ અને સૌએ સાથે મળીને નિર્ણય કરી કામની શુભ શરુઆત વિના વિલંબે કરવી જોઈએ. જો તેઓ કામ કરવા તત્પર થશે તો બધાના તરફથી તેમને જોઈતો સાથ, સહાય અને સહકાર જરુર મળશે, વાતો કરનારનો લોકો કદાચ વિરોધ કરે, પણ કામ કરનારનો કોઈ વિરોધ નહિ કરે.

( ૨ )

# ધંધાનું ઉત્તમ અને અનુકૂળ ક્ષેત્ર

રાજયકારોબારીમાં વિદેશ ખાતામાં બુદ્ધિશાળી, હુશિયાર અને ચાલાક વિદ્યાર્થીઓ માટે ઘણું વિશાળ ક્ષેત્ર છે. આજે ભારત દેશ દુનિયાના દરેક મુખ્ય મુખ્ય દેશ સાથે વેપાર–ધંધા અને રાજદ્વારી સંબંધો અંગે સંકળાએલો છે. એશિયા, યુરોપ, આફ્રિકા અને અમેરિકાના અમુક દેશોમાં ભારતના એલચી ખાતા, ટ્રેડકમિશ્નર, એમ્બેસેડર કે લીગેશન ખાતાની ઑફિસો રાખવામાં આવી છે અને સમય જતાં તે સંખ્યામાં વધારો થતો જશે.

દરેક દેશની ભાષા, રીતરિવાજ, રહેણીકહેણી, ઇતિહાસ, વેપાર અને હુન્નર ઉદ્યોગના ક્ષેત્રો વિવિધ પ્રકારના હોય છે અને તે બધાની માહિતીથી જાણકાર વિદ્યાર્થીઓ હોય તો અને તે ઉપરાંતની બીજી લાયકાતો જે વિદ્યાર્થીઓમાં હોય તેઓને માટે વિદેશખાતાની નોકરીની સારી તક કાયમ હોય છે, હાલના સમયે તો જેઓ રાજ્યપ્રકરણી ખાતાના અનુભવી કે નિષ્ણાત હોય અથવા નાણા પ્રકરણ કે વેપાર–ઉદ્યોગના ક્ષેત્રમાં બુદ્ધિશાળી અને આગળ પડતા ગણાતા હોય તેવા માણસોની સરકાર પસંદગી કરે છે, ધીમે ધીમે ઉચ્ચ કેળવણી અને પરીક્ષાના ઉત્તમ પરિણામની ગણત્રી પસંદગીના કામમાં ધ્યાનમાં લેવાશે.

તે સાથે પબ્લીક સરવીસ કમીશન ઉમેદવારોને મુલાકાત માટે રુબરુ બોલાવે છે અને પૂછપરછ ઉપરથી પસંદગી કરે છે તેમાં ૧. શરીરનો બાંધો, ૨. ચહેરાની પ્રતિભા, ૩. પોષાક, ૪. રીતભાત, ૫. ભાષા, ૬. સભ્યતા, ૭. બુદ્ધિ, ૮. પ્રશ્નોના જવાબના પ્રકાર વિગેરે અનેક બાબતો ગણત્રીમાં લેવાય છે અને તે પછી વધુ મતે ઉમેદવારોની પસંદગી થાય છે.

આપણા જૈનોએ પસંદ કરેલું આજ સુધીનું ક્ષેત્ર બહુ જ સંકુચિત હતું, કાયદો, વૈદક, વેપાર, વિજ્ઞાન અને ઇજનેરી–આટલા જ ક્ષેત્રોમાં આપણા ગ્રેજ્યુએટો નજરે પડે છે, સરકારી નોકરીઓમાં જૈનોનું પ્રમાણ માત્ર બિંદુસમાન છે, તેના કારણોમાં ૧. શરમાળ સ્વભાવ, ૨. સાહસ અને હિંમતનો અભાવ, ૩. આશાયશવાળા જીવનની ઇચ્છા, ૪. હરિફાઇમાં ઉતરવાની નાહિંમત, ૫. પ્રોત્સાહન અને સંગઠનની ઉણપ અને ૬. વિદ્યાર્થી અવસ્થામાં પોતાના અભ્યાસ સિવાય બીજા બધા ક્ષેત્રો વિષેનું અજાણપણું–આ મુખ્ય છે.

વિદેશખાતામાં દાખલ થનાર અમલદાર માટે કેટલા બધા ક્ષેત્રો ખુલ્લા થઈ જાય છે અને સમાજને અને દેશને તે કેટલા ઉપયોગી થઈ પડે છે, તે દરેક માણસ જાણે છે અને સમજે છે. આ ખાતામાં કામ કરનાર પૈસો, પ્રતિષ્ઠા, અનુભવ, ઓળખાણ, જ્ઞાન અને દૃષ્ટિવિકાસ વિગેરે ઘણું મેળવી શકે છે. આ દિશામાં પ્રવેશ કરવા માટે જુદા જુદા દેશોની ભાષાઓનું જ્ઞાન ઘણો અગત્યનો ભાગ ભજવે છે, આપણા વિદ્યાર્થીઓ વિદ્યાર્થી અવસ્થામાં આ દિશાનો નિર્ણય કરી, તેની યોગ્ય માહિતી મેળવી તેમાં આગળ વધવાના સ્વપ્ન અત્યારથી સેવે, એ માટેની લાયકાત કેળવે, સંસ્થાઓ તેમાં માર્ગદર્શન આપે અને આગેવાનો મદદ અને સહકાર આપે તો હવે પછીના પાંચ વર્ષમાં ૨૫/૫૦ આપણા બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ સરકારી જુદા જુદા ક્ષેત્રોમાં અવશ્ય સ્થાન મેળવી શકે, તેમાં શંકાને સ્થાન નથી.

( ૩ )

# ગામડામાં રોજી માટે શું થઇ શકે?

રોજી મળી શકે એવા કામોમાં નીચેના સહેલાઇથી થઈ શકે તેવા કામો ગણાવી શકાય.

## ૧. સુતર કામ :—

૧. સુતરના દોરાના દડા, દડીઓ, ફાળકીઓ, પેચકો, કોકડીઓ ભરવાનું.

૨. સુતરની દોરીઓ બનાવવાનું, દોરડાં વિ. વળથી બનાવાય અને ગુંથીને બનાવાય.

૩. સુતરની દોરીઓની ગુંથીને જાળી બનાવાય, આ જાળીના દફ્તર, હીંચકા રમવાની નેટ, ટેબલ કલોથ વિગેરે બની શકે અને બારીબારણામાંથી ચકલા, કાગડા, પારેવા, વિગેરે પક્ષીઓ ન આવી શકે તે માટે ઉપયોગમાં લઈ શકાય.

૪. પાટી વિનાના ખાટલાને ઊભો મૂકીને ઉપર નીચે સુતરની દોરીઓને તાણાના રૂપમાં બાંધીને પછી રંગબેરંગી વેસ્ટના સુતરના લુમખાને ગાંઠ બાંધીને કાતરી નાખવામાં આવે છે, આ રીતે નાના મોટા ગાલીચા, આસનીયા અને પથરણાં બની શકે છે.

૫. સુતરનું વેસ્ટ લાવી તેમાંથી બીડીમાં વપરાતી સુતરની દડીઓ, ફાળકીઓ બનાવી શકાય છે.

૬. સુતરના જોતરાં, રાંઢવા અને બીજી ગામડાના ઉપયોગની ચીજો પણ બની શકે તેમજ ખાટલાની પાટી, ગુંથેલી નાડીઓ વિગેરે પણ બની શકે.

૭. સુતરના નાના મોટા બટનો પણ હાથથી બનાવીને મોટા પ્રમાણમાં વેચાય છે.

**૨. ભરત કામ :—**

સૌરાષ્ટ્રના જે જે ગામોમાં સિંધી નિરાશ્રિત બહેનો મોટી સંખ્યામાં વસે છે તેઓ દરરોજ નિયમિત ઘરકામ કરવા ઉપરાંત ચારથી છ કલાક ભરતકામ કરીને રોજની એક રૂપીઆથી ત્રણ રૂપીઆની કમાણી કરી શકે છે, ભરેલા ચણીયા, સાડીઓ, ટેબલ કલોથ, ચાદરો, ગલેપ, ચોળીપોલકા અને બીજી અનેક ચીજો બનાવીને વેચે છે.

**૩. સીલાઈ કામ :—**

૧. આ કામ તો દરેક ઘરમાં દરેક સ્ત્રી અને કન્યાએ ફરજીયાત શીખી લેવું જોઇએ. કપડાંનો શોખ, વપરાશ અને ફેશન દિનપ્રતિદિન કેટલા વધે છે તે સૌના અનુભવની વાત છે. ઘરનું સીલાઈ કામ કરે તો પણ તેટલા પૈસાનો બચાવ થાય અને બહારનું કામ કરે તો ગુજરાન પણ નીકળે. આ કામ કરીને માસિક રૂા. ૩૦ થી ૭૫ સહેલાઇથી સ્વતંત્ર રીતે મેળવી શકાય. શ્રીમંત કુટુંબની દીકરીઓના આણાં કે કરીયાવરના કે લગ્નના કપડાં શીવવાનું કામ કરે તો રૂા. ૨૦૦–૩૦૦ ની મજૂરી મળે.

૨. હાથકામની સારી સીલાઈના કપડાંની મજૂરી દોઢી અને બમણી મળે છે, આ કામ બહેનો શા માટે ન શીખે?

૩. તૈયાર શીવેલા કપડાંનો વપરાશ રોજ વધતો જાય છે. આ કામ જથ્થાબંધ પણ થઈ શકે છે અને આ કામ ચાલુ શીખાઉ બહેનોને રોજીનું સારું સાધન પૂરું પાડી શકે.

૪. જૂનાં કપડા ભેગા કરી તેને સાંધી સમારીને વેચી નાખવામાં આવે તો ગરીબ ઘરાકોને તે આશીર્વાદ સમાન થઈ પડે. જરીપુરાણી

વસ્તુનું કામ કરનાર ફેરિયાઓ રોજના બે ત્રણ રૂપિયા સહેલાઇથી કમાઈ શકે છે.

## ૪. રંગવાનું, છાપવાનું તથા બાંધણીનું કામ :—

આજકાલ શહેરમાં અને ગામડામાં, ભણેલા અને અભણમાં, સુધરેલા અને ગામડીયામાં સ્ત્રીઓના પહેરવેશમાં રંગીન, ભાતીગળ અને છાપેલા કપડાંનો શોખ બહુ વધ્યો છે. મુંબઇ જેવા શહેરમાં સ્ત્રીઓ એક સુતરાઉ સાડલાની છપાઇના ૧૦ થી ૧૫ રુપીઆ આપે છે તે ઘણા જાણતાં પણ નહિ હોય. આ કામ ગામડામાં ભાવસાર, ખત્રીઓ, છીપાઓ અને રંગારાઓ ઘણું કરે છે, રાજદરબારમાં અને કાઠીઓની ડેલીઓમાં અવનવી તરેહની છાપ અને ભાતવાળી જાજમો, લાલ કે પીળી શેતરંજીઓ કેટલી કળાત્મક અને આકર્ષક હોય છે! લગ્ન અને સારા પ્રસંગોમાં હજુ પણ બાંધણી અને ઘરચોળાનો અપાર મહિમા હોય છે. ભરવાડ અને રબારીઓમાં, કાઠી ગરાસીયાની બાઇઓમાં બાંધણીના છાપેલાં કે રંગેલા કપડાનો પહેરવેશ ચાલુ જ છે. ઘર વપરાશના રંગ ઉડી ગએલાં કપડાં પણ ફરીને નવા જેવા બનાવી શકાય છે અને નવા તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.

## ૫. દવાઓ અને તૈયાર ખાદ્ય પદાર્થો :—

ગામડાઓમાં આવળ, આકડો, બાવળ, થોર, કુમાર વિગેરે અનેક જાતની વનસ્પતિ ઢગલાબંધ થાય છે. આમાંની ઘણીય ઔષધિઓ તરીકે રંગાટ કામમાં કે બીજા અનેક ઉપયોગમાં આવે છે. મુંબઇ જેવા મોટા શહેરમાં વૈદ કે ગાંધીઓ અનેક જાતની વનસ્પતિનાં પાન, ડાંખળા, ફૂલ, ફળ, છાલ અને મૂળીયા વગેરે વેચે છે અને તેના કેટલા દામ લે છે? આ બધી ચીજો ગામડામાંથી જ શહેરમાં આવે છે, આ બધી ચીજોની ઓળખ, પારખ, ઉપયોગ અને નિકાસની સમજ હોય તો તેમાંથી ગામડાના લોકો સારી એવી કમાણી કરી શકે.

તે ઉપરાંત ઘરગથ્થુ ઔષધીઓ, ખાંડેલા મસાલા, અથાણાં, મુરબ્બાઓ, ચટણી, શાકભાજીની સુકવણી, પાપડ, શેવ, વડી વિગેરે અનેક વસ્તુઓ ગામડાઓમાં ઓછી મજૂરીએ બહુ મોટા પ્રમાણમાં તૈયાર થઈ શકે.

### ૬. રમકડાં :—

ભારતની જનસંખ્યામાં મોટું પ્રમાણ બચ્ચાંઓ અને બાળકોનું હોય છે, અને બધા બાળકોને રમકડાંનો કુદરતી શોખ હોય છે. રમકડાં અનેક જાતના અને અનેક ચીજોમાંથી બની શકે છે. કપડાંની કાપલીઓ, લાકડાનો વ્હેર, કાગળ, માટી, પૂંઠા, રેતી, છીપ, શંખલા, કોડી, કાંચલી, કાથો, રૂ, રબ્બર, પ્લાસ્ટીક, પતરું, વાળો, બેકેલાઇટ, કચકડું, ઘાસ, બરુ, ખજુરી, શીંગડા, ચામડું, એવી અનેક ચીજોમાંથી અનેક જાતના રમકડાં અને ઘર વપરાશની ચીજો બનાવી શકાય છે અને તેમાંની ઘણી કાચી જણશો ગામડાંઓમાં પ્રાપ્ય હોય છે. ઘણી ચીજો તો નકામી ફેંકી દેવા જેવી વસ્તુઓમાંથી બનાવીને તેમાંથી માણસો રોજી મેળવે છે અને ગુજરાન ચલાવે છે.

### ૭. પરચુરણ કામ :—

૧. ધૂપેલ અને સુગંધી તેલો, કાજળ, સુરમો, અગરબત્તી, કાગળ અને કપડાંની કોથળીઓ, નાડું, વીંટીઓ, બંગડીઓ, ખાટલાની પાટી વગેરે ઘણી વસ્તુઓ ગૃહોદ્યોગ તરીકે ઘેરબેઠા બહેન અને ભાઈઓ ફુરસદના સમયમાં બનાવી શકે.

૨. આ ઉપરાંત મજૂરીના પણ ઘણા કામ ગામડામાં મળી શકે, શીંગો કે કાલા ફોલવાનું, રૂ તથા ઉન કાંતવાનું, રજાઈ કે ગોદડા ભરવાનું અને શીવવાનું, કઠોળની દાળ બનાવવાનું, ખાંડવા કે ભરડવાનું અને ગામડાઓમાં જે જે બીજા કામો મોસમને વખતે નીકળતા હોય તે કામ કરવા જેઓ તત્પર હોય છે તેઓને કામ જરુર મળી

રહે છે. કામ કરવાની તત્પરતા હોવી જોઇએ અને શ્રમયજ્ઞનો મહિમા શીખવો જોઇએ.

ઉપર તો ફક્ત સામાન્ય ચાલુ કામકાજનો નિર્દેશ કરેલો છે. આ બધા કામો સ્ત્રીઓ, પુરુષો, બાળકો સૌ કોઇ કરી શકે અને શીખી શકે તેમ છે, પણ ખોટી શરમ, મોટાઇનો ડોળ, કામની કાયરતા કે આળસ જ જો આપણામાં ભર્યાં હોય તો આપણા ઉદ્ધારનો કોઈ રસ્તો કે ઇલાજ નથી. ગરીબ કે શ્રીમંત સૌએ સંજોગ પ્રમાણે શ્રમ કરવો જ જોઈએ. ગરીબાઇ એ ગુન્હો નથી, નિર્ધનતા છુપાવવી તેમાં મહાન પાપ છે, દંભીને દયા કે મદદ માંગવાનો અધિકાર નથી, આળસુને વિના મહેનતે સહાય આપવી તે પણ એક પ્રકારનો સમાજ-દ્રોહ છે, કેમકે તેનાથી સમાજની અવદશા થાય છે, એટલે દાનવીરો અને જાહેર કાર્યકરોએ ખાસ એ જોવાનું રહે છે કે સહાય એ રીતે અને એવા માણસોને આપવી કે જે થોડા સમય આપવાથી તે માણસો કાયમને માટે જાતમહેનતથી કામધંધો કે મજૂરી કરી રોજી કમાઈ શકે અને સ્વાશ્રયી બને.

## ૮. યોજના પાર પાડવા માટે શું શું કરવું જોઇએ?

૧. જે જે સેવાભાવી આજીવન કાર્યકરો હોય તેઓના મધ્યસ્થ મંડળે (સેવા સંઘે) આખી યોજનાને સર્વાંગે અને સર્વાંશે તપાસી જઇને છેવટનું યોજનાનું સ્વરૂપ નક્કી કરીને પછી તેનો અમલ અને પ્રચાર કરવા માટે સૌરાષ્ટ્રના ગામડે ગામડે પગપાળા મુસાફરી કરવી જોઇએ અને પ્રત્યેક ગામમાં બેચાર ઉત્સાહી યુવકોની સ્થાનિક સમિતિ નીમવી જોઇએ અને સ્થાનિક સંજોગોમાં કેટલા કુટુંબો મદદને લાયક છે અને તેઓને સ્થાનિકમાં કયું કયું કામ શીખવીને કમાતા કરી શકાય તેમ છે તે પ્રત્યક્ષ નિરીક્ષણ અને ચર્ચા કરી નક્કી કરવું જોઈએ. આ રીતે સમસ્ત સૌરાષ્ટ્રનું વસ્તીપત્રક અને સ્થિતિપત્રક તૈયાર કરવું જોઈએ. આ કામ માટે વરસનો સમય પૂરતો થશે.

૨. સ્થાનિક ગામ, તાલુકો, જીલ્લો કે પ્રાંત જેટલી રકમ સ્થાનિક ભેગી કરે અને દર સાલ ધંધાની તાલીમમાં કે ધંધાના ઉત્તેજન માટે ખરચે તેમાં પચાસ ટકાનો ફાળો મધ્યસ્થ સંસ્થા તરફથી આપવો. દરેક ગામની પ્રવૃત્તિ સ્થાનિક કાર્યકરોની સ્થાનિક સમિતિ સંભાળે અને તેનો અહેવાલ તથા હિસાબ મધ્યસ્થને મોકલે. આવી બધી સમિતિઓ મધ્યસ્થ સંસ્થા સાથે સંકળાએલી હોવી જોઇએ અને તેની શાખા તરીકે કામ કરતી હોવી જોઇએ.

૩. કાર્યકરો એવા પસંદ કરવા જોઇએ કે જેઓ જ્ઞાતિની પ્રવૃત્તિ ઉપરાંત સામાજિક, જાહેર અને રાજદ્વારી પ્રવૃત્તિઓમાં રસ પણ લેતા હોય. જ્ઞાતિજન તરીકે રસ લે તે જરૂરનું છે, પણ તેને લઇને સંકુચિત મનોદશા આવવી ન જોઇએ. પ્રજા અને રાષ્ટ્રના આપણે અંગ છીએ અને વિશાળ ક્ષેત્રમાં આપણા ભાઇઓ જેટલા વધુ આગળ પડશે તેટલો આપણને વધુ લાભ થશે અને તેમાં જ્ઞાતિનું પણ ગૌરવ વધશે.

૪. પ્રત્યેક સ્થળે જ્યાં જ્યાં ઉદ્યોગો કે કામકાજ શરૂ થાય તેઓને યંત્રો, સાધનો કે કાચા માલો પૂરા પાડવા માટે અને તેઓએ તૈયાર કરેલા માલનું વેચાણ કરવા માટે એક ધંધાદારી સંસ્થા અલગ હોવી જોઇએ; જે પૈસા ઊભા કરવા માટે અને માલની ખરીદી વેચાણ માટે ઉપયોગી થાય. આને માટે એક મધ્યસ્થ સહકારી મંડળી સ્થાપવી જોઇએ. દશ દશ રૂપીઆના શેર્સ કાઢી રૂપીઆ એક લાખ, અને બની શકે તો વધુ રકમની થાપણથી આ સંસ્થા ઊભી કરવી. માત્ર પરમાર્થની દ્રષ્ટિથી નહિ પરંતુ ધંધાદારી રીતે જ આ સંસ્થા કામ કરે, સારો નફો કરે, શેર્સનું વ્યાજબી વ્યાજ પણ આપે, અનેક યુવકોને ધંધાદારી તાલીમ આપી તૈયાર કરે, હુન્નરઉદ્યોગ સ્થાપે, માલ ઉત્પન્ન કરે અને વેચે અને સંગઠન સાધે; નફામાંથી ગરીબોને મદદ, કેળવણીને ઉત્તેજન, ધંધાદારી શિક્ષણ અને માંદા માટે સારવારની સગવડ–આ બધું કામ તે કરી શકે. જ્ઞાતિની વાડી વગેરે જે કાંઇ કરવું હોય તે બધું આ સંસ્થા

કાર્યદક્ષ કરી શકે છે. ભવિષ્યમાં આ સંસ્થા જ જ્ઞાતિનું સાચું સંગઠન સાધી શકશે, પરિષદને શક્ય બનાવશે, એક સરખા ધારાધોરણો અને સાદા રીતરિવાજોનો અમલ કરાવી શકશે અને ધીમે ધીમે જ્ઞાતિનો ઉત્કર્ષ કરી શકશે. આ સ્વપ્ન કે હવાઈ કિલ્લા નથી. મનના તરંગો નથી કે કલ્પેલી કલ્પના નથી, પરંતુ અનુભવની એરણ ઉપર ઘડાએલી નક્કર હકીકત છે અને અનુભવથી સિદ્ધ કરેલી બાબત છે. તેમાં સાહસ કે જોખમ નથી. માત્ર સૌમાં શ્રદ્ધા, એકનિષ્ઠા, સહકાર, સંગઠન અને કાર્યને સફળ બનાવવાની ભાવના હોવી જોઇએ. એટલે સાચા કાર્યકરો નીકળે તો જ કાર્ય થઈ શકે; અને સૌની ભાવના અને લાગણી હોય તો જ કાર્ય સફળ થાય તે અફર સત્ય છે. પૂજ્ય મહાત્માજીએ પોતાના આદર્શો મક્કમતાપૂર્વક અમલમાં મૂકી તેનાં સુંદર પરિણામો જગતની સમક્ષ સાબિત કરી બતાવ્યા છે.

●

( ૪ )

## વેપારી આલમ માટે આદર્શ સમાજરચના

આપણે વેપારી કોમ છીએ એટલે બાળકોને બાળપણથી વેપારી તરીકેના સંસ્કાર કેમ પાડવા અને તાલીમ કેવી આપવી તે દરેક માબાપે જાણવાની જરૂર છે.

માબાપના સંસ્કાર અમુક અંશે બાળકોમાં જન્મથી જ આવે છે. જન્મ બાદ બાળકના ઉછેર, આદત, વાતાવરણ અને સંસ્કાર એની અસર સઉથી વધુ પડે છે; માટે તેના ઉપર બહુ જ કાળજી રાખવાની જરૂર છે. બાળક પડ્યો પડ્યો રમ્યા કરે અને રડે નહી તથા હીંચોળ્યા સિવાય એમ ને એમ પથારીમાં સૂઈ જાય એ ટેવથી તેનો સ્વભાવ આનંદી થશે અને પ્રકૃતિ શાંત બનશે. નિયમિત સમયે ખોરાક આપવાની.

કુદરતી હાજતે જવાની કે સમયસર સુવાની ટેવ પાડવાથી તે નિયમિત અને તંદુરસ્ત થશે. લાડ લડાવવાથી તે બગડશે, માર મારવાથી જડ થશે, ડરાવવાથી બીકણ થશે, રડાવવાથી કજીયાળો થશે વધુ ખવડાવવાથી અકરાંતીયો અને રોગી થશે, ક્રોધથી ક્રોધી, રીસથી રીસાળ, અભિમાનથી ગર્વીષ્ટ, દ્વેષથી દ્વેષીલો અને લોભથી લોભી થશે. પણ જો તેને સારો અને સંસ્કારી બનાવવો હોય તો તેના પ્રત્યે અને તેની હાજરીમાં માબાપ અને સહુ કુટુંબી જનોનું વર્તન સારું, વિનયી અને માન તથા પ્રેમયુક્ત હોવું જરૂરનું છે.

તેના નિત્ય જીવનમાં તેને નિયમિત દ્રઢનિશ્ચયી, સ્વાશ્રયી અને સદાચારી બનાવવા પૂરતી કાળજી રાખવી, તેની બહુ આળપંપાળ ન કરવી, પડે આખડે કે વાગે તો હીંમત આપવી, શરીરને ખડતલ બનાવવું, કસરત, કામ અને સાહસ કરવાની તાલીમ આપવી, બધું કામ જાતે કરવાની ટેવ પાડવી. ગમે તેવું ખાવાનું, પહેરવાનું કે સૂવાનું હોય તો પણ ચલાવી લેતા શીખવવું. બુદ્ધિ અને મન તથા વાણીના વિકાસ માટે વાર્તાઓ કહેવી. હાલરડા કે ગીતો સંભળાવવા અને ગાતા શીખવવું. આંખ, કાન અને વાચાવડે શિક્ષણ આપી શક્તિઓ ખીલવવા, કુદરતી સૌંદર્ય, પશુપક્ષીના નામ, જીવજંતુના રાત્રીસમયના ગુંજારવ વિગેરેમાં રસ લેતા કરવા; શાળાના શિક્ષણમાં સારું વાંચતા, લખતા બોલતા અને ગાતા શીખવવું, સુંદર અક્ષર લખતા શીખવવું, ગણિત અને હિસાબનું ખાસ જ્ઞાન આપવું કેમકે વેપારમાં તે બધાની બહુ જ જરૂર પડે છે. નામું, પત્રવ્યવહાર વ. સારું આવડે તો વેપારમાં સફળતા સારી મળે છે.

માનસિક શક્તિ ખીલવવામાં નિરીક્ષણ, વાંચન, ચર્ચા, તર્કવિતર્ક, શંકાસમાધાન અને ગમે ત્યાંથી શીખવાનું મળે તો શીખવાની અને અનુભવ લેવાની તાલાવેલી રાખવી જોઇએ. અનિશ્ચિતપણું, શંકાશીલ પ્રકૃતિ, ડરપોકપણું કે શરમાળપણું શક્તિનો વિકાસ રૂંધે છે. જ્યારે સાહસિકવૃત્તિ, ઓતપ્રોતપણું, તમન્ના, હીંમત અને અડગનિશ્ચય એ

ઉન્નતિ સાધવા માટે બહુ જરૂરના છે. વેપારીને ક્રોધ કે રીસ, કડવી ભાષા કે જીદ, મોટાઇ કે અભિમાન, જરાપણ ન પાલવે, સહુની સાથે સારાસારી રાખવી, ભાષા મધુર અને વિવેકી જોઇએ, વર્તન વિચારપૂર્વકનું જોઇએ, આળસ કે ઇર્ષ્યા બીલકુલ ન જોઇએ, સમયસૂચકતા અને દીર્ઘદ્રષ્ટિ ખાસ જોઇએ. ગમ ખાતા અને ખામોશ રહેતા આવડવું જોઇએ અને કદીપણ ફુલણજી ન બનવું જોઇએ–ફતેહમંદ વેપારી બનવા માટે અને ધન કમાવા માટે આટલી યોગ્યતા ખાસ જરૂરની છે.

આદર્શ વેપારી અને આદર્શ ગૃહસ્થ બનવા માટે એ ખાસ જરૂરનું છે કે ધંધાદારી તાલીમ અને કુનેહ હોવા જોઇએ. ઘરાકોને રાજી રાખી તેમની સાથે મીઠાશભર્યું વર્તન રાખવું જોઇએ. નાના વેપારીઓ ઉપર રહેમ રાખી તેઓને ધંધામાં ઉત્તેજન આપવું અને બધાનું સંગઠન સાધી તેઓ સહુના પોતે નાયક બની ધંધાની ખીલવણી કરવી અને વેપાર વધારવો, ધંધામાં આંટ અને આબરૂ તથા વચન અને કબૂલાતની સહુથી વધુ કીંમત છે. આદર્શ વેપારીએ જેમ સારું કમાવાનું છે, તે રીતે કોઇને મદદ કરવાનું, દુ:ખીને દાન કરવાનું, મુંઝાએલાને બચાવી લેવાનું, અને સાર્વજનિક લોકહિતના કામોમાં મોખરે રહી નેતાગીરી લેવાનું પણ તેટલું જ જરૂરનું છે. તેવી જ રીતે રાજ્યદ્વારી ક્ષેત્રમાં, હુન્નરઉદ્યોગમાં, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં સક્રિય ભાગ લઈ ઉત્તમ નાગરિક અને આદર્શ શહેરી બનવાની પણ જરૂર નથી એમ નહીં. પોતે જેમ પરદુ:ખભંજન જીવન જીવ્યા હોય તેમ પોતાના આપત્તિકાળમાં બીજાઓની સહાય તેમને પોતાને પણ ચોક્કસ મળી રહેશે. સારા સમયે સારું વાવ્યું હશે તો દુ:ખના સમયે તે અવશ્ય ઉપયોગી થયા વિના રહેશે જ નહી, વ્યવહાર અને વેપારના ક્ષેત્રમાં અગ્રપદ પ્રાપ્ત કર્યું હોય તેની સાથે ક્ષેત્રમાં પણ જો મોખરે રહી શકે તો સોના અને સુગંધનો સારો સુમેળ સાધ્યો કહેવાય. ઉત્તમ કોટીનું જીવન જીવતા હોય તો આખો સમાજ સ્વર્ગીય સુખ ભોગવતો હોય. આદર્શ સમાજરચના આના કરતાં વિશેષ શું હોઈ શકે?

( ૫ )

## ધંધામાં વધુ મહત્ત્વનું શું ?

### ધન, કામ, અનુભવ કે ગણતરી ?

ભારત ખેતીપ્રધાન દેશ છે, શહેરો કરતાં ગામડાની સંખ્યા અને વિસ્તાર બહુ મોટો છે, ખેતી ઉપર નભતી જનસંખ્યા પણ બહુ મોટી છે, શહેરોની ધંધાદારી કે ઔદ્યોગિક સમૃદ્ધિ અને જાહોજલાલી ગામડાઓ અને ગ્રામ્ય પ્રજા ઉપર નિર્ભર છે. જો ગ્રામ્ય જનતા આબાદ હશે તો જ દેશના વેપારધંધા, હુન્નર ઉદ્યોગ કે વિકાસ ટકી રહેશે, માટે જ પ્રજાએ અને સરકારે ગામડાઓનો ઉત્કર્ષ સૌથી વધુ સાધવાની ખાસ જરુર છે.

પોતાના વતનમાં રહી ખેતી, વેપાર કે કામધંધો કરવો અને ઘર આંગણે શાંતિથી અને સંતોષથી જીવન જીવવું આ આપણો આદર્શ હતો, પરંતુ સંજોગોએ તે પરિસ્થિતિમાં બહુ જ મોટું પરિવર્તન કર્યું અને સૌ કોઈ ખાસ કરીને બુદ્ધિશાળી, સાહસિક અને મજૂર વર્ગ શહેરો પ્રત્યે આકર્ષાયા, ગામડામાં શિક્ષણનો પ્રબંધ જોઇએ તેવો અને જોઇએ તેટલો કરવામાં રાજ્યસત્તાએ દુર્લક્ષ કર્યું, વેઠનો ત્રાસ વધુ પડતો વધી ગયો, સરકારી નોકરોની કનડગત બહુ વધી, નાણાંની અને જિંદગીની સલામતી રહી નહી. સ્થાનિક વેપાર ધંધા કે ઉદ્યોગોને ઉત્તેજન મળ્યું નહીં, બુદ્ધિશાળી અને શક્તિશાળી માણસો માટે ઉદ્યમના ક્ષેત્રોનો અભાવ થયો, સ્ત્રી–મર્યાદાની સલામતી રહી નહીં, દેશી રજવાડામાં રાજવીઓ અને રાજકુટુંબના માણસો મોટા ભાગે દુર્વ્યસની, દારૂડીઆ અને એશઆરામી બનવા લાગ્યા એટલે તેઓના ત્રાસમાંથી સહીસલામત બચવા અનેક કુટુંબોએ વતનનો ત્યાગ કરી શહેરમાં વસવાટ કર્યો અને જેને જે ફાવ્યા તે કામધંધા શહેરોમાં શરૂ કર્યા. એક વખત શહેરી જીવન તરફ આકર્ષણ થયું અને તેનો અનુભવ કર્યો, એટલે ગામડાંનું જીવન અને વતનનો મોહ ઓછો થયો. મોટા

શહેરોમાં મોટી જનસંખ્યા આજે એવી છે કે જેઓ કેટલીએ પેઢીઓથી શહેરોમાં વસે છે અને જેઓને વતન સાથે કશો સંબંધ રહ્યો નથી, અથવા થોડોઘણો સંબંધ રહ્યો હોય તો તે સગાવહાલાં વતનમાં રહેતા હોય કે બાપદાદાની કાંઈ જમીન–જાગીર હોય અથવા કુળદેવી કે સ્થાનક સંબંધી કર કરવાના હોય તો તેટલા પૂરતો બે ચાર દિવસ જઈ આવવા પૂરતો જ હોય છે. આ અને આવા અનેકવિધ કારણોને લીધે ગામડાં ક્ષીણ થયાં, ઘસાઇ ગયા, વસતી ઓછી થઈ ગઇ અને આખરે ઉજ્જડ વેરાન, નિષ્પ્રાણ અને પાયમાલ થઈ ગયા.

હવે સમય અને સંજોગો એવા આવ્યા છે કે પ્રજાના નાયકો અને રાજ્યસત્તા સમજે, વિચારે અને લાભાલાભની દૃષ્ટિએ નિર્ણય કરે કે ભારતનો સાચો ઉદ્ધાર અને સર્વાંગી વિકાસ ઓછા સમયમાં અને ઓછા ખર્ચમાં સાધવો હોય તો હાલ તુરત પાંચ કે દસ વર્ષ સુધી બધી પ્રવૃત્તિઓ ગામડામાં જ શરુ કરવી જોઇએ અને તેના ઉપર બધું લક્ષ કેન્દ્રિત કરી તેનો મક્કમતાપૂર્વક અમલ કરવો જોઈએ. ગામડાના હવાપાણીથી શરીરસ્વાસ્થ્ય અને માનસિક શાંતિ સારા રહેશે, ઓછા ખરચે જીવનગુજારો થશે; સંસ્થાઓ માટે જમીનો કે મકાનો ઓછા ખર્ચે થઇ શકશે, શહેરી જીવનના ખોટા અને નુકશાનકારક આકર્ષણો ગામડામાં ન મળવાથી જીવન અને રહેણીકરણી સાદા અને ઓછા ખર્ચાળ રહેશે અને જીવન સાદું તથા સંતોષી રહેશે.

એટલે જો ગામડામાં કે ગ્રામ્યપ્રદેશમાં ૧. શિક્ષણની સંસ્થાઓ, ૨. નાના ગૃહઉદ્યોગો અથવા ઔદ્યોગિક સંસ્થાઓ, ૩. કારખાનાઓ, ૪. સામાજિક સેવાની સંસ્થાઓ, ૫. તાલીમ વર્ગો વિગેરે ખોલવામાં આવે તો ઓછા ખર્ચે વધુ સંખ્યામાં બહુ જ શાંતિથી જનતાને તૈયાર કરી શકાય અને પાંચ વર્ષની આખરે આખી પ્રથાનું એવું સુંદર ઘડતર કરી શકાય કે જેથી દેશ બધી રીતે સમૃદ્ધ બને અને જગતની અન્ય આગળ પડતી પ્રજાઓમાં તેની ગણના થાય. આ પ્રશ્ન આખી પ્રજાએ વિચારવાની અને તેનો અમલ કરવાની જરુર છે.

દરેક માણસ ગમે તે કક્ષાનો કે વર્ગનો હોય, પરંતુ તેના જીવનનું સૌથી પહેલું ધ્યેય કામ કરી ધન કમાવાનું અને તે દ્વારા કુટુંબનું પાલનપોષણ કરવાનું હોય છે. ધંધા કે કમાણીમાં સમયના સંજોગોના પ્રમાણમાં ભરતી ઓટ આવ્યા કરે છે, પરંતુ તે બધામાંથી સાંગોપાંગ પાર કેમ ઉતરવું તેની આવડત કે તાલીમ જોઇએ છે. આજે શિક્ષણ અને તેનું પ્રમાણ વધ્યાં છે છતાં ભણેલાઓ માટે નોકરી કે ધંધાનો પ્રશ્ન પણ એટલો જ જટીલ અને વિકટ બન્યો છે. આ પ્રશ્નનો ઉકેલ સરકાર કે પ્રજા સહેલાઇથી કરી શકતા નથી, ગમે તેટલી નોકરી શોધી આપવાના ખાતા ખોલવામાં આવે તો પણ બેકારોની સંખ્યા ઘટવાને બદલે વધતી જ જાય છે, આનું ખરું કારણ એ છે કે નવા ઉમેદવારોને ધંધાદારી કે નોકરીની તાલીમ, શિક્ષણ કે અનુભવ આપવાનું કામ કોઈ સંસ્થા કરતી નથી, અને નોકરીએ રહેવા આવનાર નવા માણસ માટે પ્રથમ પ્રશ્ન એ પૂછાય છે કે અનુભવ શું છે અને કેટલા વર્ષનો છે, આનો જવાબ શૂન્ય કે નકારમાં હોય છે, એટલે નવા બીનઅનુભવીને કોઈ આવકારતું નથી.

માટે સરકારે કરવેરાના બોજા વધારવાને બદલે સૌથી પહેલું કામ એ કરવું જોઇએ કે દરેક ધંધાદારી દુકાન, સંસ્થા, પેઢી કે કારખાનામાં એ પ્રબંધ હોવો જોઇએ કે તે દરેક અમુક સંખ્યામાં વગર પગારે કામ કરવાવાળા ઉમેદવારો રાખી તેઓને ધંધાદારી તાલીમ આપવી જોઇએ અને ત્રણ કે છ મહિના પછી તેઓની પરીક્ષા લઈ યોગ્યતાના પ્રમાણમાં અમુક પગાર કરી આપવો જોઇએ, અથવા આવી વ્યવહારુ તાલીમ અને શિક્ષણ આપવા માટે ધંધાદારી સંસ્થાઓ હોવી જોઇએ. અનુભવીઓનું કહેવું યથાર્થ છે કે ધંધામાં ધન કરતાં કામનો અનુભવ, આવડત અને ગણતરી સૌથી વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે. સરકાર આવો પ્રબંધ કરે એમ આપણે સૌ ઇચ્છીએ.

( ૬ )

## મંદીમાંથી વેપારીઓએ શીખવાનો બોધપાઠ

આજે જગતભરના દેશોમાં ઘણા વેપાર-ધંધાઓમાં મંદીનું એકાએક અચાનક મોજું ફરી વળ્યું છે તેની અસર દરેકના જીવનને ઓછા વધુ પ્રમાણમાં સ્પર્શ કર્યા વિના રહી નથી. આના કારણોની ચર્ચા એ શોધ કરવા કરતાં આમાંથી વેપારીઓએ શું બોધપાઠ શીખવો જોઇએ તે વધુ જરૂરનું છે. કેમકે "જાગ્યા ત્યારથી સવાર," અને 'વાર્યા ન સુધર્યા તો હવે હાર્યા સુધરીએ.' તો પણ હવે પછીનું વેપારી જીવન કેવું જીવવું તેનો નિર્ણય કરી અમલ કરશું તો ફરીને પગભર થઈ શકાશે.

અનુભવ એ સઉથી ઉત્તમ શાળા અને સુંદર શિક્ષણ છે. લડાઇની ઉથલપાથલના ચિત્રવિચિત્ર પરિણામો સઉએ અનુભવ્યા અને તેજી-મંદીના અનેક રંગો પણ જોયા. લાખો કમાયા અને હજારો ખરચ્યા. કરોડોનો વેપાર કર્યો અને અબજોના આંકડાના હિસાબ ગણ્યા. ઘણા ન કરવાના કામો કર્યા અને કરવા લાયક કામોને તુચ્છકાર્યા. તઇયાર માલ લેવામાં અને વેચવામાં પઇસાના સાધનના પ્રમાણમાં વેપારી વેપાર કરે છે. બહુ સાહસિક વેપારી હોય તો પઇસાની સગવડ બેંકો, શરાફો કે દલાલો મારફત હૂંડી દ્વારા કરીને મોટા પ્રમાણમાં વેપાર કરી શકે છે. કેટલાક વેપારીઓ ગમે તેટલો માલ લેવાની હીંમત કરે છે અને માલ લાવીને બીજી બાજુથી પીઠબજારે નફા કે નુકશાનીથી માલનું વેચાણ કરવા માંડે છે અને નક્કી કરેલ મુદ્દતમાં માલ ખલાસ કરે છે. કેટલાક વેપારીઓ જેઓ બહુ લોભી હોય છે તેઓને મનમાનતો નફો મળે તો જ માલ વેચે છે અને નહી તો માલ પકડી રાખે છે. કેટલાક ગણતરીબાજ વેપારીઓ હોય તે માલની પડતર કીંમત શું થાય છે, માલનો જથ્થો બજારમાં કેટલો કોની કોની પાસે છે, અને શું ભાવે તેઓ વેચે છે, તથા બીજો માલ બજારમાં શું ભાવનો આવે તેમ છે

અને ઘરાકી ક્યારે કેટલી અને કયા દેશાવરની નીકળે તેમ છે, તે બધાની ગણતરી કરીને વેપાર કરે છે. કેટલાક દેવાળીયા વેપારી ગમે તે ભાવે ગમે તે માલ ખરીદ કરીને ગમે તે ભાવે માલ વેચી નાંખે છે અને ધીમે ધીમે આંટ જમાવી મોટી રકમનો માલ ઉધાર લાવીને તેના નાણાં લઈને ભાગી જાય છે અને ગામને નવડાવે છે. કેટલાક ઓછી અક્કલના વેપારી માલનો વકરો કરવાનું જ સમજે છે. પણ માલમાં ખરચો, ખરાજાત, વટાવ, દલાલી, શાહી, કડદો, કસર, વ્યાજખાધ વિગેરે કેટલા ટકા ચઢી જાય છે તેનો ખ્યાલ પણ તેને હોતો નથી. વરસ આખરે સરવૈયું કાઢે ત્યારે જ તેને સમજ પડે છે કે સરવાળે કમાયા કે ગુમાવ્યા? કેટલાક લુચ્ચા અને દગાખોર વેપારીઓ દગાથી અને વિશ્વાસઘાતથી જ કમાય છે. કેટલાક વાંધાખોર વેપારીઓ ખોટા વાંધા કરી કડદા કે માલઘટના બહાના કાઢી તેવા પઈસાથી જ નફો મળતો હોય તો જ માલ ઉપાડે છે, અને નહી તો વાંધા ઊભા કરે છે. કોઈ તોલમાપની ચોરી કરે છે, કોઈ જૂઠું બોલી, ખોટા આંકડા બતાવી કે ખોટા સોગંદ ખાઈ ઘરાકને વિશ્વાસ ઉત્પન્ન કરી કમાણી કરે છે. કેટલાક નાણાંના જોરે માલ એકહાથ કરી કૃત્રિમ અછત ઉત્પન્ન કરી મોં–માંગ્યા દામે માલ વેચી કમાય છે. કોઈ ખુશામતથી, કોઈ બાતમીથી, કોઈ સરકારી જાહેરાતની ખાનગી રીતે અગાઉથી મેળવેલી ખબરથી, કોઇ લાંચરૂશ્વત આપી, કોઈ કાળા બજાર કરી, કોઈ દાણચોરી કરી, કોઈ જુદા જુદા પ્રદેશોના ભાવતાલની ખબર મેળવી, માલની લેવેચ કરી, કોઈ હલકા ઊંચા માલમાં ભેળસેળ કે દગો કરી—એવી અનેક રીતે વેપાર કરી ધન કમાયા છે, શ્રીમંત બન્યા છે અને સદ્‌ગૃહસ્થમાં ખપે છે. આવી આવી અનેક રીતો, યુક્તિઓ અને તદબીરો જેને જે સૂઝી તે દરેકે અજમાવી અને તે રીતે વેપાર કર્યો. આ રીતે ધન કમાયા અને વેપાર ખેડયો.

કોઇક જ વેપારી એવો હશે કે જે ઘરની મૂડીથી જ વેપાર કરતો હશે. ધંધામાં કસ અને કમાણી હોય, માલો ખપતા હોય અને ભાવો

વધતા જતા હોય એટલે વેપારીને લોભ વધે અને વધુ મોટો વેપાર કરવા લલચાય. અને નાણાં ધીરનારા મળતા હોય એટલે ઉછીના નાણાં લઇને વેપાર વધારતો જાય અને એ રીતે ધંધાનું જોખમ વધતું જાય અને ગજા ઉપરાંત વેપાર વધતો જાય. હદ કરતાં ભાવો વધુ વધે એટલે સાચી ઘરાકી ઓછી થતી જાય અને છેવટે વેપારી વેપારી વચ્ચે પણ માલની લેવેચ ઘટતી જાય છે.

નાણાંની આંટ, લેવડદેવડ અને ભરજર થતી હોય ત્યાં સુધી વહેવાર ચાલ્યા કરે, પણ જ્યારે માલનું વેચાણ થાય નહી ત્યારે ઉઘરાણી આવે નહી એટલે લેણાવાળાને સમયસર પઇસા આપી ન શકાય. એટલે કાં તો માલ નુકશાનીથી વેચી નાણું છૂટું કરી માગનારને ચૂકવવું જોઇએ અથવા તો શરાફો અને મુલતાનીની હુંડીઓ ઊંચા વ્યાજે લેવાનું ચાલુ રાખવું જોઇએ. એક વખત આ નાગચુડમાં ફસાયા પછી તેમાંથી નીકળવું કે તદ્દન મુક્ત થવું વેપારી માટે બહુ જ મુશ્કેલ અથવા તદ્દન અશક્ય બને છે. હુંડીની સામે એક સાથે મોટી રકમ આવે તે વખતે સારી લાગે અને તુરત ઉપયોગમાં આવી જાય. પણ પાકતી મીતીએ ભરવાની હોય તે વખતે મોટી રકમ ભેગી કરવી બહુ જ મુશ્કેલ હોય છે. કાં તો દિવસો અગાઉથી થોડી થોડી કરીને ભેગી કરવી પડે અને વ્યાજની કસર ખાવી પડે. રકમ પાછી આપવાના સંજોગો ન હોય એટલે ફરજયાત જૂની હુંડી ભરપાઈ કરી આપીને નવી લેવી જ પડે. આ સાણસામાં એક વખત સપડાયા પછી તેમાંથી કોઈ દિવસ છૂટાતું નથી.

એટલે પારકાના નાણાના જોરે વેપાર કરવો, ગજા ઉપરાંત વેપાર કરવો, સંજોગોનો ખ્યાલ રાખ્યા વિના આંખ મીંચીને દીર્ઘદૃષ્ટિ રાખ્યા વિના વેપાર કરવો તે આદત, વેપાર અને વેપારીની પાયમાલીનું મુખ્ય કારણ છે અને જેઓ આ બાંધી મુદતની હુંડીઓના નાણાંથી વેપાર કરે છે તેઓને મુશ્કેલી અને મંદીના સમયે સૌથી વધુ સહન કરવું

પડે છે. શરાફોની હુંડીઓ ઉપર જેઓ નભતા હતા, તેઓને નવી ધીરધાર બંધ થઈ માલમાં એકાએક મંદી આવી અને ભાવ ઘટ્યા તથા ખપત ઓછી થઈ એટલે ઘણા વેપારીઓનો વ્યવહાર અટકી પડ્યો અને મૂંઝવણ ઊભી થઇ, હુંડીને બદલે માલ ઉપર શરાફના કે બેંકોના પૈસા લીધા હોત તો વેપાર મર્યાદામાં થતો હોત એટલે નુકશાની કરવી પડત પણ તેનાથી આબરુને વાંધો ન આવત.

તૈયાર માલની લેવડદેવડ અને વેપાર શક્તિ મુજબ મર્યાદામાં થાય છે, પણ જે જે બજારમાં વાયદાનો વેપાર ચાલતો હોય છે અને જ્યાં માલની બદલી થાય છે અથવા ભાવની વધઘટ ચુકવાય છે ત્યાં ધંધાનું પ્રમાણ સચવાતું નથી, એટલે ગજા ઉપરાંતનો વેપાર થઈ જાય છે અને અઠવાડીએ, પંદર દિવસે કે મહિને વલણના પૈસા ચુકવાય છે ત્યારે માલૂમ પડે છે કે શું નફો કે નુકશાન છે? આવા સોદાઓને જ સટો કહેવાય છે. સટોડીઆઓ ભલે તેને વેપાર કહે અને વેપારને અંગે વાયદાની ડીલીવરી જરુરી માને પણ વેપારની સાચી અને સર્વમાન્ય વ્યાખ્યામાં વાયદાનો સોદો ફરજીયાત માલની ડીલીવરીનો અભાવ અને ઉપલા મહીનાની ડીલીવરીમાં આનો સમાવેશ થતો નથી.

વગર મહેનતે ફક્ત બુદ્ધિ અને હીંમતના જોરે અથવા પૈસાના સાધને માલની સમજણ, અનુભવ કે જ્ઞાન વિના થોડા ટાઇમમાં પૈસા કમાવાની લાલચે માણસો સટ્ટા, જુગાર કે શરતની બદીમાં પડે છે, સટ્ટામાં સોમાંથી પચાસ કમાય અને પચાસ ગુમાવે છે, અથવા ખરી રીતે થોડા માણસો કમાય છે અને ઝાઝા માણસો ગુમાવે છે. વેપારમાં બધા કમાય છે. ભલે ઓછું કમાય પણ ગુમાવવાનું બહુ ઓછાને જ હોય. બલ્કે કોઇને ન હોય. જેને વેપાર કરતા ન આવડે અથવા જે આવક કરતાં ખર્ચ વધુ રાખે તેજ દીવાળું કાઢે. વેપારી બજારમાં કોઇક જ વખત કોઇક જ વેપારી પેઢી કાચી પડે છે, તે સહુનો અનુભવ છે.

આ બધી હકીકત જાણ્યા પછી અને અત્યારની મંદીનો માર ખાધા પછી ડાહ્યા વેપારીઓએ બોધપાઠ શીખવાની જરૂર છે કે:—

૧ પૈસાને સાધ્ય ન ગણવું. ૨ આગળ વધવાનો પ્રયાસ કરવો પણ ઉત્પાત ન કરવો. ૩ અતિ લોભ તે પાપનું મૂળ છે, માટે જે મળે તેનાથી સંતોષ રાખતા શીખો. ૪. ધનનું અભિમાન ન કરતાં લક્ષ્મી ચંચળ છે, લક્ષ્મી મળે તો તેનો સદુપયોગ કરજો અને લોકહિતમાં વાપરજો. ધનના ગુલામ બનવા કરતાં તેના માલીક બનજો. ૫. પારકે નાણે કે ગજા ઉપરાંત વેપાર કરવો તે પાપ અને દુઃખ છે એમ માનજો. ૬. પ્રાચીન પ્રથા પ્રમાણે–૧. વેપાર, ૨. ખાનગી રોકડ, ૩. જમીન કે મીલ્કત અને ૪. દરદાગીના એ મુજબ પૂંજીના ભાગ કરીને રોકો તો કદી આપત્તિ નહીં આવે. ૭. શ્રીમંત થાઓ તો બીજા ઉપર ઉપકાર કરતા શીખજો પણ કોઇના નીસાસા ન લેશો. વાવશો તો ફળના અધિકારી બનશો. ૮. તૈયાર માલનો વેપાર સારો ચાલતો હોય તો વાયદાનું કે સટાનું કામ બીલકુલ ન કરવાની પ્રતિજ્ઞા લેજો. ૯. આફતમાં આવી પડેલ વેપારીને રાહત કે મદદ આપી ટકાવી રાખજો, ૮ ધંધામાં વાંધા પડે તો ઘરમેળે ફેંસલો કરજો પણ અદાલતે જઇ પાયમાલ ન થતા, ૯. કદી પણ માણસાઇ ન ગુમાવશો અને સહુની સાથે ભાઇચારો રાખજો, ૧૦ ધંધામાં જૂઠું, અનીતિ, દગો, ભેળસેળ કે વિશ્વાસઘાત કદી પણ ન કરશો. સાચો વેપારી આનું નામ.

●

( ૭ )

# હિંદના હુન્નર ઉદ્યોગનો વર્તમાનકાળ અને ભવિષ્યકાળ

**દરિયાની** ભરતીની માફક છેલ્લી લડાઇની તકે ભારતના ઉદ્યોગપતિઓને, વેપારીઓને અને બીજા અનેક વર્ગોને ધનની કમાણીનો સારો લાભ આપ્યો. આથી ભારત સમૃદ્ધ અને સદ્ધર બન્યો. તેને લઇને અનેક નવા ધંધાઓ અને ઉદ્યોગો ખોલ્યા, સાહસો ખેડ્યા અને ધનિક વર્ગે વધુ ધન કમાવા માટે અવનવી યોજનાઓ અમલમાં મૂકી.

પરંતુ આ અવનવા સાહસોમાં દેશના કે પ્રજાના ઉદ્ધારની દૃષ્ટિ કરતાં પોતે વધુ શ્રીમંત બનવાની અને ભલા, ભોળા, લોભી કે લાલચુ લોકોને ફસાવી કે લાલચ બતાવી કુંપનીઓના શેર્સના નાણાં ભરાવીને નાના મોટા કારખાનાઓ કાઢ્યા, કંપનીઓ કાઢી અથવા વેપાર–ધંધાની સીન્ડીકેટો ઊભી કરી. કેટલાએક મોટા પાયાના ઉદ્યોગો પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓએ ઊભા કર્યા, અથવા સરકારના સાથ, સહાય અને બાંહેધરીથી શરૂ થયા અને કેટલાએક સરકારે પોતે સ્થાપ્યા. આયાત નીકાસના સરકારી નિયંત્રણો અને નીતિએ કેટલાએક ઉદ્યોગોને સીધું કે આડકતરું ઉત્તેજન આપ્યું અને રક્ષણની જકાતે તેમને સ્થાનિક ખપતનો લાભ આપ્યો. આ રીતે અનેક ધંધાઓ શરૂ થયા, ખીલ્યા અને પગભર થયા.

નાનાં નાનાં ઉદ્યોગો જેવા કે ગ્લાસ, પ્લાસ્ટીક, બેકેલાઇટ, ધાતુઓ, વનસ્પતી–તેલ, ખાંડ, દવાઓની બનાવટ, રબ્બર, સાંચાકામના ભાગો અને જણસો, દરેક જાતનું કાપડ, રંગાટ કામ, છાપકામ, હોઝીયરી, કટલરી, ડૉક્ટરી ઓજારો, વીગેરેના ઘણા કારખાનાઓ શરૂ થયા, ખીલ્યા અને છેવટે તેમાંના ઘણાંખરાં બંધ પણ થઇ ગયાં.

મોટા ઉદ્યોગો પૈકી હવાઈ જહાજો, સ્ટીમર તથા વહાણો, મોટરો, ઇલેક્ટ્રીક સામાન, મશીનરી, કાગળ, પાવર હાઉસ, લોખંડ અને બીજી ધાતુઓ, જુદા જુદા ખનીજો, કેમીકલ્સ અને રસાયણો, તથા બીજા એવા અનેક મોટા મોટા કારખાનાઓ કરોડોની શેર કેપીટલથી ઊભા થયા. તેમાંના ઘણા ચાલુ છે, પરંતુ આજ સુધી છેલ્લા થોડા વર્ષો સુધી તેઓએ જે સારા નફા કર્યા અને સારા વ્યાજ, નફો કે બોનસ વહેંચ્યા તેમાં ઘણાં કારખાનાંઓને હવે ઓટ શરૂ થયો છે અને કેટલાકને ક્ષય લાગુ પડ્યો છે. વર્તમાનપત્રોમાં અને સરકારી રિપોર્ટમાં આવતા સમાચારોની તારવણી કરવાથી આ બાબતની વધુ પ્રતીતિ થશે.

જેઓને સરકારના, અર્ધસરકારી ખાતાના કે વેપારના ક્ષેત્રના મોટા મોટા ઓર્ડરો માલના મળે છે તેઓના સંજોગો અને કમાણી સારા છે. પરંતુ જેઓને પોતાના બળ ઉપર નભવાનું છે અને કાતીલ હરિફાઇ વચ્ચે કામ કરવાનું છે તેઓના સંજોગો વધુ ને વધુ મુશ્કેલી-વાળા થતા જાય છે. જેઓ પ્રમાણિકપણે ખંત અને કાળજીથી ગણ-તરીપૂર્વક જાતે કામ કરે છે અને ખરીદી, વેચાણ અને માલની બનાવટ અને ઉત્તમતા માટે ચીવટ રાખે છે તથા કારખાનાની વ્યવસ્થા અને દેખરેખ બહુ કરકસરથી રાખે છે, તેઓ હરીફાઈમાં પણ ટકી રહે છે. અને સારો નફો પણ કરે છે. પરંતુ જેઓ પોતાનો જ સ્વાર્થ સાધવા તરફ જ દ્રષ્ટિ રાખીને કામ કરે છે અને જેઓને શેરહોલ્ડરોની કે ઉદ્યોગો-ની કશી પડી હોતી નથી, તેઓને ધીમે ધીમે તકલીફ પડવી શરૂ થઇ છે.

કેટલાએક મોટા નવા ઉદ્યોગો એવા શરૂ થયા છે કે જેઓએ લીમીટેડ કુંપની ઊભી કરીને કારખાનાઓ ઊભા કર્યાં છે. પરંતુ કાર-ખાના ચલાવવા માટે જોઇતી રોકડ રકમ તેઓ પાસે નથી. તેઓ પૈકીના કેટલાએકે ઇન્ડસ્ટ્રીઅલ ફાઇનેન્સ કોર્પોરેશન ઑફ ઇન્ડીઆ જેવી અર્ધ સરકારી સંસ્થા કે બીજી એવી નાણાં ધીરનાર સંસ્થાઓ પાસેથી કે બેંકો પાસેથી મકાન, મશીનરી કે માલ ઉપર મોટી રકમની લોનો લીધી છે અને એ રીતે ઉદ્યોગ ચલાવે છે. તે દરમ્યાન જો બે ચાર વર્ષમાં સારી કમાણી થઈ જાય તો ઉદ્યોગ પગભર થઈ જાય; પણ સંજોગો ઉલ્ટા હોય, આવડત કે અનુભવ ઓછા હોય અને વહી-વટ ચોકખો ન હોય તો આવા ઉદ્યોગો બંધ થઇ જાય છે, અને લાંબા વખત સુધી બંધ પડીને છેવટે પાણીના મૂલે વેચાય છે. જૂના શેર હૉલ્ડરોના પૈસા જાય છે, બીજા લેણદારોના પૈસા ડૂબે છે અને કાર-ખાનું છેવટ વેચાય છે. ખાડો ખોદે તે છેવટે તેમાં પડીને જેમ પાયમાલ થાય છે, તેમ એકની ભૂલે આખું નાવ ડૂબે છે. અને તેના ભોગ અનેક માણસોને બનવું પડે છે. છેવટે 'રામનું સોણું ભરતને ફળે,' તે મુજબ તેનો લાભ નવા લેનારને મળે છે. આવા અનેક દાખલાઓ

દેશમાં અને પરદેશમાં આજે નજરે પડે છે. દેશનું અઢળક નાણું, શક્તિ, સાધન અને લોકોની ઉદ્યોગ પ્રત્યેની ભાવના આ રીતે વેડફાઈ જાય છે અને તે બધા માટેના જવાબદાર એજન્ટ કે મેનેજીંગ ડાયરેક્ટરને, વિશ્વાસઘાત કે બીજા એવા પૂરવાર થઈ શકે તેવા ગુન્હા સિવાય બીજા ગુન્હાઓ કે ભૂલોને માટે રાજ્યના કાયદામાં કશી શિક્ષા ફરમાવેલી ન હોવાથી, અથવા તેની ભૂલો શોધીને પુરવાર કરવાની કોઇને પરવા ન હોય તે કારણે તે પોતે કશી મુશ્કેલીમાં કાયદાને કારણે આવતો નથી. કંપનીને નાદારીમાં લઇ જવામાં આવે તો તેની મીલ્કતના નવા વેચાણમાંથી પણ તે હજારો કે લાખો કમાઇ લે છે; અથવા પોતે જ નવો ઘરાક ઊભો કરી તેને ઓછી કીંમતમાં આખો ધંધો અને મીલ્કત અપાવી દે છે અને તેમાં પોતાનું હિત રાખે છે. ઘણા ઉદ્યોગોનું આ રીતે થાય છે.

છેલ્લી લડાઇના સમય દરમ્યાન કે તે પછી જેટલી નવી કંપનીઓ ઊભી થઇ છે તેમાંથી આજ સુધીમાં કેટલી બંધ થઈ, કેટલી ચાલુ છે અને ચાલે છે, અને તેમાં કેટલો નફો કરે છે અને શેર હોલ્ડરોને વ્યાજ મળે છે કે નહીં, તથા તેના શેરના મૂળ ભાવ શું હતા, વધીને સટ્ટામાં કેટલા ઊંચા ગયા હતા, આજે શું છે, અને હવે પછી તે શેરોના ભાવ શું રહેશે—આના વિગતવાર આંકડા મધ્યસ્થ કે પ્રાંતિક સરકાર લોકોની જાણ માટે બહાર પાડે તો ઘણા અજ્ઞાન લોકોને પાયમાલ થતા બચાવી શકાશે. નવા માણસો નવી જાળમાં ફસાતા અટકશે. પ્રજાનું હિત જાળવવાની સરકારની ફરજ છે અને સરકાર પોતે તે સ્વીકારે છે. હિંદની હવે પછીની લોકસભામાં આ પ્રશ્ન લાવી તે સંબંધી યોગ્ય ધારા ઘડે તો હજારો લોકો લુંટાતા બચશે અને લાખો લોકો સરકારનો અપાર ઉપકાર માનશે.

( ૮ )

## વેપારધંધામાં દલાલોની સંખ્યા અને દલાલીનું ધોરણ

વેપારમાં લેનાર અને વેચનાર વેપારીઓ એકબીજાની ગરજનો લાભ જ લે અને સોદાઓ અટકી ન પડે તે માટે વેપારની સરળતા અને માલની લે-વેચ માટે દલાલોની આવશ્યકતા અત્યારના જમાનામાં વેપારના દરેક ક્ષેત્રમાં અનિવાર્ય છે. ન્હાના મોટા ગામડાઓ અને શહેરોમાં અનાજ, ઘી, તેલ, ગોળ, બકાલું વી. બહારગામથી બજારમાં વેચાવા આવે છે તે બધો માલ વેચનારા દલાલો હોય છે. આવા માલો ઉછાણી કે હરરાજી કરી દલાલ વેચી નાખે છે. તે માલનો જોખ કે માપ દલાલ કરી આપે છે. માલના પૈસા રોકવા, લેનાર પાસેથી લઈ લે છે અને હિસાબ કરી પોતાની દલાલી, માલ ઉપર ચઢેલ મજૂરી, ખર-ખરાજાત કે જકાત ખર્ચ વી. કાપી લઇને બાકીના પૈસા રોકડા માલધણીને આપે છે. પૈસાની જોખમદારી આવા દલાલો ઉપર રહે છે. લેનાર પાસે માલના ચુકવવાના પૈસા પૂરેપૂરા ન હોય તો દલાલ પોતે તે પૈસા માલધણીને ચૂકવી આપે છે અને લેનાર વેપારી પાસેથી દલાલ વ્યાજ પણ લે છે. આ રીતે ગામડાઓમાં અને શહેરોમાં વેપારની ચાવી દલાલોના હાથમાં હોય છે. આ દલાલો મોટા ભાગે દુકાનદાર વેપારીઓ જ હોય છે અને તેઓ મુખ્યત્વે કરીને વેપાર, દલાલી અને આડત-એ ત્રણે કામ એક સાથે કરતા હોય છે.

આવા માણસો મહેનતુ હોય, અનુભવી હોય, લેનાર અને વેચનાર બંનેના વિશ્વાસને પાત્ર હોય, પ્રમાણિક અને ન્યાયસંપન્ન હોય, બુદ્ધિશાળી, હીંમતવાન અને બોલવે ચાલવે વિશાળ હોય અને સૌની સાથે મિલનસાર હોય, તો તેઓ ગામડામાં 'વેપારના રાજા' ગણાય છે અને તેઓને 'હામ, દામ અને ઠામ' ત્રણે વસ્તુ મળે છે પણ જો અનીતિ, જૂઠ, દગો, ઓછાવધુ તોલમાપ, પક્ષપાત કે અંગત સ્વાર્થ

તેનામાં હોય તો લોકો તેનો ભરોસો કરતા નથી. ધીમે ધીમે હરિફાઇ ઇર્ષ્યા કે લાલચને કારણે બીજા દલાલ હરીફો ઊભા થાય છે, ધંધો અને કામકાજ વહેંચાઇ જાય છે અને છેવટે જે સાચો, સારો અને પ્રમાણિક હોય છે તેનું કામકાજ સારું ચાલે છે અને લુચ્ચાઇથી કામ કરનાર થોડો વખત લાભ લે છે, પણ છેવટે તે પાછો પડે છે. 'લોભીયા હોય ત્યાં ધુતારાનો ધંધો ચાલે છે.' મનુષ્ય સ્વભાવ સોંઘું અને સસ્તું શોધવાનો છે પણ લોકોએ સમજવું જોઇએ કે દેખાવમાં સોંઘું અને સસ્તું લાગે છે તેમાં મોટા ભાગે દગો વધુ હોય છે અને સોંઘું એ સરવાળે મોંઘું જ પડે છે.

૨. મોટા શહેરમાં વેપાર મોટા પ્રમાણમાં, વિસ્તૃત અને અનેક પ્રકારનો હોય એટલે તેમાં દલાલોની ખાસ જરૂર રહે છે, અહીંયા વેપારીઓ કમીશન એજન્ટ કે આડતીયા અને દલાલો એ ત્રણે મોટા ભાગે જુદા જુદા છે. ઘણા વેપારીઓ વેપાર અને આડતનું બંને કામ એક સાથે કરતા હોય છે, મુંબઈ કરતાં અમદાવાદ, સુરત, સોલાપુર વિગેરે શહેરોમાં આવું સંયુક્ત કામ કરનાર વિશેષ હોય છે, પરંતુ આવા વેપારીઓ પોતે જે માલનો વેપાર કરતા હોય તેજ માલની આડતનો ધંધો કરતા હોય છે, તેઓને માલમાં નફો મળે છે અને તે ઉપરાંત આવડત કે કમીશન પણ મળે છે, આવા વેપારીઓ માલ-ખરીદી દલાલો મારફત કરે છે, પણ માલ વેચાણમાં દલાલની જરુર તેઓને રહેતી નથી.

કેટલીક પેઢીઓ માત્ર શરાફી, હુંડીપત્રી અને આડતનું જ કામકાજ કરતી હોય છે, તેઓ લાખોનું કામકાજ કરે છે, માથાનો વેપાર તેઓ ભાગ્યેજ કરે છે, કોઈ વખત તક હોય અને માથે જોખમ કરી લે તે જુદી વસ્તુ છે, આવી પેઢીઓને આડતીઆઓ ઘણા હોય અને બધી જાતનો વેપાર કરવાવાળા હોય એટલે દરેક બજારના ખરીદીકામ માટે તે તે બજારના જાણકાર દલાલો રાખવા પડે છે અને તેઓની

મારફત ખરીદીનું કામ થાય છે. આવા દલાલો કાયમ માટે મુકરર કરેલા હોય છે. અને તેઓ પેઢીઓના પ્રતિનિધી તરીકે પેઢીઓ વતી ખરીદીનું કામ કરે છે. આવા દલાલો પાસે કાયમ ખરીદીનું કામ રહેતું હોય એટલે બજારના વેપારીઓ તેઓની ખુશામત કરતા હોય છે. અને દલાલો પ્રમાણિક, મહેનતુ અને અનુભવી હોય તો જ પેઢી-ઓની ખરીદીનું કામ તેઓને મળે છે.

બજારોમાં ધોરણ એ છે કે માલ વેચનાર વેપારી દલાલને દલાલી આપે છે. માલ લેનાર દલાલી આપતો નથી. જેમાં દલાલ ન હોય તે સોદામાં લેનાર વેપારીને પોતાને દલાલી મળે છે, પરંતુ બજાર ભાવની ઉથલપાથલ અને વધઘટ હોય ત્યારે હાથોહાથના સોદા લઈ લેનાર દલાલીનો લાભ પોતે લેવા માગતો હોય તો તે વેપારી ભાવમાં માર ખાય છે; કેમકે માલોના ભાવ બધી દુકાને એક સરખા હોતા નથી. કોણ વેપારી પાસે માલ છે, અને કયો વેપારી વેચવાલ છે, તેનો ખ્યાલ દલાલોને હોય છે; પણ પેઢીઓવાળાને બહુ ન હોય. મોટા શહેરમાં સમયની વધુ કીંમત હોય છે; એટલે એક માલ કે એક સોદા માટે સસ્તા માલની શોધમાં આખો દિવસ એક માણસ રોકાએલો રહે તે પેઢીવાળાને કે વેપારીને પણ પોષાય નહીં, એથી જ દલાલો મારફતે માલની ખરીદી કે વેચાણ કરવું તે જરૂરનું છે.

( ૩ ) ચોમાસામાં જેમ જીવજંતુઓ ઉભરાય છે, તેમ વેપારમાં કામકાજ અને સટ્ટાની લે-વેચ ખૂબ જ ચાલતી હોય ત્યારે દરેક બજારમાં દલાલો પણ ઉભરાઇ આવે છે. જેને નોકરી ન મળે તેઓ પણ દલાલી કરવા લાગી જાય છે. બહુ મહેનત કે જોખમદારી વિના એકાદ સોદો ગમે ત્યાં આખા દિવસમાં થઇ જાય એટલે દલાલને રૂ. ૫, ૧૦, ૨૫ કે વધુ રકમની દલાલી થઇ જાય. દલાલીમાં દલાલને માસિક જે કમાણી થાય છે. તેના ચોથા ભાગની કમાણી તે પોતે વેપારમાં કે નોકરીમાં મેળવી

શકતો નથી. કેટલાક તો ચાલુ નોકરી છોડીને દલાલીનું કામ કરતા થઇ જાય છે. કેટલાકને નોકરી કે કામધંધો ન મળતો હોય તેઓ પણ દલાલી શરૂ કરે છે અને મહીને સો, બસો કે વધુ કમાય છે. દલાલો આવા સમયે લાયકાત કે આવડતથી કમાતા નથી. તેઓ નોકરી કરવા જાય તો તેઓમાંના નીચલા થરને કોઈ નોકરીમાં રાખનાર નથી મળતા. કેમકે તેઓમાં નોકરી કરવાની લાયકાત જ હોતી નથી. વચલા થરના માણસોનું માનસ એવું થઇ જાય છે કે તેઓ દલાલી સિવાય બીજું કામ કે નોકરી કરવા તૈયાર થતા નથી. અને દલાલી ચાલે, ન ચાલે કે ઓછી ચાલે, તો પણ દલાલીને જ વળગી રહે છે; અને ગમે તેમ કરી ગાડું ચલાવે જાય છે. ઉપલા થરના ધરખમ અને નામચીન મોટા દલાલોએ તો સટ્ટાની કે વાયદાની રેલમછેલમાં એટલી મોટી કમાણી કરી લીધેલી હોય છે કે મંદીમાં દલાલી ન થાય કે ઓછી થાય તો પણ તેઓને બહુ દરકાર હોતી નથી. આ બધી વસ્તુનો સાર એ છે કે જેઓએ એક વખત દલાલીનો સ્વાદ ચાખ્યો છે તેઓ બીજા કોઇ કામ કે નોકરી કરવા લાયક રહેતા નથી. તેઓને કોઈ નોકરીમાં રાખે પણ નહીં, અને તેઓ નોકરી કરી શકે પણ નહીં. ધંધો કરવા જાય તો માર જ ખાય અને નુકસાની જ કરે એટલે દલાલે દલાલીના કામમાં જ જિંદગી પૂરી કરવાની રહે છે. આ સ્થિતિ બજારના ચાલુ દલાલોની છે. પેઢીઓના કે કારખાનાના દલાલોને આ નિયમ લાગુ પડતો નથી.

(૪) દલાલીના દર શું વ્યાજબી ગણાય ? આ પ્રશ્ન બહુ જ મહત્ત્વનો છે. જેમ વેપાર કે સટ્ટો વધુ, તેમ દલાલી અને તેનો દર વધુ હોય છે. પૈસા રોકી માલનું, મહેનતનું અને નફા નુકસાન તથા આસામી ખાધનું જોખમ કરનાર વેપારી કરતાં દલાલ વધુ કમાય, વિના જોખમે અને ઓછી જુજ મહેનતે મોટી રકમ કમાય, એ ધંધાના નિયમથી તદ્દન ઉલટું અને અનિષ્ટ છે. તૈયાર માલના સોદામાં અને માલની લે-વેચમાં સેંકડે પા ટકો દલાલી વ્યાજબી છે. કાપડ

બજાર અર્ધો ટકો દલાલી આપે છે તે બહુ જ વધુ પડતી અને બોજા-રૂપ છે. વાયદાના વેપારમાં સેંકડે એક આનો અથવા નંગ ઉપર અમુક ચોક્કસ રકમ એ બેમાંથી જે વધુ થાય તે દલાલીનો દર વ્યાજબી ગણાય. ધંધામાં રસકસ ન રહે, વેપારીઓએ નુકસાની કરી હોય અને વેપાર-માં અણધારી મંદી આવી હોય તેવો અત્યારનો આપતકાળ વેપારમાં પ્રવર્તે છે. તેવા સમયે વેપારી મંડળોએ તથા મહામંડળોએ અને ઇન્ડીઅન મરચન્ટસ ચેમ્બર જેવી પ્રતિષ્ઠાવાળી અને વેપારનું હિત સાચવવાવાળી પ્રતિનિધિ સંસ્થાએ ભેગા મળી દરેક બજારના સંજોગો જોઈ, અને વેપારીઓ તથા દલાલોના અભિપ્રાય લઈ ઓછામાં ઓછું એવું ધોરણ નક્કી કરવું જોઇએ કે જે વેપારને પોષાય, બોજારૂપ ન થાય; તથા કાયમ નભી શકે. આ બાબતમાં અમદાવાદ બહુ ડહાપણથી કામ લે છે. ત્યાં દલાલી અને મજૂરી તથા મુકાદમીના દર સંજોગ પ્રમાણે નક્કી કરવામાં મહાજનો બહુ તકેદારી રાખે છે. મુંબઈ આ ઉપરથી ધડો લે એમ સૌ કોઈ મીટ માંડી રહ્યું છે.

●

## ( ૯ )

## વેપાર અને વેપારીઓની સમસ્યા

જગતને માનવજાતના એક વિરાટ સ્વરૂપની ઉપમા બરોબર સારી રીતે ઘટાવી શકાય. માણસના શરીરમાં જુદા જુદા અવયવો, અંગઉપાંગ, ઇંદ્રિયો, શ્વાસોશ્વાસ અને ચેતનાશક્તિ હોય છે. તે બધાનો એક બીજા સાથે અભેદ અને નિરંતરનો સંબંધ હોય છે. હોય એક અવયવ નબળું કે ખામીવાળું હોય અથવા બરોબર કાર્ય ન કરતું તો તેની અસર બીજા દરેક અવયવ ઉપર જરૂર થાય છે. અને બધા અવયવો પોતપોતાની ક્રિયા બરોબર વ્યવસ્થિત રીતે કરતા હોય તો આખું શરીર નિરોગી, તંદુરસ્ત, સશક્ત અને સ્ફુર્તિમાન રહે છે. જેમ

શરીરને બહારની અને અંતરની બંને ક્રિયાઓ કરવાની હોય છે, તેવી જ રીતે મન અને આત્માને પણ બહારની દ્રષ્ટિ અને આંતરિક દ્રષ્ટિ એ બંને હોય છે. દરેક વસ્તુમાં ગુણ અને દોષ, સારું અને નરસું, સારો ઉપયોગ અને ખરાબ ઉપયોગ એ બંને ઓછાવધુ પ્રમાણમાં રહેલા જ છે. તેમાં સારાનું પ્રમાણ વધુ હોય તો વસ્તુ સારી ગણાય, અને ખરાબનું પ્રમાણ વધુ હોય તો વસ્તુ ખરાબ ગણાય. વ્યવહાર, વ્યાપાર, ધર્મ અને શાસ્ત્ર માટે પણ આ સિદ્ધાંત સર્વમાન્ય છે. અને જગતનો દરેક દેશ, દરેક પ્રજા અને દરેક ધર્મ આ સિદ્ધાંત સ્વીકારે છે.

રાજ્ય અને રાજતંત્રને પણ આ સિદ્ધાંત લાગુ પડે છે. હિંદુશાસ્ત્રમાં વર્ણાશ્રમની વ્યવસ્થા જે વર્ણવી છે તે રાજતંત્રને અક્ષરશઃ બંધબેસતી છે. વિદ્યાનું કામ બ્રાહ્મણનું છે, વેપારનું કામ વૈશ્યનું છે, રક્ષણનું કામ રાજાનું છે અને સેવાનું કામ શૂદ્રનું છે. વંશપરંપરાથી જે કામ જે વર્ણ કરતો હોય તે કામમાં તે વર્ણ કુદરતી રીતે જ પારંગત હોય છે, કેમકે તેના સંસ્કાર તેને ઉત્તરોત્તર ઉતરે છે અને વૃદ્ધિ પામે છે. ધર્મક્રિયાનું કામ બ્રાહ્મણ સિવાય બીજા કોઇને સોંપાતું નથી; રાજ્ય ચલાવવા માટે ક્ષત્રિય સિવાય બીજો કોઇ લાયક થઈ શકે જ નહીં; સેવા કરવામાં શૂદ્ર જેવો બીજો કોઈ કુશળ નહીં જ નીવડે; તેવી જ રીતે વેપારની કુનેહ અને આવડત વૈશ્ય જેટલી બીજા કોઈમાં હોઈ જ ન શકે. આ વસ્તુ ભૂતકાળમાં સાચી હતી અને આજે પણ તેટલી જ સાચી છે.

દુનિયાભરના આગળ વધેલા દેશો પૈકી બ્રિટીશ પ્રજા જેટલી બીજી કોઈ પ્રજા મુત્સદ્દીગીરી અને કુનેહબાજીમાં હુશિયાર કે પ્રવિણ નથી. આ ગુણો વૈશ્યમાં અને વેપારીમાં જ હોય છે. અને તેથી જ બ્રિટન પણ એક વેપારી પ્રજા તરીકે જ ઓળખાય છે. જે જે દેશો ઉપર તેણે પ્રભુત્વ મેળવ્યું, પ્રભુત્વ જમાવ્યું અને બધા દેશોની રિદ્ધિસિદ્ધિ અને સમૃદ્ધિને પોતાને કબ્જે કરી તે બધું તેની વેપારી આવડતને જ

આભારી છે. આખા ભારતવર્ષની કળા, કૌશલ્ય, જ્ઞાન, વિજ્ઞાન, સમૃદ્ધિ અને જાહોજલાલીને વેપારી નીતિરીતિથી પોતાના દેશભેગી કરી તે બધું તેની વેપારી આવડતને જ આભારી છે.

જ્યાંસુધી બ્રિટનનો સૂરજ તપતો હતો, તેનું ભાગ્ય તેજ કરતું હતું, અને તેમનો સમય હતો ત્યાંસુધી તેઓએ હિંદનું હીર ચૂસ્યા જ કર્યું. પણ સમયનો રાહ પલટાયો, ભાગ્ય રૂઠયું, ચારે તરફની કારમી ભીંસણમાં ખૂબ ભીંસાયું, એટલે ભારતને તેના ભાગ્ય ઉપર છોડીને પોતે પોતાનો રસ્તો લીધો અને અહીંથી ઉચાળા ભરી ગયા. પણ જતાં જતાંય તેણે તેનો જાતિસ્વભાવ ન છોડયો તે ન જ છોડયો; અને પાછળ અનેક જાતનાં કૌભાંડ મૂકતા ગયા, કરતુક કરતા ગયા, અને મિત્રના વેષમાં જીવલેણ દુશ્મનની ગરજ સારતા ગયા. તેઓ પોતાની પાછળ જે સર્જન મૂકતા ગયા છે તેણે ભારતની પ્રજામાં હાહાકાર વર્તાવ્યો છે, અરાજકતા ફેલાવી છે, કલેશ, કંકાસ અને કનડગતની કતારો લગાવી દીધી છે, માણસાઈનો નાશ કર્યો છે, અને ન્યાય, નીતિ અને નેકીને સ્થાને અનેક જાતની બદી, બેદરકારી અને બેદીલીના ઊંડા બીજ રોપ્યા છે. એનો પાક, પરિતાપ સિવાય બીજું શું ઉત્પન્ન કરી શકે? આ બધું આપણે જોયું, જાણ્યું અને અનુભવ્યું; છતાં આપણે સૌ એટલા બધા આંધળા, બહેરા, લૂલા, લંગડા, અશક્ત અને નિર્માલ્ય થઈ ગયા છીએ, આપણી બુદ્ધિ એટલી બધી બહેર મારી ગઇ છે, આપણી તર્કશક્તિ એટલી બધી બૂઠી ગઇ છે, આપણી શક્તિ એટલી ક્ષીણ થઈ છે; આપણી સ્મરણશક્તિ એટલી ભૂલકણી બની ગઈ છે અને આપણું હૃદય એટલું નિષ્ઠુર અને લાગણીવિહીન થઇ ગયું છે કે આપણને સાચી વસ્તુ જ સમજાતી નથી. કદાચ સમજાય તો તે સ્વાર્થના જાળામાં ગુંચવાઈ ગઈ હોવાથી સાચી વસ્તુ કરવાની ઇચ્છા થતી જ નથી. 'હું' 'મારું' અને બધું મારે અથવા 'મારા માટે જ' એ સિવાય બીજું કશું દેખાતું જ નથી. આ છે ભારતવર્ષની આજની દશા!

પૂ. મહાત્માજીના પોતાના જ પ્રયાસ અને પુરુષાર્થવડે જ આપણને સ્વરાજ્ય મળ્યું છે. આ સત્ય વસ્તુનો ડાહ્યો માણસ વિરોધ કરી શકે તેમ નથી. મહાત્માજી હોય નહી અને આપણને સ્વરાજ્ય પ્રાપ્ત થાય પણ નહીં. ભલે લોકોએ મહાત્માજીને સાથ અને સહકાર આપ્યો, દેશની ખાતર ભોગ આપ્યા, યાતનાઓ વેઠી અને જેલમાં ગયા. તેઓનો અમુક હિસ્સો જરૂર ગણાય; પણ સાચી નેતાગીરી સિવાય અને નેતાના માર્ગદર્શન અને સંચાલન સિવાય, એકલા ગાંડાયેલા લોકથી સલ્તનતની સામે ટક્કર ઝીલી કદી જીત મેળવી સાંભળી નથી. મહાત્માજી આ "સ્વરાજ્ય"ને સુરાજ્ય અથવા સર્વોદય રાજ્યવ્યવસ્થામાં ફેરવી નાખવાની ધગશ સેવતા હતા. અને તેને માટે કલ્પનાનું સુંદર ચિત્ર મનોભૂમિમાં તૈયાર કરતા હતા, પરંતુ કુદરત વિરુદ્ધ હતી, પ્રભુની ઇચ્છા નહોતી, પ્રજાની લાયકાત નહોતી અને સમય પાકયો નહોતો. એટલે દેશના ભાગલા પડયા, તેના ઉપર આપણે હાથે જ મહોર મારી અને માનતા હતા કે શાંતિ રહેશે અને સર્વત્ર શાંતિ ફેલાશે ત્યારે થોડા સમય પછી યોજનાનો અમલ કરશું. પણ મનની મનમાં રહી, દાવાનળ સર્વત્ર સળગ્યો, કંઇક દાઝયા, ઘણા ઘવાયા, ઘણા નિર્દોષીએ જાનના બલિદાન આપ્યા; અને હજુ પણ પૂરતું ન હોય તેમ છેવટનો મોટામાં મોટો આત્મભોગ મહાત્માજીને પોતાના જીવનનો આપવાનો હતો, તે તેમણે આપ્યો અને આત્મબલિદાનથી આત્મયજ્ઞ પૂર્ણ કર્યો. દેશભરમાં શોક છવાઇ ગયો. કોઇ ઠેકાણે રોષની જ્વાળા ભભૂકી અને તેમાં બીજાઓનાં પણ બલિદાન દેવાયાં. મહાત્માજીનો પુનીત આત્મા તેને સ્થાને ચાલ્યો ગયો. જડપૂજાવાદી એવા આપણે મૃતદેહને જોઇને વિલાપ કર્યો; બીજાઓએ વાયુપ્રવચન દ્વારા સમાચાર કાને સાંભળીને આંસુ સાર્યા. સ્મશાનયાત્રા નીકળી, અગ્નિસંસ્કાર થયો, અસ્થિ પવિત્ર જળમાં પધરાવ્યા, ભસ્મીભૂત દેહની ભસ્મ દેશના અનેક ભાગમાં નેતાઓ લઇ ગયા, વિધિપૂર્વક તેને પણ પવિત્ર જળાશયમાં વહેતી મૂકી; કેટલાએકે જમીનમાં દાટીને તેના ઉપર સ્મરણચિહ્નરૂપે મંદિર, મૂર્તિ કે કીર્તિ-

સ્તંભ મૂક્યા; કોઇએ મહાત્માજીની વસ્તુઓ એકઠી કરીને સ્મારક રચ્યું, કોઇએ તેમના લેખોનું સંગ્રહસ્થાન સ્થાપ્યું; તો વળી કોઇએ તેમના જન્મસ્થાનને યાત્રાસ્થળ બનાવ્યું. આ રીતે પવિત્ર પુણ્યાત્માની જડ વસ્તુઓથી તેમના ચૈતન્યની પ્રેરણા જગતના પામર લોકોને મળશે એમ આપણે માની લીધું; તેને મહત્વ આપ્યું; અને મુખ્ય તરીકે ગણીને તેની પ્રતિષ્ઠા કરી. અને આટલાથી ભારતનું, ભારતવાસીઓનું અને જગતનું કલ્યાણ થઈ જશે એટલી શ્રદ્ધા રાખીને ઇતિકર્તવ્યતા માની.

આ રાહ પ્રાચીનકાળથી ચાલ્યો આવે છે માટે તે રાહ સાચો છે, સારો છે અને તેમાં જ સર્વસ્વ સમાઇ જાય છે—આવી ઊંધી સમજ આપણે અત્યારે સેવીએ છીએ. પણ આ તો જડવાદ છે. જડવાદની ભૂમિકા ભારતવાસીને માટે સર્જાઈ. ભલે જમાનો જડવાદનો હોય પણ ભારત તો અધ્યાત્મવાદને વરેલું છે. એટલે ગાંધીજીનું યુગપુરુષ તરીકેનું સ્થાન આવી જડસાધનામાં જ ન હોય, તે તો તેનું અપમાન ગણાય. તેનું સ્થાન દેશના એકેએકના હૃદયમાં હોવું જોઇએ. તેમનું સ્મરણ માત્ર, નામમાત્રમાં ન હોય; પણ કાર્ય દ્વારા જ હોઈ શકે. ભારત ભાનભૂલેલું અને પ્રમાદવશ ન હોય તો આવી સાચી સમજ જરૂર ધરાવતા શીખશે.

ઉપર આપણે જોઈ ગયા કે રાજતંત્ર ચલાવવાને લાયક તો ક્ષત્રિય જ ગણાય. ક્ષત્રિયમાં શૂરવીરતા, વટ, દેશપ્રેમ, આત્મબલિદાન, પ્રજાનું રક્ષણ, ન્યાયપરાયણતા, ચારિત્ર્યબળ, ઉદારતા, દાનવૃત્તિ, ક્ષમા અને સ્વમાન આ ગુણો હોય તો જ તે રાજા કે સ્વતંત્ર ભારતના પ્રમુખ થવાને લાયક ગણાય.

આ બધા ગુણો એવા છે કે તેનો સંપૂર્ણ અમલ કરે અથવા તે પ્રમાણે રાજા વર્તે તો રાજ્યની લક્ષ્મીના ભંડાર ખૂટી જાય, એટલે નિયંત્રણ કરવાનું કામ પ્રધાન, મંત્રી કે કારભારીને સોંપવામાં આવે છે. પ્રધાન હંમેશા શાણો, ડાહ્યો, મુત્સદ્દી, નિમકહલાલ, બુદ્ધિશાળી,

અનુભવી, ઠરેલ, વિવેક બુદ્ધિવાળો, ચકોર અને દીર્ઘદ્રષ્ટિવાળો હોય છે. અને રાજા હંમેશા પ્રધાનની સલાહ મુજબ જ વર્તે છે. અમાત્ય કે મંત્રી મોટે ભાગે વૈશ્ય જ હોય છે. અમુક કાળે બ્રાહ્મણો પણ મંત્રીનો હોદ્દો ભોગવતા હતા, પરંતુ બ્રાહ્મણ હંમેશાં વિદ્યાગુરુ તરીકે કામ કરતા હતા અને તેવા ગુરુ પાસે ચારે વર્ણના બાળકો ભણતા હતા એટલે વિદ્યામાં બધા વર્ણોમાં બ્રાહ્મણ વધુ બુદ્ધિશાળી હોય છે અને તેને કારણે બ્રાહ્મણોએ પણ મંત્રીપદ ઘણા રાજ્યોમાં શોભાવ્યું છે તેની ઇતિહાસ પણ સાક્ષી પૂરે છે.

આ જમાનો વિદ્યા કરતાં વાણિજ્યનો વધારે છે. એટલે જે વેપારમાં પારંગત હોય તે જ રાજ્યની ધૂરા માટે વધુ લાયક ગણાય. અગાઉના વખતમાં ભારત માત્ર ખેતીવાડીનો જ દેશ હતો અને જે કાંઈ વેપાર હતો તે માત્ર ખેતીની અને ખનીજની પેદાશનો જ હતો. એટલે વેપારીઓનું સ્થાન જેટલું પ્રજા વર્ગમાં મહત્વનું હતું તેટલું રાજ્યવહીવટમાં નહોતું. આજે પણ જોશું તો જણાઈ આવશે કે રાજ્યની નાની મોટી ઑફિસો-માં કારકુનો, કેળવણીની સંસ્થાઓમાં શિક્ષકો, ધર્મસ્થાનો અને દેવમંદિરના પૂજારીઓ, ક્રિયાકાંડ, વિધિવિધાન, જ્યોતિષ વિગેરેનું કામ કરનારા ફક્ત બ્રાહ્મણો જ હોય છે, અને આ બધાં કામો બ્રાહ્મણોને વધુ અનુકૂળતાવાળા છે. વૈશ્યને માટે ખેતી, વ્યાપાર, વાહનવ્યવહાર, ધીરધાર, હિસાબી કામ, નાણાની સાચવણી, ઉત્પન્ન અને વ્યય, હુન્નર ઉદ્યોગ, શોધખોળ, વિજ્ઞાન અને એવા બીજા કામો નિર્માણ થએલા છે. શૂદ્રને માટે મહેનત, મજૂરી અને સેવાનું ક્ષેત્ર નિર્માણ થયેલું છે અને ક્ષત્રિય માટે રક્ષણ, લડાઇ અને શૂરવીરતાનું ક્ષેત્ર રાખવામાં આવ્યું છે.

મુખ્ય ચાર વર્ણોમાંથી ચાર ભેદ થયા અને તેમાંથી અનેક પેટા વિભાગો સરજાયા. પછી જે જે સમૂહ જે જે કામધંધામાં કે મજૂરીના ક્ષેત્રમાં પડયો તેના તેને અનુસરીને વર્ગ બંધાયા અને તે દરેક વર્ગ એકેક જુદી જુદી જ્ઞાતિ કે પેટા જ્ઞાતિ તરીકે ઓળખાવા

લાગ્યો. અને આ રીતે સોની, સુખડીયા, સઈ, સુતાર, દરજી, મોચી, લુહાર, કંસારા, કુંભાર, કોળી, પાટીદાર, આગરી, માછીમાર, ઘાંચી, ધોબી, માળી, ઢેઢ, ભંગી, ચમાર, ખાટકી, ડબગર, રંગારી, ખત્રી, બ્રહ્મક્ષત્રિય, લુહાણા, કાછીયા, છીપા, ગોલા, ખવાસ, વડારી, ભરવાડ, રબારી, વાંઝા, વાળંદ, વણકર, સીપાઈ વિગેરે અનેક જ્ઞાતિઓ ઊભી થઈ. અને તે જ્ઞાતિના લોકો બીજો ધંધો કરતા થયા એટલે તેના પેટાવિભાગોની વળી મિશ્ર જ્ઞાતિઓ ઊભી થઈ, જેવી કે વાણીયા સોની, સઈસુતાર, કુંભારસુતાર, લુહારસુતાર, હિંદુ ધોબી, મુસલમાન ધોબી, વાણીયા સુખડીઆ, બ્રાહ્મણ કંદોઈ વિગેરે. વળી આંતરજ્ઞાતીય લગ્નપ્રથાથી જે પ્રજા ઉત્પન્ન થઈ તેની પણ જુદી જુદી જ્ઞાતિઓ ઊભી થઇ. આ રીતે એકમાંથી અમુક અને અમુકમાંથી અનેક, અનેકમાંથી વિધવિધ અને તેમાંથી બહુવિધ—એ રીતે અનેક ભેદ, ભાગ કે વિભાગો પડયા અને તેને પરિણામે જેમ એક વડમાંથી અનેક શાખા-પ્રશાખા નીકળે અને મૂળ થડનો ખ્યાલ પણ ન રહે તેવી રીતે આખો ભારતદેશ એકતા મૂકી દઇને અનેકવિધ ભેદ અને છેદમાં વહેંચાઈ ગયો, વીંખાઈ ગયો, પીંખાઈ ગયો અને છેવટે છિન્નભિન્ન થઈ ગયો. આમ સંપ અને એકતાની સાંકળ તૂટી ગઇ, બધી કડીઓ ઘસાઇને વેરવિખેર થઈ ગઇ અને તે નબળાઇની તક સાધીને પરદેશીઓના આક્રમણ ભારત ઉપર અનેક રૂપમાં શરૂ થયા.

ઘણા પરદેશીઓ આવ્યા અને ગયા. કેટલાક હિંદમાં સમાઈ ગયા અને હિંદને પોતાનું વતન ગણીને હિંદમાં રહ્યા; બીજાઓ લૂંટને માટે આવેલા તેઓ લૂંટ લઇને વિદાય થયા. કેટલાક હિંદને જીતી તેના ઉપર આધિપત્ય જમાવવાના હેતુથી આવેલા, અને તેઓએ હિંદમાં રહી પોતાનો અમલ સ્થાપ્યો. કોઈ હિંદની પ્રજાને વટલાવી તેઓને મુસ્લીમ બનાવવાના હેતુથી આવ્યા, તો કોઇ મૂર્તિ અને મંદિરોના ખંડન કરી તેને સ્થાને મસજીદો અને દરગાહ ઊભી કરીને પોતાના ધર્મનો ઝંડો ફરકાવવાના ઉદ્દેશથી આવ્યા, એ રીતે અનેક આવ્યા,

અનેક ગયા, અને અનેક રહ્યા. કેટલાએકે, પોતાના દેશમાંથી દેશનિકાલ થવાને કારણે અથવા તો પોતાનો દેશ દુશ્મનના હાથમાં જવાથી જાન બચાવવા માટે આ દેશમાં આવીને આશ્રય લીધો અને કાયમ માટે અત્રે રહ્યા. એમ હિંદના ઇતિહાસમાં ચિત્રવિચિત્ર વિવિધ રંગ પૂરાએલા અનેક ચિત્રો આળેખાયેલા છે. અને તે પણ વિધિની વિચિત્રતા નહીં તો બીજું શું ગણી શકાય.

આ બધાને અંતે યૂરોપની જુદી જુદી પ્રજાની જુદી જુદી પ્રકૃતિવાળા જુદા જુદા પ્રકારના વેપારીઓ હિંદમાં વેપાર કરવાના હેતુથી આવ્યાં. તેઓને હિંદની રસાળ ભૂમિ, ફળદ્રુપતા, કુદરતી સૌંદર્ય, વિશાળ સાગરકાંઠો, અપરિમિત પ્રદેશ, લોકોનુ ભોળપણ, રાજાઓમાં કુસંપ અને કીન્નાખોરી, અને શાસકવર્ગનું દેશદ્રોહીપણું બહુ જ ગમ્યા, બહુ જ અનુકૂળ લાગ્યા અને આકર્ષક પણ લાગ્યા. તેઓ સહુ પોતપોતાની રીતે સાધના કરવા અત્રે આવ્યા, થાણા નાખ્યા, અડ્ડા જમાવ્યા, ધાક બેસાડવા અનેકને દાબ્યા, ઘણાંને ચાંપ્યા, બહુને ડરાવ્યા, કંઇકને મરાવ્યા અને ચોમેર ત્રાહી ત્રાહીના પોકાર પડાવ્યા. ઘોડે બાંધીને ઘસડયા, હાથીના પગ તળે કચડાવ્યા, અંગૂઠા કાપ્યા, તોપને ગોળે ઉડાડયા, બંદીખાને ઘાલ્યા, ફાંસીએ લટકાવ્યા, ફટકે માર્યા, લૂંટ્યા, લજાવ્યા, બેહાલ કર્યા, નાક ઘસાવ્યા, ઘરબાર બાળ્યા, ગામો લૂંટ્યા, સ્ત્રીઓની લાજ લૂંટી, બાળકોના ખૂન પીધા, અને ઠેર ઠેર આવા અનેક કોભાંડ ભજવ્યા. આમાં વલંદા, પોર્ટુગીઝ, ફ્રેન્ચ કે બ્રિટીશ એ દરેકનો ઓછોવધુ હિસ્સો છે જ છે એની કોણ ના કહેશે? જુલ્મની ઝડીઓ ઝુડવામાં કોને સારા ગણવા? કસાઈ દયાળુ હોઈ શકે ખરો? આ ઇતિહાસને નાઝીઝમ, ફેસીઝમ, ઝારીઝમ, કેસરીઝમ, કોમ્યુનીઝમ, સોશ્યાલીઝમ, લીબરલીઝમ, કનઝરવેટીઝમ, લેબરીઝમ, અથવા કયો ઝમ કહેવો? વાંચક વર્ગ તમારામાં તીક્ષ્ણ અને કુશાગ્ર બુદ્ધિ હોય તો આ પ્રશ્નનો ઉત્તર આપશો? યમરાજના ઝમ કરતાં આમાંનો કયો ઝમ સારો તે કોઈ કહેશો?

આકાશવાણી દ્વારા એક ઉત્તર આ પ્રમાણે સંભળાય છે. 'યમરાજનો ઝમ એક ઝટકે દેહનો છેદ કરી જીવને લઇ જાય છે. એટલે જીવને એક ક્ષણ સુધી જ દુઃખની લાગણી થાય છે, પરંતુ ઉપર વર્ણવેલ દરેક ઝમ એવો છે કે જે પારકાના દેશના દેશ ઉજ્જડ વેરાન કરે છે, લોકોને ધીમે ધીમે રહેંસી રહેંસીને રીબાવે છે, યાતનાઓની ભયંકર ચિચીયારીઓ ચોમેરથી ચોવીસે કલાક સંભળાયા કરે છે અને હૃદયને ભેદી ભેદીને તેના ટુકડા કરે છે. મોતના ભણકારાથી ઊંઘમાંથી પણ ભડકીને લોકો બેઠા થાય છે, અને તેમાંથી બચવા માટે અંધારા ખૂણામાં નાના મોટા સહુ લપાઇ જાય છે. હિંદના લોકોને માટે અને લોકોના ભલા માટે જ તેઓ આ ભૂમિ ઉપર ઉતરી આવ્યા છે એવો દાવો આ પરદેશીઓ હિંદની ભોળી પ્રજા પાસે રજૂ કરે છે. પણ પ્રજા એવી મૂર્ખ નથી કે તેઓ જે કહે તે માને. પછી બીજી બાજી શરૂ કરી. તે આ પ્રમાણે:–'જેઓ અમારી સામે થાય તેઓને માટે જ ઉપર કહેલી શિક્ષા થાય છે. જેઓ અમને તાબે થાય અને અમારા કહ્યા મુજબ કરશે તેઓએ કશી ધાસ્તી રાખવાની જરૂર નથી. જિંદગી કોને વહાલી ન હોય? ત્રાસમાંથી બચવા માટે કોણ શરણ ન સ્વીકારે? પ્રજાને આ રીતે પક્ષમાં લીધી. નાયકોને કુહાડીના હાથા બનાવ્યા અને ધીમે ધીમે ઝેરનો પ્રચાર કર્યો. કેળવણીવડે ગુલામ બનાવ્યા, કાયદાને નામે ઘેર ઘેર કલેશ અને ઝઘડા કર્યા, સમાન હકને નામે અંદર અંદર લડાવ્યા, રાજાઓને ઉશ્કેર્યા, મુસ્લીમોનો ચડાવ્યા, સામ્રાજ્યવાદના લાભ અને લાલચ આપીને છેતર્યા અને ચારે કોર સળગતું નાખીને સીધાવ્યા.

બ્રિટીશની જડ ઘાલેલી સામ્રાજ્ય સત્તાને ઉખેડવા માટે હથિયારો, દારૂગોળા, બોંબ, ક્રાંતિકારી બળવા કે ભૂગર્ભની વિપ્લવવાદી કોઇ પણ યોજના પૈકી કશું કામ આવે તેવું નહોતું, કેમકે આપણી પાસે તે માટે જોઇતા નાણાં, લશ્કરી બળ, બુદ્ધિ, શક્તિ કે સાધનો નહોતા, તેમજ પ્રજામાં તેજ, હિંમત, દેશાભિમાન કે કુરબાનીની તમન્ના નહોતી. પ્રજાને નિર્માલ્ય, ભીરુ અને સત્વહીન બનાવી, અંદરઅંદર લડાવી

કાળા કાયદાની કારમી નાગચૂડમાં ભીંસી નાખીને એવી નરમ બનાવી નાખી હતી કે કોઇ પણ માણસથી જાહેરમાં સરકાર સંબંધી વાત થઇ ન શકે. ભણેલાઓને ધર્મથી ભ્રષ્ટ કર્યા, હિંદી સંસ્કૃતિ અને હિંદના વીરતા ભરેલા સાચા ઇતિહાસથી વંચિત રાખ્યા. પશ્ચિમની ટાપટીપ, મોજશોખ અને વિલાસોમાં ગુલતાન બનાવી દીધા, અને કાયદાને તથા પરદેશી રાજસત્તાને વફાદાર રહેવામાં જ હિંદનું હિત છે એ રીતનું ગુલામી માનસ દેશભરમાં ઉત્પન્ન કર્યું. કાયદા એવા ઘડયા કે પિતા-પુત્ર, પતિપત્ની અને ભાઈભાઇઓ વચ્ચે વારસા અને અધિકારને નામે ભેદ પાડયા, અદાલતોમાં વર્ષો સુધી લડાવ્યા અને પરિણામે લડવામાં બધી મિલ્કતો ખલાસ થાય, તે ઉપરાંત ઋણ થાય અને સરવાળે બધા પક્ષકારો તદ્દન પાયમાલ થાય. થોડાઘણા હુશિયાર માણસ હોય તેને સરકારી હોદ્દાઓ ઉપર નીમી અથવા તો માનચાંદ કે ખેતાબ આપીને પોતાના પક્ષમાં સરકાર લેતી અને તેઓને કુહાડાના હાથા બનાવી તેમના હાથે હિંદનું હીર સેંકડો વર્ષ પર્યંત ચૂસ્યા કર્યું. હિંદના જે જે હુન્નર ઉદ્યોગ, ધંધા, કળા કે કારીગીરી હતી તે બધાનો ધીમે ધીમે નાશ કરી પરદેશી તકલાદી અને મોંઘી વસ્તુઓનો મોહ અને ચેપ લગાડી આપણને વધુ પાયમાલ કર્યા. જેટલા વર્ષ તેઓની સત્તા ભારતમાં રહી તે દરમ્યાન તેઓએ મોટા એન્જીનો અને મોટા પમ્પ અને પાઇપોવડે ચોવીસે કલાક આપણી રિદ્ધિસિદ્ધિ અને સમૃદ્ધિને ઉલેચીને ઈંગ્લાંડ ભેગી પહોંચાડી. એટલાથી પણ તેઓને સંતોષ ન થયો કે ન આપણી દયા આવી. રાજ્ય કારોબાર, લશ્કર, પોલીસ, ન્યાયખાતા તથા બેંકો, વિમા કુંપનીઓ, સ્ટીમર કુંપનીઓ, આયાત નિકાસની પેઢીઓ વિગેરેમાં હજારો અને લાખો ઇંગ્લાંડવાસીઓને દર વરસે કરોડો અને અબજો રૂપિયા હિંદમાંથી સુધરેલી ઢબે લૂંટવા દીધા. તાર, ટપાલ, રેલ્વે વિ.ની સગવડતાના બ્હાના નીચે બીજા અબજો રૂપિયા દર વરસે ઇંગ્લાંડ પહોંચતા. જીન, પ્રેસ, કાપડની મિલો અને બીજા કારખાનાઓની મશીનરી અને સ્ટોર્સના અનેકગણા પૈસા આપણી પાસેથી પડાવ્યા.

દુનિયામાં ઈંગ્લાંડ સિવાય બીજો કોઈ દેશ નથી કે જે ઉપર જણાવેલી મશીનરી, સાંચાકામ કે ચીજો બનાવતો હોય એવી આંધી અને અંધારપછેડો આખા ભારત ઉપર સિફતથી આ રીતે સેંકડો વર્ષો સુધી બ્રિટીશરોએ પાથરેલો રાખ્યો.

વેપારી હુશિયાર ગણાય છે. વળી મહેનતુ, સાહસિક અને દીર્ઘદ્રષ્ટિવાળો કહેવાય છે, છતાં ભારતનો મોટા ભાગનો વેપારી વર્ગ બ્રિટીશની રાજ્યનીતિ અને વેપારનીતિ ન જ સમજી શક્યો. થોડા ઘણા માણસોના ખ્યાલમાં આ વાત આવી હોય છતાં અંદર અંદરની હરીફાઇ, સ્વાર્થ, ઈર્ષ્યા અને કુસંપને લઇને બ્રિટનની બાજી ન સમજી શકયો. થોડાઘણા સમજ્યા હોય તો તેઓનું કોઇ સાંભળે તેમ નહોતું. અથવા તેઓને પૈસાથી ખરીદી લીધા હોય. આયાત નિકાસની પેઢીઓએ પોતાના થોડા સ્વાર્થ કે લાભને ખાતર હિંદને બને તે રીતે લૂંટવાનું અને ઈંગ્લાંડને માતબર બનાવવાનું જ કામ કર્યું છે. હિંદમાંથી રૂ, તેલીબિયા, શણ, ચા, ખનાજ પદાર્થો અને બીજી એવી કાચી વસ્તુઓ ઘણા સસ્તા ભાવે નિકાસ કરીને તેની જ પરદેશી બનાવટો અનેકગણી કિંમતે પાછી હિંદમાં આયાત કરી છે. અને એ રીતે પણ કરોડો રૂપીઆ ઈંગ્લાંડને રળાવ્યા છે.

આપણા વેપારી વર્ગે આ રીતે પરદેશના આડતીયા તરીકે મોટા ભાગે કામ કર્યું છે તેમાં તેઓએ ધન મેળવ્યું હોય–પણ કરોડોને ભીખારી બનાવીને અને દેશને વધુ ને વધુ નિર્ધન બનાવીને તેઓએ માત્ર થોડોઘણો અંગત લાભ મેળવ્યો છે. આ રીતે ધીમે ધીમે દેશ તદ્દન કંગાળ, નિર્ધન અને પાયમાલ થયો છે. આટલા વર્ષો સુધી આટલું સહન કરવા છતાં દેશ ટકી રહ્યો અને ટકી શકયો તેના મુખ્ય કારણો એ છે કે ભારત એ ખેતીપ્રધાન દેશ છે. વરસાદ સારા થાય અને પાક સારો થાય એટલે લોકોને ખાવાપીવાનું અને પહેરવા ઓઢવાનું મળી રહેતું. વળી આપણું જીવન સારું અને જરૂરીઆતો ઓછી

અને થોડાથી પણ સંતોષ અને આનંદ માનવાનો આપણો સ્વભાવ છે. એટલે દર વર્ષે આપણું ધન ઘસડી જવા છતાં લોકો રોટલે દુઃખી નહોતા અને સહુ શાંતિથી જીવનગુજારો કરી શકતાં. પણ જાણે કે પરદેશીઓને આટલું આપણું નજીવું સુખ પણ કાંટાની માફક ખૂંચતું હોય તે રીતે ખેતીવાડી પણ પાયમાલ થઇ જાય અને લોકો ભૂખે મરતા થાય તો જ તેઓ રાજસત્તાને આધીન રહેશે અને તેની સામે માથું નહીં ઉચકે એ ગણતરીએ ખેતીની સુધારણા માટે બ્રિટીશ સરકારે કશું કર્યું નથી પરંતુ તેના પ્રત્યે તદ્દન દુર્લક્ષ જ આપ્યું છે. નંદનવનો ઉજ્જડ વેરાન થતા ચાલ્યા, જંગલો કપાતા ચાલ્યા, નદી, નાળા અને નહેરો પુરાતી ચાલી, નવાણો પાણી વિનાના થયા. છતાં તેની સુધારણા માટે કશું જ કરવામાં ન આવ્યું. ખેડુત કરવેરા અને વેઠના બોજાથી અને દેવાના દબાણથી ડૂબતો ગયો. હિંદના અન્નદાતા સમાન ખેડૂતને સરકાર, નોકરશાહી અને વેપારી વર્ગે લૂંટવામાં કશી કચાશ રાખી નથી. ખાતર અને પશુધન માટે ખેડૂત પાસે પઇસા મળે નહિં, પેટનો ખાડો પૂરવા માટે પૂરું અન્ન મળે નહી કે શરીર ઢાંકવા માટે પૂરાં કપડાં પણ મળે નહિં. આ સ્થિતિ પાલનહાર ખેડૂત વર્ગની હતી, આ બધી સમસ્યા વેપારીએ હૃદયમાં કોતરી રાખવાની છે અને વેપાર-ની પાયમાલી કેમ થઇ તેનો ઇતિહાસ રોજ વાંચી જવાની અને યાદ રાખવાની જરૂર છે.

પ્રાચીન હિંદનું વેપારી જીવન ન્યાય અને નીતિમય હતું. પ્રમાણિકપણે મહેનત કરી ખેડૂત પાસેથી ખેતીની ઉત્પન્ન વ્યાજબી ભાવે ખરીદ કરી કોઠાર ભરાતો અને જ્યારે જ્યારે જેને જેને જે જે જોઇએ ત્યારે ત્યારે તેઓને તે તે વસ્તુ વ્યાજબી નફાથી વેચતો. વેપારમાં નીતિ એ હતી કે ૧) લેતી વખતે નમતા તોલથી ખરીદવું, પણ કોઇને તોલમાં ઓછું આપતો નહીં, (૨) માલમાં કદી ભેળસેળ કે દગો કરતો નહી અને તેવા કામને પાપ માનીને તે કરતાં ડરતો. (૩) રૂપીઆના

સત્તર કે અઢાર આના કરી વ્યાજબી નફે મોસમ પ્રમાણે વેચતો. પણ આજની સટ્ટાખોરી અને વાયદાના વેપારની માફક રોજે રોજ ભાવની વધઘટ કરીને લોકોના નાણાં લૂંટી લોકોની હાય કે નીસાસા લેતા બહુ ડરતો. (૪) સ્થાનિક વેપારીઓ લાખો રળતા નહીં. તેઓ તો સમય પ્રમાણે શક્તિ અનુસાર રળતા અને સંતોષથી જીવન જીવતા. પણ જે વેપારીઓ શ્રીમંત, શકિતશાળી, સાહસિક અને સાધનસંપન્ન હોય તેઓ દેશદેશાવરના લાંબા પ્રવાસોનું જોખમ ખેડતા અને એક દેશનો માલ બીજા દેશોમાં વણજાર કે વહાણોવડે લઈ જતા અને તેમાં જ લાખો રૂપીઆ રળતા. પણ અનીતિ, ચોરી, વિશ્વાસઘાત કે સાચુંજૂઠું બોલીને કદી લાખો કમાવાની ઈચ્છાસરખી પણ ન કરતા. મોટા વેપારીઓની દેશદેશાવરમાં અનેક પેઢીઓ ચાલતી અને તેનો વહીવટ વિશ્વાસુ મહેતા-મુનીમો ચલાવતા. આ રીતે સેંકડો માણસો ધંધામાં કામ કરતાં અને આવી પેઢીઓ ધંધાદારી નિશાળ, શિક્ષણ સંસ્થા અને તાલીમ વર્ગનું કામ કરતી. સાધારણ બુદ્ધિનો માણસ પણ શક્તિ પ્રમાણે જાતમહેનત, અનુભવ, આવડત અને બુદ્ધિવડે ક્રમશઃ આગળ વધતો અને નાના નોકરમાંથી ઠેઠ મોટા મુનીમ સુધી પહોંચતો અને છેવટે તે જ શેઠનો ભાગીદાર બનતો અથવા તેનો આશીર્વાદ લઈ સ્વતંત્ર વેપારી બનતો. (૫) શેઠ નોકર વચ્ચે સ્નેહની સાંકળ અને લાગણીની લગામ સિવાય કશો ન્હાના મોટાનો ભેદ નહોતો, સહુ જાણે એક જ કુટુંબના કુટુંબી-જનો હોય તે રીતે પ્રેમથી વર્તતા, એકતાથી કામ કરતા અને એક બીજાના સુખદુઃખમાં સાથી બનતા. શેઠને માટે પ્રાણ અને સર્વસ્વનું બલિદાન આપવા નોકરો કદી અચકાતા નહીં અને નોકરના વ્યવહારિક કે માંદગીના પ્રસંગો કે મુશ્કેલીના અવસરો ઉકેલવાની કાળજી શેઠને જ રહેતી. કેટલો સુંદર સંબંધ! કેવું નીતિમય સંતોષીજીવન! કેવી શ્રેષ્ઠ ભાવના! ગાંધીજી વેપારી વર્ગ માટે આ જાતનું સર્વોદય સ્વરાજ્ય ઇચ્છતા હતા. આજનો વેપારીવર્ગ અને નોકરવર્ગ આજના વેપારી જીવનથી સુખી, સંતોષી અને આનંદી છે કે કેમ? દરેક પોતે પોતાના અંતરમાં

પૂછે અને જવાબ મેળવે. આજનું જીવન સુખી લાગતું હોય તો તેને મુબારક હોજો !

આજના વેપાર અને વ્યાપારીઓની પરિસ્થિતિનો હવે ખ્યાલ કરીએ. ખેડૂત રાજા જેવો અને વેપારી ચોર કે લૂંટારા જેવો—એમ આજે લોકોનો અનુભવ કહે છે. ખેડૂતની વાડીમાં શાકભાજી કે ફળફૂલ પાકયા હોય અને કોઇ અજાણ્યો મુસાફર પાસેના રસ્તેથી જતો હોય, તે મુસાફર વિનાસંકોચે વાડીમાં ઝાડ નીચે વિસામો લઇ શકે, વ્હેતા કોશે સ્નાન કરી કે કપડા ધોઈ શકે, દેવપૂજા માટે જોઇતા બેચાર ફૂલ જોઇતા હોય તો પૈસા વિના મેળવી શકે, સાથે ન્હાનું છોકરું હોય અને રડતું હોય તો ખેડૂત પ્રેમથી તેને થોડાક બોર કે જાંબુ, એકાદ જમરૂખ કે દાડમ, કેરી કે શેરડીની કાતરી બચ્ચાંને પ્રેમથી ભેટ આપે. ગામમાં વાણીઆ વેપારીને ત્યાં જાનમાં મહેમાન આવ્યા હોય અને ખેડૂત સાથે તેને સંબંધ હોય તો તે બધાને ચા પીવા, પોંક ખાવા કે શેરડીના વાઢે રસ પીવાનું આમંત્રણ આપે અને સાચા ઉદાર દિલથી સત્કાર કરે. ઉદારતામાં રાજાની પછી બીજો નંબર ખેડૂતનો આવે છે. સારા વરસાદ-પાણી અને સારો પાક થાય તો ખેડૂત ઉદારતાથી સહુને આપે છે. ગામડાઓમાં ખેડૂતો ઉપર જ વેપારીઓ નભતા હોય છે. ખેડૂત એકંદરે ભલો, ભોળો, ઉદાર અને દયાળુ હોય છે. તેથી ઊલટી રીતે વેપારી હુશિયાર, પાકો, તકસાધુ, ગરજનો લાભ લેનાર, અને વખત આવે ઘા મારવામાં કૂશળ હોય છે. તોલમાપમાં સવાયું લેવું અને ઓછું આપવું, વ્યાજમાં સવાયું કે દોઢું વસુલ કરવું અને ગરજે કોઇ પૈસા કે માલ લેવા આવે તેનો પૂરો લાભ લેવો—આ રીતનું ગામડાના વેપારીનું જીવન છે. તેનામાં એક ગુણ એટલો સારો છે કે ગમે તેમ થાય પણ કદી તકરાર કે મારામારી નહી કરે અને સહુને પ્રેમ અને મીઠા શબ્દોથી વશ રાખશે. ગામડામાં એકલાઅટુલા રહેવા છતાં સહુને વાણીઓ (વેપારી) વશ રાખશે અને સંપીને રહેશે. એટલે વાણીયાના ખૂન કે

વાણિયાના ઘરમાં ચોરી કે ધાડ બનતા સુધી નહીં થાય. ખૂની, ડાકુ કે બહારવટીયા સાથે પણ વેપારી મેળ રાખશે. કેમકે સૌને તેની ગરજ પડે જ. મોટા શહેરમાં વેપારી હુશિયાર તો ગણાય કે જે વધુ લૂંટે, ઓછું તોળે, ભોળાને વધુ ઠગે અને હુશિયાર ઘરાક પાસે સીધો ચાલે. આટલું કરવા છતાં અત્યારે વેપારી ઊંચો આવતો નથી અને ચિંતાથી શરીરે, શક્તિએ અને સ્થિતિએ ઘસાતા જોવામાં આવે છે તેનું શું કારણ? શેરને માથે સવાશેર હોય અને 'ઘરનો દુશ્મન સૌથી ભૂંડો' અથવા 'ચોરને ઘેર ચોર પરોણો' અથવા 'જેવી મતિ તેવી કૃતિ અને તેવી ગતિ' અથવા 'પ્રભુને ઘેર છેવટ તો ન્યાય છે જ'–આ કહેવતોનું કથન સદા સત્ય છે. વેપારી ઘરાકને લૂંટે, તો વેપારીને મોટા વેપારી લૂંટે, અને વેપારીને બીજો હરીફ વેપારી ભાવમાં નફામાં અને વેપારમાં કાપે. એટલે છેવટે તો 'ચોરને પોટલે ધૂળની ધૂળ જ' રહે. વળી જો તક જોઇને ભાવની મોટી ઉથલપાથલ કે વધઘટ કરે કે વાયદાના વેપારમાં તેજીમંદીનો સટ્ટો જમાવે તો કોઇ વખત તેજીવાળો કમાય કે કોઇ વખત મંદીવાળો કમાય; પણ સરવાળે તો એઉ ગુમાવે જ. ગામના ભોળા લોકો એ પૈસા કમાવાની લાલચે અથવા ઘરખરચમાં પડતો તોટો પૂરો કરવાની લાલચે સટ્ટો રમવા જાય અને બીજાને ખબર ન પડે તે રીતે ચોરીછૂપીથી કોઈની મારફતે ખાનગીમાં કામ કરે. આવા હજારો લોકોનાં નાણાં સટોડીયાના હાથમાં જાય છે. તે ઉપરાંત ઘરાકોના કામકાજમાં રોજની વધઘટના–ભાવફેરના–ગાળા ખાઈ જાય છે. ઘરાકોની દલાલી, ભાવના ગાળા અને ઘરાકોની લાખોની નુકસાનીને ભોગે જ સટોડીયાઓ મોટા ભાગે શ્રીમંત બને છે, ઉજળાં કપડાં પહેરે છે, મોટરો દોડાવે છે અને હજારોના કીર્તિદાન કરે છે. વેપારી કે સટ્ટાવાળા ભોળી પ્રજાને ભોળવીને જેમ લૂંટે છે તેમ તેઓને સરકાર કરવેરા અને આવકવેરાવડે લૂંટે છે અને બાકીનું યુરોપ, અમેરિકાના વાયદાબજારમાં અથવા તો નવી નવી લિમીટેડ કંપનીઓના શેરોમાં અથવા નવા

ધંધાદારી સાહસોમાં વધુ કમાવાના લોભને લઇને લાખો અને કરોડો ગુમાવે છે. મોટી માછલી નાની માછલીને ખાય અને તેના ઉપર જીવે, તેમ જગતમાં ગરીબોના ભોગે જ માણસો શ્રીમંત બંને છે અને મોજ ઉડાવે છે. લડાઇ જેવા અસાધારણ સંજોગોને લઇને અથવા માલની છત અછતને લઇને એકસરખી કમાણી થઈ હોય અને તેને લઇને સાહસના પ્રમાણમાં વેપારીઓ ધનવાન થતાં હોય તેમાં તેઓ દોષિત ન ગણાય.

એટલે એકના ભોગે બીજો કમાય છે; અને તે પણ જૂઠ, ચોરી, અનીતિ, છેતરપિંડી અને વિશ્વાસઘાતથી જ મોટે ભાગે કમાય છે. આ સર્વમાન્ય સત્ય હકીકત છે અને તેને લીધે જ લોકમત વેપારીની વિરુદ્ધમાં છે. સરકાર પણ કહે છે કે વેપારીઓ જ કાળાબજાર કરે છે. સમાજવાદ અને સામ્યવાદના સૂર પણ વેપારીઓની વિરુદ્ધમાં વાગે છે. ચોર, ડાકુ અને લૂંટારુ પણ વેપારીઓની દુકાનો અને ગોડાઉનો તોડી લાખોનો માલ ઉઠાવી જાય છે. કોર્ટ અને વકીલો પણ વેપારીઓનો નિકાલ કરવામાં અને નાદારીના ફાળા મેળવવામાં પૈસા કઢાવે છે. સેલ્સટેક્સ, પરમીટ, લાઇસિન્સ, અરજી, ઓળખપત્ર, ભલામણ, લાગવગ, ક્વોટા, રેલ્વેબુકીંગ, મજૂર, મુકાદમ, ખટારા કે ગોદીખર્ચ, કસ્ટમ, માલની ચોરી કે ઘટ, કન્ટ્રોલના કાયદાભંગના ગુન્હામાં પોલીસ, ઇન્સ્પેક્ટર, વકીલ કે કોર્ટ (દીવાની કે ફોજદારી), કોંગ્રેસના કે બીજા ફંડફાળા, મોટો વ્યવહાર, ખોટો આડંબર, વિના કારણે દેશપરદેશની મુસાફરી અને તે અંગેના મેળાવડા, માનપત્ર અને જાહેરખબર અને એ બધાની ઉપર ટોચે ઇન્કમટેકસની લટકતી તલવાર અને વધુ કર ભરવામાંથી બચવા માટે ઉંધાચતા અને આડાઅવળા હિસાબકીતાબ અને હવાલા—આ બધી સોનાની બેડીઓથી જકડાયેલો અને ઝેરી સાપથી ચોવીસે કલાક ડંખાતો, ડંસાતો અને તેની ચિંતાથી દિવસે દિવસે નિસાસા નાંખતો, કાળજુ કોરાતો, ઊંઘમાં ઘોર સ્વપ્નાથી પીડાઇને ઝબકી ઉઠતો, નિદ્રામાં બકબકાટ કરતો, ખિન્ન ચહેરાવાળો, નિસ્તેજ અને નિસત્ત્વ, નમાલો અને ક્ષીણ દેહવાળો વેપારી ભવ્ય ભૂવનમાં રહેવા

છતાં, ભાતભાતનાં ભોજન ખાવા છતાં, કિંમતી અને તેજદાર હીરાના બટન કે વીંટી પહેરવા છતાં, કડક કિંમતી કપડાથી શોભતા છતાં, મોટરની અને એરોપ્લેનની મોજ માણવા છતાં, છાપામાં ફોટો અને જાહેરાત આપવા છતાં તેનું કાળજું ભય, ચિંતા અને પાપના કીડા કોરી ખાય છે, હૃદય બ્હીકથી વધુ ધબકારા મારે છે, નાડી ઉત્પાતથી વધુ ધડકે છે, આંખને ઊંઘ આવતી નથી. કાન બહેરા થઈ ગયા છે, જીભમાંથી અમી ઝરતી નથી, શરીર લાગણીશૂન્ય થઈ ગયું છે અને હોજરી, આંતરડાં કે ફેફસાં કામ કરતાં નથી. આ બધામાં શું સુખ છે? આ બધું શેને માટે? એક પેટને ખાવા માટે, એક શરીરને પહેરવા માટે અને એક દેહને રહેવા માટે કેટલુ જોઈએ? આ છે આજનો વેપારી. આવા જીવનમાં સાચો નફો છે? સાચી મઝા કે સાચું સુખ છે? મરતી વખતે બધું મૂકીને જવાનું છે. જેને તું તારું માને છે તેમાંનું તલભાર તારું નથી. આ બધા કાળાધોળા કર્તવ્યના પરિણામ તારે જ ભોગવવાના છે. હજૂ ડાહ્યો થા અને સમજ. બહુ મોડું નથી થયું. જાગ અને ભૂલ સુધાર. નીતિથી જીવ, નિસાસા ન લે, દયા કર અને સાચો મનુષ્ય થા. ચેત, ચેત!

જનતાના જીવનનું ઊંડું અવલોકન કરતાં એ સ્પષ્ટ નજરે પડે છે કે :–

**૧. ખેડૂત**–ખેડૂતો ઋણરાહત ધારાથી ઋણમુક્ત થયા. ખેતીની ઉત્પન્નના ભાવો વધવાથી ખેડૂતોના ખોળા ધનથી ભરાયા. આજ સુધી રાજ્યે, અમલદારોએ અને વેપારીએ તેઓને લૂંટયા, રીબાવ્યા, રહેંસ્યા પણ હવે ખેડૂતો હુશિયાર થયા, સ્વાર્થ સમજતા શીખ્યા અને પૈસાની કિંમત પણ સમજતા શીખ્યા. શેરના હિસાબે સોનું રૂપું આજે કોઈ ખરીદનાર હોય કે નોટોના થોકડા ને થોકડા કોઈના ઘરમાં હોય તો તે ખેડૂતોના જ ઘરમાં છે. ઘણા વરસોના પરિતાપ, યાતના અને ત્રાસ વેઠયા પછી આજે સુખે જીવવાની તક તેઓને મળી છે. પણ નાણાંના નાદથી ભેજું ભ્રમિત ન થાય અને છતની છોળોથી છકી ન જવાય

અને લગ્ન મરણાદિ પ્રસંગોમાં ગાંડાતૂર ન થઈ જાય તે તેઓએ જોવાનું છે. ચાની આદતો, સિનેમાના શોખ, શહેરી જીવનની ટેવો કે સાઈકલ મોટરની મુસાફરી વિગેરેનું તૂત ન લાગે અને પૈસો સાચવી ખેતી સુધારે, સંતતીને જરૂર પૂરતું ભણાવે, પશુધનને પાળે, દેશના હિત ખાતર કામ કરે અને લોકહિતના કામોમાં પૈસા ખરચે તો ગુજરાતમાં જેમ વીઠલ કન્યા વિદ્યાલય કે વલ્લભ વિદ્યાલય જેવી મહાન સંસ્થાઓ પાટીદાર કોમે ઊભી કરી છે તેમ સૌરાષ્ટ્રને આંગણે આપણા ખેડૂત શા માટે ન કરી શકે? સરકાર કે દેશસેવકો ખેડૂતોને આ વાત સમજાવશે?

૨. **વેપારી**-કન્ટ્રોલ આયાત નિકાસનું નિયમન કે પ્રતિબંધ, કાચા માલની અછત, મજૂરોનો ત્રાસ, કામના કલાકોનું નિયંત્રણ, વેપારમાં સખત હરિફાઈ, નાણાંનું વધુ પડતું રોકાણ અને વ્યાજનો વધુ પડતો બોજો. ધીરધાર અને શરાફીનો અભાવ, નફાખોરી માનસ, ઘરાકને લૂંટવાની વૃત્તિ, નવીન વસ્તુમાં અનેકગણો નફો લેવાની લાલસા અને કબરના માલના ભરાવાથી અને લોકોનો રોજ ને રોજ બનતી નવી નવી ફેશનેબલ ચીજ વસ્તુઓનો વધતો જતો મોહ—આ બધાથી ચોપાસ ઘેરાયલો વેપારી, કરોળીયાની જાળની જેમ વધુ ને વધુ ફસાય છે, ચિંતાગ્રસ્ત રહે છે, રીબાય છે અને રહેંસાય છે, લડાઈ થાય, લડાઈની સાચી ખોટી ધામધુમ રહ્યા કરે, માલોના ભાવની વધઘટ થયા કરે, સંઘરાખોરી વૃત્તિથી માલની કૃત્રિમ અછત ઊભી થાય અને મોટા નફો થાય. આ જાતનું માનસ આજે વેપારીઓનું થઈ ગયું છે, તેને પરિણામે વેપારીએ આજે જનતાનો અને સરકારનો રોષ વ્હોરી લીધો છે અને પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે. પણ કુદરતને ઘેર હંમેશા ન્યાય છે જ, વેપારી નફામાં રાચ્યોમાચ્યો, મોજશોખ કર્યા, વૈભવ અને ખર્ચા વધાર્યા થોડાઘણા કીર્તિદાન કર્યા કે સગાંવહાલાં, ન્યાતીલા, સ્વધર્મી કે આશ્રિતોને નવાજ્યા અને સંતોષ તથા સાર્થક માન્યા; પરંતુ તે છતાં લોકો તેનાથી ન સંતોષાયા કે ન તેના ઉપકારવશ બન્યા એટલે કલેશ અને કકળાટ જેમ ને તેમ ઊભા રહ્યા.

જીવનની રોજની જરુરિયાતના ભાવ સૌથી વધુ વધ્યા અને તેના વિના કોઇને ચાલે જ નહીં. એટલે સૌને દાતણ, દૂધ, ખાંડ, ઘી, તેલ, અનાજ, મસાલા વગેરે વસ્તુ ગમે તે ભાવે ખરીદવાની પણ ફરજ પડે છે અને એ રીતે ગરજનો લાભ લેવાય છે. જેમ ભાવ વધે તેમ ભેળસેળ અને દગો વધે. એ રીતે વિષચક્રમાં આખો દેશ આજે દુઃખી-દુઃખી દેખાય છે. આ છે વેપાર અને વેપારીની વિષમ દશા !

**૩. ક્ષત્રિય**–માણસો સ્વરક્ષણને માટે ટોળાં અને સમૂહમાં રહી તેઓમાંથી ડાહ્યો, બળવાન, પરાક્રમી, હિંમતવાન, સાહસિક, ઉદાર અને ન્યાયી–એવા પુરુષને પોતાનો નાયક બનાવી તેના આશ્રયે રહેવા લાગ્યા અને તેની આજ્ઞા માન્ય રાખતા. આવા નાયકોનો વર્ગ તે ક્ષત્રિયો થયા અને ઉત્તરોત્તર રાજાઓ તરીકે મનાયા. પ્રજાનું રક્ષણ અને પાલન કરવું, શરણાગતને આશ્રય કે અભયદાન આપવું, દુશ્મનને દગો આપવો નહિ, કોઇ ઉપર જોરજુલમ કરવો નહિ કે કોઇની વહુબેટીની મર્યાદાનો ભંગ કરવો નહિ, ન્યાય અને નીતિથી રાજ્ય ચલાવવું અને પ્રજાના નાયકો તથા મહાજનનું બહુમાન કરવું, કોઈની પાસે યાચના કરવી નહિ, લડાઈના મેદાનમાંથી નાસવું નહિ, વચનભંગ કરવો નહિ, વિદ્વાનો અને ધર્મગુરુઓનું સન્માન કરવું–આ ક્ષત્રિયોના ગુણો મનાતા. અત્યારના રાજવીઓ જાગીરદાર, કાઠી, ગરાસીયા, તાલુકદારો વિગેરેમાં સાચા ક્ષત્રિયના કેટલા ગુણો હતા તે આપણે સૌ જાણીએ છીએ. વૈભવ, મોજશોખ, એશઆરામ, નાચગાન, પરદેશની મુસાફરી, રંગરાગ અને ભોગવિલાસ–એનું પ્રદર્શન મોટા ભાગના દેશી રજવાડામાં જોવા મળતું. હિંદના ગરીબ ખેડૂતોના પરસેવાના પૈસા અને વેપારીઓના સખત મજૂરીના પૈસામાંથી અનેક કરવેરા મહેસુલ–જકાત અને લાગાલેતરી દ્વારા કરોડો રૂપિયાનો મોટા ભાગનો હિસ્સો ઉઘરાવીને આવી મહેફીલો અને મોજશોખમાં દરવરસે દેશી રાજાઓ ઉડાવતા હતા અને પ્રજા ઉપરનો બોજો ત્રાસ અને જોર-જુલમ વધતા જતા હતા. બ્રિટિશ રાજસત્તાએ સીધી અને આડકતરી

રીતે આ રાજવીઓને ન્હાનપણથી ઉછેર્યા હતા અને આવા કામમાં ઉત્તેજન આપ્યું હતું, દીવાનો, પ્રધાનો, મંત્રીઓ અને કારભારીઓ આવા રાજવીઓને પોતાના હાથમાં રાખી લાખો અને કરોડો કમાયા અને પોતાના સ્વાર્થ ખાતર રાજાઓને પૂતળા સમાન રાખ્યા હતા. સરકારની તેઓ ખુશામત કરતા, રાજાઓને રાજી રાખતા. રાજ્યની સત્તા હસ્તગત રાખતા અને આ બધા માટે પ્રજાને પીસતા, ખેડૂતોને લૂંટતા, પાપને પોષતા અને વેપાર અને વેપારીઓને વેરવીખેર કરતા. સારા માણસો રાજ્યમાં વસવાટ કરવા ખુશી નહોતા અને વેપારીઓ કે ઉદ્યોગપતિઓ કામધંધો કરવા તૈયાર નહોતા. આ હતી દેશી રાજ્યોની મોટા ભાગની પરિસ્થિતિ. પરદેશી સત્તા જતા જતા પણ મદારીની રમત રમવાનું ભૂલી નહિ. હિંદુ મુસલમાનને લડાવ્યા, પ્રજાસત્તાક સરકાર વિરુદ્ધ દેશી રાજ્યોને ઉશ્કેર્યા, માલીક અને મજૂર વચ્ચે, જાગીરદાર અને ખેડૂત વચ્ચે અસંતોષ અને વર્ગવિગ્રહનો વંટોળ ઊભો કર્યો. ભારતના એટલા સદ્ભાગ્ય હતા કે આ બધા પ્રબળ વિરોધને કાબૂમાં લઇ શાંત કરવા માટે ભારતના ભડવીર પુત્ર લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ જેવા પરાક્રમી પુરુષના હાથમાં સત્તા હતી. તેમણે મેળવેલી સફળતા ભારતના ઇતિહાસમાં સુવર્ણ-અક્ષરમાં લખાશે.

૪. **શૂદ્ર વર્ગ**—બધા વર્ગની સેવા કરવી અને મહેનત મજૂરી કરીને પ્રમાણિકપણે ઉદરનિર્વાહ કરવો તે આ વર્ગનો ધર્મ મનાતો. સાદામાં સાદું જીવન, ઓછામાં ઓછી જરુરિયાત, વધુમાં વધુ નીમકહલાલપણું—એ તેમનામાં કુદરતી ગુણો હતા. તેઓ બહુ જ નિર્દોષ અને સંતોષી જીવન ગાળતા. પ્રભુમાં પ્રેમ રાખતા અને સુખદુઃખમાં સાચા સાથી બનતા. શૂદ્ર હાથ પગ હતા, વૈશ્ય પેટ હતું, ક્ષત્રિય છાતી હતી અને બ્રાહ્મણ મસ્તક હતા. આ હતું સમાજ-સંસ્થાનું ભવ્ય અને આદર્શમય સ્વરૂપ. દરેક વર્ગ પોતપોતાને ઉચિત કર્મકાંડ અને ક્રિયા કરતા અને એક બીજા પ્રત્યેની ફરજ બજાવતા.

આજે હરિજન, મજૂર, નોકરીયાત વર્ગ, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને ઉચિત સિવાયના જે કાંઇ કામકાજ છે તે જેઓ કરે છે તે બધાનો સમાવેશ આ વર્ગમાં થાય છે. એટલે પૂર્વની જે વર્ણવ્યવસ્થા યોગ્યતાને આધારે રચાઈ હતી અને ક્રમે ક્રમે તે જ્ઞાતિ તરીકે ઓળખાવા લાગી અને તેમાંથી પેટા જ્ઞાતિઓ થઇ તેને બદલે આજે જે જે ક્ષેત્રોમાં જે જે માણસો કામ કરે છે તે તે ક્ષેત્ર અનુસાર તે તે સમાજનું વર્ગીકરણ મનાય છે. અને એક વખત એવો આવશે કે જ્ઞાતિની મર્યાદા ભુંસાઇ જશે અને તેનું સ્થાન ધંધાદારી સમાજ, સંસ્થા કે મંડળ લેશે.

આજે ગામડામાં ધંધા નાશ પામ્યા છે અને ઉચ્ચવર્ણ ઘસાઈ ગયો છે. પણ મજૂરોની અને હલકા ધંધાદારીઓની આર્થિક સ્થિતિ ઘણી સુધરી છે. પૈસા આપવા છતાં કામ કરનારા મળતા નથી. જાતે કામ કરવામાં શરમ આવે છે એટલે બોજો ઉપાડનાર મજૂરો, કડીયા સુતાર, વાળંદ, ધોબી, સોની, દરજી, ભંગી મોચી, વાહનવાળો, ઘરકામના નોકરો, રસોયા વિ. સૌની ખુશામત આપણે કરવી પડે છે, મ્હોં માંગ્યા પૈસા કે પગાર આપવા પડે છે, અને તેઓની ગમે તેવી ટેવ કે અપમાન પણ સહન કરવા પડે છે. તેઓમાં સંગઠન થાય છે, પોતાના હક્કો સમજતા થયા છે, અને આપણી પામરતા અને પરાધીનતા તેઓ જાણી ગયા છે એટલે તેઓની શરતો આપણે કબૂલ રાખવી પડે છે; માટે સમયને ઓળખો જાતે કામ કરો અને સ્વાશ્રયી બનો.

# આરોગ્ય વિભાગ

## ( ૧ )

## આરોગ્ય અને ઉન્નતિ

જેનું આરોગ્ય સારું તેનું જીવન સુખી હોય છે. 'પહેલું સુખ તે જાતે નર્યા.' એ લોકવાણી તદ્દન સાચી છે. શરીર નિરોગી હોય તો મન, બુદ્ધિ, ચિત્ત અને અંતઃકરણ પણ શુદ્ધ બને છે. આરોગ્ય હોય તો શક્તિ, સ્ફુર્તિ, આનંદ અને સુખ વૃદ્ધિ પામે છે. આરોગ્યવાન મનુષ્ય ધન કમાય છે, ધનનો સદુપયોગ કરે છે, પોતે સુખી થાય છે અને બીજાઓને પણ સુખી કરે એ જ મનુષ્ય જીવનની સાચી મહત્તા છે. બધા માણસો જો આ રીતે આરોગ્ય સાચવતા થઈ જાય તો સમાજમાં આજે ઘેર ઘેર ડગલે ને પગલે માંદગી, પીડા અને યાતનાના દર્શન થાય છે. દવાખાના અને હોસ્પીટલમાં માનવસમૂહના ટોળેટોળા ઉભરાતાં જણાય છે તે ઘણું ઓછું થઇ જાય.

આરોગ્ય બગડવામાં જો કોઇ મુખ્ય કારણ હોય તો વધુ પડતો ખોરાક ખાવાની ટેવ છે. ખૂબ ખાઇએ તો ખૂબ શરીર સારું થાય અને ખૂબ શક્તિ આવે એવી માન્યતા ઘણા લોકો ધરાવે છે. આને લઇને માંદગી ફૂલેફાલે છે. બીજી બધી બાબતોમાં મનુષ્ય બુદ્ધિનો ઉપયોગ બરોબર કરે છે. ઘરમાં અનાજ, મસાલો બળતણ સાબુ, ઘી, તેલ, કેરોસીન કે બીજી વસ્તુઓ વપરાઇને ખલાસ થઇ જાય અને તે લાવવાનું જ્યારે સ્ત્રી કહે ત્યારે ઘરનો પુરુષ તુરત જ પ્રશ્ન કરે છે કે કેમ જલદી ખલાસ થઇ ગયું ? પણ પોતે એટલો વિચાર કરે કે પેટ માંગે તે કરતાં પોતે જ પેટ ઠાંસીને ભરે છે અને ઘરના બીજા માણસોને પણ તેનું જોઇને તેવી ટેવ પડી ગયેલી હોય છે. એટલે

ખાદ્ય વસ્તુઓ જલદી ખલાસ ન થાય તો બીજું શું થાય? વધુ ખાવાની ટેવ લગભગ ઘણા માણસોને હોય છે. વસ્તુ સ્વાદિષ્ટ હોય કે મિષ્ટાન્ન હોય તો માણસ જાત ભૂખ કરતાં અને રોજના ખોરાક કરતાં પણ વધુ ખાય છે એ સામાન્ય અનુભવ સૌને હોય છે. આમ વધુ ખાવાની ટેવથી આરોગ્ય બગડે છે, આળસ આવે છે, શરીરના અવયવોને તે પાચન કરવા માટે વધુ પડતી ક્રિયા કરવી પડે છે અને ખર્ચ પણ વધુ કરવો પડે છે. છતાં પણ લોકો સમજતા કેમ નહિ હોય! આ અજ્ઞાન કે મૂર્ખાઇની પરાકાષ્ઠા નથી?

એક ગેલન પેટ્રોલમાં ૭ ઉતારુને બેસાડીને એક મોટર ૧૮ થી ૨૦ માઇલ જાય છે. બશેર ગ્યાસતેલમાં પ્રાઇમસ કેટલા માણસોની રસોઇ, ગરમ પાણી અને ચા દૂધ બનાવી શકે છે? એક ભેંસને રસકસ વિનાનું સૂકું ઘાસ અને થોડું ખાણખોળ ખાવા આપીએ છીએ તો સવાર સાંજ મળીને ૨૦ થી ૨૫ શેર (પાકો તોલ) દૂધ આપે છે. મધ્યમ વર્ગનો માનવી આખા દિવસમાં સરેરાશ શરીરશ્રમનું અને બુદ્ધિનું જે કામ કરે છે તેના પ્રમાણમાં ખરચેલી શક્તિ મેળવવામાં બે ટંકનું ખોરાકનું પ્રમાણ કેટલું જોઇએ? આનો વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચાર કરવાની જરુર છે. અનુભવીઓ અને આજનું વિજ્ઞાન એમ કહે છે કે આપણે જેટલો ખોરાક લઇએ છીએ તેના આઠમા ભાગનું લોહીમાં કે શરીરવૃદ્ધિમાં પરિવર્તન થાય છે અને સાત ભાગ નકામા જાય છે. જમીનમાં એક અનાજનો દાણો વાવીએ છીએ તો તેમાંથી એક કે વધુ ડુંડા કે કણસલા ઉત્પન્ન થાય છે અને એકમાં કેટલા બધા દાણા થાય છે? આવા અનેકગણા ઉત્પન્ન માટે ફક્ત પાણી અને થોડા ખાતરની જ જરુર પડે છે. આ રીતે વનસ્પતિ એકનું હજાર જેટલું ઉત્પન્ન આપે છે. ગાય–ભેંસ સુક્કા ઘાસ અને દાણામાંથી આટલું બધું દૂધ દરરોજ આપે છે. ત્યારે માણસ જાત રોજ ૧ થી ૧॥ રતલ ઊંચા પ્રકારનું અનાજ, ઘી, દૂધ, તેલ, ખાંડ, શાકભાજી અને ફળો ખાય છે તો તેમાંથી કેટલી બધી શક્તિ (હોર્સ પાવર)

ઉત્પન્ન થઈ શકે? અને તે દ્વારા કેટલું બધું કામ થઈ શકે? આનો હિસાબ કરતાં આપણે શીખવું જોઈએ. જ્ઞાન અને વિજ્ઞાનની સહાયથી આ સમજ દરેકે કેળવવી જોઈએ.

માણસની ઉન્નતિનો આધાર શ્રમ ઉપર રહે છે. શ્રમનો આધાર શરીર, બુદ્ધિ અને મનની શક્તિ ઉપર રહે છે. શક્તિ અને તેની તીવ્રતા જેટલી વધુ કેળવીએ તેટલી તે વધુ વિકાસ પામે છે અને વધુ કામ આપે છે. પરંતુ તેનો પૂરેપૂરો અને અવિરત ઉપયોગ કરવો જોઈએ. તેને માટે શિક્ષણ જોઈએ, ટેવ કેળવવી જોઈએ અને તે પ્રકારના સંસ્કાર પાડવા જોઈએ. આ જવાબદારી માબાપની છે અને જે માબાપ આ ફરજ બરોબર અને જવાબદારીપૂર્વક અદા કરે છે તેના સંતાનો અવશ્યમેવ સારા થાય છે. આવા સંતાનો જરૂર ઉન્નતિ સાધી શકે છે.

આમાં સોબત, સહવાસ અને વાતાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળકોને સારી સોબત આપવી, તેઓને સારા સહવાસ અને વાતાવરણમાં રાખવા અને તેઓની સાથે માબાપે પ્રેમથી વર્તવું–એ પણ તેટલું જ જરૂરનું છે. ઘરનું વાતાવરણ બહુ આનંદી, સંતોષી અને સંસ્કારી હોય તો તેની અસર બહુ જ પડે છે. જગતનો મોટો ભાગ કલુષિત વાતાવરણવાળો હોય છે. તેમાંથી કેમ બચવું અને બાળકોને કેમ મુક્ત રાખવા તેની પૂરતી કાળજી રાખવાની છે.

ધૃતિ, મતિ, કીર્તિ, કાંતિ અને ધન, ધાન્ય, ધરણી અને ધણ એ જેને હોય તે માણસ ખરેખર સુખી ગણાય. સાચી ઉન્નતિ, રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ સંતોષમાં રહેલી છે. અને તે બધાનું મૂળ જ્ઞાન અને સંસ્કારમાં છે. એકલી લક્ષ્મી ગુણો વિના શોભતી નથી અને આ બધું આરોગ્ય ઉપર નિર્ભર છે, માટે ઉન્નતિ કરવી હોય તો આરોગ્ય જાળવતા શીખો.

( ૨ )

# નાની પણ ઉત્તમ શિખામણ

શરીર એ જીવનનું વાહન છે. શરીરવડે જીવનનો બધો વ્યવહાર ચાલે છે, માટે શરીરને સારું, સશક્ત અને નિરોગી રાખવું તે પ્રત્યેક મનુષ્યની પવિત્ર અને મુખ્ય ફરજ છે.

શરીર નિરોગી અને સ્વસ્થ હોય તો મન પણ પ્રફુલ્લિત અને આનંદમાં રાખી શકાય. શરીરનો રોગ અને માંદગી મનને કાયમ ચિંતામાં રાખે છે અને સ્વભાવને ક્રોધી, ચીઢીયો અને રીસાળ બનાવે છે. પરિણામે જીવનનો આનંદ, શાંતિ અને સુખ ઊડી જાય છે.

શરીરને નિરોગી અને સ્વસ્થ રાખવા માટેના નિયમો છે, જે દરેકે કાળજીપૂર્વક અને નિશ્ચયપૂર્વક બરોબર પાળવા જોઇએ. આ નિયમો શરીર તથા મનને બંને માટેના છે અને બન્ને માટે પાળવા જરૂરનાં છે, કેમકે શરીર અને મન એક બીજા સાથે નિકટના સંકળાએલાં છે.

**તે માટેના નિયમો નીચે મુજબના છે:—**

૧ **નિયમિતતા :** નિયત સમયે સૂઈ જવું અને જાગવું, ભોજન, અભ્યાસ, ધર્મક્રિયા, વ્યાયામ અને દરરોજનાં બધાં કામો માટે સમય નક્કી કરેલો હોવો જોઇએ.

૨ **વ્યવસ્થા અને સંભાળ :** કપડાં, પુસ્તકો, બીજી બધી વસ્તુઓ, ફરનીચર, રાચરચીલું આ બધી ચીજો સાફ અને સ્વચ્છ રાખવી જોઇએ અને તેની નક્કી કરેલી જગ્યાએ એવી રીતે રાખવી જોઇએ કે જ્યારે ત્યારે તુરત જ ચીજ મળી શકે; નહીં તો શોધવામાં સમય જશે, મહેનત પડશે, કંટાળો આવશે અને ક્રોધ થશે.

સુંદર વ્યવસ્થા, સાચવણી અને સ્વચ્છતા એ ઘરની શોભા છે. તેનાથી શાંતિ મળે છે.

૩. **આરોગ્ય માટે** (૧) ભૂખ કરતાં ઓછું ખાવું. ભૂખ ન હોય તો બિલકુલ ન ખાવું. દિવસમાં માત્ર બે વખત જ જમવું. ઘડીયે

ઘડીયે વારંવાર કશું ન ખાવું. ચાલુ ભોજન જમવું. મિષ્ટાન્ન, પકવાન, ફરસાણ કે બહારની બજારની ચીજો ન ખાવી. જે મળે તે આનંદથી ખાવું. ખાવાની લાલચ અનેક રીતે નુકશાનકારક છે. તેમાંથી અનેક અનર્થો ઉત્પન્ન થાય છે. જીભના સ્વાદ માણસને ગુલામ બનાવે છે અને તેનાથી નૈતિક પતન થાય છે.

**વ્યસનો અને આદતો :** આ પણ એક પ્રકારની ગુલામી અને પરાધીનતા છે. તેનાથી શરીર બગડે છે, મન આખો વખત તેના જ વિચારોમાં રહે છે. પૈસાની બરબાદી થાય છે, આબરૂ ઓછી થાય છે અને સમયનો ખોટો વ્યય થાય છે. સારો અને ધર્મી માણસ તે જ કહેવાય કે જેને કોઈ પણ જાતનું વ્યસન ન હોય.

૪. **મનનું સ્વાસ્થ્ય :** શરીર નિરોગી ત્યારે જ કહેવાય કે જ્યારે મનને શરીર માટે કશો વિચાર પણ ન આવે અથવા શરીરની ચિંતા પણ ન રહેતી હોય. નિરોગી શરીરવાળામાં જ મનની શાંતિ ટકી શકે છે. સુખ, શાંતિ, સંતોષ એ બધા મનની અવસ્થાનાં નામો છે. બહારની દુન્યવી વસ્તુઓ તો તેનાં નિમિત્તરૂપ છે. જેનામાં જ્ઞાન હોય, શ્રદ્ધા હોય, વિવેક હોય તેઓ જ સાચું સુખ અને સંતોષ અનુભવી શકે છે. અને પુણ્યની પ્રાપ્તિ સારા વિચાર, સારી ભાષા અને સારા કાર્યોથી થાય છે; માટે જ મન, વચન અને કાયાને શુદ્ધ રાખવાનું, તેનો સારો ઉપયોગ કરવાનું શાસ્ત્રો કહે છે. તે શીખવા માટે સુદેવ, સુગુરુ, સુધર્મનું શરણ સ્વીકારવું જોઇએ અને તેનો વધુમાં વધુ સત્સંગ કરવો જોઇએ

જીવનને ઉન્નત કરવા માટે મન, વચન અને કાયાનો સદુપયોગ, ધર્મ પ્રત્યે તેનું વલણ અને પાપમાંથી પાછા હટવું—એ માર્ગ દરેકે સ્વીકારવો જોઇએ. આને માટે જ ધર્મ અને ધર્મની ક્રિયાઓ છે. અન્ય પ્રાણીઓમાં આવી વિચારશક્તિ નથી, મનુષ્યમાં તે છે; માટે જ મનુષ્યને ધર્મ આવશ્યક છે.

## ( ૩ )

# સ્વાસ્થ્યની પ્રશ્નોત્તરી

**પ્રશ્ન–૧.** આજકાલ લોકો બહુધા બંધકોશ કે કબજીયાતના રોગથી પીડાય છે તેનાં કારણો શું ?

**ઉત્તર–૧.** બંધકોશ મુખ્યત્વે નીચેનાં કારણોને લઇને થાય છે:–

( ૧ ) રાત્રે બહુ લાંબો સમય જાગવાથી, ઉજાગરા કરવાથી કે ઊંઘ પૂરી ન કરવાથી. ( ૨ ) પાચન ન થઈ શકે તેવો ભારે ખોરાક મિષ્ટાન્ન ખાવાથી અથવા વધુ પડતો ખોરાક ખાવાથી. ( ૩ ) ચા, કોફી, ઠંડા પીણાં તથા તંબાકુ, અફીણ, ભાંગ, ગાંજો, કોકન વગેરે માદક અને કેફી વસ્તુઓના વ્યસનથી અથવા વધુ પડતા ઉપયોગથી. ( ૪ ) મરચાં, મરી, તજ, લવીંગ, બાદિયાન, તમાલપત્ર, કેસર, જાયફળ, વગેરે મસાલાના તથા બદામ, પિસ્તા વગેરે જલ્દી પાચન ન થઈ શકે તેવા સૂકા મેવાના અતિ અને રોજના ઉપયોગથી. ( ૫ ) બહુ ચિંતાગ્રસ્ત કે ભયભીત રહેવાથી તથા બહુ શોક કે રુદન કરવાથી. ( ૬ ) મોડી રાત્રે વાળુ કરવાથી. ( ૭ ) પેટ કે આંતરડામાં પવન થવાથી કે ગોળો ચઢવાથી.

**પ્રશ્ન–૨.** કબજીયાતથી બચવા માટે શું કરવું જરૂરનું છે ?

**ઉત્તર–૨.** કબજીયાતથી બચવા માટે નીચેના ઉપાયો અસરકારક નીવડશે:—

(૧) સૂર્યાસ્ત પહેલાં સાંજે જમવું.

( ૨ ) બની શકે તો રાત્રે કશું ખાવું નહિ કે પીવું નહિ.

( ૩ ) સૂર્યોદય થયા પછી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે માટે સૂર્યોદય થયા પછી અર્ધા કલાક બાદ હોજરીમાં ખોરાક નાંખવો. ધર્મના નિયમો વિશેષ આરોગ્ય અને તંદુરસ્તી ઉપર જ ઘડાયા હોય છે.

( ૪ ) બાળકોને દશ કલાક, કિશોરોને નવ કલાક, કુમારોને આઠ કલાક, યુવકોને સાત કલાક, આધેડ માણસોને છ કલાક ઘોર નિદ્રા આવે તો તેઓને પૂરતો આરામ મળે. આરામથી થાક ઉતરી જાય છે, સ્ફૂર્તિ આવે છે અને કામ કરવા માટેની શક્તિ આવે છે; માટે પૂરતી ઊંઘ મળે તે માટે રાત્રે વહેલા ( નવ વાગે ) સૂવાની ટેવ સારી ગણાય.

( ૫ ) ભૂખ વિના કશું ખાવું નહિ કે રુચિ વિના જમવું નહિ તેમજ જરૂર વિના કશું પીવું પણ નહિ.

( ૬ ) દસ્ત સાફ ન આવી જાય ત્યાં સુધી પેટમાં કશું નાખવું નહિ.

( ૭ ) પેટનો અગ્નિ સતેજ હોય તો જ ખાધેલું પચે, ભૂખ લાગે, ખોરાકનું લોહી થાય અને શક્તિ આવે. બહુ ખાવાથી કે પીવાથી તેમજ વારંવાર ખા ખા કરવાથી કે ગમે તે પીધા કરવાથી અગ્નિ મંદ અને ઠંડો પડી જાય છે, ખોરાક પચતો નથી, બેચેની રહે છે, આળસ વધે છે અને શક્તિ ક્ષીણ થાય છે; માટે જ કહેવત છે કે "કમ હવા, ગમ હવા."

( ૮ ) ભૂખ કરતાં ઓછું ખાવું. હોજરીના ત્રણ ભાગ પાડીએ તો એક ભાગમાં અન્ન, બીજા ભાગમાં પાણી અને ત્રીજા ભાગમાં હવા–એ મુજબ પ્રમાણસર ખોરાક હોવો જોઇએ. ખોરાકની જાત પથ્ય, સાત્વિક અને પૌષ્ટિક હોવી જોઇએ. દૂધ, છાશ, માખણ, તાજાં શાકભાજી, કેળાં અને લીલાં ફળો એ ઉત્તમ ખોરાક છે અને સહેલાઇથી પચી જાય છે. તેની બનાવટ, ઉપયોગ અને પ્રમાણ જાણી લેવા જોઇએ અને પોતાની પ્રકૃતિને અનુકૂળ હોવા જોઇએ.

( ૯ ) જેઓને કામ, મહેનત, પરિશ્રમ કે કસરતની ટેવ નિયમિત હોય છે તેઓને કબજીયાતની ફરિયાદ જવલ્લે જ હોય છે. નિયમિત વ્યાયામ બંધકોશ માટે બહુ ફાયદાકારક છે.

( ૧૦ ) જેઓ ખૂબ ચાવીને ધીમે ધીમે સ્વસ્થ ચિત્તે શાંતિપૂર્વક ખાય છે તેઓને કબજીયાત થતી નથી. આજે આપણે સૌ કોઈ સમય, ધાંધલ, ઉત્પાત અને ઉતાવળના એવા ગુલામ બની ગયા છીએ કે જીવનમાં શાંતિ જ નથી. તેમાં પણ જમવામાં જેઓ ખૂબ ઉતાવળ કરે છે અને પાંચ કે દશ મિનિટમાં જમી પરવારે છે તેઓ જિંદગી અને તંદુરસ્તીથી પણ પરવારી જાય છે અને માંદગી અને વ્યાધિનો ભોગ બને છે. જિંદગીનું માપ અને મૂલ્ય આજે સૌ કામ અને કમાણીથી આંકે છે. જે ત્વરિત ગતિએ વધુ કામ કરે છે તે ઓછું જીવે છે અને જે લાંબુ જીવે છે તે ઓછું કામ કરે છે એટલે સરવાળો બન્નેનો સરખો જ થાય છે. ફરક માત્ર એટલો જ છે કે પહેલાને જીવનમાં વધુ ઉત્પાત થાય છે જ્યારે બીજાને જીવનમાં વધુ શાંતિ હોય છે.

( ૧૧ ) ચિંતા કરવાથી ચિંતા કે તેનું કારણ મટતું નથી. ભયથી ભય ટળતો નથી. જે બનવાનું હોય છે તે મિથ્યા થતું નથી, તો પછી ચિંતા કરવાથી કે ભય રાખવાથી શું લાભ ? કાલનો દુષ્કાળ આજે નોતરવાથી શું ફાયદો ? જેઓ કર્મનો સિદ્ધાંત બરોબર સમજે છે અને માને છે તેઓ કદિ હતાશ કે નિરાશ થતા નથી. તેઓ વીરની માફક વર્તે છે અને શાંતિપૂર્વક ધીરજ ધરે છે. ઉદાર ચિત્ત અને ઉદાર ચારિત્રમાં જ સાચું સુખ અને પરમ શાંતિ છે. આવા મહાન પુરુષો સદા નિરોગી અને નિરાગી રહી શકે છે. તેમને કોઈ વ્યાધિ થતો નથી, તેઓ કદિ માંદગીથી મરતા નથી. શરીર અને જીવન ઉપર તેઓનું સ્વામીત્વ એવું હોય છે કે જ્યારે તેઓને ઇચ્છા થાય છે ત્યારે દેહનો સંબંધ છોડી શકે છે અને દેહના બંધનમાંથી મુક્ત થઈ શકે છે. આ માર્ગ છે શરીરસ્વાસ્થ્યનો, મનસ્વાસ્થ્યનો અને આત્મસ્વાસ્થ્યનો.

( ૧૨ ) ભોગથી રોગની વૃદ્ધિ થાય છે. જેટલા ભોગ વધુ તેટલા રોગ વધુ. ભોગી હોય તે જ રોગી બને છે, માટે જો રોગ ટાળવા હોય તો ભોગનો ત્યાગ કરવો જરૂરનો છે. ભોગનો જે ત્યાગી હોય તે

પ્રભુનો રાગી બની શકે છે અને પ્રભુનો રાગી એ જ સાચો યોગી છે. જગતનો રાગી પ્રભુનો રાગી બની શકતો નથી. પ્રભુના રાગી બનવા માટે જગતના વિરાગી બનવું જોઇએ. ભોગી અને યોગી એ પરસ્પર વિરોધી વ્યક્તિઓ છે. શરીરમાં અનેક કોશ રહેલા છે. તે બધા બંધન-રૂપ છે, માટે જ તે બધા વ્યાધિરૂપ છે. જેમ બંધકોશમાંથી છૂટીએ તો જ વ્યાધિમુક્ત થઈ શકીએ; તેમ જીવનના બંધમાંથી છૂટીએ તો જ મુક્તિના સ્થાને જઈ શકીએ.

પ્રિય વાચકગણુ ! તારી બુદ્ધિ પ્રમાણે આ કોયડો સમજવા કોશીષ કરજે. તેમાંથી કાંઈ તારા માટે હિતકર હોય તો ગ્રહણ કરીને તેનો અમલ કરજે. અનુભવ કરીશ તો જ તેનું રહસ્ય તને સમજાશે અને ત્યાર પછી જ તારો જીવનપંથ ઉજ્જવળ બનશે. તારી નિર્બળતાને કારણે તું તારી ગુલામીના બંધનમાંથી છૂટી ન શકે તો તે માટે બીજા ઉપર દોષ ઢોળતો નહિ. કર્મવાદી અને પ્રારબ્ધવાદીનું જીવન સદા નિરાશામય હોય છે. જેઓ પુરુષાર્થવાદમાં માનનારા હોય છે તેઓ પરાક્રમી, ધીર, વીર, ગંભીર, નિડર અને પરિણામે સત્ત્વશીલ બને છે અને જીવનસંગ્રામમાં વિજેતાની કીર્તિ મેળવે છે. દુઃખ અને મુશ્કેલી-ઓના, ગરીબાઇ અને વિપત્તિઓના, આધિ અને વ્યાધિના શોક અને વિષાદના રુદન કરીને નિરાશ થવાનું છોડી દે. સત્વર ઉઠ, હિંમત હાથમાં લે. આળસ ખંખેરી નાખ ઉદ્યમ કર, પ્રયત્ન ચાલુ રાખ તો તું જ પોતે તારો ભાગ્યવિધાતા છો. આશાવાદ અને પુરુષાર્થ એ જ જીવનના સાચા નિર્માતા છે.

## ( ૪ )

# આરોગ્યની દૃષ્ટિએ જન્મ, જીવન, માંદગી અને મરણ

**પ્રચલિત** કહેવત સર્વાંશે સત્ય છે કે–"૧. પહેલું સુખ તે જાતે નર્યા, ૨. બીજું સુખ તે સદ્‌ગુણી નાર, ૩. ત્રીજું સુખ તે કોઠીએ જાર, ૪. ચોથું સુખ તે ઘેર દીકરા." આનો સાર અને આનું સાચું સાર્થક તો જ અને ત્યારે જ ગણાય કે દરેક માણસ પોતાના ઘરમાં દીવાલ ઉપર તેને લખી રાખે, રોજ તે વાંચે અને સમજે અને તેનો લાભ ઉઠાવે. **સમજણ, જ્ઞાન કે અનુભવની કીંમત તેના અમલમાં રહેલી છે.**

જન્મનાર બાળકની નિરોગિતાની જવાબદારી તેના માબાપોને શીરે રહે છે. માબાપ નિરોગી, તંદુરસ્ત અને સંયમી હોય તો તેની પ્રજા પણ નિરોગી અને તંદુરસ્ત હોય છે. પ્રજા જો પ્રાણવાન, પ્રતિભાશાળી, ખડતલ અને આરોગ્યવાન બનાવવી હોય તો સૌથી મુખ્ય જરુર એ છે કે–'માબાપે પોતે શ્રમ અને કસરતવડે પોતાનું શરીર મજબૂત બનાવવું, વ્યસનોથી દૂર રહેવું, સ્વભાવ શાંત અને આનંદી બનાવવો, વિષયવાસના ઉપર સંયમ રાખવો, ઘરનું વાતાવરણ શાંત, સ્વચ્છ અને આનંદમય રાખવું, સારા અને પરોપકારી માણસોની સોબત કરવી, દરેક કામમાં નિયમિતતા અને પ્રમાણ કેળવવા, સંતપુરુષો અને ધર્મગુરુઓનો સત્સંગ શોધવો, સારા પુસ્તકોનું વાંચન રાખવું અને મરણનો સતત ખ્યાલ રાખવો.' જીવનને સુખી બનાવવાનો આ જ માર્ગ છે, આ જ ચાવી છે.

ભારત એક વખત સંયમી, શ્રદ્ધાવાન, સંતોષી દેશ હતો. તેથી જ તે સુખી અને સમૃદ્ધ હતો. વસ્તી પ્રમાણસર હતી. ગરીબ કે શ્રીમંત સૌ શ્રમજીવી, સ્વાશ્રયી અને સદાચારી હતા. તેઓ ધર્મ કરતા અને પાપથી ડરતા, આબરુની ગણના સૌથી મોખરે હતી. જે મળે તેનાથી સંતોષ

માનતા; અને સંતોષમાં જ સાચું સુખ છે. આજના જેવો લોભ, ઉત્પાત, ઉલ્કાપાત, ધમપછાડા, ધાંધલ, ધમાલ કે દોડધામ ત્યારે નહોતાં. તેથી તેઓ સંપત્તિ અને શક્તિ બંને સાચવી શકતા, સંઘરી શકતા, અને જરુરના પ્રસંગે દાન કે સેવામાં આપી પણ શકતા. આને લીધે તેઓ ઉદાર, સંતોષી અને સુખી રહી શકતા. તેઓએ કાવાદાવા કે દાવપેચ કરવાની કે રમવાની જરુર નહોતી. શાંતિથી રોટલો ખાઇ શકતા, સ્ત્રી અને બાળબચ્ચાંઓ સાથે આનંદકલ્લોલ કરી શકતા, રાત્રે ગાઢ નિદ્રા અને સંપૂર્ણ આરામ લઇ શકતા અને સવારે તાજગી અને સ્ફુર્તિ સાથે ઉઠીને કામે લાગી શકતા. આજે ગામડામાં ઓછા વધુ અંશે પણ આવું સુંદર દ્રશ્ય જોવા મળે છે. શહેરમાં ઘણા લોકો મોડી રાત સુધી જાગે છે તેમને બહારના શોરબકોરથી શાંત નિદ્રા આવતી નથી. નિદ્રામાં પણ સ્વપ્નની દુનિયાનું નાટક, વાણીનો બકબકાટ, ક્રોધ કે રુદનના નાદ, હૃદયનો ઉકળાટ કે નીસાસા અને હાથ, પગ તથા શરીરના તડફડાટ મોટી સંખ્યાના માનવીને સતાવે છે. માત્ર ઘાટી, રામા, ભૈયા, મજૂર કે અન્ય જે કોઈ શ્રમ કરી રોજી કમાય છે, અને ચાલુ જીવનથી સંતોષ અને આનંદ માને છે, તેઓ જ નિશ્ચિંતપણે ઘસઘસાટ ઊંઘે છે.

લોકો કહે છે કે પેટને માટે-પેટનો ખાડો પૂરવા માટે આ બધી ઉપાધિ કરવી પડે છે અને અનેક યાતનાઓ વેઠવી પડે છે. પણ આ વાત એકંદરે ખોટી છે, હડહડતી જૂઠી છે અને ભ્રમજનક છે. કોઇ પણ કુટુંબજીવનના ખર્ચનો હિસાબ જોવાથી સ્પષ્ટ જણાઈ આવશે કે ખાવાપીવાનું ખર્ચ બહુ નથી આવતું, પણ બીજા ફાલતું ખર્ચામાં જ મોટી રકમ ખર્ચાય છે. તેમાં ધારીએ તો ઘણો ઘટાડો કરી શકીએ. આવકમાં પેટગુજારો કરી શકાય અને જીવન જીવી શકાય અને ધારીએ તો તેમાંથી થોડું-ઘણું બચાવી પણ શકાય. દુઃખ ખરેખર ત્યાં જ છે કે આપણે બીજાઓનું જોઇને તેના જેવું જીવન જીવવા ઇચ્છીએ છીએ અને જાણેઅજાણે તે મુજબ જીવન જીવવા માંડીએ છીએ.

સારું ઘર, સારી શોભા, સારા વસ્ત્રો, આભૂષણ, રાચરચીલું અને સામગ્રી, ગજા ઉપરાંતનો વ્યવહાર અને લેવડદેવડ, વધુ પડતા મોજશોખ, મુસાફરી, નાટક–સિનેમા, હરવુંફરવું કે મહેમાનગીરી, બાળકોને વધુ અને વધુ પડતા લાડ–આ અને આવી અનેક અવિચારી અને આંધળી બાબતો આપણને કચડે છે ભીંસે છે, ઉત્પાત–ચોરી, કુકર્મ વિગેરે કરાવે છે અને છેવટે કાયમ સતાવી, ચિંતાથી કૃશ કરી, કમોતે મરે છે; સૌને દુઃખી કરે છે; અને પાછળનાને નિરાધાર બનાવે છે. આ છે સમાજની સામાન્ય કરુણ કથની, દુઃખદ ઘટના અને વિષમ ચીતાર. આ બધાનું નિમિત્ત, સર્જક અને દ્રષ્ટા તથા ભોક્તા માણસ પોતે જ છે. પોતાની ભૂલ અને પાપનો ભોગ પોતે જ બને છે. અંતે પોતે મરે છે અને બીજાને મરણતોલ અવસ્થામાં છોડીને ચાલ્યો જાય છે.

આ બધા કરુણ દૃશ્યો, આર્દ્રરુદન અને દયાજનક ઘટનામાંથી ઉગરવા માટે પ્રત્યેક મનુષ્યે પોતે જ પ્રયત્ન કરવા જોઇએ, સાચી સમજ કેળવવી જોઇએ, દૃઢ નિશ્ચય કરવો જોઇએ અને આવકના પ્રમાણમાં જીવનનિર્વાહ ચલાવવો જોઇએ. ભીખારી, માંગણ, અપંગ, દરિદ્રી, દીન, દુઃખી–સૌ કોઈ જીવન જીવે છે અને જીવતા રહે છે. તેઓને જે મળે છે તેમાંથી તેઓ ચલાવે છે; આપણે પણ જે મળે તેમાંથી ચલાવવું જ જોઇએ. જે મળે તેમાં સંતોષ માનવો જોઇએ. વધુ મેળવવા માટે પ્રયાસ અવશ્ય કરવો; પરંતુ તેને માટે જૂઠ, ચોરી, અનીતિ, વિશ્વાસઘાત, ખૂન, લૂંટફાટ, ડાકૂગીરી કે બીજા અનિષ્ટોનો આશ્રય તો કદી પણ લેવો ન જોઇએ. આટલો જ કૃતનિશ્ચયી અને દૃઢ પ્રતિજ્ઞિત દરેક મનુષ્ય બને તો તેના જીવનના ઘણા કલેશ, કુમતિ કે કુમાર્ગો ઓછા થશે, તેની સ્ત્રી અને સગાંસ્નેહી પણ સારાં થશે અને સારાં રહેશે અને કુટુંબ જીવન સુખી અને સંતોષી થશે. માનવી ! આ વાત તને સમજાય છે કે તું જ તારો કર્તા અને સ્રષ્ટા છે ! તું જ તેનો ભોક્તા છે ! તારા સુખ અને દુઃખ બંનેની ચાવી તારા જ હાથમાં છે ! તું ધારે તો સુખી જરુર થઇ શકે ! તારા

દુઃખનું કારણ તું પોતે જ છે માટે બીજાને દોષ દેવાનું છોડી દે. કાયરતા રુદન ચિંતા કે બળાપો ખંખેરી નાખ, જાગૃત બન, હુશિયાર થા, કામે લાગ, લોકટીકાની દરકાર ન કર. નીતિથી અને જાતમહેનત તથા બુદ્ધિચાતુર્યવડે કામ કરી કમા અને વધુ કમા. આવક કરતાં ખર્ચ ઓછો રાખ. કોઇ પણ મહેનતનું કામ કરવામાં શરમ નથી. દુઃખના માર્યા દેશ, વતન અને દોલત છોડીને દુઃખી સ્થિતિમાં મુકાઈ ગયેલા સીંધી મુલ્તાની કે પંજાબી ભાઇઓ અત્રે આવીને જાતમહેનત અને હિંમતથી ઠરીઠામ થઇ શકયા છે તે દાખલો તારી સમક્ષ છે. તો તું પણ 'કરમ કોળીના અને જાત ગરાશીયાની' એ તારે માથેનું કલંક ધોઇ નાખ અને જગતને તારા વર્તનથી ખાત્રી કરાવી આપ કે હવે મારે 'કર્મ ગરાશીયાના (ક્ષત્રિયના) છે અને જાતમહેનત કોળીની (શ્રમજીવીની) છે.'

અત્યારની ચાલુ સૃષ્ટિનું આ ચલચિત્ર જોયા પછી તેની પાછળ શું ચાલી રહ્યું છે તે પ્રત્યે દૃષ્ટિ નાખીએ અને તેમાંથી સાર કાઢીએ. ભારતમાં શક્તિ અને સાધન કરતાં જન્મપ્રમાણ બહુ અધિક છે. આથી દેશ, પ્રજા અને જીવન ઉપર બોજો એટલો બધો વધી ગયો છે અને વધી રહ્યો છે કે જે સહન થઈ શકે તેમ નથી. ઝાઝા જન્મ, ઝાઝી નબળાઇ, વધુ માંદગી, વધુ ખર્ચ, વધુ ઉપાધિ, વધુ કરવેરા, વધુ મરણ, વધુ બોજા અને દુઃખ—આ ચીતાર જુઓ, જાણો, સમજો, તેના પરિણામનો ખ્યાલ કરો અને તેમાંથી બચવા માટે આખી પ્રજાએ શું કરવું જોઇએ તેનો નિર્ણય કરો. જગતના ડાહ્યા પુરુષો અને શાસ્ત્રો આને માટે નીચે મુજબ કહે છે—

૧. માબાપે પુત્રને ૨૫ વર્ષે અને પુત્રીને ૨૦ વર્ષે અથવા તેથી મોડા પરણાવવા, લગ્ન પછી ૩ કે ૫ વર્ષ સુધી પુત્રીને સાસરે જતી આવતી રાખવી પરંતુ કાયમ સાસરે ન રાખવી. સાસરાપક્ષે ખાસ કરીને પતિએ એ પ્રથાને શિરોમાન્ય કરવી જ જોઇએ. ૨. સ્ત્રીને માત્ર વિષયવાસનાની તૃપ્તિનું સાધન ન માનતા તેને સખી, મિત્ર કે

ભાગીદાર તરીકે માનવી જોઇએ અને તેના પ્રત્યે સન્માન રાખવું જોઇએ. ૩. બંનેએ જુદા જુદા અલગ બીછાને સૂવું જોઇએ; અને શક્ય હોય તો જુદા જુદા ઓરડામાં સૂવું જોઇએ. આ પ્રથાની ખાસ જરુર છે ૪. સ્ત્રી સગર્ભા થયા પછી છ મહિને તેણે પીયર ચાલ્યા જવું જોઇએ અને પીયરમાં જ પ્રસૂતિ કરવી જોઈએ. બાળક જન્મ્યા પછી છ માસનું થાય ત્યાર પછી જ સ્ત્રીએ સાસરે જવું જોઇએ. ૫. જન્મેલા બાળકને વરસ અથવા વધુ સમય સુધી માતાએ પોતાનું સ્તનપાન કરાવવું જોઇએ. સ્તનપાન વધુ સમય સુધી ચાલુ રાખવાથી માતાનું શરીર, શક્તિ કે જુવાની ક્ષીણ થઈ જાય છે–આ માન્યતા ખોટી છે. આમ કરવું ઇષ્ટ નથી. માતા આમ કરે તો તે માતા નથી, પણ બચ્ચાંની વેરણ છે. આની પાછળનો ઇરાદો સારો હોતો નથી; પણ વિષયતૃપ્તિ કે જુવાની જાળવી રાખવાનો જ હોય છે. માંદગી કે નબળાઇનું કારણ હોય તો ક્ષંતવ્ય છે.

૬. બે પ્રસૂતિ વચ્ચે ઓછામાં ઓછું ત્રણ વર્ષ અને બને તો પાંચ વર્ષનું અંતર હોવું જ જોઇએ. આને માટે કાં તો સંયમ કેળ-વવો જોઇએ, અથવા વિખૂટા રહેવું જોઇએ. અથવા સંતતિ–નિયમનના સાધનોવડે પ્રજોત્પતિ અટકાવવી જોઇએ. પ્રજા સ્વેચ્છાથી આ નિયમ ન પાળે તો કાયદાથી તેનો અમલ કરાવવો જોઇએ. અને તેનાથી ન સમજે તો પછી વધુ સંતતીવાળા ઉપર વધુ કર–વેરો કે ખાસ મુંડકા-વેરો સરકારે નાખવો જોઇએ. અથવા તો જેલની શિક્ષા ફરમાવવી જોઇએ. આ પગલું કદાચ આકરું કે વધુ પડતું લાગશે, પરંતુ એકાદ રેશનકાર્ડનું અનાજ ખોટી રીતે લેનારને દંડ કે સજા કરી શકાય છે તો દેશને મુશ્કેલીમાં મૂકનારને શા માટે સજા કે દંડ ન થઈ શકે? બે ત્રણ વર્ષ આ રીતે કાયદાનો કડક અમલ કરી થોડાઘણા દાખલા બેસાડવામાં આવશે તો લોકો નિયમનું પાલન કરતા અવશ્ય થઈ જશે. ૭. કોઈ પણ માણસને ત્રણથી ચાર કરતાં વધુ સંતાનો હોવા જ ન જોઇએ. અને તેને માટે પૂરતી તકેદારી કે કાળજી રાખવી

જોઇએ. ૮. સામાન્ય રીતે એ નિયમ હોવો જોઇએ કે ૪૦ થી ૪૫ વર્ષની ઉંમર થાય તે પછી દંપતિએ વાનપ્રસ્થ લેવું જોઇએ અને બ્રહ્મચર્યવ્રત પાળવું જોઇએ; અને પુત્રના લગ્ન થાય અથવા પુત્ર–વધૂને પ્રથમ બાળક જન્મે તે પછી માબાપે અવશ્ય બ્રહ્મચર્યવ્રત પાળવું જોઇએ. સાસુ વહુને સાથે સુવાવડ થાય તે પ્રસંગ વ્યવહારુ દૃષ્ટિએ પણ ઉચિત નથી. પુત્રી કે પુત્રવધૂને રંડાપો આવે તે સમયથી માબાપે અને વડીલોએ ત્યાગ અને સંયમના નિયમો ફરજિયાત પાળવા જોઇએ. આમાં માનવતા રહેલી છે. તો જ સંસાર દીપે અને વાતાવરણ શુદ્ધ રહે. સંયમી નરનારીઓ જ જગતમાં દેવદેવીરૂપ અને વંદનીય થાય છે. ૯. પુરુષ કરતાં સ્ત્રી વધુ સંયમી અને ત્યાગવૃત્તિવાળી હોય છે. પુરુષ જ મોટા ભાગે ચંચળવૃત્તિનો, નિર્બળ મનનો અને વધુ મોહાંધ હોય છે. અને પુરુષનું વર્ચસ્વ મનાતું હોવાથી સ્ત્રીઓને પુરુષની ઇચ્છાને પોતાની ઇચ્છા વિરુદ્ધ આધીન થવું પડે છે. પ્રસૂતિ, કસુવાવડ અને તેને અંગેનાં અનેક કષ્ટો, અનેક યાતના અને અનેક વ્યાધિઓ સ્ત્રી-જાતિને ફરજિયાત અને મરજી વિરુદ્ધ ભોગવવા પડે છે અને મરણને શરણ વહેલું થવું પડે છે. યુરોપ, અમેરિકાના સ્વતંત્ર દેશોમાં સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ પુરુષ બળાત્કાર કે બળજબરી કરી શકતો નથી. ત્યાં સ્ત્રીમાં સ્ત્રીત્વ અને સ્ત્રીશક્તિ પ્રબળ હોય છે. ભારતમાં સ્ત્રી નિરાધાર, નિર્બળ, અબળા અથવા પરાધીન છે. સાથે સાથે તે ભલી, ભોળી, સરળ અને આજ્ઞાંકિત છે. પતિને પ્રભુ માની સેવા કરે છે; પરંતુ પતિ પોતે પતિ ન રહેતાં પાશવી બને છે એટલે પુરુષોની શાન ઠેકાણે આણવી જોઇએ. ૧૦. મજબૂત માબાપોના બાળકો જ પુષ્ટ, દેખાવડા અને તંદુરસ્ત હોય છે. આજે ભારતમાં જ્યાં ત્યાં નબળા, રોગી, બીમાર બાળકો મોટી સંખ્યામાં નજરે પડે છે. માંદગીને અંગે કુટુંબ હેરાન થાય છે, સારવારમાં સમય, શક્તિ અને ધનવ્યય ઘણો થાય છે અને બાળમરણનું પ્રમાણ બહુ રહે છે. આ બધો બોજો સમાજ ઉપર, દેશ ઉપર અને કુટુંબ ઉપર કેટલો બધો રહે છે! આ બધાનો દોષ પુરુષવર્ગ ઉપર છે. આ ગુન્હા બદલ ગુન્હેગારને સખ્ત

શિક્ષા શા માટે ન થઈ શકે? બાળકો જેમ દુબળા હોય છે, તેમ આજના સ્ત્રી-પુરુષો પણ કેવા શક્તિહીન, નિસ્તેજ અને વ્હેંતીયા તથા ઠીંગુજી અથવા સુક્કા સોટા જેવા હોય છે! ભરજુવાનવયે કેટલાય સ્ત્રી-પુરુષો અકાળે મરણને શરણ થાય છે? કેટલીય સ્ત્રીઓ બાળવિધવા બને છે? કેટલા બધા કુટુંબો નિરાધાર થઈ જાય છે? કેટલાય વૃદ્ધ પુરુષોના જીવન નીરસ અને દુઃખી થઈ ગયેલા જોઈએ છીએ? આ બધા માટે જવાબદાર કોણ? જવાબ એક જ છે-પુરુષો, વડીલો, વૃદ્ધ સ્ત્રી પુરુષો. 'હાથના કર્યાં હૈયે જ વાગે.' હવે પસ્તાવો કરવાથી શું વળે! માટે હજુ પણ સમજો. ૧૧. રોગીને પરણાવો નહિ, ભોગીને સંયમી બનાવો, વાનપ્રસ્થ ઉંમરે તમે પોતે યોગી બનો. તો જ તમો ભવસમુદ્ર તરશો, સમાધિ-મરણ સાધી શકશો અને મરણ પછી ઉચ્ચગતિ પામશો. આ છે છેવટનો સાર અને સફળતા.

## ( ૫ )

# ધર્મ અને આરોગ્ય

કેળવણી અને ખાસ કરી ઉચ્ચ કેળવણી લીધેલ હોય તેવાઓને માટે જ સરકારી, અર્ધસરકારી, હુન્નરઉદ્યોગની કે વ્યાપારી સંસ્થાઓમાં નોકરીની તક વિશેષતઃ હોય છે. આવા શિક્ષિત સરકારી નોકરો કે અમલદારોને પગાર સારા મળે છે, એટલે તેઓના ઉપર કામ અને કામની જવાબદારીનો બોજો પણ વધુ રહે છે. સવારે વહેલા કામ ઉપર જવાનું અને સાંજે મોડા આવવાનું હોય છે. તેથી તેઓ સામાજિક કે ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ લેતા નથી અથવા લઈ શકતા નથી. વળી તેઓમાંના ઘણાં પોતાને સામાન્ય થર કરતાં ઊંચી કક્ષાના માનતા હોય છે, એટલે ધીમે ધીમે તેઓની આ માન્યતા એવી દ્રઢ થઈ જાય છે કે પછી તો તેઓ સમાજથી તદ્દન અલગ થઈ જાય છે.

પરિણામે સમાજને તેમની બુદ્ધિનો, શક્તિનો કે હોદ્દાનો લાભ મળી શકતો નથી. તેમ તેઓને પોતાને પણ ધર્મ, ધર્મગુરુ. ધર્મોપદેશ કે ધર્મક્રિયાનો લાભ મળી શકતો નથી. આ રીતે બન્ને વચ્ચે અંતર વધતું જાય છે, પરિણામે તેમની સંતતિ પણ ધર્મના સંસ્કારથી વંચિત રહે છે. આ પરિસ્થિતિ ગંભીર કહેવાય. તેનાથી બંને પક્ષને હાનિ પહોંચે છે.

શિક્ષિત વર્ગ પૈકી જેઓ બહુ જ વ્યવસાયી અને કામકાજમાં બહુ સમય ગુંથાયલા રહે છે તેઓના જીવનનો ઊંડો અભ્યાસ કરતાં મોટા ભાગે એવું જોવા મળે છે કે:—

૧. તેઓને કામનો બોજો, કામની ચિંતા અને કામની પ્રવૃત્તિ એટલી બધી રહે છે કે તેને લઈને તેઓનો સ્વભાવ ક્રોધી, ચીઢીયો અને ઉતાવળીયો થઈ જાય છે. તેનામાં ભય, શોક અને અશાંતિ બહુ હોય છે. આ બધાની શરીર, સ્વભાવ અને આરોગ્ય ઉપર બહુ વિપરીત અસર થાય છે. ખાધું પચતું નથી, ઊંઘ આવતી નથી. શાંતિ મળતી નથી અને આનંદનો તો અનુભવ પણ થતો નથી. પરિણામે અજીર્ણ કે કબજીયાત, હરસ કે મસા, વાયુપ્રકોપ, લોહીનું ઓછું કે અધિક દબાણ, હૃદયરોગ, કંપવા,–સંધિવા, શૂળ, ચક્કર, આમાંથી એક કે વધુ દર્દોથી તેઓ પીડાય છે. દવાનું સેવન તેઓને રોજનું રાખવું પડે છે; અને વૈદ્ય ડૉક્ટરને આવકનો અમુક હિસ્સો પ્રતિમાસે ફરજીઆત આપવો પડે છે.

૨. શરીરની પ્રકૃતિ જ્યારે આવી રહેતી હોય ત્યારે માણસોને કોઈની સાથે બોલવું, બેસવું કે આનંદ કરવો–એમાંનું કશું ગોઠતું નથી. કુટુંબના માણસો સાથે પણ તેઓને આનંદ આવતો નથી. આ રીતે ધીમે ધીમે તેઓ એકાંતમાં અટુલું જીવન ગાળવાનું અને ફુરસદના સમયે માત્ર છાપા કે ઈતર વાંચન કરવાનું વધુ પસંદ કરે છે. આવા ઘણા મનુષ્યો આ પ્રકારનું જીવન જીવી રહ્યા છે. શિક્ષિત વર્ગ સિવાયના પણ ઘણા ધંધાદારીઓ અને કર્મચારીઓ, દલાલો અને વકરાવાળાઓ એવા હોય છે કે જેઓની પ્રકૃતિ આ પ્રકારની હોય છે. તેઓ પણ આવી પીડા ભોગવતા હોય છે.

આ અનારોગ્ય શારીરિક અને માનસિક બંને પ્રકારનું હોય છે. તેના મૂળમાં વિહ્વળતા, ઉત્પાત, ઉદ્વેગ, અશાંતિ, શંકાશીલતા અને બ્હીકણ-પણું હોય છે. આ બધા માનસિક રોગો છે. તે શરૂઆતમાં બહુ ઓછા પ્રમાણમાં હોય છે પણ ક્રમે ક્રમે એટલી હદે વધી જાય છે કે જીવનમાં કશો સાર રહેતો નથી અને જીવન કંટાળારૂપ બની જાય છે. આ બધાનું મૂળ કારણ આપણો સ્વભાવ અથવા પ્રકૃતિ હોય છે.

બધા પ્રાણીઓમાં મનુષ્યને જ બુદ્ધિની બક્ષિસ મળેલી છે. બુદ્ધિના સારા અને નરસા એમ બે પ્રકારના ઉપયોગ થઈ શકે છે. તેનો આધાર કેળવણી અને સંસ્કાર ઉપર છે. કેળવણી અને સંસ્કાર આપવાનું કામ માતા, પિતા, ગુરુ કે ધર્મગુરુનું છે. તેઓ જો ગુણવાન અને ચારિત્ર્યવાન હોય તો બાળકને જન્મથી અને બાળપણથી સારી ટેવો અને સારા સંસ્કારો પાડે છે. બાળક એ માબાપનું પ્રતીક કે પ્રતિબિંબ છે. જે બાળક સારું હોય તેના માબાપ સંસ્કારી હોય જ. ખરાબ સંતાનો હોય તો તેને માટે જવાબદાર માબાપો જ છે.

એટલે શારીરિક કે માનસિક આરોગ્ય અને સુખાકારી મેળવવા હોય તો ધર્મ, ધર્મક્રિયા, ધર્મનો અભ્યાસ, વ્રતનિયમો, ધર્મનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન–એ બધા સરળ અને સહજપ્રાપ્ય સાધનો છે. અતિરેકથી આરોગ્ય બગડે છે અને અતિરેક અટકાવવા માટે ત્યાગ, સંયમ, તપ, જપ, યોગ, ધ્યાન અને ધર્મક્રિયા, અમોઘ અને રામબાણ ઉપાય છે. જેઓ ધર્મકરણી, દર્શન, પૂજા, ભક્તિ, અર્ચન, કીર્તન, વાંચન, ઉપવાસ, વ્રત–નિયમો કરે છે તેને ભાગ્યે જ માંદગી આવે છે. તેઓને નિદ્રા પણ સારી આવે છે, ખાધું પણ પચે છે, ભૂખ પણ સારી લાગે છે અને મનની શાંતિ પણ સારી રહે છે. તેઓ સંતોષી બને છે અને સાદું જીવન જીવે છે. તેમને નથી ઉત્પાત કે નથી ભય. તેઓ ધ્રુવની જેમ સ્થિર જીવન જીવે છે. આ અનુભવની વાતો છે. અનુભવથી તેની પ્રતીતિ થઈ શકે. માટે આરોગ્ય મેળવવું હોય તો ધર્મનું શરણ સ્વીકારો.

( ૬ )

## હવાફેરનાં સ્થળો અને સ્થાનો

આજે એક પ્રશ્ન ખાસ વિચારણા માગે છે કે પરોપકારનાં કામો પોતપોતાની જ્ઞાતિ, ધર્મ કે જાતિ માટે કરવા ? પ્રાદેશિક પ્રજા (દા. ત. ગુજરાતી, મદ્રાસી. સિંધી) માટે મર્યાદિત કરવા ? કે સાર્વજનિક કરવા ? અનુભવ એમ કહે છે કે દાન કરનારના મનની અને વિચારની જેવી ઉદારતા તેવા પરમાર્થનાં કામો કરવાની તેની ભાવના હોય છે. છતાં, દવાખાનાં, નિશાળો, પુસ્તકાલયો અને ઉદ્યોગશાળાઓ સૌને માટે હોય તે જ સારું. ધર્મસ્થાનો, ધર્મશાળાઓ પોતાના ધર્મી ભાઈબહેનો માટે હોવા જોઈએ. સાર્વજનિક ધર્મશાળાઓ હિંદુઓ, મુસ્લીમો, પારસીઓ કે ખ્રિસ્તિઓ માટે અલગ અલગ હોય તે એટલા માટે સારું કે દરેક વર્ગની રહેણીકરણી, આહાર અને આદતો ભિન્ન ભિન્ન હોય છે. હવાફેરના સ્થાનો (સેનેટોરીયમ કે આરોગ્ય ભુવન) જાતિવાર જુદા હોય તો તે વધુ અનુકૂળ રહે છે.

હવાફેરનાં સ્થાનો બંધાવનારનું મુખ્ય ધ્યેય એ હોય છે કે જેઓ ખર્ચ કરવાની સ્થિતિમાં ન હોય તેઓને આવા આરોગ્ય ભુવનનો લાભ મળે. પરંતુ અત્યારના મોંઘવારીના કાળમાં જગ્યાનું માસિક ભાડું રૂા. ૩૦ થી ૫૦ હોય, રૂા. ૫ થી ૧૦ બત્તી ખર્ચના, રૂા. ૫ ઝાડુવાળાના, રૂા. ૫ વાસણ પાગરણના મરામતના દર મહિને લાગતા હોય છે. એટલે રૂા. ૨૦૦ સુધી કમાનારને માટે આટલો ખર્ચ પરવડે જ નહિ. તેઓને જરૂર હોય તો દેવું કરીને પણ આટલો ખર્ચ કરે તો જ માંદાને તે હવાફેર કરાવી શકે. બાકી મોટા ભાગે તો સારું કમાતા હોય અથવા જેઓ શ્રીમંતો હોય તેઓ જ આવા સ્થળે હવાફેર માટે જઈ શકે. પારસી કોમ માટે તો મુંબઈ, લોનાવલા, માથેરાન, પુના અને દેવલાલીમાં એવાં સ્થાનો છે કે જ્યાં માસિક રૂા. ૫ કે ૧૦ માં બધી સાધનસામગ્રી સાથેનાં મકાનો તેઓને મળી શકે છે.

માંદગીમાં મૃત્યુ નજીક પહોંચ્યા પછી સાજા થનાર શખ્સને બેચાર મહિનાનો હવાફેર એ પુનર્જીવન છે. તેવા માણસોને માટે જે પુણ્યશાળી આત્માઓ આવા આરોગ્યભુવન બંધાવી લક્ષ્મીનો સદુપયોગ કરે તેઓ અનેકના અંતરના છુપા આશીર્વાદ અવશ્ય મેળવતા રહે છે. ખરી રીતે કહીએ તો આ જીવતદાન અને જીવદયાનું ઉત્તમ કાર્ય છે. આવા સ્થાનોનો લાભ લેનારાઓ શક્તિ મુજબ આવી સંસ્થાઓને દાન કરીને ખીલવવામાં મદદ કરે તો અનેક વધુ કુટુંબોને લાભ મળી શકે.

●

## (૭)

## સ્વાસ્થ્ય

શરીર એ જીવનનું વાહન છે, શરીરવડે જીવનનો બધો વ્યવહાર ચાલે છે; માટે શરીરને સારૂં, સશક્ત અને નિરોગી રાખવું તે પ્રત્યેક મનુષ્યની પવિત્ર અને મુખ્ય ફરજ છે.

શરીર નિરોગી અને સ્વસ્થ હોય તો મન પણ પ્રફુલ્લિત અને આનંદમાં રાખી શકાય, શરીરનો રોગ અને માંદગી મનને કાયમ ચિંતામાં રાખે છે અને સ્વભાવને ક્રોધી, ચીડીયો અને રીસાળ બનાવે છે. પરિણામે જીવનનો આનંદ, શાંતિ અને સુખ ઉડી જાય છે.

શરીરને નિરોગી અને સ્વસ્થ રાખવા માટેના નિયમો છે જે દરેકે કાળજીપૂર્વક અને નિશ્ચયપૂર્વક બરોબર પાળવા જોઇએ. આ નિયમો શરીર તથા મનને બંને માટેના છે અને બંને માટેના પાળવા જરૂરના છે, કેમકે શરીર અને મન એક બીજા સાથે નિકટનાં સંકળાએલાં છે. તે માટેના નિયમો નીચે મુજબના છે –

૧. **નિયમિતતા**–નિયત સમયે સૂઇ જવું અને જાગવું. ભોજન, અભ્યાસ, ધર્મક્રિયા, વ્યાયામ અને દરરોજનાં બધાં કામો માટે સમય નક્કી કરેલો હોવો જોઇએ.

૨. **વ્યવસ્થા અને સંભાળ**–કપડાં, પુસ્તકો, બીજી બધી વસ્તુઓ, ફરનીચર રાચરચીલું આ બધી ચીજો સાફ અને સ્વચ્છ રાખવી જોઇએ અને તેની નક્કી કરેલી જગ્યાએ એવી રીતે રાખવી જોઇએ કે જ્યારે જોઇએ ત્યારે તુરત જ ચીજ મળી શકે. નહીં તો શોધવામાં સમય જશે, મહેનત પડશે, કંટાળો આવશે અને ક્રોધ થશે.

સુંદર વ્યવસ્થા, સાચવણી અને સ્વચ્છતા, એ ઘરની શોભા છે; તેનાથી શાંતિ મળે છે.

૩. **આરોગ્ય માટે**–ભૂખ કરતાં ઓછું ખાવું, ભૂખ ન હોય તો બિલકુલ ન ખાવું, દિવસમાં માત્ર બે વખત જ જમવું. ઘડીયે ઘડીયે વારંવાર કશું ન ખાવું. ચાલુ ભોજન જમવું. મિષ્ટાન્ન, પક્વાન્ન, ફરસાણ કે બહારની બજારની ચીજો ન ખાવી. જે મળે તે આનંદથી ખાવું. ખાવાની લાલચ અનેક રીતે નુકસાનકારક છે. તેમાંથી અનેક અનર્થો ઉત્પન્ન થાય છે. જીભના સ્વાદ માણસને ગુલામ બનાવે છે અને તેનાથી નૈતિક પતન થાય છે.

**વ્યસનો અને આદતો**–આ પણ એક પ્રકારની ગુલામી અને પરાધીનતા છે, તેનાથી શરીર બગડે છે, મન આખો વખત તેના જ વિચારોમાં રહે છે, પૈસાની બરબાદી થાય છે, આબરૂ ઓછી થાય છે અને સમયનો ખોટો વ્યય થાય છે. સારો અને ધર્મી માણસ તે જ કહેવાય કે જેને કોઇપણ જાતનું વ્યસન ન હોય.

**મનનું સ્વાસ્થ્ય**–શરીર નિરોગી ત્યારે જ કહેવાય કે જ્યારે મનને શરીર માટે કશો વિચાર પણ ન આવે અથવા શરીરની ચિંતા પણ ન રહેતી હોય. નિરોગી શરીરવાળામાં જ મનની શાંતિ ટકી શકે છે. સુખ, શાંતિ, સંતોષ એ બધા મનની અવસ્થાનાં નામો છે. બહારની દુન્યવી વસ્તુઓ તો તેના નિમિત્તરૂપ છે. જેનામાં જ્ઞાન હોય, શ્રદ્ધા હોય, વિવેક હોય તેઓ જ સાચું સુખ અને સંતોષ અનુભવી શકે છે. અને પુણ્યની પ્રાપ્તિ, સારા વિચાર, સારી ભાષા અને સારાં કાર્યોથી થાય

છે. માટે જ મન, વચન અને કાયાને શુદ્ધ રાખવાનું, તેનો સારો ઉપયોગ કરવાનું શાસ્ત્રો કહે છે. તે શીખવા માટે સુદેવ, સુગુરૂ, સુધર્મનું શરણ સ્વીકારવું જોઇએ અને તેનો વધુમાં વધુ સત્સંગ કરવો જોઇએ.

જીવનને ઉન્નત કરવા માટે મન, વચન અને કાયાનો સદુપયોગ, ધર્મ પ્રત્યે તેનું વલણ અને પાપમાંથી પાછા હટવું, એ માર્ગ દરેકે સ્વીકારવો જોઇએ. આને માટે જ ધર્મ અને ધર્મની ક્રિયાઓ છે, અન્ય પ્રાણીઓમાં આવી વિચારશક્તિ નથી. મનુષ્યમાં તે છે. માટે જ મનુષ્યને ધર્મ આવશ્યક છે.

## (૮)

# શરદી અને તેના ઉપાયો

આજકાલ જેટલાં દરદો શરદીથી થાય છે તેટલાં દરદો બીજા કારણોથી નથી થતા. શરદી થવાનું કારણ પણ શરદી પોતે જ છે. આ દરદમાંથી જેણે બચવું હોય તેણે શરદીનું કારણ, શરદીનું સ્વરૂપ અને શરદી મટાડવાના ઉપાયો જાણવા જરૂરના છે.

જેના શરીરમાં શરીરને સ્વસ્થ રાખવા પુરતી ગરમી ન હોય તેને શરદી જલદી થાય છે. જેની જઠરાગ્નિ સારી હોય અને ખાધેલું પાચન થઇ જતું હોય તેને, આહાર વિહારની બીજી ભુલો જો તે ન કરે તો, શરદી ભાગ્યે જ થાય છે. વળી જેઓ ખાવા પીવામાં બહુ જ નિયમિત અને પરિમિત હોય છે, જેઓ સાદો, સાત્વિક અને સહેલાઇથી પચી જાય તેવો ખોરાક કાયમ લે છે અને જેઓ ઠંડી કે વર્ષાઋતુમાં શરીરનું ઠંડીથી કે વરસાદથી બરોબર સંભાળપૂર્વક રક્ષણ કરે છે તેઓ શરદીના રોગના ભોગ જવલ્લે જ થઇ પડે છે. શરીર–

સુખાકારીના નિયમો જેઓ નથી જાણતા અને નથી પાળતા તેઓ જ માંદા પડે છે, હેરાન થાય છે અને પૈસાની બરબાદી કરે છે.

શરીરને જોઇતી ગરમી આપવા માટે અને તેટલી ગરમી ટકાવી રાખવા માટે માણસે શકિત પ્રમાણે શ્રમ, કામ કે કસરત દરરોજ નિયમિત અવશ્ય કરવા જોઇએ. કામ કરવાથી ગરમી ઉત્પન્ન થાય છે, ખાધું પાચન થઇ જાય છે, બધા અવયવો સશક્ત અને નિરોગી બને છે, લોહીનું ફરવું બરોબર રહે છે, શ્વાસોચ્છ્વાસ પૂરતા ચાલે છે; મળ, આમ ( અપકવ ખોરાક ) અને બીજાં ઝેરો શરીરમાંથી ઝાડા, પિસાબ, પરસેવા, શ્લેશ્મ ( બળખો ) કે બીન કોઇ રૂપે સહેલાઇથી બહાર નીકળી જાય છે; અને પરિણામે શરીર, બુદ્ધિ, મન અને લાગણીઓ–બધું સ્ફુર્તિમય બને છે અને સ્વસ્થ રહે છે.

જીભ અને મન એટલાં બધાં ચંચળ છે કે જીભને સ્વાદો ગમે છે અને મનને અનેક પ્રકારની થતી ઇચ્છાઓ તૃપ્ત કરવાની તાલાવેલી થાય છે. જેઓ જીભના અને ઇચ્છાના ગુલામ બનીને તેને આધીન વર્તે છે તેઓ બિમારીનો ભોગ હાલતા ચાલતા બને છે. આજની જીવનની રહેણીકરણી અને ટેવો આપણે એવી બનાવી દીધી છે કે આપણામાંથી ભાગ્યે જ પાંચ ટકા સંખ્યા એવી નીકળે કે જે હિંમતથી એમ કહી શકે કે તેઓ તદ્દન તંદુરસ્ત અને નિરોગી છે; અને કદિ માંદા પડયા નથી અને માંદા પડશે પણ નહિ. બાકીના પંચાણું ટકા તો કાયમના માંદા એવા હોય છે કે જેઓને રોજની કંઈ ને કંઈ ફરિયાદ ચાલુ જ હોય. બેચેની, અજીર્ણ, કબજયાત, શરદી, સળેખમ, શ્વાસ, દમ, શૂળ, દુઃખાવો. વા, માથા કે છાતીનો દુઃખાવો, સોજા, હૃદય રોગ, અનિદ્રા, ઉશ્રરસ અને એવા એક કે વધુ દરદોની ફરિયાદ દરેક વરસે અવારનવાર અનેકને કરતાં સાંભળીએ છીએ. આ દરદો કુદરતે કર્યા નથી. આપણી પોતાની ભૂલોથી આપણે તેમને નોતરીને આપણા શરીરમાં રહેવાનું સ્થાન આપીએ છીએ. આપણે પોતે જ ભૂલો કરીએ છીએ એટલે તેની શિક્ષા પણ આપણે ભોગવવી રહી.

શરદી ન થાય તે માટે આટલા સામાન્ય નિયમો પાળવા જરૂરી છે. ૧ શરીરને કામથી કસાએલ અને મજબુત બનાવવું. ૨ ભૂખ વિના કશું ખાવું નહિ અને ભૂખ લાગે ત્યારે પણ ઓછું ખાવું. ૩ ઠંડાં પીણાં તદ્દન બંધ કરવાં. ૪ રાત્રે ફળફળાદિ કે ખટાશ ન ખાવાં. ૫ પ્રકૃતિને અનુકુળ ન હોય તો ખાટી ચીજો, કઠોળ કે ગળપણ ન ખાવાં. અથવા બહુજ અલ્પ ખાવાં. ૬ અજીર્ણ કે અપચો થયો હોય ત્યારે ૨૪ કે ૩૬ કલાક સુધી અન્નજળનો તદ્દન ત્યાગ કરવો. ૭ ઠંડી કે ભેજવાળી હવા કે પવનથી શરીરનું બરોબર રક્ષણ કરવું. ૮ પુરતી ઊંઘ અને આરામ લેવાં; અને ઉજાગરા ન કરવા. ૯ બંધિયાર હવાથી અને ઉડતા રજકણોથી શરદી તુર્તજ થઇ આવે છે, માટે તેવા પ્રસંગે નાક પાસે કપડું આડું રાખીને તેમાંથી શ્વાસ લેવો. ૧૦ બને તેટલું તડકામાં અને ખુલ્લી હવામાં એવી રીતે ફરવું કે શરીરના દરેક અવયવમાં તે દાખલ થાય અને શરદીને હાંકી કાઢે. ૧૧ સૂર્યસ્નાન અને ઊંડા શ્વાસોચ્છ્વાસ એ શરદીનો રામબાણ કુદરતી ઇલાજ છે.

●

## ( ૯ )

# માંદગીનો ફફડાટ અને ખોટો સંતોષ

મોટાં શહેરોમાં હવા ઉજાસ વિનાના અંધારી કોટડીઓના વસવાટ, અનેક પ્રકારની યાતનાઓવાળું જીવન, ધંધા કે નોકરીનું અનેક જવાબદારીવાળું કામકાજ, કુટુંબ કે બાળકોની સંભાળ લેવા માટે સમયનો અભાવ, નાની મોટી ચાલુ માંદગી અને શારીરિક ફરિયાદોથી આવતો કંટાળો અને પડતો ત્રાસ અને સરળતાથી જીવવા માટે જોઇતી જરૂરી આવકની ખેંચ—આ બધું શહેરી જીવન જીવતા નીચલા થરના અસંખ્ય કુટુંબોમાં અવારનવાર જોવા મળે છે. છતાં શહેરી જીવનનો મોહ અને આકર્ષણ ઓછાં થઇ શકતાં નથી; કેમકે વણિકને માટે

ગામડાંઓમાં આજીવિકા મેળવવા માટે નોકરી કે ધંધાની તક રહી નથી. જો ગામડાના યુવાનો ભણી ગણીને સરકારી, અર્ધ સરકારી કે પ્રજાકીય સંસ્થાઓમાં કામ કરવા ખુશી હોય અને તે માટેનો અભ્યાસ કરી લાયકાત મેળવે તો તેઓને માટે રૂા. ૭૫ થી ૧૫૦ સુધીની નોકરીઓ ગામડાંમાં જ પંચાયતોમાં, સહકારી મંડળીઓમાં, સહકારી બેંકોમાં, વિકાસ ઘટકોમાં, કલ્યાણ કેન્દ્રોમાં, શિક્ષણ સંસ્થાઓમાં કે બીજા અનેક ખાતાઓમાં અવશ્ય મળી રહે છે. આજે આ બધા ખાતાઓમાં નોકરી કરનારાઓમાં મોટી સંખ્યા વણિક સિવાયનાની હોય છે. વણિકને આવી નોકરી કરવામાં રસ નથી. તેમાં તે ગુલામી સમજે છે. તે વેપારીની નોકરી કરવાનું વધુ પસંદ કરે છે. કેમકે તેમાં સ્વતંત્રતા વધુ રહે અને ભવિષ્યમાં વેપારી બનવાનો સંભવ રહે છે. પરંતુ વેપાર જ જ્યાં બિનવણિકોના હાથમાં હોય એટલે સૌ કોઈ પોતપોતાની જ્ઞાતિવાળાને કે ઓળખીતાને જ નોકરીમાં રાખે. વળી પગાર એટલા ઓછા હોય કે તેટલા પગારમાં આપણું પૂરું થાય નહિ. આપણી રહેણીકરણી અને વ્યવહાર તથા વ્યવહારિક ખર્ચા મોટા રહ્યા. આ કારણોને લઈને જ ગામડાના વણિકોને માટે દેશાટન કે પરદેશ એ અનિવાર્ય વસ્તુ બની ગઈ છે.

આમ છતાં પણ શહેરી જીવન જો જીવતાં આવડે, આવકના પ્રમાણમાં ખર્ચ રાખીએ, જીવનમાં શાંતિ અને સંતોષ માણી શકીએ, સૌની શરીરસુખાકારી જાળવી રાખીએ અને ગરીબાઈમાં પણ સુખી રહી શકીએ તો શહેરીજીવન કાંઈ ખોટું નથી. આ પ્રકારનું જીવન જીવતાં શીખી લેવું જોઈએ.

શ્રીમંત કુટુંબોમાં કાયમની માંદગીની મશાલ જલતી રહેતી હોય તેમાં આશ્ચર્ય જેવું કશું નથી. પરંતુ મધ્યમ વર્ગમાં અને નીચલા વર્ગમાં પણ ખાસ કરીને સ્ત્રીઓની અને બાળકોની માંદગી ચાલુ કે અવારનવાર રહ્યા કરતી હોય અને છાશવારે દવાખાને કે ડૉકટરોને ત્યાં દોડવું પડતું હોય, ત્યારે આવા કુટુંબોની કથનીઓ સાંભળીને

આપણને દુઃખ અને આશ્ચર્ય બંને થાય છે. જેઓની માંદગી સકારણ હોય તેમના પ્રત્યે અવશ્ય સહાનુભૂતિ રહે. પણ જ્યારે માંદગીનું કારણ તેઓની પોતાની ભૂલો, બેદરકારી કે અજ્ઞાનતા હોય છે અને માંદગી, ધાંધલ, ગભરાટ, દોડધામ અને સારવાર માટે પૈસાનો ખોટો ખર્ચ કરતા જોઇએ છીએ ત્યારે તેઓને માટે કાં તો દયા ઉપજે છે અથવા તો તેઓના પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થાય છે. ઘણી ખરી ઉપાધિ અને ચિંતાનું મુખ્ય કારણ તો માબાપોની પ્રકૃતિ અને અજ્ઞાન જ હોય છે.

૧. ઘણી ખરી માંદગી અયોગ્ય આહાર, અયોગ્ય વિહાર, અપથ્ય કે કુપથ્યથી થાય છે. ખાસ કરીને શરદી, સળેખમ, કબજીયાત, અતિસાર, સંગ્રહણી, મરડો અને તાવ—આ દરદો જ વિશેષ કરીને થાય છે. આજે પ્રકૃતિ અને માન્યતા એ હોય છે કે દર્દનો ઉપચાર તુર્ત જ થવો જોઇએ અને દર્દ દવા લીધા પછી તુર્ત જ કે ચોવીસ કલાકમાં મટવું જ જોઈએ. જો ન મટે તો એક ડોકટરને છોડીને બીજા ડૉકટર પાસે તુર્ત જ દોડી જવામાં આવે છે. એક દવા આપી હોય છતાં અનેક દવાઓ કે ઉપરાઉપરી દવાઓ કે ઇંજેકશનો આપવા માટે માગણી થાય છે. શ્રીમંતોમાં આ ઘેલછા હોય તે તો ઠીક; પરંતુ મોટા ભાગના સૌમાં આવો ઉત્પાત જોવામાં આવે છે. કોઈ દર્દ કે કોઇ દવા એવી નથી કે આપણી ઇચ્છા મુજબ દરદ તાત્કાલિક મટી જાય. દરેકને સમય લાગે જ છે. કોઇને ઓછો સમય લાગે તો કોઇને વધુ પણ લાગે. આવા સ્વભાવનું પરિણામ એ આવે છે કે તેઓ પોતે ચિંતા સેવે છે અને બીજાને ચિંતા કરાવે છે. તાવ ૧૦૨ કે ૧૦૩ ડીગ્રી થાય ત્યાં તો ડૉકટરને ઘેર બોલાવે છે, દવા, ઇંજેકશન, ટીકડી, માથે બરફ કે કોલનવોટર—આ બધી દુકાનદારી શરૂ થઈ જાય છે. જો ડૉકટર કહે તેમાં વિશ્વાસ રાખે અને તે મુજબ કરે તો પૈસાનું નકામું પાણી થતું નથી. કુદરત કે પ્રભુમાં ભરોસો રાખે તો તેઓ આ બધામાંથી બચી શકે. દેવલાલી જેવા સ્થળે હવાફેર માટે ઘણાં કુટુંબો આવે છે.

તેઓના કુટુંબમાં કોઇને કંઇક માંદગી આવી તો તાબડતોબ દોડધામ કરી મુકે છે. આ રીતે પૈસા વેડફાય તેમાં ક્ષોભ નથી થતો પણ કોઇ સારા કામ માટે જો પૈસાની માગણી કરવામાં આવશે તો મન તુર્તજ સંકોચાશે અને તેઓ અનેક દલીલો કરશે.

૨ કેટલાક પ્રસંગોમાં એવું પણ બને છે કે જે દર્દમાં કે અકસ્માતમાં ખાસ ડૉકટર કે નિષ્ણાતને બતાવવાની અને તેની સારવાર લેવાની જરૂર હોય ત્યાં તેઓને એમ કરવાની સલાહ આપવામાં આવે કે આગ્રહપૂર્વક દબાણ કરવામાં આવે તો પણ તે ઉપર લક્ષ નથી આપવામાં આવતું. આને લઇને પરિણામ એ આવે છે કે ઘણા દાખલાઓમાં દર્દી સાજો થઇને બચી શકે તેવી શકયતા હોય છતાં તેઓ મૃત્યુ પામે છે અથવા બહુ પીડા ભોગવીને હેરાન થાય છે.

છોકરાંઓની રમતગમતની હરિફાઇ હતી. તેમાં ૧૬ વર્ષની છોકરીના જમણા હાથનું હાડકું પડી જવાથી બે જગ્યાએથી ભાંગી ગયું. રવિવાર હોવાથી ડોકટર ન મળી શકયા. હાડવૈદે હાડકું બેસાડીને પાટો બાંધ્યો. પરંતુ ભવિષ્યમાં કશી ખોડખાંપણ ન રહી જાય તે માટે તેનો ફોટો લઈ હાડકાને બરોબર બેસાડી પ્લાસ્ટર કરીને પાટો બંધાવવાની ડૉકટરે સલાહ આપી. પરંતુ તેના વડિલોને હાડવૈદ્ય ઉપર ડોકટર કરતાં વધુ શ્રદ્ધા હતી અને હાડવૈદે કહ્યું કે હાડકા બરોબર જોડાઇ જશે માટે વાંધા જેવું નથી, એટલે તે વાત સહેલાઇથી તેઓને ગળે ઉતરી ગઈ. પરંતુ એક સ્નેહી ડૉકટરે કહ્યું કે હાડવૈદ્યે ભલે કામ ચલાઉ ઉપચાર બરાબર કર્યા હોય છતાં ભવિષ્યમાં કોઈ જાતની ખોડખામી રહી ન જાય તે માટે હાડકાના નિષ્ણાત અનુભવી ડૉકટરને બતાવી, તે ભાગનો ફોટો લઈ તે પછી પ્લાસ્ટર મરાવી લેવાની ખાસ જરૂર છે, એક તો છોકરીની જાત. વળી તે ડોકટરનું ભણવા માંગે છે. બીજું પૈસા ખર્ચી શકવાની સ્થિતિ છે. માટે કોઇપણ જાતની શંકા રહે તેવું જોખમ શા માટે ખેડવું ? ડૉકટરો હાડકાનું કામ જાણતા નથી એવી લોકમાન્યતા

ખોટી છે, આજના વિકસિત વિજ્ઞાન, સંશોધન અને સાધનનો લાભ શા માટે ન લેવો ? માબાપો સમજ્યા અને તે પ્રમાણે કર્યું.

●

## ( ૧૦ )
# શરીર સુખાકારી

શિક્ષણનો વિકાસ ઓછા ખર્ચે આખા દેશમાં ગામડે ગામડે વિદ્યાર્થીઓદ્વારા થોડા વર્ષોમાં કેમ થઈ શકે તે આપણે અગાઉ વિચારી ગયા હતા. પ્રજા જેટલી શિક્ષિત અને સમજવાળી હશે તેટલા પ્રમાણમાં તે પોતાનું જીવન આરોગ્યમય કેમ રાખવું તે જાણી શકશે.

કુટુંબના દરેક જણે શરીર સુખાકારી જાળવતા શીખવું બહુજ જરૂરનું છે. પોતે માંદો પડે તો આવક બંધ થાય. સ્ત્રી માંદી પડે તો ઘરસંભાળ અને વ્યવસ્થા અટકી પડે. બાળકો માંદા પડે તો તેઓ અને ઘરના સૌ કોઈ હેરાન થાય અને સૌને ચિંતા થાય. માંદગીથી શરીર પીડાય, ચિંતા રહે, તકલીફ વધે અને નાણાંની અને સમયની બરબાદી થાય. માટે જ પ્રજાને આરોગ્યની મહત્તા સમજાવવી જરૂરની છે.

માંદા ન પડવા માટે મિતાહારીપણું કુપથ્યનો તદ્દન ત્યાગ, નિયમિતતા, સાત્વિક જીવન અને શાંત પ્રકૃતિ, આટલી વસ્તુ બહુજ જરૂરની છે. આનું શિક્ષણ દરેક કુટુંબમાં, ઘરમાં, નિશાળમાં દરેક બાળકને મળવું જોઇએ; અને માબાપો માટે તેના ખાસ શિક્ષણ વર્ગો હોવા જોઇએ. આ કામ લોકસંસ્થાએ, નહિ કે સરકારે, કરવું જોઇએ.

માંદા પડ્યા પછી જરૂરી વૈદકીય સારવાર અને દવાની વ્યવસ્થા દેશના દરેક ગામડા કે ગામમાં અને શહેરના દરેક વિભાગમાં હોવી જોઇએ. આજની મોટી મોટી હોસ્પીટલો, દવાખાનાઓ, પદવીધારી નિષ્ણાત ડૉક્ટરો કે વૈદ્યો તો શહેરોને અને શ્રીમંતોને જ પરવડે. આજે

હોસ્પીટલોમાં ડૉક્ટરો વિના વેતને કામ કરે છે, પરંતુ તેના કામથી દરદીઓને, સંસ્થાઓને કે પ્રજાને બહુ સંતોષ થતો નથી એ દરેક ઠેકાણે જોવામાં આવે છે. આજ ડોકટરો ખાનગીમાં પોતાના દવા-ખાનામાં કે ઓફીસમાં તપાસવાની, દવા લખી આપવાની કે વ્હાડકાપની એટલી બધી આકરી ફી લે છે કે સામાન્ય જનતાને તો તે પરવડી જ ન શકે. વૈદકીય ધંધો જ ખરી રીતે પરમાર્થ માટે અને લોકોની સેવા અર્થે હતો અને હોવો જોઇએ; પરંતુ આજના સમયમાં તેમ બનવું અશકય છે. વર્ષો સુધી સખ્ત મહેનત કરી અભ્યાસ કર્યો હોય, તે માટે દેવું કરી કે બીજાની મદદ મેળવી ભણ્યા હોય, વળી પોતાને કુટુંબ, વ્યવહાર અને સમાજમાં શિષ્ટ દરજ્જો કે મોભો હોય, તે બધાની વ્યવસ્થા અને તેને પહોંચી વળવા માટે આવક દરેક ડાકટરે કરવી જ પડે. એટલે ડૉકટરો, વકીલો કે એવા બીજા ધંધાદારીઓ પાસેથી મફત સેવાની અપેક્ષા રાખી ન શકાય. મફત દવાખાના કે સાર્વજનિક હોસ્પીટલો પ્રજા, સંસ્થા, મ્યુનિસિપાલટી કે સરકાર તરફથી કે સરકારની મદદથી આજે ચાલી રહ્યા છે. આ સંસ્થાઓ પ્રજાને ઘણી ઉપયોગી અને જરૂરની છે. પ્રશ્ન એ છે કે તેમાં કામ કરતા ડૉકટરોને પગાર આપીને જો રાખવામાં આવતા હોય તો તેઓ વધુ સારૂં કામ આપી શકે અને તેઓની પાસેથી બરોબર કામ લઇ શકાય. પ્રજાને સંતોષ થાય તે રીતે દવા અને સારવાર મળતા હોય તો પ્રજા તેને માટે પૈસા આપવા પણ તૈયાર થશે. બાકી મફત દવા, મફત દવાખાના, મફત સારવાર અને મફત ડાકટર–આ પદ્ધતિમાં પ્રાણ, લાગણી, સેવા કે વિવેક તો ભાગ્યે જ જોવા મળે છે. જે ડૉંકટર ખાનગી વ્યવસાયમાં રૂા. ૨૦, ૩૦ કે ૪૦ તપાસવાની ફી લેતા હોય અને રૂા. ૧૦૦, ૨૦૦ કે ૫૦૦ શસ્ત્રક્રિયા( ઓપરેશન)ના લેતા હોય એવા નિષ્ણાત હોય તેઓ બધા હોસ્પીટલમાં માત્ર સેવાની ભાવનાથી જ કામ કરે છે તેવું માની લેવું તે વધુ પડતું છે. મીશનરીના ધ્યેયથી હોસ્પીટલો જો ડૉકટરો ભેગા મળી ઉભી કરે અને સેવાના ધ્યેયથી તેઓ પોતે ચલાવે તો તેવી સંસ્થાઓ પ્રજાને આશીર્વાદરૂપ બને.

આજે સ્વાસ્થ્ય જાળવવા માટે અનેક ગંભીર રોગો માટેની દવાઓ અને ઉપચારો શોધાયા છે એટલે મરણ પ્રમાણ ઘટી શક્યું છે, માંદગીની ઘાતકતા ઘટી છે અને તંદુરસ્તી સારી રહે છે. પરંતુ ગ્રામ્ય જનતાને વૈદકીય રાહતનો સારા પ્રમાણમાં લાભ મળી શકે તે માટે વૈદકીયશાસ્ત્રના અભ્યાસી વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન અને તે પછી ઓછામાં ઓછા ત્રણ વર્ષ ગામડામાં ફરજિયાત કામ કરવા મોકલવા જોઇએ. તેટલું કામ કર્યા પછી જ તેમને ધંધો કરવાની સનંદ આપવી જોઇએ. આ નિયમ કરવામાં કે તેનો અમલ કરવામાં જે જે મુશ્કેલીઓ રહેતી હોય તેનો ઉકેલ રાજ્યસત્તાએ કરવો જોઇએ.

●

## ( ૧૧ )

## હૈયા ઉકેલ

પ્રત્યેક મનુષ્યને સમય અને શક્તિ મર્યાદિત હોય છે, છતાં જેનામાં બુદ્ધિ, ઉત્સાહ અને તમન્ના હોય છે તેઓ સમયનો ઉપયોગ અને કામની વ્યવસ્થા એવી સુંદર રીતે ગોઠવે છે કે એક પણ મિનિટ નકામી જવા દેતા નથી અને અમુક સમયમાં અમુક અમુક કામ એક પછી એક ક્રમસર કર્યે જતા હોય છે. આથી એક માણસ બીજાઓના કરતાં ઘણું કામ કરી શકે છે અને બહુ સારૂં કામ કરી શકે છે.

ગમે તે કામ કરવાનું હોય, પરંતુ જો તે કામ આનંદ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવે તો કામથી કંટાળો આવતો નથી અને શરીર કે મનને થાક પણ લાગતો નથી. જેઓ કામના ચોર અને આળસુ હોય છે તેઓ કદી આગળ વધી શકતા નથી અને પરાધીન દશા કાયમ ભોગવતા હોય છે. શ્રીમંત કુટુંબોમાં જાતે કામ કરવામાં શરમ અનુભવાય છે. પરિણામે તેઓનું શરીર રોગી અને નિર્બળ રહ્યા કરતું હોય છે. વળી જ્યારે શરીર અસ્વસ્થ હોય એટલે મનને પણ શાંતિ કે

સુખ ન હોય. કાયમની માંદગીવાળા કુટુંબમાં ડોકટર, દવા, સારવાર, દર્દીની સંભાળ અને શુશ્રૂષા, આંટાફેરા અને દોડધામ અને દર્દીની ખબર અંતર પૂછવા આવવાનો વ્યવહાર–આ બધી પરંપરા અને પળોજણ એટલા બધા પ્રમાણમાં વધી જાય છે કે પરિણામે ધંધાને, વિદ્યાર્થીઓના શિક્ષણને અને ગૃહવ્યવસ્થાને ઘણી રીતે હાનિ પહોંચે છે; અને માંદગી અંગે ખર્ચ વધે અને ઉત્પાત અને ચિંતા વધે તે જુદા. એક અનિષ્ટમાંથી કેટલા બધા અનિષ્ટોની પરંપરા સર્જાય છે! આ બધું શાને લીધે? જ્યાં તંદુરસ્તીનું મૂલ્ય ન સમજાય, કામ અને કસરતનો પ્રભાવ ન સમજાય અને એકનું આરોગ્ય ગુમાવવાથી અનેકને કેટલી બધી યાતના અને તકલીફ વેઠવી પડે છે તેની સમજ ન હોય ત્યાં પરિણામ એ જ આવે કે પોતે દુઃખી થાય છે અને બીજા અનેકને દુઃખી થવું પડે છે.

મધ્યમવર્ગ પણ પોતાનું કામ અને પોતાનું ઘર કામ જાતે કરવામાં શરમ અનુભવી રહ્યો છે. ઘર કામ માટે નોકર, ઘાટી કે રામા વિના આજે તેને પણ ચાલતું નથી. સાધુસંતો અને ધર્મગુરુઓ કે જેઓને આપણે પૂજ્ય ગણીએ છીએ તેઓ પોતાનું બધું કામ પોતે જાતે જ કરે છે, તો આપણે આપણું પોતાનું કામ જાતે શા માટે ન કરીએ? તેમ કરવામાં શરમ શી? મધ્યમવર્ગની દયા ચિંતવીએ અને તેને મદદ પણ કરીએ. પરંતુ મદદ માટેની પાત્રતા કે યોગ્યતા શું ગણવી તેને માટે સમાજે અમુક ધોરણ પણ નક્કી કરવું જ જોઈએ. જે માણસ કુટુંબની આજીવિકા જેટલું કમાતો ન હોય અને પાસે પૂંજી ન હોય, કદાચ તે રોગી પણ હોય, છતાં પોતે પરણે અને ગૃહસંસાર માંડે. બે ચાર બાલબચ્ચાં નાની ઉંમરમાં થાય. પછી પૂરું ન થાય એટલે સમાજની પાસે મદદ માંગે. સમાજ દયાથી કે લાગણીથી તેને સહાય કરે કે સસ્તા ભાડાના નિવાસનો લાભ આપે. આવા સભ્યો દયા કે સહાયને માટે લાયક ગણાય કે કેમ? ધર્મ તો ગમે તેને પણ મદદ કરવાનું ફરમાવે છે, પરંતુ વ્યવહાર અને નીતિ એમ કહે છે કે જેઓ

જેટલા પ્રમાણમાં વધુ ઉત્તમ અને ચારિત્રવાન હોય તેઓને સૌથી પ્રથમ મદદ કરો. પછી વધુ મદદ કરવાની અનુકૂળતા હોય તો જાતે ઉભી કરેલી ગરિબાઇને સહાયભુત બનો. એકલી ગરીબાઇ લાયકાત માટેનું ધોરણ ન હોવું જોઇએ. ઉત્તમતાને પોષવી અને તેને સહાય આપવી તેને જ નીતિકારો સુપાત્રદાન કહે છે.

એક કુટુંબને અથવા એક સ્ત્રીને જેટલાં વધુ સંતાનો હોય છે તેટલી વધુ દુર્દશા અને વધુ ઉપાધિ તે કુટુંબની કે તે માબાપની હોય છે. સંયુક્ત કુટુંબની પ્રથા ચાલુ રહી હોત તો તો બહુ વાંધા જેવું ન હોત. પરંતુ આજે તે પ્રથા નાશ થઇ રહી છે. માટે જ એકલવાયા કુટુંબમાં એક જ કમાનાર હોય તેને માટે તો એક કે બે કરતાં વધુ સંતાનો હોવા તે તેને માટે અને સમાજને માથે ભારરૂપ અને શાપરૂપ છે. સમજુ માણસોએ ટુંકી આવકમાં શાંતિપૂર્વકનું સુખી જીવન જીવવું હોય તો તેઓને માટે એ જરૂરનું છે કે તેઓને બહુ સંતાનો હોવા ન જોઇએ. તેઓએ સંયમી જીવન જીવવું જોઇએ અને કુટુંબ નિયોજનનો ફરજયાત અમલ કરવો જોઇએ. તેઓ જો તેમ નહિ કરે તો તેનાં માઠાં પરિણામ તેઓએ જ ભોગવવાનાં રહેશે. સમાજ તેઓને સહાય ન કરે, અથવા તેઓ પ્રત્યે દયા ન દાખવી શકે તો તેને માટે તેઓ જ જવાબદાર છે. તેમાં સમાજનો દોષ નહિ ગણાય.

# સાંસ્કારિક વિભાગ

## (૧)

## પાયાના સંસ્કાર

શિક્ષણ એ સંસ્કારનું અંગ છે. શિક્ષણની મહત્તા જીવનની સંસ્કારિતામાં છે. આ સંસ્કારનું ઘડતર માતા-પિતા, કુટુંબ, મિત્રો, સમાજ અથવા સંસ્થા કરી શકે.

પાયાના સંસ્કારમાં નિયમિતતા, સરળતા, ચોકસાઈ, મક્કમતા અને પ્રમાણિકતાનો સમાવેશ થાય છે.

આટલી ટેવો બાળકોને જન્મથી પાડવામાં આવે તો તેઓ જીવનનાં કોઈપણ ક્ષેત્રમાં ક્યારે પણ નિષ્ફળતા પ્રાપ્ત નહિ જ કરે.

**નિયમિતતાથી** ઘણું કામ કરી શકાય છે અને સૌને સંતોષ આપી શકાય છે. **સરળતાથી** માણસ સૌનો પ્રેમ જીતી શકે છે અને તેનું દરેક કાર્ય સરળ બને છે. **ચોકસાઈની** ટેવથી માણસના કામમાં કદી ભૂલ થતી નથી એટલે તેનામાં સૌને વિશ્વાસ રહે છે.

જેઓ દરેક કાર્યમાં **મક્કમતા** જાળવી શકે છે, તેઓનાં કાર્ય માટે કોઇને શંકા કરવાનું કારણ રહેતું નથી અને તેઓની સફળતાની સૌ કોઈ પ્રશંસા કરે છે.

**પ્રમાણિકતા,** વિવેકદૃષ્ટિ અથવા સાચી ગણતરી જેઓમાં હોય છે, તેઓનાં કામ અને કામનાં પરિણામ એવા સુંદર હોય છે કે જગતમાં તેની નામના ફેલાય છે. તેમજ કોઈપણ કામમાં કવચિત જ નિષ્ફળ જાય છે.

**શિક્ષણથી ટેવો ઘડાય છે અને ટેવોથી સંસ્કાર દૃઢ થાય છે.**

જેનાથી ઉલ્ટું—

**અનિયમિતતાથી**—સમય, સાધન અને શક્તિનો ખોટો વ્યય થાય છે, કાર્ય બગડે છે, અનેકને ખેદ કે ક્રોધ અથવા વિહ્વળતા ઉત્પન્ન થાય છે અને સૌનો વિશ્વાસ ગુમાવવાનો વખત આવે છે. ઘણાં કાર્યો બગડતા હોય અને વધુ નુકસાન થતું હોય તો તે અનિયમિતતાથી જ થાય છે.

**વક્ર સ્વભાવ**થી માણસ સૌનો દુશ્મન બને છે, અને તેના પ્રત્યે કોઈને માન કે પ્રેમ થતાં નથી. અનિશ્ચિતતા, ઢીલાપોચાપણું, જુઠ્ઠાપણું, બેદરકારી અને બિનજવાબદારીની ટેવથી તેવા માણસનો કોઈ વિશ્વાસ કરતું નથી, એટલું જ નહિ પણ તે માણસ પોતાનું તેમ જ બીજાઓનું પણ ઘણું અહિત કરે છે.

**ગણતરી** વિનાનો માણસ વધુ ગુમાવે છે અને ઓછું મેળવે છે. આ આર્થિક નુકસાનીની વાત થઈ. પરંતુ એ આર્થિક નુકસાન, નિષ્ફળતા અને માનહાનિથી માણસનાં જીવનમાં ક્લેશ, ક્રોધ, ઈર્ષા, વેર, અજંપો અને અશાન્તિ વધે છે. મોટો દાવાનળ સળગે છે. પરિણામે પોતાની કે પારકાની જીવહાનિ કે હત્યા થાય છે. એક ભૂલમાંથી આવું પરિણામ સંભવે છે. માટે નાની એવી ભૂલ કે ખોટી ટેવથી બચવાની કાળજી કરવી જરૂરની છે.

ડાહ્યા માણસો દરેક નાની બાબતમાં પણ સતત સંભાળ અને સાવચેતીથી વર્તે છે. ડહાપણનો ખરો અર્થ સાવધાની છે

●

## ( ૨ )

# ભોગ અને ઉપભોગનું નિયમન

એક વસ્તુ એક જ વખત ઉપયોગમાં લઇ શકાય તેને ભોગની વસ્તુ કહે છે. જેમકે અન્ન, ખોરાક કે આહાર. અને જે વસ્તુ અનેક વખત અથવા વારંવાર ઉપયોગમાં કે વપરાશમાં લઈ શકાય તે ઉપભોગની વસ્તુ કહેવાય છે; જેમકે ઘર, ઘરવખરી, વસ્ત્ર, આભૂષણ, જોડા, છત્રી, ચશ્મા, ઘડીયાળ, રેડીઓ, ઇલેકટ્રીક પંખો, મુસાફરીનું વાહન વગેરે.

માણસનું જીવન ટકાવવા માટે અન્ન, પાણી, હવા, અને પ્રકાશની જરૂર છે. તે પૈકી માત્ર અન્ન અથવા આહાર માટે પૈસા ખર્ચવા પડે છે. બાકી હવા, પાણી કે પ્રકાશના પૈસા આપવા પડતા નથી. અન્ન અને આહાર ઓછામાં ઓછા પૈસાથી પણ મેળવી શકાય અને તેની પાછળ વધુમાં વધુ પણ પૈસા ખર્ચવા હોય તો પણ ખર્ચી શકાય છે. જેમ વસ્તુઓ અને તેની વિવિધ બનાવટો વધુ તેમ તેની પાછળ ખર્ચ પણ વધુ થાય. માણસ જાત બે વસ્તુથી પણ ચલાવી શકે અને કોઇને બાવીસ વસ્તુઓ પણ ઓછી પડે. અન્નમાં રોટલી કે રોટલો ભૂખની તૃપ્તિ માટે જોઇએ. સ્વાદને માટે મીઠું, શાક, છાશ, દૂધ કે અથાણું અને બહુ તો ગોળ કે ખાંડ–એમાંથી કોઇ પણ એક વસ્તુ હોય તો સુખેથી ચાલી શકે. એકની એક વસ્તુ રોજને રોજ ખાવાથી કદાચ કંટાળો આવે તો તેની જુદી જુદી વાનીઓ કે બનાવટો તૈયાર કરીને સંતોષ લઈ શકાય. જેટલી ખાવાપીવાની વસ્તુઓ ઓછી અને સાદી, તેટલા જીભના સ્વાદ ઓછા અને ખર્ચ પણ ઓછો; અને જેટલી વિવિધતા, વિશેષતા અને જીભની લોલુપતા વધુ, તેટલી વિષમતા, પરાધિનતા, માંદગી, ખર્ચ અને ઉપાધિ વધુ. શાસ્ત્રનું વચન છે કે "જેટલા ભોગ વધુ, તેટલા રોગ વધુ." અને તેની પાછળ પરેશાનીની

પરંપરા કેટલી લાંબી હોય છે! દરેક વ્યક્તિના કે દરેક કુટુંબના આંતરિક જીવન તપાસવાથી આનું સત્ય પરિણામ સત્વર સમજાઈ જશે.

હવે ઉપભોગ વિષે વિચાર કરીએ. ઉપભોગના બે પ્રકાર છે. જે ખાસ જરૂરી કે આવશ્યક હોય તે; અને જે વસ્તુઓ બિનજરૂરી હોય અથવા જેના વિના ચાલી શકે તે. જે પ્રકારની રહેણીકરણી હોય તે પ્રમાણમાં ઉપભોગની વસ્તુઓ ઓછી કે વધુ હોય છે. ઊંઘ અને આહારની જેમ ઉપભોગ પણ વધાર્યો વધે છે અને ઘટાડયો ઘટે છે. જેટલી ઇંદ્રિયોની પરાધીનતા અને લોલુપતા વધુ તેટલું જીવનમાં દુઃખ પણ વધુ હોય છે. માટે જ શાસ્ત્રોએ સંયમનું મહાત્મ્ય બહુ કહ્યું છે. સંયમ હોય ત્યાં જ સ્વાધીનતા કે સ્વતંત્રતા હોય છે. અને સંયમ હોય ત્યાં જ શાંતિ અને સંતોષ પણ હોય છે. જ્યાં સંતોષ હોય ત્યાં જ સાચું સુખ હોય છે. વિશ્વનો આ અબાધિત સિદ્ધાંત છે. આજુબાજુ કે આપણા જીવન તરફ નજર કરશું તો આ જ અનુભવ થશે.

કરોળીયો જેમ પોતે જ જાળ બનાવે છે અને પોતે જ તે જાળમાં ફસાય છે; તેમ માણસ પણ પોતે પોતાની સ્થિતિ કે સંજોગોનો ખ્યાલ રાખ્યા વિના જેમ જેમ પોતાની જરૂરિયાતો વધારતો જાય છે તેમ તેમ વધુને વધુ આર્થિક સંકડામણમાં ફસાતો જાય છે અને ચિંતાથી પરેશાન થાય છે. આનું પરિણામ એ આવે છે કે કાં તો તે દેવાદાર અને નફટ બને છે, કાંતો ચોરી કે અનીતિ કરે છે, કાં તો ચિંતાને લીધે અકાળ મૃત્યુ પામે છે. પોતે દુઃખમાં ડૂબે છે અને પોતાના કુટુંબને દુઃખમાં મુકીને જાય છે. આવા કિસ્સાઓ સમાજમાં જ્યાં ત્યાં જોવામાં શું નથી આવતા?

જેમ વ્યક્તિગત જીવનમાં આવું બને છે તેમ વ્યવહારિક અને સામાજિક જીવનમાં પણ ઘણી બાબતો વિચારવા જેવી છે. સગાંસંબંધી કે સ્નેહીઓ આપણા ઘેર આવે ત્યારે ચાલુ ભોજન જમાડવાને બદલે મિષ્ટાન્ન કે પકવાન્નથી મેમાનગીરી અને આગતાસ્વાગતા કરવાની પ્રથાને

સારી કહેવી કે ખરાબ કહેવી ? આપણી સ્થિતિ સારી હોય તો તો સમજ્યા; પણ મુશ્કેલીથી નિર્વાહ ચલાવતા હોઇએ તો શું ? "ઘર જોગ પરોણો હોવો જોઇએ, નહિ કે પરોણા જોગ ઘર." આપણી સ્થિતિ પ્રમાણે આતિથ્ય કરીએ તો જ ઉચિત ગણાય. પરંતુ તેની સાથે આપણો પણ એવો દૃઢ નિશ્ચય હોવો જોઇએ કે બીજાને ત્યાં આપણે જ્યારે પરોણા તરીકે જઇએ ત્યારે આપણે પણ મેમાનગીરી કરવાની અગાઉથી સ્પષ્ટ ના કહી દેવી જોઇએ. મોંઘવારીના અત્યારના જમાનામાં જીવનવ્યવહાર સાદામાં સાદો રાખવો વધુ હિતાવહ છે. તે જ પ્રમાણે લગ્ન અને બીજા એવા વ્યાવહારિક પ્રસંગોમાં પણ ગજા કરતાં વધુ અથવા દેવું કરીને ખર્ચ કરવો તેનો અર્થ એ જ કે આપણી કબર આપણે પોતે જ ખોદીએ છીએ. વ્યવહાર જેટલો સાદો અને ઓછો તેટલો બોજો, ભારણ અને વજન ઓછાં. જે લોકો જેટલો ડોળ દંભ કે દેખાદેખી ઓછી કરે તેટલા સુખ અને શાંતિમાં તેઓ વધુ રહેશે. શ્રીમંતોનો વાદ અને નાદ આપણને ન જ શોભે. આટલી વાત આપણે સૌ અને આપણો સ્ત્રીસમાજ સમજે તો કેવું સારું ?

'ત્રેવડ ત્રીજો ભાઈ છે અને કસરસર અને જાતમહેનત એ સૌભાગ્ય કંકણ છે.' આ સૂત્ર આપણે સૌ યાદ રાખીએ; અને જીવનને બને તેટલું સાદું અને સંતોષી બનાવીએ. એક માણસ ધારે તો માસિક રૂપીઆ દશમાં પણ આજનું જીવન જીવી શકે. કરકસર અને સંયમી જીવન, એ જીવનની દીવાદાંડી છે. વિવેકનો અર્થ જ એ છે કે સાચું, સારું અને જરૂરનું શું છે તે સમજવું અને તે મુજબ વર્તવું; અને ખોટું, ખરાબ અને બિનજરૂરી હોય તેનો ત્યાગ કરવો. વ્યસનો, ટેવો કે આદતો પાયમાલીને પંથે લઈ જનારા છે. તેનો ત્યાગ પહેલી તકે જ કરવો. પાણી પહેલાં પાળ બાંધવી તેમાં જ સાચું ડહાપણ છે.

## ( ૩ )

# શુદ્ધ અને સાત્વિક જીવન

જીવનને ઉજ્જ્વળ અને સુવાસિત બનાવવું હોય તો દરેક વસ્તુને સરળ રીતે સમજતા શીખવું જોઇએ. જેનો સ્વભાવ સરળ હોય તે જ સત્ય જાણી અને સમજી શકે છે. જ્ઞાનપ્રાપ્તિમાં સરળ સ્વભાવ એ મુખ્ય અને મહત્વનું સાધન છે.

પરંતુ કેટલાક મનુષ્યો બાળપણથી એવી રીતે ઉછરેલા હોય છે કે દરેક વસ્તુને સૌથી પ્રથમ દોષદ્રષ્ટિથી તેઓ જોતા હોય છે. આવી વક્ર બુદ્ધિથી નુકસાન એ થાય છે કે માણસને દોષો જોવાની ટેવ પડી જાય છે. તેને બધામાં દોષો જ દેખાય છે. ગુણો તો તેની નજરે ક્યાંય દેખાતા જ નથી. આ દ્રષ્ટિ લેશમાત્ર લાભકારક નથી.

જે કાંઈ જોઈએ કે સાંભળીએ તેમાં સારૂં તત્ત્વ કે સત્યનો અંશ હોય છે જ. વિવેકબુદ્ધિથી દરેક બાબતમાંથી સાર ખેંચવો તે સુજ્ઞજનનું કર્તવ્ય છે. આવી જેની દ્રષ્ટિ હોય તે જ સત્ય જાણી શકે છે. સત્ય એ જ પરમ ધર્મ છે.

વિદ્યાર્થી જીવનમાં સવળી મતિ સન્માર્ગે દોરી જાય છે. માટે દરેક સારી બાબતો જોતાં શીખવી અને સદ્‌ગુણોનો સંગ્રહ કરવો. સુગંધી પુષ્પો જેમ સુવાસ આપે છે તેમ સારા વિચારો અને પ્રિય તથા હિતકારી વાણી પણ આપણી આસપાસ આનંદી અને શાંતિનું વાતાવરણ પ્રસરાવે છે.

કામો પણ સારાં અને જનહિતકારી કરવાં કે જેથી સૌને સુખ ઉપજે જીવનને સુખી બનાવવું હોય તો તે આપણા પોતાના હાથમાં છે. જો સારા વિચારો કરીએ, સારાં કામો કરીએ તો મનને સંતોષ અને આનંદ થાય છે આને માટે ટેવ પાડવી જોઇએ. સવળી મતિ એટલે સાચી અને સારી દ્રષ્ટિ. માટે જ કહ્યું છે કે "જેવી કૃતિ, એવી મતિ અને તેવી ગતિ."

× × ×

યુવકમાં બુદ્ધિની તીવ્રતા, શક્તિનો તરવરાટ, લાગણીઓની તિક્ષ્ણતા, વાણીનું જોમ, વિચારોની વિચિક્ષણતા, હાથપગનું જોર, સાહસની તાલાવેલી, આશાઓની વિપુલતા અને કામની તમન્ના હોય છે અને હોવી જોઇએ. સાચું યૌવન એટલે મન, વચન અને કાયાનો વધુમાં વધુ સર્વ દિશામાં અને સર્વ પ્રકારનો સર્વાંગી વિકાસ અને વૃદ્ધિ.

આ વિકાસ અને વૃદ્ધિને કાપવી જોઈએ, કાબુમાં રાખવી જોઇએ, અમુક રીતે વાળવી જોઇએ, ટીપવી જોઇએ, ઘડવી જોઇએ અને તેમાંથી જીવનનો અનુપમ, સુંદર અને આકર્ષક ઘાટ ઘડવો જોઇએ. આનું નામ છે શિક્ષણ અને સંસ્કાર. શિક્ષણ અને સંસ્કાર આપવાનું કામ પાંચ વર્ષની ઉંમર સુધી માતાનું છે, બાર વર્ષ સુધી માતા, પિતા તથા શિક્ષકનું છે અને વીસ વર્ષ સુધી પિતાનું, શિક્ષકનું, ધર્મગુરૂઓનું અને મિત્રોનું છે. પણ તે બધા તરફથી કેવું શિક્ષણ અને કેવા સંસ્કાર મળે છે તેના ઉપર જીવનના ઘડતરનો આધાર છે. માતા, પિતા અને શિક્ષકો પોતે જો સારા ચારિત્રવાન અને સંસ્કારી હશે તો જ બાળકમાં સારા સંસ્કાર પડશે. બાળકોને સારા બનાવવા માટે ઘરના બધા માણસોએ સારા બનવું પડશે અને સારી રીતે વર્તવું પડશે.

મનુષ્ય જીવનની મહત્તા માનવતામાં અને ધર્મમય જીવન જીવવામાં છે. ધર્મ એટલે ધર્મમાં શ્રદ્ધા, ધર્મનો અભ્યાસ અને ધર્મની સાચી સમજણ, ધાર્મિક વૃત્તિ અને વર્તન. તપ, ત્યાગ અને સંયમ, ધર્મ-ગુરુઓનો પરિચય અને મન, વચન અને કાયાની શુદ્ધિપૂર્વક આત્માની સચ્ચિદાનંદમય સ્થિતિમાં તન્મયતા. પશુ કરતાં મનુષ્યજન્મની ઉત્તમતાનું કારણ માત્ર એ જ છે કે મનુષ્યને ધર્મની વિશેષતા હોય છે. જે મનુષ્યને ધર્મ નથી તેનો અંત સમય દુઃખી દુઃખી હોય છે અને તે વખતે પસ્તાવો કરવાથી કશું વળતું નથી.

× × ×

સમાજ દરેક બાબત માટે એક પ્રકારનું ધોરણ દરેક વિષય માટે નક્કી કરે છે. અમુક વસ્તુ અમુક પ્રમાણસર હોય તો તે યોગ્ય ગણાય છે. તેનાથી ઓછું હોય તો વાંધો નહિ, પણ જો વધુ હોય તો તે ટીકાને પાત્ર થાય છે. માટે સુજ્ઞ પુરુષોએ એવો નિયમ ઘડ્યો કે "અતિ સર્વત્ર વર્જયેત્" "વધુ પડતું બોલવું નહિ કે કરવું નહિ."

પરંતુ સમાજમાં બધા માણસો જુદા જુદા સ્વભાવના અને જુદી જુદી માન્યતાવાળા હોય છે. એટલે દરેકનું ધોરણ કે પ્રમાણ પણ જુદા જુદા હોય છે. એક માણસને અમુક બોલવું બરોબર પ્રમાણસર લાગે જ્યારે બીજાને તે વધુ પડતું લાગે. જો આખો સમાજ શિક્ષિત અને સંસ્કારી હોય તો તેઓની માન્યતામાં એકવાક્યતા આવે. દરેકની બુદ્ધિ ભિન્નભિન્ન હોય છે. માટે જ ઉત્તમ ઉપાય એ છે કે બને તેટલું ઓછું બોલો. 'ન બોલવામાં નવ ગુણ' કહ્યા છે. જેઓ ખાસ જરૂર વિના કશું જ બોલતાં નથી, અને જરૂર હોય ત્યારે ઓછામાં ઓછું બોલે છે અને જે કાંઈ બોલે છે તે રૂચિકર, પથ્ય અને હિતકારી હોય તેવા જ વચનો બોલે છે, તેવા માણસો તરફ સૌ પ્રેમ અને માનભરી રીતે વર્તે છે. શબ્દ, વાણી કે ભાષા એવી કિંમતી વસ્તુઓ છે કે તેનો ઉપયોગ જરૂર પુરતો અને જરૂર હોય ત્યારે જ કરવો જોઇએ. માટે જ મૌનનો મહિમા મહાપુરુષોએ શાસ્ત્રમાં વર્ણવ્યો છે. ઓછું બોલવાથી અને ઓછું વિચારવાથી ઓછાં પાપ બંધાય છે. આત્માની ઉન્નતિ સાધવાવાળાએ ખાસ કરીને ઓછું બોલવું જોઈએ. અને જે કાંઈ બોલો તે જગતનાં કલ્યાણ માટેનું જ બોલો. તેટલા માટે જ અંત સમયે ઉત્તમ આત્માઓ બોલવું બંધ કરી માત્ર આત્મધ્યાનમાં એકાગ્ર ચિત્ત કરી, પરમાત્મપદને પામવામાં સફળ થયા છે.

## ( ૪ )

# જીવનનો મર્મ

વાંચન ઘણું કરીએ, સાંભળીએ પણ ઘણું, પરંતુ જો તે વિચારીએ નહિ અને સમજીએ નહિ તો તે વાંચ્યાની કે સાંભળ્યાની સાર્થકતા શું ? અને તેને આચરણમાં મુકીએ નહિ કે તેનો ઉપયોગ કરીએ નહિ તો તેનો લાભ પણ ક્યાંથી મેળવી શકીએ ? કોઇપણ વસ્તુનો ઉપયોગ ન કરીએ તો તે વસ્તુ એમને એમ પડી રહીને ખરાબ થાય છે, બોજારૂપ થાય છે, કંટાળો આપે છે અને પરિણામે દુઃખ કરે છે. જીવનની નાની મોટી દરેક બાબતમાં આ અનુભવ સૌ કોઇને થાય છે; છતાં તેમાં કોઇ સુધારો ન કરીએ તો તે આપણી અજ્ઞાનતા કે મૂર્ખતા ગણાય. માટે જ કહ્યુ છે કે માણસ પોતે જ પોતાના સુખ કે દુઃખનો કરનાર અને ભોગવનાર છે. જે કાંઈ કરીએ તેનું પરિણામ સારું કે ખરાબ આવે છે. અને આ રીતે જે પરિણામ નિર્માણ થાય તેને જ ભાગ્ય કે કર્મ કહીએ છીએ. કર્મ કરીએ તો જ ભાગ્ય નિર્માણ થાય. કર્મ ન કરીએ તો પરિણામ કે ભાગ્ય નિર્માણ થતું નથી. અને કર્મ અને કર્મના પરિણામનો સંપૂર્ણ નાશ એટલે જ મુકત દશા. આટલું જો દરેક સમજતા શીખે અને તે પ્રમાણે જીવન જીવે તો જીવનનાં ઘણાં દુઃખો અને યાતનાઓ ઓછી થઈ જાય અને જીવન જીવવા લાયક બની શકે.

પગમાં કાંટો વાગે, બિમારીની પીડા થાય, મારથી શરીર દુઃખે, મ્હેણાંથી મનને આઘાત થાય, આગથી માલમિલ્કતને નુકશાન થાય, ધંધામાં ખોટ આવવાથી ચિંતા થાય, પૈસાના અભાવે પ્રસંગ ઉકેલવા દેવું કરવું પડે કે દાગીના વેચવા પડે, અથવા નાના મોટા અનેક પ્રસંગે કંઇને કંઇ અગવડ ઊભી થાય ત્યારે કુદરતી રીતે ચિંતા થાય. તે ચિંતાથી દુઃખ અને ખેદ થાય અને તેની અસર એટલી બધી થાય

છે કે આસપાસનું બધું વાતાવરણ ગમગીન અને શોકયુક્ત બની જાય છે. તેમાં જો ક્રોધનો ઉમેરો થાય તો ચિંતા અને ક્રોધ મળીને આગ અને પેટ્રોલ(સ્ફોટક પદાર્થ)ની માફક ભડકા થાય છે; જેનાથી બધું ભસ્મીભુત થઈ જાય છે. એટલે એક તણખામાંથી મોટી આગ લાગે છે, તેમ એક સામાન્ય બનાવમાંથી જીવનના નાના મોટા અનેક દુઃખો અને વેદનાઓ સરજાય છે. તેમાં ચિંતા અને ક્રોધ ભળે એટલે કલેશ, વેરઝેર અને અશાંતિ તથા દુઃખના ડુંગરા ઉભા થાય છે. નાના નિમિત્તમાંથી કેવાં લાંબાં પરિણામો આવે છે! આ બધાના કરનાર આપણે પોતે જ છીએ, માટે તેનું ફળ પણ આપણે જ ભોગવવાનું હોય. છતાં આપણી ભૂલનાં માઠાં પરિણામ બીજાઓને પણ ભોગવવા પડે છે તે શું વિચિત્રતા નથી? માટે જ કહ્યુ છે કે મોટરવાહનની જેટલી શક્તિ કે ગતિ વધારે હોય તેમ તેને અંકુશમાં રાખવા માટે બહુ જ મજબુત અટક (બ્રેક) કે અંકુશની જરૂર છે. આ તો જડ વસ્તુના અંકુશની વાત થઈ. પરંતુ બુદ્ધિશાળી અને શક્તિશાળી મનુષ્ય ઉન્માર્ગે ન જાય કે ઉત્પાત ન મચાવી મુકે તે માટે બહુ જબરદસ્ત અને મજબુત અંકુશની જરૂર છે. આ વાત આપણે સ્વીકારવી જોઇએ.

એક નાના બીજમાંથી મોટું વૃક્ષ અને અનેક ફૂલ, ફળ, બીજ અને અસંખ્ય પાંદડાં ઉત્પન્ન થાય છે. અનાજનો એક દાણો વાવવાથી અનેક ડુંડાં અને અગણિત દાણાં કુદરત ઉત્પન્ન કરે છે. આ પ્રત્યક્ષ અનુભવની વાત છે, એટલે કુદરતનો આ નિયમ છે કે એકમાંથી અનેક ઉત્પન્ન થાય છે. આ જ નિયમ કર્મના સિદ્ધાંતને પણ લાગુ પડે છે. એક નાનામાં નાનું કામ કે વિચાર કે કર્મ, સારૂં કે નરસું કરીએ તો તેમાંથી અનેકગણું પરિણામ, સારૂં કે નરસું આવે છે. માટે જીવનમાં સારાં કાર્યો વધુ કરવાં કે ખોટાં કાર્યો વધુ કરવાં. અથવા સારાં કાર્યો કરવાથી સુખ ઉપજે કે ખોટાં કાર્યો કરવાથી? આ આપણે વિચારવું જોઇએ.

કાર્યો એટલે કર્મો. કાર્યો મનથી, વચનથી અને શરીરથી થઈ શકે છે. જેઓ મનથી સારા વિચારો કરે, વાણી પ્રિય અને હિતકારી બોલે અને શરીરથી સત્કાર્યો કરે, જેટલા પ્રમાણમાં કરે, તેટલા પ્રમાણમાં તેઓ સાચું સુખ મેળવે છે. જેને સાચો ધર્મ કહીએ છીએ તે એ જ છે કે મન, વાણી અને શરીરથી સારાં કાર્યો કરવાં. તે ત્રણેનો ઉપયોગ આપણા અને સૌ કોઇના કલ્યાણ માટે કરવો. આટલું કરીએ તો સાચું સુખ મળે અને સાચી શાંતિ મળે.

માણસજાત પામર પ્રાણી છે કેમકે તે આવેગ અને આવેશને આધીન છે. અજ્ઞાન દશા હોવાથી મોહ અને માયામાં તે વારંવાર ફસાય છે, અને સમજવા છતાં વારંવાર ભૂલો કરે છે. ઘણી વખત તે ક્રોધ કરે છે, અભિમાનને લઇને ખોટાં કાર્યો કરે છે, લોભ અને લાલચને લઇને કૂડકપટ અને સાચાંખોટાં કરે છે. આમાંથી બચવા માટે ધર્મકરણી, ધર્મશ્રવણ અને સંતસમાગમ કરવાની જરૂર છે. જેઓ સમજે છે, વિચારે છે અને જેઓ મનુષ્યજીવનની મહત્તાનું મૂળ શું છે તે જાણવાનો પ્રયાસ કરે છે તેઓ જ્ઞાનીઓનો સંપર્ક શોધે છે. જ્ઞાનનાં પુસ્તકો વાંચી તેમાંથી ઉકેલ મેળવી લે છે. પણ જેને જીવનના રહસ્ય જાણવાનો વિચાર જ હોતો નથી તેઓ તો ધન, ધંધો ધાન્ય અને શારીરિક સુખ સગવડની પ્રાપ્તિના જ વિચારમાં તન્મય બની જીવન જીવે છે. આવા માણસોની અજ્ઞાનદશાની દયા સંત-પુરૂષો સેવે છે અને તેઓને સન્માર્ગે દોરવા સાધુમહાત્માઓ પ્રયત્ન કર્યા કરતા હોય છે.

જીવનની અગવડતાઓ અને જગતના દુઃખોનો ભોગ બનેલાઓ પણ દુઃખને સમયે સંતોનો સમાગમ સાધે, તેમની પાસે પોતાના દુઃખની હકીકત રજુ કરે તો તેમની પાસેથી અવશ્ય આશ્વાસન, શાંત્વન અને ઉકેલ મળશે. શાસ્ત્રનું શ્રવણ, ધર્મનો અભ્યાસ અને સંતપુરૂષોનો સત્સંગ-એ સાધનો એવાં છે કે એમાંથી દુઃખનું વારણ અને નિવારણ મળી જ રહે છે.

દુઃખ, દુઃખના બનાવો કે કરૂણ ઘટનાઓ જગતમાં બન્યા જ કરવાની છે. તેને સદંતર ટાળી શકવી શકય જ નથી. જેમ જેમ વસ્તી વધતી જાય, સાધન સંપત્તિ વધતી જાય, મોજશોખ અને સુખના સાધનો વધતા જાય તેમ તેમ ઉપભોગની ઇચ્છા પણ વધતી જ જાય; અને સાથો સાથ વિના મહેનતે મફતનું ધન મેળવવાની લાલચ પણ વધતી જ જાય. તેના પરિણામે ખુશામત, ચોરી, વિશ્વાસઘાત, દગો અને બીજા દુર્ગુણો પણ વધતા જ જાય. પછી કન્યાવિક્રય, વરવિક્રય, અણ-બનાવ, કરિયાવર અગ્નિસ્નાન કે ત્યક્તાના બનાવો બન્યા કરે, તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી. આ બધા દુષણો સમાજના વર્તમાન જીવનના અને વિકૃત વિચારસૃષ્ટિના પરિપાકરૂપ છે. તેનો ઉહાપોહ કરવાથી તે તદ્દન મટી જશે એ માનવું બરાબર નથી. તેને ઓછા કરવાનો સાચો ઉપાય એ જ છે કે સમજુ માણસોએ પોતે તે દુષણોથી મુક્ત રહેવું, પોતાના આપ્તજનોને તેમાંથી મુક્ત રાખવા પ્રયત્નો કરવા અને શકય હોય તેટલા પ્રમાણમાં આવા પ્રસંગો બનતા અટકાવવા કોશીષ કરવી.

મનની ઇચ્છાઓ કાબુમાં અને મર્યાદિત રાખીએ તો શાંતિ, સુખ અને સંતોષ અવસ્ય મળે છે. મનને બાંધી રાખનાર મનુષ્ય જ સાચો રાજા છે; બાકી સૌ વાસના અને વિષયોના ગુલામ છે. દરેક ભાઈબ્હેન પોતાના મનની પોતે પરીક્ષા કરી પોતે નિર્ણય કરે કે પોતે કેવા છે. આ છે ધર્મ અને આત્મશુદ્ધિનો સાચો માર્ગ અને સાચો મર્મ.

●

(૫)

## જીવનમાં સુખી કેમ થવું?

**સંસારને** લોકો દુઃખમય માને છે કેમકે તેઓ પોતે દુઃખી છે અને દુઃખી થાય છે; માટે તેઓને જ્યાં ત્યાં દુઃખનો અનુભવ થાય છે. આજે બહુ ઓછા લોકો એમ કહેતા હોય છે કે તેઓ સુખી છે. કોઈને કાંઈ દુઃખ હોય, બીજાને બીજું દુઃખ હોય; પણ સૌને

મ્હોંએથી દુઃખની વાત સાંભળવા મળે છે. કોઈ કદાચ સુખની વાત કરે, તો બીજી વખત તે જ માણસ દુઃખની ફરિયાદ કરતો હોય છે. જગતમાં એવા બહુ જ ઓછા માણસો હોય છે કે જેઓને દુઃખનો અનુભવ કે દુઃખની લાગણી ન થતી હોય. દુઃખ વિનાના જે મનુષ્યો હોય છે તેઓ સંસારી હોય કે ત્યાગી હોય છતાં તેઓ ખરેખર જ્ઞાની પુરુષો જ હોય છે; અને ઉત્તમ કોટિનું જીવન જીવતા હોય છે. આવા પુરુષો જ સાચા અર્થમાં મહાત્મા, ધર્માત્મા કે દૈવી પુરુષો ગણાય છે. જેઓ આજસુધી મહાપુરુષો કે પ્રભુના અવતારરૂપે કે પ્રભુના અનન્ય ભક્ત તરીકે થઈ ગયા છે તેઓ જ સુખમય જીવન જીવી ગયા છે. તેઓને જીવનમાં દુઃખમય પીડાના પ્રસંગો આવ્યા હોય, છતાં તેઓને દુઃખ થયું નથી. તેઓએ જીવતાં કે મરતાં, સુખ, શાંતિ અને આનંદ જ અનુભવ્યા હોય છે. ધર્મ–શસ્ત્રો અને ઇતિહાસ આ વાત પુરવાર કરે છે

જીવનમાં બધા પ્રકારની અનુકૂળતા હોય અને પોતાની ઇચ્છા પ્રમાણે બધું બનતું હોય તો માણસ પોતાની જાતને સુખી માને છે. કંઈક ઇચ્છા વિરૂદ્ધ બને અથવા ઇચ્છા બર ન આવે ત્યારે માણસને દુઃખ થાય છે અને પોતાની જાતને દુઃખી માને છે. આ દુઃખનાં કારણો તપાસીએઃ (૧) પોતે જે ઇચ્છા કરી તે વ્યાજબી કે યોગ્ય હતી કે ? (૨) પોતે તે માટે લાયક હતો કે ? (૩) તેની ઇચ્છા કુદરતના નિયમોને અનુરૂપ હતી કે ? (૪) તેને માટે સમય, સંયોગ અને સ્થાન અનુકૂળ હતા કે ? (૫) તેને ક્ષણિક કે નાશવંત વસ્તુની ઇચ્છા થતી ? કે શાશ્વત્ (ચિરસ્થાયી) સાચા સુખની ઇચ્છા થતી ?

અત્યારના આપણે સૌ પોતપોતાના જીવન તપાસીએ તો આપણને માલુમ પડશે કે આપણને જે કાંઈ મળે છે તેનાથી આપણને સંતોષ થતો નથી; અને વધુને વધુ મેળવવાની ઇચ્છા રાખીએ છીએ. તે ઇચ્છા ન સંતોષાય ત્યાં સુધી જંપીને બેસતા નથી. માણસે ઉદ્યમ જરૂર કરવો. ઉદ્યમથી જ બધું મળે છે. પણ ઉત્પાત કર્યા કરીએ અને

ક્રોધ, કપટ, વેર કે ઈર્ષ્યા કરીને ઉદ્યમ કરીએ તો તે ઉદ્યમનું પરિણામ દુઃખમાં જ આવે છે. આવા અનિષ્ટ સાધનોથી કે બુરી વૃત્તિઓથી ધન, સંપત્તિ કે સુખ મળે તો તે ટકતાં પણ નથી અને આપણને તેનાથી શાંતિ કે આનંદ મળતા પણ નથી. આ રીતે વર્તમાન જીવનનું સુખ આપણને મળતું નથી અને ભવિષ્યના સુખની ખાત્રી પણ નથી.

આજીવિકાની પ્રાપ્તિ, રહેવાનું ઘર, બાળકોની કેળવણી, સમાજમાં પ્રતિષ્ઠા, પુત્રપુત્રીઓના વ્યવહાર જોડવાની અનુકૂળતા, નાગરિક જીવનના જરૂરી સુખસગવડના સાધનો–આટલું જેને પોતાની યોગ્યતા મુજબ મળી રહેતું હોય અને તેમાં જે સંતોષ માની જીવન જીવતો હોય તે સુખી ગણાય. પરંતુ તે પોતે તેટલાથી સંતોષ ન માને અને વધુની ઇચ્છા રાખે તો તેણે પ્રસન્નતાથી સત્ય માર્ગે પ્રયત્નો કરવા જોઇએ. પરંતુ કુડકપટ, અન્યાય, વિશ્વાસઘાત કે અનીતિનો જો તે આશ્રય લે તો તેમાં તેને સફળતા મળશે નહિ. કદાચ સફળતા મળે તો તેની સંપત્તિ અન્ય લોકો કે તેના દુશ્મનો ટકવા દેશે નહિ. જેટલા દુશ્મનો વધે તેટલો ભય વધુ. અને ભયજનક સ્થિતિમાં સુખ હોતું નથી. આ ચિંતા તો ચાલુ જીવનની થઈ. પણ આને અંગે જે જે પાપાચરણો કર્યાં કે દુષ્ટવૃત્તિઓ સેવી તેનાથી આત્મા કલુષિત થયો અને તેનું પરિણામ ભવિષ્યમાં વ્યાજ સાથે ભોગવ્યા વિના છુટકો નથી.

સાચો ધર્મ બહારની કરણી કે આચરણોમાં નથી; પણ મનની પવિત્રતામાં, બુદ્ધિની નિર્મળતામાં અને અંતઃકરણની શુદ્ધિમાં છે. સાચું જ્ઞાન, ભાષામાં, શબ્દોના અર્થ સમજવામાં, બોલવામાં, વિચારવામાં કે વસ્તુનું સ્વરૂપ જાણવામાં નથી; પણ સારાસારની વિવેકદૃષ્ટિથી સત્ય શું છે તે યથાર્થ રીતે સમજી, તે મુજબ આચરણ કરવામાં છે. આટલું જો આપણે સમજતા થઇએ, તે પ્રમાણે જીવન જીવવાની ટેવ પાડીએ, જ્ઞાની પુરુષોના સત્સંગ અને સદુપદેશથી આપણું જીવન સુધારતા જઇએ અને મન, વાણી અને વર્તનની પવિત્રતા જાળવવા પ્રતિક્ષણે જાગૃત રહીએ તો જીવનના ઘણા ઉત્પાત

અને ધમપછાડા ઓછા થઇ જશે. મનની ચંચળતા અને મનના આવેગો શાંત થવાથી હૃદય રોગ. લોહીનું દબાણ, અનિદ્રા, અજંપો, લવારો, ક્રોધનો ધમધમાટ, તકરાર અને કલેશકજીયા–આ બધું ઓછું થઈ જશે. સાચી શાંતિ કે સાચું સુખ જેણે મેળવવું હોય તેણે બહારના જગતનો અને સંસારી બાબતનો સંપર્ક તદ્દન ઓછો કરી નાખવો, કામ પુરતું જ બોલવું. બને તેટલું મૌન પાળવું, સૌનું ભલું ચિંતવવું, કડવાં વેણ કોઇને કહેવા નહિ, દુઃખ આવે તો પ્રસન્ન ચિત્તે સહન કરવું, ધર્મધ્યાન અને ધર્મસેવામાં સમય ગાળવો અને ધર્મશાસ્ત્રનું વાંચન કરવું. સુખી થવાનો સાચો માર્ગ આ છે. સુખ કે દુઃખ એ મનના છે. જો સંસારમાં નિર્લેપ રહો, સમતાભાવ કેળવો, આવેશોને દબાવી દો, ચિત્ત પ્રસન્ન રાખો, સૌને ક્ષમા આપો, આપણી ભૂલોની માફી માગો અને પ્રભુના નામનું સ્મરણ કરો તો આ સંસાર તમારા માટે જરૂર સ્વર્ગ બની જશે.

જેનામાં ઉદારતા છે, સમતા ગુણ છે તેને સદાય આનંદ અને સુખ જ હોય છે. દુઃખ તો આપણે આપણી જાતે ઉત્પન્ન કરીએ છીએ; અને તે માટે દોષ બીજાનો કાઢીએ છીએ. બીજાઓ તો માત્ર નિમિત્ત હોય છે. જેને બુદ્ધિ છે, સમજ છે, સાચું જ્ઞાન છે, તે તો પોતાના કર્મ કે ભાગ્યને દોષ દે છે. કરેલાં કર્મો ભોગવવા જ પડે છે. જેટલાં કર્મો ભોગવાય જાય, તેટલો ભાર હળવો થાય છે. કર્મથી મુક્ત થવું તે જ મુક્તિ છે. જન્મમરણના ફેરા ટળે તેનું નામ મુક્તિ કે મોક્ષ. સાચું સુખ, સાચી શાંતિ, સાચો આનંદ મુક્તદશા પ્રાપ્ત કરવામાં છે. જેનામાં આટલી સમજ હોય તેને કદી દુઃખ હોતું નથી.

( ૬ )

# શરીર, બુદ્ધિ અને મન

વિશ્વના ક્રમમાં આરોહ અને અવરોહ થયા જ કરે છે. આરોહ એટલે ચઢવું અથવા ઉન્નતિ, અવરોહ એટલે ઉતરવું કે પડવું; અથવા અવનતિ કે પડતી. જડ અને ચેતન એ બન્નેમાં આ નિયમ લાગુ પડે છે અને તે નિયમ સંસારમાં અને વ્યવહારમાં પણ અનુભવવામાં આવે છે. જગતના મોટા ભાગના લોકો આ પ્રમાણે પોતાની આસપાસ બનતું જુએ છે અને તેથી તેઓ આ પ્રમાણે માને છે. આવા લોકો આ પ્રકારની માન્યતાથી જેમ ઘણી વખત નિરાશાવાદી બની જાય છે તેમ કેટલાએક લોકો તેને ભાગ્ય અથવા નસીબના ખેલ સમજી ગમે તેવા દુઃખમાં કે મુશ્કેલીમાં પણ ધીરજ અને શાંતિ રાખી જીવન જીવતા હોય છે. તેઓ માને છે કે જે બનવાનું હોય તે બને જ છે; માટે તેનો અફસોસ કે બળાપો ન કરવો. આવા લોકો સારો સમય ફરીને આવશે એ આશાથી જીવન જીવે છે.

કેટલાએક સમયથી વિકાસવાદની માન્યતા યુરોપ અને અમેરિકા જેવા દેશમાં ઘણાય લોકો ધરાવતા થયા છે. તેઓ એમ માને છે કે વ્યક્તિ, સમાજ અને આખું જગત દિનપ્રતિદિન વધુને વધુ પ્રગતિ અને વિકાસ સાધી રહેલ છે. અને જેમ વિકાસ વધુ તેમ સુખના સાધનો પણ વધતા જાય છે અને પરિણામે માણસોના શરીર વધુ તંદુરસ્ત અને નિરોગી બનતા જાય છે; બુદ્ધિની ખીલવણી પુર જોસમાં અને ત્વરિત થતી જાય છે; અને મનની અનેક પ્રકારની શક્તિઓના વિકાસનો પ્રત્યક્ષ અનુભવ થતો જોવામાં આવે છે.

આ રીતે દુનિયા બે પ્રકારની માન્યતામાં વહેંચાઇ ગઇ છે. આમાં કઈ માન્યતા સાચી છે અને કઈ માન્યતા ખોટી છે એનો નિર્ણય કરવો મુશ્કેલ છે. બન્ને માન્યતા સત્ય પણ હોઈ શકે, અર્ધ સત્ય પણ

હોઈ શકે કે બન્ને ખોટી પણ હોઈ શકે. જેઓ સાપેક્ષવાદનો સિદ્ધાંત સમજે છે, સ્વીકારે છે અને જેઓને તેમાં સંપૂર્ણ શ્રદ્ધા છે તેઓ એમ કહી શકે છે અને કહે છે કે અમુક અપેક્ષા કે દ્રષ્ટિએ ઉત્પત્તિ સ્થિતિ કે લય–અથવા જન્મ, જીવન અને મૃત્યુ–એ નિયમને આધીન આખું જગત છે. બીજી અપેક્ષાએ એમ પણ કહી શકાય કે જગતમાં કોઈપણ મૂળભૂત તત્ત્વ સદંતર રીતે નવું ઉત્પન્ન થતું નથી કે સદંતર તેનો નાશ પણ થતો નથી. મૂળ દ્રવ્ય અવિનાશી છે. તેના ગુણો અને સ્વભાવ પણ સ્થાયી છે. તેની ઉત્પતિ પણ થતી નથી કે તેનો નાશ પણ થતો નથી. પણ તે દ્રવ્ય અને તેના ગુણોમાં ફેરફાર થયા કરે છે. આ ફેરફાર એટલે પરિવર્તન; પરિણમન કે તેમાં થતી ક્રિયા કે ગતિ. આ પ્રકારના પરિણમનને લોકો વિકાસવાદનું નામ આપે છે. બીજી રીતે તેને ઘટાવીએ તો એમ કહી શકાય કે ભુતકાળના મંડાણ ઉપર વર્તમાન કાળની ક્રિયા ચાલે છે અને વર્તમાન કાળની ક્રિયાનું પરિણામ ભવિષ્ય કાળમાં અમુક પ્રકારે બનવાનું છે. આ નિયમ ત્રિકાળ–અબાધિત છે. તેને કોઈ ફેરવી શકે તેમ નથી. અને બુદ્ધિ તેનો સ્વીકાર કરે છે.

આ વસ્તુ સમજવી કોઈને માટે મુશ્કેલ નથી. જેઓ આટલી સમજ ધરાવે તેઓનું જીવન અને વર્તન સારૂં બને છે અને તેની રહેણી કરણી પણ ઉત્તમ પ્રકારની થાય છે. પરંતુ જેઓ બુદ્ધિનો ઉપયોગ ન કરે તેને જ્ઞાન થતું નથી. સાચા જ્ઞાનવડે જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ સરળ થઈ શકે છે.

સાચી સમજ, સાચું જ્ઞાન અને સાચી વિચારણા જેને હોય તે જ જગતમાં ઉત્તમ મનુષ્ય ગણાય છે: પછી ભલે તે બાળક હોય, સ્ત્રી હોય કે પુરુષ હોય.

બાળક જન્મે છે ત્યારે તેને શરીરનાં સાથે જ મુખ્ય સંબંધ હોય છે. તેની બુદ્ધિ કે મનની શક્તિ તો માત્ર બીજ સ્વરૂપે અણવિકસિત રહેલી હોય છે. પાંચ વર્ષની ઉંમર સુધી તેના શરીર અને પાંચ ઇન્દ્રિયોનો જ ઝડપી વિકાસ થાય છે. તે પછી બુદ્ધિ અને મનનો

વિકાસ ક્રમે ક્રમે શરૂ થાય છે. શરીરનો જેમ વહેલો વિકાસ શરૂ થાય છે તેમ અમુક પાકટ ઉંમર થાય પછી તેનો વિકાસ થતો સૌ પ્રથમ અટકી જાય છે. પણ બુદ્ધિ અને મનનો વિકાસ તો શરીર અટકી ગયા પછી પણ ઘણો લાંબો સમય ચાલુ રહે છે. બુદ્ધિ અને મનની શક્તિની ગ્રહણ શક્તિ અને ધારણા શક્તિ શરીર જીર્ણ કે શિથીલ થઈ જવા છતાં બહુ લાંબો સમય ચાલુ રહે છે. તેથી તો એમ કહેવાય છે કે જુવાનીમાં જોર અને શરીર બળ વધારે હોય છે અને પીઢ અવસ્થામાં બુદ્ધિની પ્રબળતા વધુ હોય છે. પીઢ અનુભવી માણસની સલાહ અને દોરવણી સૌથી વધુ લાભકારક નીવડે છે.

ધાતુને જેમ વધુ ટીપીને નરમ કર્યા પછી જ તેના ઉપર અનેક નકશી અને આકર્ષક કોતરકામ થઇ શકે છે તેમ શરીર, બુદ્ધિ અને મનને સુંદર કાર્યો, સારા વિચારો અને કલ્યાણકારી ભાવનાઓથી ઘડ-વામાં આવે તો તેમાંથી લાવણ્ય, રૂપ, સદ્વિચાર અને સદ્ભાવનાના ઝરા એવા વહેવા માંડે છે કે જીવનપથને બન્ને આરે અને કિનારે સુગંધી પુષ્પોની સુવાસ ચોમેર બહેકી ઉઠે છે.

શરીરની સુંદરતા પરોપકારનાં કાર્યો કરવામાં છે. બુદ્ધિની સુંદરતા જ્ઞાન મેળવવામાં અને બીજાને જ્ઞાન આપવામાં છે. મનની સુંદરતા ઉત્તમ પ્રકારની ભાવનાઓને પોષવામાં અને જગતનું કલ્યાણ કરવામાં છે. આ પ્રકારનું જીવન જે કોઇ જીવે તેને આ જીવનમાં પણ અવશ્ય સુખ મળે છે અને પરભવમાં પણ સુખ જરૂર મળે છે એમ શાસ્ત્ર વચન પ્રમાણ છે.

## ( ૭ )
## ક્રોધવશ ધમધમ્યો !

હે જીવ ! તારી બુદ્ધિ અને સમજશક્તિની તું જરા કસોટી તો કરી જો કે તે બુદ્ધિ વ્યવહારૂ છે ! તારા દેહ અને ઈંદ્રિયોની સ્વચ્છતા માટે, તારા વસ્ત્રો અને બહારની ટાપટીપ માટે તું જેટલો સાવધાન રહે છે તેટલો સાવધાન તું તારા મનની, તારી વૃત્તિઓની, તારા વિચારોની અને તારી લાગણીઓની સ્વચ્છતા અને પવિત્રતા માટે રહે છે ખરો ! શરીરને કે કપડાંને તો ધોઈ નાખીને સહેલાઇથી સ્વચ્છ કરી શકાય છે. પરંતુ મનની મલીનતાને કાઢી નાખવી તે બહુ સહેલું નથી. માટે મનને મેલું થવા ન દે. તેને માટે સતત કાળજી રાખ અને તેની તકેદારી રાખ !

માયા, મમતા, અભિમાન, ક્રોધ, ઈર્ષ્યા, કપટ, લોભ, દ્વેષ પ્રમાદ વગેરે કેટલા બધા દોષોના ડાઘ તારા મનને લાગેલા છે તેનો તું જરા ખ્યાલ તો કર ! તે બધા ડાઘ તેં તારી બેદરકારીથી લાગવા દીધા છે. તું મેલો બન્યો છે, છતાં તું તેને બહારના ઉજળા કપડાથી, વાણીની મિઠાશથી, ધનથી, વૈભવથી કે થોડા ઘણા દાનથી તારી જાતને સ્વચ્છ દેખાડવા પ્રયત્ન કરી રહ્યો છે. આ પણ તારી પામરતા અને અજ્ઞાનતા છે. આ એક પ્રકારનો દંભ જ છે. મનની મલીનતા એ જ પાપ છે એ પાપવડે જ તું અધોગતિને પામે છે. માટે વિચાર !

ક્રોધને જ્ઞાનીઓએ ઉગ્ર અગ્નિ કહ્યો છે. તે પોતાને અને બીજાઓને બન્નેને બાળે છે. બળ્યા પછી કાં તો કાળાશ રહે અથવા તો તેની રાખ થાય. જે ક્રોધ કરે છે તેના ચહેરા ઉપર પ્રથમ લાલાશ અને પછી કાયમની કાળાશ છવાઇ રહે છે; તેની નસો અને નાડીઓ ખેંચાઇને ઢીલી પડે છે; તેના હૃદયના ધબકારા એકદમ વધી જાય છે; અને મગજ ઉપર લોહીના દબાણથી ગરમી ચઢી જાય છે. ક્રોધીને

ખાધું પચતું નથી. તેનો ખોરાક બળીને ખાખ થવાથી તેનું લોહી થતું નથી. ચહેરાના અને શરીરના નૂરતેજ કે કાંતિ રહેતાં નથી. તેની આંખો ઊંડી જાય છે, કાન બહેરા થાય છે, નાક બેડોળ થાય છે અને જીભને સ્વાદ લાગતો નથી. તેનો અવાજ ઘોઘરો અને કઠોર બની જાય છે. ક્રોધી માણસને હૃદયરોગ, મગજની બિમારી, લોહીનું દબાણ, અપચો, અનિદ્રા, અશાંતિ, કંપવા, સંધીવા, નબળાઇ–આવી બધી માંદગી સહજ આવે છે અને તેનું મન સદાય ઉદ્વેગથી મ્લાન અને ખિન્ન રહ્યા કરે છે. ક્રોધી માણસ સાથે કોઇ બેસવા, વાતચીત કરવા કે સંબંધ રાખવા પણ રાજી હોતું નથી. ક્રોધીને કોઈ સાચો મિત્ર કે સાચો સાથી હોતો નથી. સૌ કોઇ તેનો તિરસ્કાર કરે છે. ઘરનાં કે કુટુંબનાં માણસો, પાડોશીઓ કે સગાંસંબંધીઓ પણ તેની સાથે પ્રેમ રાખતા નથી અને તેનાથી દૂરના દૂર રહે છે. આવું જીવન કોને ગમે! ક્રોધ અને ક્રોધનું પરિણામ આટલું બધું ખરાબ આવે છે. તેનાથી લેશમાત્ર લાભ તો થતો જ નથી; પણ નુકસાન અનેકગણું થાય છે. આટલી વાત જે કોઇ સમજે કે જાણે તે જો ડાહ્યો કે સમજુ માણસ હોય તો તુરત પ્રતિજ્ઞા જ કરે કે આજથી કદિપણ ક્રોધ કરીશ નહિ. ક્રોધનો આવેશ કદાચ આવશે તો આંખો બંધ કરીને પ્રભુનું નામ જપીશ, મૌન રહીશ, સામા માણસની બુદ્ધિની દયા ચિંતવીશ. મને નુકસાન કરનાર, મારૂં અપમાન કરનાર કે મને કટુ વચન કહેનારને હું ક્ષમા આપીશ અને સામેથી તેની માફી માગીશ. જે કોઈ આટલું શીખે અને કરે તેનું મન નિર્મળ બને છે, ચિત્ત પ્રસન્ન રહે છે, આત્માને સુખ અને આનંદ થાય છે અને પરમ શાંતિ મળે છે. આ છે ધર્મ અને ધર્મનું સાચું સ્વરૂપ. ધર્મને સાચા અર્થમાં સમજવો જોઇએ અને સમજ્યા પછી તે મુજબનું આચરણ કરવું જોઇએ. આચરણ વિનાનું જ્ઞાન તે જ્ઞાન જ નથી. ક્રિયાનો સાચો અર્થ એ જ છે કે જે કાંઈ સાચું સમજ્યા, જે કાંઇ શ્રદ્ધાથી સાચું માન્યું તેને શ્રદ્ધાથી આદરવું અને આચરવું. તેમાં જે પ્રમાદ

(આળસ) કરે તે સુખ મેળવી શકતો નથી કે આગળ વધી શકતો નથી કે સ્થિર પણ રહી શકતો નથી; પણ ધીમે ધીમે નીચે ને નીચે ઉતરતો જાય છે. સ્વર્ગ કે મોક્ષનો માર્ગ ઊંચે ચઢવાનો છે, નર્ક કે દુઃખનો માર્ગ નીચે ખાડામાં પડવાનો છે. બીજી રીતે પુણ્ય એટલે સુખ અને શાંતિ; પાપ એટલે દુઃખ અને પીડા. તમે પોતે સુખી છો કે દુઃખી તેનો નિર્ણય તમે પોતે કરી શકશો. સુખી થવું કે દુઃખી થવું તે દરેકના હાથની અને ઇચ્છાની વાત છે. બહારના કે બીજા કોઇપણ આપણને સુખી કે દુઃખી કરી શકતા નથી. બીજાઓ તો માત્ર નિમિત્તરૂપ છે. છતાં આપણે આપણા દુઃખના બહારના નિમિત્તરૂપ બીજા માણસોને દોષ આપી તેના ઉપર રોષ ઠલવીએ છીએ તે કેવી વિચિત્રતા, ઘોર અજ્ઞાનતા અને નર્યું ગાંડપણ છે!

ક્રોધ થવાનું કારણ શું? ક્રોધનું પરિણામ શું? ક્રોધ ન થાય તે માટેના ઉપાય શું? અને ક્રોધનું સ્વરૂપ શું? આટલા પ્રશ્નો વિચારવા જોઇએ.

આપણા જીવનમાં ક્રોધ થવાના સામાન્ય કારણો નીચે મુજબના હોય છે–૧. આપણી ઇચ્છા પ્રમાણે કાર્ય ન બને કે કાર્યનું પરિણામ ન આવે. ૨. બીજાઓ અને કુટુંબના માણસો, નોકર ચાકરો કે આશ્રિતો આપણા કહ્યા મુજબ કે આપણી ઇચ્છા પ્રમાણે ન વરતે. ૩. આપણું કોઈ અપમાન કરે, આપણને કોઇ ઠપકો આપે, કડવું વેણ કહે કે આપણને જોઇતી વસ્તુ ન આપે. ૪. આપણા શરીરને ઈજા પહોંચાડે, આપણને ધનનું નુકશાન કરે કે આપણું ખરાબ બોલે. ૫. આપણી પોતાની ચીજવસ્તુઓ કોઈ લઈ લે, તેની ચોરી કરે કે તેને તોડી ફોડી નાખે. ૬. આપણા કામમાં, ઉંઘમાં કે આરામમાં ખલેલ કરે. ૭. ઘરમાંની કોઇ વસ્તુ જોઇએ ત્યારે ન જડે. ૮. ઘરમાં કે પાડોશમાં બાળકો રોકકળ કે બૂમરાણ કરે. ૯. કોઇની સાથે કાંઇ તકરાર કે બોલાચાલી થાય. ૧૦. જેની રાહ જોતા હોઇએ તે સમયસર ન આવે અથવા આપણને રાહ જોવડાવે. ૧૧. ભૂખ લાગી હોય અને ભોજન

તૈયાર ન હોય. ૧૨. પૈસા ગુમાવ્યા હોય કે બીજું કાંઈ નુકશાન થયું હોય. ૧૩. શરીરને દુઃખ કે દર્દ થતું હોય. ૧૪. બીજું કોઇ પાપનું કામ કરતા હોય, કોઇને દુઃખ દેતા હોય કે મારઝૂડ કરતા હોય. ૧૫. આગ, ચોરી, હુલ્લડ, મારામારી ખૂન કે લડાઈના પ્રસંગો હોય. આવા અનેક પ્રસંગો આવતા હોય છે. બધી બાબત બધા પ્રસંગે આપણી ઈચ્છા મુજબ આપણને અનુકૂળ હોય તે મુજબ બની શકે નહિ; કેમકે બધા આપણને આધીન થાય નહિ અને તેના ઉપર આપણી સત્તા કે અધિકાર ચાલે નહિ. એટલે આપણા માટે સારામાં સારો અને સહેલામાં સહેલો ઉપાય એ છે કે આવા ક્રોધ થવાના પ્રસંગે આપણે નીચે મુજબ જ્ઞાનદૃષ્ટિએ વિચાર કરવો–

હું કોણ! મારી સત્તા કે અધિકાર કેટલો! મારી શક્તિ કેટલી! કોઇ કદાચ મને નુકશાન કરે, કડવું વચન કહે, મારી ઈચ્છા પ્રમાણે ન વરતે, મને જોઇતી વસ્તુ ન મળે તો પણ મારે ક્રોધ શા માટે કરવો? ક્રોધ કરવાથી જોઇતી વસ્તુ મળતી નથી, ધાર્યું થતું નથી કે ગયું પાછું આવતું નથી. તો પછી વિના કારણ ક્રોધ કરીને મારા શરીરને અને મનને દુઃખ આપી મનની શાંતિ અને પ્રસન્નતા શા માટે ગુમાવવી? એક તો ગુમાવ્યું અને બીજું વધુ ક્રોધ કરીને ગુમાવવું તેમાં કયું ડહાપણ છે? વળી ધર્મદૃષ્ટિએ પણ જો વિચારીએ તો પણ સમજાશે કે જન્મતી વખતે હું કાંઈ સાથે લાવ્યો નથી અને મરણ સમયે કશું સાથે લઈ જવાનો નથી. પુણ્ય કે પાપ જે પૂર્વભવના હતા તે જ સાથે લાવ્યો હતો અને તે મુજબ જીવન ભોગવ્યું. આ જીવનમાં શા માટે વધુ પાપકર્મ કરવાં કે જેથી હવે પછીના ભવમાં તે બધાં ભોગવવાં પડે? ઇચ્છા એ પાપનું પ્રથમ પગથીયું છે; મોહ અને મમતા એ બીજું પગથીયું છે. ઇચ્છા ન કરીએ અને મોહમમત્વ ન રાખીએ તો સંસારમાં સુખ અને શાંતિ જ મળે છે. પણ જો ઇચ્છાને તાબે થઇએ અને મોહમમતાના કેદી બનીએ તો તેના પરિણામે અનેક કષાયો (મનની મલીન ભાવનાઓ) ઉત્પન્ન થાય છે;

અને તે આપણા શરીરને, મનને અને આત્માના ઓજસને નુકશાન કરે છે. જગતમાં તેની અનેકગણી અસર ચેપી રોગની જેમ ફેલાય છે અને તે ચેપ હવે પછીના એક કે અનેક જન્મ સુધી આપણને રહ્યા કરે છે. આ રીતે જુગારીની જેમ આપણે સર્વસ્વ ગુમાવીએ છીએ અને કાયમના દુઃખી દુઃખી થઈએ છીએ.

"ક્રોધનાં ફળ (પરિણામ) હમેશાં બહુ જ કડવાં હોય છે" એમ જ્ઞાની પુરૂષો કહી ગયા છે. આપણો અનુભવ પણ તે જ કહે છે. માટે કદિ પણ ક્રોધ ન કરવો. ગમે તે થાય તો પણ બિલકુલ ઉશ્કેરાવું નહિ—એ દરેક ધર્મની આજ્ઞા છે. ક્રોધ એ વીકરાળ કાળ છે, રાક્ષસ છે, સર્વનાશનું મૂળ છે, મહા ઝેર છે, તેનો સંગ ન કરવો એટલું જ બસ નથી. તેનો પડછાયો પણ ન લેવો.

ક્રોધ ન થાય તે માટે મનનો સમતાભાવ કેળવવો. સમતા રાખવાની ટેવ પાડી શકાય છે. ગઈગુજરી વાત યાદ ન કરવી. કોઈ ક્રોધનું કારણ બને તો પણ સમભાવ રાખતા શીખવું. બીજા બધા પ્રત્યે દયા અને ક્ષમાની ભાવના રાખવી. જેટલા દયાળુ અને ક્ષમાવાન છે, તેમના જીવનમાં કેટલી શાંતિ, કેટલું સુખ, કેવો આનંદ આપણે જોઈએ છીએ! ત્યાગી, સાધુ, સંત, સંન્યાસી, મહાત્મા કે ધર્મગુરૂઓને આપણે શા માટે વંદીએ છીએ? તેઓએ રાગ અને દ્વેષને જીત્યા છે. ક્રોધ અને મોહનો નાશ કર્યો છે, લોભને બાળી નાંખ્યો છે, જગતના સૌ જીવો પ્રત્યે કરૂણા અને દયા વહેવડાવી રહ્યા છે. પામર જીવો તેઓને હેરાન કરે, દુઃખ દે કે તેઓની અપકીર્તિ કરે તો પણ તેઓ ક્રોધ કરતા નથી કે ખેદ પામતા નથી. તેઓ સૌની ભૂલોને ક્ષમા આપે છે. સૌનું ભલું ચાહે છે અને સૌને સદુપદેશ દ્વારા સન્માર્ગે દોરે છે. સંસારમાં પણ એવા સ્ત્રીપુરૂષો જોવા મળે છે કે જેઓ ધર્મમય પવિત્ર જીવન જીવે છે અને આપણે ઉત્તમ તરીકે તેમનું બહુમાન કરીએ છીએ. આપણે આપણું જીવન આવું બનાવીએ તો આપણને કેટલો આનંદ થાય!

## ( ૮ )

# સમતા અને મમતા

**પૂર્વજન્મની** સમતાની પ્રકૃતિ સાથે જે જન્મ્યો હોય, જેના માબાપ પણ શાંત સ્વભાવના હોય, જેના ઘરનું વાતાવરણ શાંતિમય હોય અને જેના આડોશીપાડોશી પણ શાંતિને ચાહનાર હોય તે માણસ સમતાનો ગુણ કેળવી શકે છે, તેને જાળવી રાખી શકે છે અને બીજાઓને પણ પોતાના જેવા શાંત સ્વભાવના અને સમતાવાળા બનાવી શકે છે. સમતા પાસે ઉગ્ર ક્રોધ પણ ઓગળી જાય છે. સંત પુરુષોના સાનિધ્યમાં શ્રીમંતનો ગર્વ, શિક્ષિતની ખુમારી, સત્તાધારીનું અભિમાન અને દુર્જનની દુષ્ટતા ગળી જાય છે. સંતની વાણી, સંતનો પ્રભાવ, તેની આંખનું તેજ અને હૃદયના ભાવોમાં અજબ ચૈતન્ય અને અલૌકિક શક્તિ હોય છે. કુટુંબના વડિલ, સ્ત્રી કે પુરુષ સમતાનો ગુણ કેળવે તો કુટુંબના નાના મોટા સૌ કોઇ તેઓની આજ્ઞામાં અને તેઓને આધીન રહે છે. કુટુંબમાં ઐક્ય, પ્રેમ, સંપ અને શાંતિ જાળવવા હોય તો વડિલોએ વિવેકપૂર્વકનો સમતા ગુણ કેળવવો જોઇએ.

સમતા કેળવવી હોય તેણે બોલવાનું બહુ જ ઓછું કરી નાખવું જોઇએ. બહુ કે વારંવાર બોલવાથી, બીજાઓની વાતમાં વચ્ચે પડવાથી, દરેકના કામમાં ભૂલો કાઢવાથી, સૌને વારંવાર ઠપકો આપવાથી, બીજાઓના દોષોને વારંવાર કહેવાથી અથવા ક્રોધ કરવાથી આપણી શાંતિમાં ભંગ પડે છે, સામાને દુઃખ થાય છે અને વાતાવરણ ઉગ્ર થાય છે. માટે જેણે માન ભંગ ન થવું હોય અને તંત્રનું સંચાલન વ્યવસ્થિત જાળવવું હોય તેણે વધુ મૌન રહેવું, સમય જોઇને વર્તવું, તર્ક બોલવું અને સમતા રાખવી.

સમતા રાખવા માટે મૌન બહુ જરૂરનું છે. આંખ અને કાનથી ઘરમાં જે કાંઇ બનતું હોય તે જોઈ શકાય અને બોલાતું હોય તે

સાંભળી શકાય. પછી તેના ઉપર વિચાર કરવો અને નિર્ણય કરવો કે કોનો કેટલો વાંક કે દોષ છે. રાત્રે સૌ કુટુંબીજનોને ભેગા કરી પરોક્ષ રીતે વાતચીતની શરૂઆત કરવી અને શા કારણથી બોલચાલ થઇ હતી તે નાનામોટા દરેકને પૂછવું. દરેક જણ વિના સંકોચે સ્પષ્ટ-રીતે પોતાને જે કહેવું હોય તે કહી શકે એવું વાતાવરણ વડિલે ઘડવું જોઇએ. બધાની વાતમાંથી સત્ય તારવી લેવું અને પછી જેની જેની જે ભૂલો હોય તે તે તેને મિઠાશથી તટસ્થભાવે સમજાવવી અને હવે પછી તેવી ભૂલો ન કરવી તેવો દરેકની પાસે નિયમ લેવડાવવો. કોઈ ન સુધરે તો તેની સામે સત્યાગ્રહ અને અસહકાર કરવા. આ પદ્ધતિ કુટુંબની શાંતિ જાળવવામાં બહુ જ સફળ નિવડશે.

બાળક જન્મે છે ત્યારથી તેને, માતપિતાને અને કુટુંબીજનોને મમત્વભાવ શરૂ થાય છે. મમતાનો વિસ્તાર જેટલો સંકુચિત હશે, તેટલું કુટુંબમાં ઘર્ષણ વધુ થશે. દરેક માબાપ પોતે પોતાના જ બચ્ચાંઓની સંભાળ રાખે અને દિયર, જેઠ કે નણંદનાં બાળકો પ્રત્યે દુર્લક્ષ કરે કે તેની સંભાળ પણ ન લે, પરાયા અને પોતાનાની વચ્ચે ભેદભાવ રાખે તો કુટુંબમાં વાદવિવાદ, બોલાચાલી અને ઇર્ષ્યા થયા વિના રહેશે જ નહિ. વડિલો પોતે જ જો બધાં બાળકો પ્રત્યે સમાન ભાવ રાખે અને દરેકને તે પ્રમાણે વર્તવાની ફરજ પાડે તો પ્રેમ અને મમતા સમગ્ર કુટુંબના બધા સભ્યોમાં એકસરખી પ્રસરી રહે.

કુટુંબ સાથે રહેતું હોય કે સૌ જુદા રહેતા હોય તો પણ એકતા અને આત્મીયતાનો ખ્યાલ કાયમ જળવાય રહે તે રીતે શરૂઆતથી સૌમાં સંસ્કાર પાડવા જોઇએ. " હું અને મારૂં " એ જેટલું વિશાળ વર્તુળ હોય તેટલું સુખ અને આનંદ જીવનમાં વધુ રહેશે. સૌને આપણે આપણા પોતાના સ્વજન માનીએ, સૌના ઉપર પ્રેમ રાખીએ, સૌના સુખદુઃખમાં સાથ આપીએ, તો સૌને શાંતિ અને સંતોષ રહેશે. મમતા એટલે સ્વાર્થ, લોભ કે સંકુચિતતા નહિ; પરંતુ પ્રેમ, ત્યાગ, ઐક્ય કે આત્મીયતા (પોતાપણું) છે. આટલું જે સમજી શકે અને

તે પ્રમાણે જે વર્તે તે જ સાચો સજ્જન કે સદ્‌ગૃહસ્થ કહેવાય. જાહેર સભાઓમાં અને મેળાવડાઓમાં સૌ વક્તાઓ સભાજનોને 'સજ્જનો અને સન્નારીઓ'થી સંબોધે છે અને પ્રમુખને 'મહાશય'થી સંબોધે છે, પરંતુ સભાજનોમાં 'સજ્જનો અને સન્નારીઓ હોય છે કે નહિ? કદાચ હોય તો કેટલા હશે? અને પ્રમુખસ્થાન શોભાવનારમાં મહાશય કહેવડાવવાના ગુણો હોય છે કે નહિ? આ વસ્તુ વિચારવી જોઇએ. વાણીનો અતિરેક કે વિવેક એ એક અવગુણ છે. અથવા તે દંભ કે ખુશામત છે. આવા સંબોધનથી સામા માણસોને મિથ્યાભિમાન થાય છે. પ્રમુખને 'પ્રમુખશ્રી' અને સભાજનોને 'મિત્રો અને ભગિનીઓ'થી સંબોધીએ તે જ યથાર્થ છે. સત્ય સમજવું, સત્ય બોલવું અને સત્ય આચરણ કરવું એ જ નૈતિક, વ્યવહારિક, ધાર્મિક અને આધ્યાત્મિક ઉન્નતિનું પ્રથમ પગથિયું છે.

મમતાનો તાત્ત્વિક અર્થ માયાળુપણું છે. જેનામાં માયાળુપણું હોય તેઓ પોતાના જીવનમાં સુખ અને શાંતિ મેળવે છે; સૌ તેના પ્રેમ અને પૂજ્યભાવ રાખે છે; તેનું માન સાચવે છે અને તેના આજ્ઞાવર્તી થઇ રહે છે. આ ધર્મ છે, વિશ્વબંધુત્વ છે, માનવતા છે અને પ્રભુતાને પામવાનો સાચો રાહ છે. સ્ત્રીઓ, પુરૂષો, બાળકો અને સૌ કોઇ આવી સમતા અને મમતા કેળવે તો સંસાર, દરેક કુટુંબનો સંસાર, સુખમય શા માટે ન બની શકે?

●

## (૯)

## જીવન શુદ્ધિ

(જેને ઉદ્દેશીને જે હિતની વાતો કહેવામાં કે લખવામાં આવે તેઓ તે સાંભળે કે વાંચે. તેમને રૂચતી વાતો તેઓને સાચી અને સારી પણ લાગે. તેઓ તેના વખાણ પણ કરે. બોલનારને કે લખનારને તેઓ કદાચ અભિનંદન પણ આપે અથવા તેમના પ્રત્યે તેઓને કદાચ

માનવૃત્તિ પણ થાય. પરંતુ તેનાથી ઉપદેશકને કે લેખકને સંતોષ કે આનંદ થતો નથી. તેને સમાજના પ્રત્યે પ્રેમ હોય છે. તે સમાજની ઉન્નતિ અને ઉત્કર્ષ ઇચ્છે છે; અને સમાજ તે પ્રમાણે વર્તન કરે એ આશા અને ઇચ્છાથી પોતે ઉજાગરા કરી, સમય અને શક્તિનો ભોગ આપી, બહુ ચિંતવન અને મનનનું મંથન કરી લેખ લખીને પત્રને મોકલે છે. તેની એક માત્ર ઇચ્છા એ જ હોય છે કે વાચક વર્ગ સાર ગ્રહણ કરી તે મુજબ વર્તે અને પોતે સુખી થાય.)

વિચાર, વાણી અને વર્તનમાં પ્રતિદિન પ્રગતિ, વિકાસ અને સુધારો થતો જાય તો જ જીવનની સુવાસ અને સાર્થકતા છે. વાંચીને વર્તનમાં મુકાય તો જ તેની મહત્તા છે. જેનું પરિણામ શુન્ય આવે તે વસ્તુનો ઉપયોગ કે કિંમત શું ? કાગળના ટુકડા જેટલી જ્ઞાન કે ઉપદેશની કિંમત હોય તો તે જ્ઞાન અને ઉપદેશ નિરર્થક છે.

માણસ શરીરથી શોભે, વસ્ત્ર કે આભૂષણથી શોભે, લક્ષ્મી કે સત્તાથી શોભે, બુદ્ધિ કે ચાતુર્યથી શોભે; પણ સાચી શોભા તો સત્ આચરણમાં, સત્ વિચારોમાં અને સત્ વાણીમાં છે. જીવન એ સાચી રીતે સમજીએ તો દેહના આયુષ્યમાં નથી, પણ ઉત્તમ પ્રકારના વિચાર, વાણી અને વર્તનમાં છે. ઘણા જન્મ્યા અને જીવ્યા. તેને કોઇ સંભારતું પણ નથી. પરંતુ જેઓ જગતનું કલ્યાણ કરી ગયા અને તે વડે આત્મ-કલ્યાણ સાધી ગયા તેઓને જ જગત પૂજે છે, અરચે છે અને વંદન કરે છે. મહાન કાર્યોથી અને જનતા જનાર્દનની સેવા શુશ્રુષાથી તેઓ અમર નામ કરી ગયા છે. આત્માની ઓળખથી જ પરમાત્માને જાણી શકાય અને પરમ પદ પામી શકાય.

પણ આજનું મનુષ્ય જીવન આપણે એવું બનાવી દીધુ છે કે આત્મા છે કે નહિ તેનો ખ્યાલ પણ આપણને આવતો નથી. સૌ કોઈ યંત્રવત્ જડ જીવન જીવી રહ્યા છીએ. સાચો ધર્મ કે સાચું ધર્મિક જીવન ક્યાંય જોવા મળતું નથી. જ્યાં મનની પવિત્રતા હોય

ત્યાં ધર્મનો ભાસ દેખાય. આજે સ્વચ્છતાને પવિત્રતા માનવાની, સભ્યતાને સંસ્કાર ગણવાની અને શણગાર અને વ્યવસ્થાને શિષ્ટાચાર માનવાની અજ્ઞાનતા આપણે સૌ દાખવી રહ્યા છીએ. બાહ્ય જગતમાં રચ્યાપચ્યા રહીએ છીએ; પણ અંતરમાં વિરાટ અને દિવ્ય જગત છે તે આપણે તદ્દન ભૂલી ગયા છીએ. આ છે આજની આપણી પામર દશા !

માનવ તરીકે જન્મીને દાનવ ( દૈત્ય ) બન્યા છીએ અને માનવતાને ફેંકી દીધી છે: એટલા નીચા આપણે ઉતરી ગયા છીએ. દેવલોક ઊંચે હોય છે. ત્યાં ચઢવા માટે માનવતાને સજીવન કરવી પડશે અને ખૂબ પરિશ્રમ અને સતત્ પ્રયત્ન કરવા પડશે. બહુ ઓછા માણસો જ ઊંચે ચઢવાનો પુરૂષાર્થ કરે છે. મોટો સમુદાય તો ચોર અને ડાકૂઓની પલ્લીમાં રહેવાનું અને કુકર્મો કરવાનું કાર્ય કરી રહ્યા છે. આ છે આજે આપણી દશા !

ધર્મશાસ્ત્રો રાગ અને દ્વેષ ઓછો કરવાનું કહે છે; જ્યારે આપણે રાગદ્વેષમાં વધુ પાવરધા બની રહ્યા છીએ. ક્રોધ અને શોકને નાશનું કારણ ગણવામાં આવે છે; જ્યારે આપણે ક્રોધ અને શોકના રોજના પૂજારી બન્યા છીએ. અભિમાન અધઃપતન કરનારૂં છે; જ્યારે અભિમાનને આપણે જીવનના દરેક કાર્યમાં સાથી બનાવ્યું છે. કપટને પાપ ગણ્યું છે; જ્યારે આપણો બધો વ્યવહાર કપટથી ચલાવીએ છીએ. લોભને બધા પાપનું મૂળ માન્યું છે; જ્યારે આપણને લોભ એ પ્રાણથી અધિક પ્યારો છે. ધન્ય છે આપણા જ્ઞાનને ! આપણી સમજને ! આપણી વૃત્તિને ! અને આપણા મહામૂલા માનવ જન્મને !

આજના આપણા જીવનની પરિણતિ ( પરિણામ ) શું ? આનો, હે માનવ ! તેં એકાંતમાં બેસી કશો વિચાર કર્યો છે ? જો તને બુદ્ધિ હોય, સાચી સમજ હોય, ભવિષ્યની સ્થિતિનો ખ્યાલ હોય, તો તને સત્વર સમજાશે કે તારામાં બુદ્ધિ નથી, સાચી સમજ નથી અને

ભવિષ્યની તારી શી ગતિ થશે તેની તને ગમ નથી. નહિ તો તું આવી મહાભારત ભૂલો ન જ કરે. કાંટા વાવીને આમ્રફળ ક્યાંથી મળે ? જે પાપમાં જન્મે, પાપમાં જીવે અને પાપમાં જ મરે તેને માટેનું ભાવિ પણ દુઃખમય જ હોય. પાપ કરતાં પાછું વાળી જોયું નથી ! પછી તેનું ફળ દુઃખ, સંતાપ અને વેદના સિવાય બીજું શું હોય ?

હજુ પણ તારે માટે તક છે. કરેલા પાપો અને દુષ્કૃત્યોને ફરી ફરીને યાદ કર. તે બધાનો સાચા હૃદયે તારા અંતરાત્મા પાસે એકરાર કર. તેનાથી શલ્ય દુર થશે. પાપો અને દૂષ્કૃત્યો કરવા માટે તું મોહને વશ થયો તે તારી કેટલી પામરતા ! તે બધા માટે અંતઃકરણપૂર્વક પ્રભુની સાક્ષીએ પશ્ચાત્તાપ કર. તેં બધા ગુન્હાની શિક્ષા તારે સ્વેચ્છાએ ભોગવવી જ જોઇએ. પાપનું પ્રાયશ્ચિત અને આત્માને ઉપાલંભ (ઠપકો) એ જ સાચી શિક્ષા છે. તે પછી જ તારૂં હૃદય ભારથી હળવું થશે અને આત્મા નિર્મળ બનશે. ત્યાર બાદ પાપ કાર્ય ન કરવાના પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કર અને ધર્મકરણી કરવામાં પ્રવૃત્તિ કર. આ રીતે ક્રમે ક્રમે ચઢીને તું મનુષ્ય મટીને દેવ થઈ શકાશ. અને સતત્ તીવ્ર પુરૂષાર્થ ચાલુ રાખીશ તો અંતિમ ધ્યેય એટલે કે પરમ પદને જરૂર પામી શકીશ.

●

## ( ૧૦ )

## શ્રમ અને પરિશ્રમ

**વર્ણાશ્રમ**ના બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય અને શુદ્ર એ ચાર ભેદ જીવનના વ્યવહાર પરત્વે પાડવામાં આવ્યા છે. અમુક અમુક જાતિ, કુળ કે સમુદાય જે જે વ્યવસાયમાં શરૂઆતથી પડ્યા તેઓના જુદા જુદા જુથ બંધાઇ ગયા અને જે જે વ્યવસાય તેઓએ શરૂ-આતથી કરવા માંડ્યો તે તે વ્યવસાય ઉત્તરોત્તર પેઢી દર પેઢી ચાલુ

રહ્યો આ રીતે જુદા જુદા જુથ નિર્માણ થયા અને તેમાંથી જ્ઞાતિઓ, ઉપજ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ સરજાણી. આ રીતે સમૂહોનું વિભાજન થતું થતું એટલી હદે પહોંચ્યું છે કે આજે ભારતમાં સેંકડો અને હજારોની સંખ્યામાં જાતિ, જ્ઞાતિ, કોમ, ઘોળ કે પેટાજ્ઞાતિઓ જોવામાં આવે છે. મૂળભુત માનવજાત કે ભારતવાસી તરીકેની એકત્વની ભાવના તદ્દન ભુંસાઇ ગઇ છે અને પ્રાદેશિક કે નાના સમુહની સંકુચિત ભાવનાને આપણે ખૂબ પોષી રહ્યા છીએ. અત્યારની અસહાય, નિરાધાર અને દુઃખી સ્થિતિનું મૂળ કારણ આપણી સંકુચિત ભાવના અને અજ્ઞાનતા છે.

વસ્તુઓનું ઉત્પન્ન કરવું અને તેનો વિનિમય કરવો એ વૈશ્યોનું મુખ્ય કર્તવ્ય હતું. ખેડૂત, કારીગર, વ્યાપારી એ બધા વૈશ્યો ગણાય છે. ધર્મશાસ્ત્રોનું પઠન-પાઠન, લેખન, ઉપદેશ, ધાર્મિક ક્રિયાઓ અને વ્યવહારના જન્મ, જીવન, લગ્ન, મરણ અને બીજા અનેક પ્રસંગે વિધિ-વિધાન કે અનુષ્ઠાનો કરવા એ કર્તવ્ય બ્રાહ્મણોનું હતું. જુથનું રક્ષણ અને તેની સંભાળ દેખરેખ અને વ્યવસ્થાની જવાબદારી ક્ષત્રીઓના શિરે હતી. અને સેવા, સુશ્રુષા, સાફસુફી, સાદાઇ અને સ્વચ્છતાનું કાર્ય શુદ્રોનું ગણાતું. સમય જતાં જગતનો અનેક દિશામાં વિકાસ થતો ગયો. અનેક અવનવી પ્રવૃત્તિઓ અને વ્યવસાયો વધતા ગયા અને પરિણામે સમાજરચનામાં પણ અનેક પદ્ધતિઓ દાખલ થઇ. આ બધો કાળનો પ્રભાવ છે. ગતિ, પ્રગતિ, વિકાસ એ જ જીવન છે.

વણિક કોમ વ્યાપારી કોમ છે. વાણિજ્ય અને વસ્તુવિનિમય એ પ્રકારના હતા કે સૌને જે કાંઇ જોઇએ તે બધું વેપારી પાસેથી જ મળી શકે. સૌના જીવનવ્યવહારનો આધાર અને તેનું કેન્દ્ર વેપારી હતો. આથી વેપારી ધનવાન હતો, બુદ્ધિમાન હતો, દાનવીર હતો, બુદ્ધિશાળી હતો અને ધર્મની ભાવના અને શ્રદ્ધાવાળો હતો. ખરી રીતે સૌનો જીવનદાતા વેપારી ગણાતો. બધા વર્ણો અને જાતિઓમાં વૈશ્યનું મધ્યસ્થ, વિશિષ્ઠ અને મુખ્ય સ્થાન હતું. ભુતકાળના ઇતિહાસમાં

વૈશ્ય અને વ્યાપારીઓની ગૌરવગાથાનાં વર્ણનો આવે છે તેનું મુખ્ય કારણ આ છે. પરંતુ આ બધાની પાછળ માત્ર બુદ્ધિ કે શક્તિ નહોતા; પરંતુ અવિરત શ્રમ અને પરિશ્રમ હતા. આ વાત સૌએ ખાસ યાદ રાખવાની છે. સંયમ, સાદાઈ અને કરકસરના ગુણો વડે જ અઢળક સંપત્તિ તેઓ પાસે હતી. આવક કરતાં ખર્ચ ઓછો રાખવો. આ જીવનસૂત્ર હતું. તેથી જ આજે કચ્છી અને મારવાડી ભાઇઓ પાસે જે સંપત્તિ છે તેટલી બીજા સમાજ પાસે નથી દેખાતી.

ભુતકાળમાં જીવનધોરણ બહુ નીચું અને સસ્તુ હતું, તેથી એક કમાનાર દસ જણનું પણ પોષણ કરી શકતો હતો. આજે મોંઘવારી અને મુશ્કેલીઓ અનેકગણી વધી છે. એક જણનો માસિક જીવન ખર્ચ ઓછામાં ઓછો રૂા. ૧૫ થી ૨૫ આવે. હવે જો ગામડામાં રહેનાર માણસ ગામડામાં ધંધો કે મજુરી કરીને કુટુંબના પોષણ પૂરતું ન કમાય શકે તો, અથવા રોજીના સાધન ગામડામાં ન રહ્યા હોય તો, તેણે વધુ કમાવા માટે શહેરમાં જવું જોઇએ; અને બની શકે તો ઘરના ઉમરલાયક બધા સ્ત્રી-પુરૂષોએ કંઇને કંઈ શ્રમ કે વ્યવસાય કરીને પણ કમાવું જ જોઇએ; અને કુટુંબની આવકમાં વધારો કરવો જ જોઇએ. સ્ત્રીઓએ કામ કરીને કમાવું કે નહિ એની ચર્ચામાં આપણે ન ઉતરીએ. દરેક કુટુંબ પોતે પોતાની રીતે તેનો વિચાર કે નિર્ણય કરી લે. પરંતુ એક વસ્તુ સ્પષ્ટ થવી જરૂરની છે કે દરેક સશક્ત મનુષ્યે કામ કરીને કમાવું જ જોઇએ. અને પોતાનો ખર્ચ પોતે પેદા કરવો જ જોઇએ. બીજા કોઇને બોજારૂપ થઇને પરાધીન કે પરાશ્રિત જીવન શા માટે જીવવું જોઇએ? તેમાં ગૌરવ કે શોભા શા છે? માટે દરેકે કામ કરવું જ જોઇએ. કયા પ્રકારનું કામ કરવું તે દરેક જણ પોતે નક્કી કરી શકે. શ્રમ કર્યા વિના ભોજન કરવાનો અધિકાર કોઇપણ માણસને હોવો જોઇએ નહિ, હોઈ શકે નહિ.

મોટા શહેરોમાં વણિકોની વસ્તી ઠીક ઠીક હોય છે. ગામડામાં કમાવાના સાધનો વ્યાપારીઓના હાથમાં બહુ ન રહ્યા. ધીરધાર બંધ

થઈ, લેણું ખોટું થયું. જમીન જાગીર ઉપર લેણાની જપ્તી લાવી ન શકાય. ખેડુતોને ઋણરાહત ધારાનું રક્ષણ મળ્યું. જાતખેડ ન કરે તો વેપારીઓની જમીન ખેડનારને રહે. ખેડુતોને રાહત આપવા, મદદ કરવા અને ધીરાણ કરવા માટે સરકારે બધી સગવડ કરી આપી. એટલે ખેડુતોને વેપારીની ગરજ ન રહી. વેપારીની સલામતી પણ ન રહી. આખા ગામમાં વાણીયાના ઘર બે–પાંચ કે જુજ હોય. સૌ કોઈ તેને દુશ્મન દેખે. આવી સ્થિતિમાં વાણિયો ગામડામાં વધુ વખત રહીને કરે પણ શું ? ઘરબાર હોય કે કોઈનું લેણું વસુલ આવે તેમ હોય તો વળી તે આશાએ ગામડામાં પડ્યો રહે અથવા દીકરો દેશાવરથી ઘરખર્ચ મોકલતો હોય તો વળી ઘરડા માબાપ ગામડામાં ઘર આંગણે પડયા રહ્યા હોય. એટલે ગામડામાં તો વાણીયા માટેનું ગુજરાનનું કે સલામતીનું સ્થાન આજે રહ્યું નથી. વખત જતાં એમ પણ બને કે ગામડામાં કોઈ વાણિયાની વસ્તી પણ નહી હોય. સમયના વ્હેણ આ પ્રકારના જોવામાં આવે છે. જે વાણીયાનું કુટુંબ શેઠાઈ કે શાહુકારીનું ઘમંડ કાઢી નાંખીને ગામના લોકોની જેમ સ્ત્રી પુરૂષો સૌ મહેનત મજુરી કરી શ્રમજીવી બનવા તૈયાર હશે તે જ હવે ગામડામાં રહી શકશે અને આજિવિકા કમાઈ શકશે. અથવા સરકારી કોઈ ખાતામાં નોકરી કરવા તત્પર થશે તો વળી ગામડામાં સરકારી નોકરી તેને મળી રહેશે. આજે સરકારી ખાતામાં પગારો પણ સારા મળે છે, પરંતુ વાણિયાઓ સરકારી નોકરીમાં રહેવા ખુશી હોતા નથી. આજે અન્ય સૌ કોમો સરકારી ખાતામાં સારા પગારે ગામડાઓમાં કામ કરે છે અને બહુ સુખપૂર્વક જીવન ગુજારે છે.

ગામડાઓ છોડીને વણિકો ભલે શહેરમાં આવે; અને સરકારી નોકરીને બદલે વેપારીઓમાં નોકરી કરે કે સ્વતંત્ર કામધંધો કે વેપાર કરે. પરંતુ એક મજુર રોજના રૂા. અઢી કે ત્રણ, કારીગર રૂા. પાંચ કે છ, સ્ત્રીમજુર રૂા. દોઢથી બે, કે એક દાયણ રૂા. ત્રણથી ચાર, કે એક નર્સ રૂા. પાંચથી દસ જો કમાઈ શકતા હોય તો એક વણિક

પુરૂષે માસિક રૂા. દોઢસો કે એક વણિક સ્ત્રીએ માસિક રૂા. એંશીથી એકસો નોકરી કે ધંધામાં કમાતા શીખવું જ જોઇએ. વ્યાપારી બુદ્ધિ અને કુનેહ શ્રમજીવી કરતાં વધુ કમાય તો જ તેની મહત્તા છે. પણ તેને બદલે તેટલું પણ જો ન કમાય કે ન કમાઇ શકે તો પછી તેવાઓ માટે સરકારી નોકરી કરવી તે વધુ સારી છે. અને નોકરી જેટલું પણ જો સ્વતંત્ર ધંધામાં ન કમાય તો તે વ્યાપારની કંઈ કિંમત નથી. ધનસંગ્રહ બહુ વખત નહિ ચાલે. ખર્ચ જેટલું કમાવું જ જોઇએ. અને આવક કરતાં ખર્ચ ઓછો રાખવો જોઇએ. વણિક યુવાનો આ પ્રશ્ન બહુ ગંભીરતાથી વિચારે. જરૂરી કેળવણી અને તાલીમ લે. શ્રમથી બિલકુલ ન કંટાળે અને બધા ક્ષેત્રો હાથ કરે તો જ ઉત્કર્ષ થશે.

●

( ૧૧ )

## મનુષ્ય જીવનનું ગણિત શાસ્ત્ર

જેઓ ડાહ્યા અને સમજુ હોય છે તેઓ દરેક નાનું કે મોટું કામ ગણતરી કરીને પછી જ કરે છે. ગણતરી કરવી તેનું નામ જ ગણિતશાસ્ત્ર છે.

ગણતરી કરવાનો અર્થ એ છે કે આ કામ હું શા માટે કરવા ઇચ્છું છું ? આ કામ કરવાથી મને શું લાભ થશે ? એ કામ કરવાની મારામાં શક્તિ અને યોગ્યતા છે કે કેમ ? કામને પાર પાડવા માટે શું શું જરૂરી સાધનો જોઇએ ? તે સાધનો મારી પાસે છે કે નહિ ? સાધનો ન હોય તો તે મેળવવા માટે તક છે કે નહિ ? તેને માટે સમય અનુકૂળ છે કે કેમ ? આ કામ કરવાથી બીજા કોઈને કશું નુકશાન કે હાનિ તો થતી નથી કે ? બુદ્ધિશાળી મનુષ્ય આ પ્રકારના બધા પ્રશ્નો પોતાના મનમાં વિચારી લે છે. તેને ત્યારે જ તે કાર્ય

કરવા તૈયાર થાય છે. તેમાં કોઇ પણ ગણત્રી ખોટી પડી તો તે કામ બગડી જાય છે અને પાર પડતું નથી. એટલા પ્રમાણમાં તેની બુદ્ધિ કાચી અને અપરિપકવ ગણાય.

મૂર્ખ માણસોને આવી ગણતરી કરતાં આવડતી નથી અથવા ગણતરી કરવાની તેને ટેવ જ હોતી નથી. તેઓની પ્રકૃત્તિ જ એવી હોય છે કે જે કાંઈ કરવાની તેઓને ઇચ્છા થઈ કે તરત જ તેઓ કરી નાખે છે. તેમાં તેઓને મોટા ભાગે સફળતાને બદલે નિષ્ફળતા મળે છે. અને લાભને બદલે નુકશાન જ થાય છે. તેઓ આગળ પાછળનો વિચાર ભાગ્યે જ કરતા હોય છે. પરિણામે તેઓને પસ્તાવું પડે છે. પોતાના કે પારકાના અનેક વખતના અનુભવ ઉપરથી પણ તેઓ જો બોધપાઠ શીખતા હોય તો કેવું સારૂં ?

જેઓ શાણા, સમજુ અને સજ્જન પુરૂષો છે તેઓ તો આથી પણ વધુ એવી ગણતરી કરે છે કે જે કાર્ય કરવાની તેમને ઇચ્છા થાય કે તમન્ના જાગે તે, એકદમ કરવાની ઉતાવળ કરતા નથી. તેઓ તેનો ઉપર બહુ દીર્ઘદષ્ટિથી ઉંડો વિચાર કરે છે. બીજા ડાહ્યા માણસોની તેમાં સલાહ લે છે. વળી આ કાર્ય સારૂં છે કે ખરાબ ? નીતિમય છે કે અનીતિમય ? ધર્મને અનુરૂપ છે કે ધર્મ વિરૂદ્ધનું છે ? બીજા કોઇને અહિતકર્તા તો નથી ને ? આ બધા વિચારો કર્યા પછી જ તેને ખાત્રી થાય કે તેનાથી કોઇને નુકશાન નથી પહોંચતું તે પછી જ તે કાર્ય કરવા તત્પર થાય છે.

જેઓ ઉતાવળિયું અવિચારી કૃત્ય કરવા તૈયાર થાય તેઓ શાણા કે સજ્જન હોતા નથી. તેનાથી તેઓને પોતાને નુકશાન થાય છે, તેઓ બીજાને પણ નુકશાન પહોંચાડે છે. પરિણામ એ આવે છે કે તેઓને ઘણા દુશ્મનો કે વિરોધીઓ ઉભા થાય છે. અને સૌની સાથે વેરઝેર, વિખવાદ કે કલેશ, કંકાસ થાય છે. આપઘાત, ખૂન અને મારામારીના મૂળમાં મોટા ભાગે આવા પ્રકારનાં જ કારણો હોય છે.

લોભને પાપનું મૂળ કહ્યું છે. જેને સારૂં સારૂં ખાંવાપીવાની, પહેરવા ઓઢવાની, ફરવા હરવાની, મોજશોખ કરવાની કે એશઆરામ કરવાની કે ભોગવિલાસની બહુ લોલુપતા હોય છે તે ચોરી કરતાં, જુઠું બોલતાં, વિશ્વાસઘાત કરતાં કે અનીતિ કરતાં અચકાતો નથી; બીજાઓ ઉપર જોરજુલ્મ કરતાં તે પાછું વાળી જોતો નથી. કેટલાકને ધનનો, સત્તા કે અધિકારનો, શરીરબળનો કે બુદ્ધિબળનો એટલો બધો મદ હોય છે કે પોતાની ઈચ્છા પાર પાડવા માટે તે ગમે તે અકૃત્ય કે કુકર્મ કરવા તૈયાર થઈ જાય છે. ગમે તેને હેરાન કરવા પણ તે ચૂકતો નથી. મદ આંધળો છે. જેમ આંધળો માણસ ખાડામાં પડે છે તેમ મદાંધ મનુષ્ય પણ અધોગતિના ઉંડા ખાડામાં પડે છે.

સાસુ વહુ, નણંદ ભોજાઇ, પિતા પુત્ર, ભાઇએ ભાઈના કે કુટુંબના સંબંધોમાં આજે જ્યાં ત્યાં કલેશ, કટુતા જોવામાં આવે છે. જ્ઞાતિમાં, સમાજ કે સંસ્થામાં, વ્યવહાર કે વ્યાપારના ક્ષેત્રે, રાજ્ય વહીવટમાં કે આંતર રાષ્ટ્રીય સંબંધોમાં જ્યાં ત્યાં કલહ, વિખવાદ કે અશાંતિ પ્રવર્તી રહ્યા છે. તે બધાનું મૂળ અને મુખ્ય કારણ એ છે કે આપણને ગણિતશાસ્ત્રનું સાચું જ્ઞાન પ્રાપ્ત નથી થયું; તેમજ તે જ્ઞાન મેળવવાની અને તેની ગણતરી મુજબ જીવન જીવવાની આપણને કશી પડી નથી. વણિક તો ગણિતમાં પાવરધો હોવો જોઇએ. તેને તે કુદરતની બક્ષિસ છે. છતાં વણિક કોમને જો ગણિત કે ગણતરી જ ન આવડે તો આ સંસારમાં તો તેની દુર્દશા થાય, પણ પરભવમાંય અધોગતિ સિવાય બીજું શું થાય ?

## ( ૧૨ )

# સ્વાધીનતા, શાંતિ અને સુખ

“ પરાધીન સ્વપ્ને પણ સુખી નહિ ” આ અનુભવી ગીતાર્થ પુરૂષોનું આપ્તવચન સત્ય છે. પોતાની મરજી પ્રમાણે રહેવું, કરવું અને જીવવું એ ઈચ્છા પ્રાણીમાત્રમાં સ્વભાવથી હોય છે. પરંતુ જીવવા માટે અનેક પ્રકારના પ્રયત્નો ફરજિયાત કરવા પડે છે. પુરૂષાર્થ વિના ખોરાક, નિવાસ, રક્ષણ કે આરામ મળી શકતા નથી. કોઈનો પુરૂષાર્થ પામરતામાં પરિણમે છે. જેનો પુરૂષાર્થ પ્રબળ અને પ્રખર હોય છે તે સત્તાના સ્થાને ચઢી બીજાના ઉપર આધિપત્ય કે સરસાઈ મેળવી જીવન જીવે છે, કુદરતનો આ ક્રમ છે; નિયમ છે.

બધામાં સર્વ પ્રકારની અને પુરતા પ્રમાણની શક્તિ હોતી નથી. તે ત્રુટિ પૂરવા માટે નબળાને સબળાનો સાથ કે સહાય મેળવવા પડે છે. તેને માટે તેણે તાબેદારી ઉઠાવવી પડે છે; શરીર, શ્રમ, બુદ્ધિ કે શક્તિ વેચવા પડે છે; અને પરાધીનતા સ્વીકારવી પડે છે. પ્રેમ કે ભ્રાતૃભાવની પરાધીનતા મીઠી લાગે છે; પરંતુ ગુલામી કે ગરજની પરાધીનતા ઘણી વખત કાંટાની જેમ ખૂંચે છે. પણ પ્રાણી માત્ર સંજોગ અને ભાગ્યને આધીન છે. આજકાલ દુનિયામાં બેકદરદાન શેઠીયાઓ વધુ હોય છે અને સ્વાર્થી, લુચ્ચા અને દુષ્ટ માલેકો પણ વધુ હોય છે. તેઓ ઓછું આપી વધુ કામ લેવાની અને ગરજવાનને હંમેશા દબાયલો રાખવાની વૃત્તિવાળા હોય છે. કદર ન કરે અથવા પુરતું ન આપે તો કાંઈ નહિ, પણ ભાષા સારી વાપરે અને વર્તન પ્રેમભર્યું રાખે તો પણ ગરજવાન નોકર કે મજૂરને ગુલામી ન સાલે કે દુઃખ ન થાય. બુદ્ધિમાનોની ચૂસણનીતિ કે સ્વાર્થપરાયણતાએ જ દુનિયામાં દુઃખના ડુંગરો ખડકયા છે અને માનવજાતમાં રાક્ષસી ભાવનાને ઉત્પન્ન કરી છે. પહેલો ગુન્હો ઉપલા વર્ગે કર્યો છે. તેના પરિણામ અને પ્રતિકારરૂપે ગુલામોએ સંગઠન સાધી સંયુક્ત મોરચો

એવો તો મજબૂત ઉભો કર્યો છે કે પરિણામે આખરી વિજય તેમનો છે. જેઓ તેમનો સાથ લેશે અને સહકાર મેળવશે અથવા તેઓની સાથે ભળી જશે કે મળી જશે તેઓ જ સત્તાનું સ્થાન સાચવી શકશે. આજનો વર્ગવિગ્રહ શેઠ–નોકરનો, માલેક–મજુરનો, શ્રીમંત–ગરીબનો. સુખી–દુઃખીનો કે દુકાનદાર–ઘરાકનો એવું ઉગ્ર સ્વરૂપ પકડશે કે તેમાં શ્રી કે સત્તાની સ્થિરતા કે સલામતીને સ્થાન રહેવું મુશ્કેલ છે.

સ્વાધીનતાનો સાચો અર્થ એ છે કે પ્રત્યેક મનુષ્ય પોતાની ઇચ્છાનુસાર પોતાના હિત માટે, બીજાના હક્ક કે હિતને નુકશાન પહોંચાડયા સિવાય, કામ કરવાને, વિચાર કરવાને, બોલવાને અને જીવવાને માટે સ્વતંત્ર હોય. પેટને ખાતર, પોતાના અંગત હિતને ખાતર કે પોતાની સલામતી ખાતર બીજાઓનું કામ કરવું પડે એ પરાધીનતા નથી. વ્યવસાય તો દરેકે કરવો જ જોઇએ. પરંતુ જ્યારે બીજાઓની ખુશામત કરવી પડે, બીજાઓના ઓશિયાળા રહેવું પડે, ગજા ઉપરાંત કામ કરવું પડે અથવા બીજાઓની આજ્ઞાથી ખોટાં કામ કરવાની ફરજ પડે એ સ્થિતિ બહુ જ દુઃખમય થઈ પડે છે. ખરી રીતે તો માણસજાત માટે આ કપરી કસોટી છે. જેઓને સ્વમાન હોય છે, સિદ્ધાંત હોય છે અને આત્મવિશ્વાસ હોય છે તેઓ બીજાઓના અયોગ્ય ફરમાનને કદિ આધીન થતા નથી. મુશ્કેલી આવે તે સુખપૂર્વક તેઓ સહન કરી લે છે; પરંતુ બીજાઓના અપમાનજનક અયોગ્ય ફરમાનને કદિ આધીન થતા નથી. આ જ સાચી સ્વાધીનતા છે. આ પ્રકારની શક્તિ દરેક જણ કેળવી શકે છે અને કેળવવી જોઇએ. આનું નામ જ ચારિત્રનું ઘડતર છે. ગરીબ કે શ્રીમંત સૌ કોઈ આ પ્રકારની સ્વતંત્રતા ભોગવી શકે છે. તેને માટે મક્કમતા અને આત્મ-વિશ્વાસ કેળવવા જોઇએ.

જ્યાં આ પ્રકારની સ્વાધીનતા હોય ત્યાં બળ, શક્તિ, તેજ, પ્રભાવ અને સત્ય હોય છે. બીજાઓ છેવટે તેને આધીન થાય છે; તેના પ્રત્યે માનદષ્ટિથી જુએ છે અને તેની પડખે કાયમ ઉભા રહે છે.

આ સ્થિતિએ પહોંચતાં કે તેને પ્રાપ્ત કરતાં પહેલાં દુઃખ અને મુશ્કેલીમાંથી પસાર થવું પડે છે. પોતાની આકરી કસોટી પણ થાય છે. પરંતુ છેવટે તેનો વિજય અવશ્ય થાય છે.

આટલું નૈતિક બળ જે પ્રાપ્ત કરે છે તેને શાંતિ પણ ઘણી મળે છે. ફક્ત તેણે જોવાનું એ રહે છે કે આ પ્રકારની સફળતા મળ્યા પછી તેને ગર્વ કે અભિમાન થવા ન જોઈએ. તે અભિમાન કરે એટલે તેના દુશ્મનો, વિરોધીઓ કે હરિફો ઘણા ઉભા થશે અને તેઓ ઈર્ષ્યાથી તેને નીચે પાડવાના અનેક પ્રયાસો કરશે. માટે જ શક્તિમાન બન્યા પછી નમ્ર અને વિવેકી થવાની જરૂર છે. "જે નમે છે તે પ્રભુને પણ ગમે છે."

સાચું સુખ શાંતિ અને સંતોષમાં છે. આ સત્ય અનુભવ કરવાથી પ્રત્યક્ષ સમજાશે. સુખનો આધાર મનની શાંતિ અને સાચી સમજ ઉપર છે. સુખ મેળવવું હોય કે સુખી થવું હોય તો દરેક માણસ સુખી થઈ શકે છે. સુખી થવું તે દરેકના પોતાના હાથમાં છે. છતાં માણસો સૌ દુઃખની જ ફરિયાદ કરે છે, તે તેમની અજ્ઞાનતા અને ઓછી સમજને લીધે છે. જગતમાં દુઃખ જેવી વસ્તુ જ નથી. દુઃખ એ તો મિથ્યા-ભ્રમ કે ખોટી કલ્પના છે એમ માનવામાં મનુષ્યને ગુમાવવાનું શું છે?

## ( ૧૩ )

## જીવનની પગદંડી

સારાં કામ માટે જો વસ્તુનો ઉપયોગ કરવામાં આવે તો તેમાં વસ્તુની અને ઉપયોગ કરનારની બંનેની શોભા છે. ઉપયોગ ઉપરથી જ બધાના મૂલ્ય જગતમાં અંકાય છે. ધનનો ઉપયોગ સૌના સુખ માટે, શરીરનો ઉપયોગ સેવા માટે, મન અને બુદ્ધિનો ઉપયોગ જ્ઞાનપ્રાપ્તિ અને જ્ઞાન પ્રચાર માટે, શક્તિનો ઉપયોગ

જગતના ઉત્કર્ષ માટે, સત્તાનો ઉપયોગ સૌનું ભલું કરવા માટે, સાધનોનો ઉપયોગ બીજાઓને મદદરૂપ બનવા માટે અને વૈભવનો ઉપયોગ અનાસક્ત ભાવ કેળવવા માટે હોવો જોઇએ. ધર્મ અને ધર્મગુરુઓ આ પ્રકારનું જીવન જીવવા દરેકને આજ્ઞા કરે છે. આ પ્રમાણે જીવન જીવવું તેમાં જ ધર્મ, તત્ત્વજ્ઞાન અને સાધુતા સમાઈ જાય છે. કોઈ પણ માણસ આવું જીવન જીવી શકે. કોઇના માટે તે અશક્ય કે મુશ્કેલ નથી. તે માટે દૃઢસંકલ્પ અને અવિરત પ્રયત્ન કરવા જોઇએ. માણસોનાં મૂલ્ય આ માપદંડથી અંકાવા જોઇએ.

× × ×

મેલાં વસ્ત્રો, ધૂળ ચઢેલા જોડા, કે વાસ મારતું શરીર આપણું પોતાનું હોય તો પણ તે બધી વસ્તુઓ આપણને ગમતી નથી. તેને ફરીને ધોઇને, લુછીને કે નાહીને તુરત સ્વચ્છ કરીએ છીએ ત્યારે જ આપણને શાંતિ થાય છે અને સ્ફુર્તિ અનુભવીએ છીએ. સ્વચ્છતા કુદરતી રીતે જ સૌને ગમે છે. લોકાચાર અને લોકવ્યવહાર પણ સ્વચ્છતાની અપેક્ષા રાખે છે. જેમ જડ વસ્તુ માટે સ્વચ્છતા ઇચ્છીએ છીએ તેમ મન, બુદ્ધિ, લાગણીઓ, વિચાર, એ બધામાં પણ સ્વચ્છતા જરૂરની છે. તે સ્વચ્છતા ઉપર જ આપણી ઉન્નતિ-અવનતિ, કીર્તિ-અપકીર્તિ કે સારા-નરસાપણાનો આધાર છે. શરીર જો અંદરથી રોગી, દુર્ગંધ મારતું અને પીડાથી પીડાતું હોય તો બહારની સ્વચ્છતાની શું કિંમત છે? બહારની અને અંદરની બંને પ્રકારની સ્વચ્છતા હોય તો જ લોકો તેની પ્રશંસા કરે છે. તેવી જ રીતે વાણી વિવેકી હોય, બહારનું વર્તન સભ્યતાવાળું હોય, બહારથી અનેક દાનનાં કે પરોપકારનાં કામો કરાતાં હોય પરંતુ જો તેના મૂળમાં આંતરિક અશુદ્ધિ, દુષ્ટ વાસના, સ્વાર્થી વિચારો કે ઘૃણાજનક હેતુ હોય તો બહારનાં સત્કાર્યો એ માત્ર કૃત્રિમ વેશભૂષા છે. થોડો સમય તેનું સાચું સ્વરૂપ કદાચ ઢંકાએલું રહે, પરંતુ છેવટે તો તે ખુલ્લું થયા વિના રહેતું જ નથી. અને જ્યારે લોકો તે જુવે છે કે જાણે છે

ત્યારે સૌ કોઈ તેવા મનુષ્યોની નિંદા અને તિરસ્કાર બંને કરે છે. દંભ લાંબો સમય ટકતો નથી. માટે જ અંદરથી અને બહારથી બંને પ્રકારે સારા થવું અને સારા રહેવું એમાં જ જીવનનું કલ્યાણ છે.

× × ×

શરીર, વાણી અને વિચાર એ ત્રણ વડે જ જીવન નિર્માણ થાય છે. એ ત્રણેની જો બાહ્ય અને આંતરિક બંને પ્રકારની શુદ્ધિ હોય તો તે જીવનની સુવાસ આપણને તો આનંદ અને સુખ બન્ને આપે છે; પણ જગતનાં સૌ પ્રાણીઓ તેનાથી ખુશી થાય છે. આનો વિચાર આજે કેટલાને થતો હશે ? પ્રિય વાચક ! તને સારા થવું ગમે છે ! સારા થવાની તને ઇચ્છા છે ખરી ! સારા થવામાં અનેક લાભ, સાચી શાંતિ અને પરમ સુખ છે એમ તું માને છે ! કોઇ વખત તેં તેનો અનુભવ કર્યો છે ખરો ! તને ખાત્રી ન હોય તો કોઈ જ્ઞાનીને કે ડાહ્યા મનુષ્યને પૂછી જો કે આ વાત સાચી છે ! જો તેઓ હા કહે તો તેને પૂછી જો કે તે મેળવવાનો માર્ગ બતલાવો; અને તમારી આજ્ઞા મુજબ વર્તવા હું કબુલ થાઉં છું. તેઓ તને જરૂર માર્ગ બતાવશે અને રીત પણ શીખવશે. આનું નામ સત્સંગ કે સંત સમાગમ.

× × ×

જેનામાં સારા ગુણો હોય, સભ્યતા અને વિવેક હોય, દયા અને ઉદારતા હોય, જે નિખાલસ અને નિષ્કપટી હોય તે મનુષ્ય જ જગતમાં માનને પાત્ર બની શકે છે. વળી જેઓ વિદ્વાન, પંડિત અને ડાહ્યા હોય, જેઓ પરોપકારી અને સેવાભાવી હોય, જેઓ મિલનસાર અને નીતિમાન હોય, જેઓ તપસ્વી કે સંયમી હોય, જેઓ શાંત અને ધર્મિષ્ઠ હોય તેઓનું બહુમાન થાય છે.

× × ×

પોતે પોતાનું બહુમાન ઇચ્છે, પરંતુ પોતે માનને લાયક છે કે નહિ તેનો ખ્યાલ પોતે કરતો નથી. લાયકાત વિના જગત કોઇને માન

આપતું નથી. જેને માન જોઇતું હોય તેણે સદ્ગુણી બનવું જોઇએ અને સારૂં વર્તન રાખવું જોઇએ. માન માગ્યું ન મળે. જેનામાં ગુણો છે તેઓ જ માનના અધિકારી બને છે.

× × ×

ધનિકો માનની બહુ ઇચ્છા રાખે તો તેઓએ ધનનાં દાન જગતના કલ્યાણ માટે કરવા જોઇએ. બુદ્ધિશાળી માનની અપેક્ષા રાખતો હોય તો તેણે બુદ્ધિનો લાભ જગતને આપવો જોઇએ. વડિલ કે વૃદ્ધ પુરૂષો, સાસુ કે મોટેરી નણંદ-જેઠાણીઓ ન્હાનેરા પાસેથી બહુમાનની ઇચ્છા રાખતા હોય તો તેઓએ પણ પુત્ર, પૌત્ર કે પુત્રવધૂ પ્રત્યે પ્રેમ અને વાત્સલ્ય રાખવા જોઇએ. યોગ્યતા વિના માનની ઇચ્છા કરી ન શકાય.

× × ×

બહારનું વર્તન કે સભ્યતા તો દરેકમાં હોવા જોઇએ. તે તો સમાજનો શિષ્ટાચાર છે. આ શિષ્ટાચાર કે વિવેક પણ જેનામાં ન હોય તેને માટે સમાજમાં સ્થાન રહેતું નથી. ભાષામાં વિવેક, આદર-સત્કાર, આવનારનું બહુમાન, કુશળ સમાચારની પૃચ્છા-આટલી સભ્યતા દરેકે કેળવવી જરૂરી છે. ગામડાનાં લોકો અભણ કે અશિક્ષિત હોય છતાં તેઓમાં પ્રેમ, વિવેક, નમ્રતા અને ગંભીરતા હોય છે. શહેરોમાં શિક્ષિતો વધુ હોય છતાં ઘણાઓમાં ભાષામાં તોછડાઇ, વાણીમાં કર્કશતા, વર્તનમાં અસભ્યતા, સ્વભાવમાં અભિમાન અને રીતભાતમાં અવ્યવસ્થા બહુ જોવામાં આવે છે. આનું કારણ મુખ્યત્વે એ હોય છે કે ઘરમાં સુસંસ્કારનું વાતાવરણ બહુ ઓછું હોય છે. આને માટે વડિલવર્ગ જવાબદાર હોય છે.

× × ×

માનના બે પ્રકાર છે. બહારના સભ્ય વર્તનથી માન આપી શકાય અને અંતરની સદ્ભાવનાથી માન આપી શકાય. બહારની સભ્યતા એ શિષ્ટાચાર છે. અંતરની ભાવનાથી જે બહુમાન કરાય તેની જ

કિંમત છે. માન લેનારની યોગ્યતા ઓછી હોય કે વધુ તેનો વિચાર ગૌણ છે. પણ માન આપનાર શુદ્ધ ભાવથી દરેકનું બહુમાન કરે તો તેમાં તેની વિશિષ્ટતા છે, કેમકે તેના આત્માના ગુણો વૃદ્ધિ પામે છે અને તે પોતે વધુને વધુ ગુણવાન બને છે. ગુણો જ જગતમાં માનને પાત્ર છે, વ્યક્તિ નહિ. તેવી જ રીતે અવગુણો કે દુર્ગુણો જ તિરસ્કારને પાત્ર છે; દુર્ગુણી વ્યક્તિ તો દયાને પાત્ર છે. ધર્મશાસ્ત્રોનું આ ફરમાન છે, એટલે આપણે માટે તો એ જ વ્યાજબી છે કે આપણે સૌના પ્રત્યે માનદ્રષ્ટિથી જોવું અને વર્તવું. આનું નામ દિલની ઉદારતા. આ પ્રકારના વર્તાવથી ચિત્તની પ્રસન્નતા અને શાંતિ જળવાય રહે છે.

× × ×

અભિમાન પણ એક પ્રકારનો અવગુણ છે. માન એ એક પ્રકારની સારી વૃત્તિ છે. પણ અભિમાન, ગર્વ, હુંપદ એ હલકી વૃત્તિ છે. પોતે કંઇક મહત્વની વ્યક્તિ છે, પોતાની પાસે શરીરબળ, બુદ્ધિબળ, સંપત્તિ-બળ, અધિકાર કે આરોગ્ય છે; પોતે ગુણવાન, દયાળુ, ઉદાર કે નીતિમાન છે;લોકોમાં પોતાની આબરૂ કે પ્રતિષ્ઠા છે; પોતે એવી માન્યતાથી માણસ અભિમાન કરે છે. આ માન્યતા સાચી હોય તો પણ માણસે તેનું અભિમાન કરવું ન જોઇએ. જગતમાં ત્રણે કાળમાં તેના પોતાના કરતાં ઘણાં મહાન મનુષ્યો હોય છે. એટલે તેનું અભિમાન કરવું તે વ્યાજબી નથી. પોતે બધી રીતે સુખી, સમૃદ્ધિશાળી અને ગુણવાન હોય તો તેનાથી તેને સંતોષની લાગણી થાય તે ક્ષમ્ય છે, પરંતુ તેનો જો તે અહંકાર કરે તો તેમાં તેનું પોતાનું પતન છે.

× × ×

આજે ઘણા મનુષ્યો તો એવા હોય છે કે પોતાનામાં કશી યોગ્યતા ન હોય છતાં બહુ જ ઘમંડ અને અભિમાન રાખતા હોય છે. આ તો અભિમાનની પરાકાષ્ટા ગણાય. આવો મિથ્યાભિમાની મનુષ્ય મૂર્ખ ગણાય છે. કેટલાકો અધુરા કે અપૂર્ણ હોય છતાં બધી રીતે ડાહ્યા,

સમજુ અને આવડતવાળા પોતે છે એવું અભિમાન રાખતા હોય છે. અભિમાન ન જ કરવું તેવી શાસ્ત્ર–આજ્ઞા છે. અભિમાની માણસોની જગતમાં નિંદા અને હાંસી થાય છે. સરળતા, નમ્રતા અને લઘુતા વડે જ પ્રભુતા પમાય છે. સમાજમાં આટલી સમજ આવે તો તે સમાજ જરૂર સુખી થાય અને બીજાઓને પ્રેરણારૂપ બને. સૌનો ઉત્કર્ષ સદ્‌ગુણોની વૃદ્ધિથી સધાય છે.

●

## ( ૧૪ )

## મન, વચન અને કાયાની શુદ્ધિ

શાસ્ત્રમાં જીવને રાજા કહ્યો છે, મન મંત્રી છે, વચન રાજસત્તા છે, અને કાયા રાજ્યની હકુમત છે.

જીવ પોતે સીધી રીતે કશું કરતો નથી. મનની મારફત બધું કામ થાય છે. વચન અને કાયા પણ મનના હુકમ પ્રમાણે વર્તે છે. રાજ્ય રાજાનું કહેવાય, પણ અધિકાર મન( મંત્રી )નો ચાલે. સારું થાય તો રાજાને યશ મળે અને ખરાબ થાય તો અપકીર્તિ રાજાની થાય એ રીતે પુણ્ય–પાપનો ભોક્તા જીવ પોતે બને છે.

વાણી મનને આધીન વર્તે છે. જીવના બધા હુકમો વાણીએ માનવા પડે છે. પણ પ્રધાનની મારફત જ રાજા હુકમ કરે છે. પ્રધાનની ઇચ્છા પ્રમાણે રાજ્ય કારોબાર ચાલે છે. મનની ઇચ્છા ન હોય તો વચન કશું કરી શકતું નથી. કાયા પણ મનની ઇચ્છાને આધીન છે.

જેનો મંત્રી સારો તેની રાજસત્તા અને વહિવટ સારો. જેનો મંત્રી દુષ્ટ તેની પ્રજા પણ દુઃખી અને તેનો કારભાર ત્રાસરૂપ. માટે જ મંત્રી એવો હોવો જોઇએ કે જે રાજાને વફાદાર હોય, જે રાજાની પુણ્યકીર્તિ વધારે, તેને પાપમાંથી પાછો વાળે અને પ્રજાનું હિત ધ્યાનમાં રાખી પ્રજાને સન્માર્ગે દોરે. વળી મંત્રી બુદ્ધિશાળી, કાળજીવાળો, વિવેકી,

ધર્મમાં પ્રીતિવાળો, પ્રમાણીક અને સદાચારી જોઇએ. જેનું મન આવું પવિત્ર હોય તેની વાણી અને કાયા પણ પવિત્ર હોય છે.

કાયા મનને આધીન છે, મનની ઇચ્છાને આધીન કાયા રહે છે. કાયાનું બહારનું રૂપ ગમે તેવું સુંદર હોય પણ તેનો ઉપયોગ કે વર્તન જો સારૂં ન હોય તો કાયાની કશી કિંમત નથી. કાયાની મહત્તા જગતનું કલ્યાણ કરવામાં રહેલી છે; નહિ કે માત્ર શણગાર, ટાપટીપ કે વસ્ત્રાભૂષણમાં.

કાયા કરતાં વચન વધુ કામ કરે છે અને વચન કરતાં મન વધુ કામ કરે છે. એટલે પુણ્ય કે પાપ પણ મન સૌથી વધુ કરે છે. માટે જ ક્ષમા માગવામાં મન પહેલું, પછી વચન અને પછી કાયા મુકવામાં આવે છે.

જીવ, મન-વચન અને કાયાને આધીન છે. પુણ્ય કે પાપ મન-વચન-કાયા કરે છે અને તેનું ફળ જીવને ભોગવવું પડે છે. પૂર્વજન્મના કર્મો પ્રમાણે મન-વચન-કાયાનું નિર્માણ આ જન્મમાં થાય છે. તે જો ખરાબ હોય તો તેને સુધારવા જોઇએ. અને તેની શુદ્ધિ કરવી જોઇએ. શુદ્ધિ કરવા માટે દેવ-ગુરુ અને ધર્મનું શરણ સ્વીકારવું જોઇએ, આ બધું કરવા માટે અને શીખવા માટે ગુરુનો સમાગમ અને શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઇએ.

## ( ૧૫ )

## આત્મજાગૃતિ

પાંચ ઇન્દ્રિયો, મન, વચન અને શરીર, પ્રાણ અને અહમ. ( જીવાત્મા ) આ દરેકમાં એટલી બધી અનંત અને અખૂટ શક્તિઓ ભરી છે કે જેને જેટલા પ્રમાણમાં ખીલવવા માંગીએ તેટલા પ્રમાણમાં માણસ ખીલવી શકે છે. મનુષ્યોમાં જે જે મહાન પુરૂષો

થઈ ગયા છે તે બધાય આમાંની એક, અનેક કે સર્વ શક્તિઓને ઉચ્ચતમ કોટિએ ખીલવવાથી જ અને તેનો ઉપયોગ વિશ્વના કલ્યાણ અર્થે કરવાથી જ થઈ શક્યા છે. ઇતિહાસ અને શાસ્ત્રો આ વાતની સાક્ષી પુરે છે. આનું નામ જ સાધના, સિદ્ધિ અને સાધકદશા.

× × ×

કોઇ પણ વસ્તુને સિદ્ધ કરવી હોય તો તે માટેનાં સાધનો ૧. શ્રદ્ધા, ૨. ચિંતન, ૩. ધ્યાન, ૪. અનુસંધાન અને ૫. એકાગ્રતા છે.

× × ×

ભ્રમ અને આભાસના ઓઠા નીચે ઘણાં ભોળા માણસો ભોળવાઇને, તેને સત્ય વસ્તુ કે સાક્ષાત્કાર માની લેવાની ભૂલ કરે છે. આ એક પ્રકારનો દંભ છે, આવા દંભથી ઘણા મહાત્માઓ અધોગતિને પામ્યા છે સત્ય વસ્તુ છૂપી રહી શકતી નથી, દંભનો અંચળો એક વખત ચીરાઇ જાય છે ત્યારે જગતની શ્રદ્ધા ડગી જાય છે.

× × ×

સમભાવ એ જ્ઞાનની ઉત્કૃષ્ટ અવસ્થા છે એ આત્માની જાગૃતિ છે અને ધ્યેય પ્રાપ્તિ માટેનું મુખ્ય સાધન છે.

× × ×

વાંચન મનન માટે હોવું જોઇએ, મનન જ્ઞાન માટે હોવું જોઇએ, જ્ઞાન સદાચાર માટે હોવું જોઇએ, વાંચન કે શ્રવણથી સદ્‌ભાવનાઓ જાગૃત થઈ વિકાસ પામવી જોઇએ.

× × ×

શક્તિનો વિકાસ માત્ર સર્વસ્વ નથી. તેની સાથો સાથ શક્તિની શુદ્ધિ કરવી ખાસ જરૂરની છે.

× × ×

સંયમ અને સાદાઈ હોય તે સારૂં છે, પરંતુ તેની સાથે સદ્‌ગુણી વર્તન અને પુરૂષાર્થ ન હોય તો જીવનમાં નિષ્ક્રિયતા અને શુષ્કતા આવી જશે.

× × ×

પરિશ્રમવાળું જીવન એ માનવી ધર્મનો એક મહત્ત્વનો ભાગ છે. જીવન બધી બાજુએથી પવિત્ર પ્રમાણિક અને ધર્મ્ય બનાવીને પછી તે દ્વારા જનસેવા કરતાં રહેવું જોઇએ.

× × ×

આપણું જીવન આપણું એકલાનું નથી; તે બધા માટે છે. એવી નિષ્ઠા જ્યારે હૃદયમાં દૃઢ થઇ જાય ત્યારે માનવતા આપણામાં દૃઢ થઇ છે એમ સમજવું.

× × ×

શ્રદ્ધા એટલે ઇષ્ટસિદ્ધિ પર્યંત ટકી રહેનારી દૃઢ અને પ્રબળ ભાવના.

શ્રદ્ધામાંથી સમર્પણવૃત્તિ નિર્માણ કરવી જોઇએ અને સમર્પણ વૃત્તિમાંથી ભક્તિનો ઉદ્‌ભવ થવો જોઇએ.

× × ×

નિષ્ઠા એને કહેવાય કે જે શ્રદ્ધા ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પણ ચલિત ન થાય તે પ્રકારની શ્રદ્ધા.

× × ×

ભાવની તૃપ્તિમાં માનવતાનો વિકાસ છે, માટે ભાવો સદા શુદ્ધ રાખવાનો પ્રયત્ન કરવો.

× × ×

આપણા હિતાહિતનો આધાર કેવળ વસ્તુ પર નથી હોતો, પણ તે વાપરવામાં બતાવાતા વિવેક અથવા તો અજ્ઞાન પર હોય છે.

× × ×

દુઃખના સમયે નિર્ભય, નિશ્ચિત અને અનુદ્વિગ્ન તથા સુખના સમયમાં જાગૃત અને સંયમશીલ રહેવા માટે ચિત્તની પવિત્ર અને સ્થિર અવસ્થા હોવી જોઇએ.

## ( ૧૬ )

# સંસારલીલા અને મુક્તિ

સંસાર એ ખરેખર એક મુસાફરખાનું છે અને જીવન એ મુસાફરી છે. જન્મીએ ત્યારથી મુસાફરી શરૂ થાય છે અને મૃત્યુ પામીએ ત્યારે મુસાફરી પૂરી થાય છે. આવી મુસાફરીનો ક્રમ ચાલુ રહ્યા જ કરે છે. ઘણાને મુસાફરીનો બહુ શોખ હોય છે. જેમ જેમ વધુ મુસાફરી કરે તેમ તેમ તેઓને બહુ આનંદ આવે છે. પણ કેટલાએકને મુસાફરીનો બહુ જ કંટાળો હોય છે અને તેઓ તો મુસાફરીનું નામ સાંભળીને પણ કંપી ઉઠે છે. તેનું કારણ એ છે કે મુસાફરીમાં પુષ્કળ ગીરદી, અનેક પ્રકારની ચિંતા, અનેક અગવડતા અને કષ્ટ અને અનેકની સાથે તકરાર અને ટંટાફિસાદ—આ બધાથી માણસ ત્રાસી જાય છે.

મુસાફરીના શોખીન એ સંસારમાં ડૂબી ગયેલા, મોહમાયામાં ફસાયેલા, અજ્ઞાન અને પામર જીવો છે તેઓને જન્મ–મરણનાં દુઃખ કે પીડાનો ખ્યાલ જ હોતો નથી, તેઓ તો પોતાની મસ્તીમાં એટલા મસ્ત અને મદોન્મત્ત બની ગયા હોય છે કે તેઓને મરણ, પુનર્જન્મ, પુણ્ય–પાપ કે ધર્મ–એનો વિચાર સુદ્ધાં આવતો નથી. સવારથી રાત સુધી બસ કામ કામ અને કામ જ અથવા અર્થપ્રાપ્તિનો વ્યવસાય જ હોય છે. કેટલાએકને તો પોતાની પત્ની, બાળકો કે કુટુંબની પણ કશી પડી હોતી નથી, પછી સમાજ કે માનવજાતની પરવા તેઓને તો ક્યાંથી જ હોય ! આજે માનવજાતિનો મોટો સમૂહ આ પ્રકારનો છે અને સમય જતાં તેની સંખ્યા હજુ પણ વધતી જશે. પ્રકૃતિના આ પરિવર્તનને અત્યારે તો કોઈ અટકાવી શકે તેમ નથી. સંસારચક્રની ગતિ અત્યારે ઉપરથી નીચેની એટલે કે ઉતરતી છે; ચઢવાની નથી. તદ્દન અધોગતિએ પહોંચ્યા પછી જ ચઢતીનો ઉન્નતિક્રમ શરૂ થશે. આરોહ અને અવરોહનો આ અવિચ્છિન્ન ક્રમ કાળચક્ર તરીકે ઓળખાય છે.

મુસાફરીથી કંટાળી ગયેલા કે મુસાફરીને ધિક્કારનારા કાં તો જ્ઞાની, ત્યાગી, વૈરાગી કે સંન્યાસી સંતપુરુષો હોય છે અથવા રોગી, દુઃખી કે નિરાશ થયેલા લોકો હોય છે. જ્ઞાનીનો સંસારનો કંટાળો સમજ-પૂર્વકનો હોય છે. જ્ઞાની સંસાર અને સંસારના પરિભ્રમણને ઇચ્છતો નથી કેમકે સંસારમાં સાચું સુખ તેને ક્યાંય પણ દેખાતું નથી. માટે તે સંસારના બંધનમાંથી મુક્તિ ઇચ્છે છે, અને મુક્તિ મેળવવા માટે અહોરાત્રિ પ્રયત્ન કરે છે. અને એમ પ્રયત્ન કરતાં કરતાં એકાદ જીવનમાં મુક્તિ પ્રાપ્ત અવશ્ય કરશે જ. પરંતુ તેને કેટલો સમય લાગશે તે ચોક્કસ કહી શકાય નહિ. સમયનો આધાર તેની પોતાની મનની શુદ્ધ ભાવના અને તમન્ના ઉપર, તેના પુરૂષાર્થ ઉપર અને સંજોગોની અનુકૂળતા ઉપર છે.

રોગી, દુઃખી કે નિરાશ થયેલ લોકો સંસારથી કંટાળી તો જાય છે પરંતુ તે સંસારથી મુક્ત થવા નથી ઇચ્છતા પણ માત્ર રોગ, દુઃખ, નિરાશા કે ત્રાસથી જ મુક્ત થવા ઇચ્છે છે. તેઓને સંસાર અને સંસારી જીવન તો ગમે છે; માત્ર દુઃખ જ ગમતું નથી. તે દુઃખમાંથી છૂટવા માટે તેઓ મથામણ બહુ કરે છે પરંતુ તેમાંથી કેમ છૂટવું તેનું જ્ઞાન કે સમજ તેઓને હોતી નથી. તેઓ તો દુનિયાને, દુનિયાના જીવોને અને સંજોગોને પોતાના દુઃખના કારણરૂપ માને છે એટલે તે બધાને તેઓ ધિક્કારે છે, તેઓ ઉપર ક્રોધ અને ઇર્ષ્યા કરે છે, તેઓનું બુરૂ ચિંતવે છે અને તક મળે તો તેઓનો નાશ કરવા પણ તત્પર થઈ જાય છે. આ રીતે તેઓ બીજાઓનું અહિત કરે છે, વેરઝેરની વૃદ્ધિ કરે છે અને પરિણામે બીજાઓને દુઃખી કરે છે અને પોતે પણ દુઃખી થાય છે. પાપકર્મો અને તેનાં પરિણામોની પરંપરા આ રીતે તેઓ પોતે પોતાને માટે સરજે છે અને કાયમ દુઃખ ભોગવે છે. સંસારથી કંટાળેલા અને ત્રાસી ગયેલા કોઈ કોઈ આત્મહત્યા પણ કરે છે. તેઓ એમ સમજે છે કે આપઘાત કર્યો એટલે દુઃખમાંથી છૂટ્યા, તેઓ બિચારાને ખબર નથી કે આજના દુઃખમાંથી છૂટ્યા

પછી પણ તેઓને માટે દુઃખની લંગાર અનેક જન્મો સુધી તેઓને ભોગવવી પડે છે.

આ બધી વસ્તુનું રહસ્ય જાણવા અને સમજવા માટે દેવ, ગુરૂ અને ધર્મના આશ્રયની, સત્સંગની, સારા વિચારોની અને સાચી સમજની જરૂર છે. સાચું જ્ઞાન, - પરિપક્વ બુદ્ધિ, સારાસારનો વિવેક અને જગતના સૌ પ્રત્યે પ્રેમભાવ અને કરૂણા હોય તો સમર્પણ અને અનાસક્તિની દિવ્ય ભાવનાની જ્યોત પ્રગટે છે અને તે વડે આત્મા, સંસાર, તત્ત્વો, કર્મ વગેરે દરેક વસ્તુનું સાચું સ્વરૂપ જાણી શકાય છે. તે જાણ્યા પછી તેમાંથી કેમ છૂટવું અને કાયમ માટે અનંત સુખમાં કેમ સ્થિર થવું તેનો માર્ગ જણાશે. તે જાણવું તેનું નામ જ્ઞાન અને તે મેળવવા માટે પ્રયત્નો કરવા તેનું નામ ક્રિયા, તેની ફળસિદ્ધિ તેનું નામ મુક્તિ.